દૈનિક
# મુંબઈ સમાચાર
૨૦૩ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૩ ■ Volume 67 ■ Issue 236 ■ વિક્રમ સંવત ૨૦૮૦
■ આશ્વિન સુદ - ૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 4 October 2024, Friday ■ REGD.No. MCS/058/2024-26
શુક્રવાર, ૪ ઑક્ટોબર ૨૦૨૪, કિંમત ₹ ૧૦.૦૦ | મેટિની પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

022 5055 0043

REGISTER NOW
www.homethon.com

NAREDCO®
MAHARASHTRA

PRESENTS
HOMETHON™
PROPERTY EXPO 2024

4th 5th 6th
OCTOBER 2024

Jio WORLD CONVENTION CENTRE MUMBAI

THE BIGGEST
PROPERTY EXPO STARTS TODAY

GRAND INAUGURATION
TODAY AT 10:30 AM



SHRI. EKNATH SHINDE
HON'BLE CHIEF MINISTER,
GOVERNMENT OF MAHARASHTRA



SHRI. DEVENDRA FADNAVIS
HON'BLE DEPUTY CHIEF MINISTER,
GOVERNMENT OF MAHARASHTRA



SHRI. ATUL SAVE
HON'BLE MINISTER OF HOUSING,
GOVERNMENT OF MAHARASHTRA

BANKING PARTNER
SBI

HOME LOAN PARTNER
TATA CAPITAL
Housing Finance

BANKS & FINANCIAL INSTITUTES
Bank of Baroda | Union Bank of India | HDFC BANK | ICICI Bank | Bank of India | IDBI BANK | ADITYA BIRLA CAPITAL HOME LOANS | Canara Bank | IDFC FIRST Bank

100+ DEVELOPERS | 500+ PROJECTS | SPOT OFFERS | SPOT DISCOUNTS

Godrej Properties | Hiranandani | Raunak Group | Prestige Group | L&T Realty | MICL | Raymond Realty | Panchshil | CHANDAK | DYNAMIX | Piramal Realty | Birla Estates | PURAVANKARA | KANAKIA | Srishti | SUGEE | JP INFRA | NARANG REALTY | GHP | AP REALTY | Ajmera | PARADISE GROUP | CRESCENT | Atharv | ID GROUP | Transcon | SPENTA | RAGHAV REALTY | ROHA REALTY | VIDA REALTY | VAIBHAVLAXMI | HAPPY HOME | platinum corp. | UK REALTY | PREM GROUP | IMPERIAL LIFESTYLE | DOTOM | PCPL | ATUL PROJECTS | SUNARTH | Empire Realty | KANAKIA INFRA | A2O REALTY | hiranandani communities | ELEVA HIRANANDANI | HUBTOWN | VRUX REALTY | AVA GROUP | PARTH | VASCON | ASHISH GROUP | RIYASAT | NIRVANA REALTY | MALOO | BKP | Kings Group | GREEN CITY | ISHANYA BUILDCON | pool city | HOLISTIC | PAG | SAMRAJYA REALTY

NAREDCO NASHIK PAVILION | DEEPAK BUILDERS & DEVELOPERS | SUVIK | ANMOL NAVANTARA | PARKSYDE | SHREE MANGAL GROUP | AMIT | PATIL SHAH HOUSING | SHREEJI | SHILPA ESTATES | RCPL

NAREDCO RAIGAD PAVILION | UNIMONT | LALANI GROUP | OLYMPEO | TULSI REALTY | Anant Builders

AUTOMOBILE PARTNERS: MODI MOTORS | BrokerDalal | SOURCING PARTNER: THE GUARDIANS | OUTDOOR PARTNER: GLOBAL | SPECIAL DISPLAY

ClubMahindra | म्हाडा | SLUM REHABILITATION AUTHORITY



REGISTER TODAY | FREE ENTRY | FREE PARKING

GOD ESTEK ADS 04022024

# અંબાજી મંદિરમાં શાસ્ત્રોક્ત મંત્રોચ્ચાર સાથે નવરાત્રિનું ઘટસ્થાપન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ:ગુજરાતમાં ગુરુવારથી માં શક્તિની આરાધનાનું પર્વ નવરાત્રિનો પ્રારંભ થયો છે. રાજ્યમાં સવારથી જ પોતાની ઘરમાં નવરાત્રિના પ્રથમ દિવસે સવારે ઘટસ્થાપન સાથે માતાજીની નવ દિવસની આરાધનાનો પ્રારંભ કર્યો હતો. બીજી બાજુ શક્તિપીઠ અંબાજીમાં અંબાના દર્શન કરવા ઊમટ્યા હતા.

અંબાજી મંદિરમાં નવરાત્રિના પ્રથમ દિવસે શાસ્ત્રોક્ત મંત્રોચાર સાથે ઘટસ્થાપન વિધિ કરી નવરાત્રીનો પ્રારંભ કરવામાં આવ્યો.નવરાત્રિના પહેલા દિવસે જ અંબાજી મંદિરમાં ઘટસ્થાપનની વિધિ કરવામાં આવી હતી. મંદિરના વહીવટદારશ્રી કૌશિકભાઈ મોદી, અંબાજી મંદિર સ્ટાફ અને અંબાજી મંદિરના પૂજારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ઘટસ્થાપન વિધિમાં સાત ધાન્યને કાંપની માટીમાં રોપવામાં આવ્યા હતા. માન્યતા પ્રમાણે ઘટસ્થાપન વિધિમાં તૈયાર થયેલા ધાન્યના વિકાસના આધારે આગામી વર્ષ કેવું રહેશે તે નક્કી કરવામાં આવે છે.

આજે ઘટસ્થાપન પ્રસંગે અંબાજી મંદિરના વહીવટદાર કૌશિકભાઈ મોદીએ જણાવ્યું હતું કે, આજે નવરાત્રીના પ્રારંભે શક્તિપીઠ અંબાજી મંદિરમાં ઘટસ્થાપન થયું છે. શાસ્ત્રોક્ત વિધિ સાથે આજે ઘટસ્થાપન કરવામાં આવ્યું છે. અંબાજીમાં માં શક્તિનું હૃદય બિરાજમાન છે ત્યારે માં શક્તિ સૌનું કલ્યાણ કરે તેવી આરાધના સાથે આજે મંદિરના સભામંડપમાં ઘટ સ્થાપન વિધિ પૂર્ણ કરાઈ છે.

દરમિયાન શક્તિપીઠ અંબાજી અનેક ભક્તોની આસ્થાનું કેન્દ્ર છે. આજે નવરાત્રી પર્વનો પ્રારંભ થતા મોટી સંખ્યામાં લોકો માં અંબાના દર્શન કરવા માટે ઊમટ્યા હતા.

# મહાત્મા ગાંધી પછી વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સ્વચ્છતા પર ધ્યાન કેન્દ્રિત કર્યું છેઃ અમિત શાહ

## અમદાવાદ અને ગાંધીનગરને કુલ ₹ ૯૧૯ કરોડના વિકાસ પ્રકલ્પોની ભેટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ:ગુજરાતમાં નવરાત્રિના પ્રથમ દિવસે જ બે દિવસના પ્રવાસે આવેલા કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે અમદાવાદમાં વિકાસ કામોના પ્રોજેક્ટોના ખાત મુહૂર્ત અને લોકાર્પણ કર્યા હતા. આ પ્રસંગે તેમણે કહ્યું હતું કે, દેશમાં મહાત્મા ગાંધીજી પછી વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ જ સ્વચ્છતા પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. તેમણે અમદાવાદના નગરજનોને અમદાવાદને દેશનું પ્રથમ ક્રમનું સ્વચ્છ શહેર બનાવવામાં મનપાને સહયોગ આપવાની અપીલ પણ કરી હતી. શાહે ગાંધીનગર મતક્ષેત્રમાં રૂ. ૪૭૨ કરોડના વિકાસ કામો તથા અમદાવાદ પૂર્વ અને પશ્ચિમ લોકસભા મતક્ષેત્રમાં કુલ રૂ. ૪૪૭ક રોડનાં વિકાસ કામોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત કર્યું હતું. આમ નવરાત્રિના પ્રારંભે અમદાવાદ અને ગાંધીનગરને કુલ રૂ. ૯૧૯ કરોડનાં વિકાસ પ્રકલ્પોની ભેટ આપી હતી.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ભાડજ વિસ્તારમાં રૂ. ૪૪૭ કરોડના ખર્ચના પ્રોજેક્ટના ઉદ્‌ઘાટન અને શિલાન્યાસ બાદ આયોજિત કાર્યક્રમમાં બોલતા અમિત શાહે વધુમાં જણાવ્યું હતું કે, સ્વચ્છ સર્વેક્ષણ ૨૦૨૩માં, મધ્ય પ્રદેશના ઈન્દોર અને ગુજરાતના સુરતને સંયુક્ત રીતે દેશના સૌથી સ્વચ્છ શહેર જાહેર કરવામાં આવ્યા હતા. એએમસી સ્વચ્છ સર્વેક્ષણમાં શહેરને ટોચ પર લાવવાનું લક્ષ્ય ધરાવે છે. અમે કદાચ આ વર્ષે તે લક્ષ્યાંક હાંસલ નહીં કરી શકીએ. પરંતુ, જો આપણે આજથી શરૂઆત કરીએ, તો આવતા વર્ષના સર્વેક્ષણમાં દેશનું સૌથી સ્વચ્છ શહેર બનવાનું લક્ષ્ય હાંસલ કરી શકીશું. હું તમામ નાગરિકોને સ્વચ્છતા અંગે સંકલ્પ લેવા અને અમદાવાદને દેશનું સૌથી સ્વચ્છ શહેર બનાવવાના પ્રયાસમાં અમદાવાદ મનપાને સહકાર આપવા વિનંતી કરું છું.

શાહે વધુમાં કહ્યું હતું કે, ગુજરાતના બે સપૂતો; મહાત્મા ગાંધીજી અને વડા પ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ દેશને સ્વચ્છતાનો રાહ ચીંધ્યો છે. આઝાદીના ૭૦ વર્ષ પછી પહેલી વાર નાગરિકોના આરોગ્ય અને આયુષ્ય વિશે ચિંતા કરીને સ્વચ્છતાની અપીલ અને શૌચાલય બનાવવાની વાત લાલ કિલ્લા પરથી કરવાનું કામ વડા પ્રધાન મોદીજીએ કર્યું છે. સ્વચ્છતાની બુનિયાદી જરૂરિયાતને સમજાવનારા વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી ગાંધીજી પછી બીજા રાષ્ટ્રીય નેતા છે. દરેક ઘરમાં શૌચાલય હોય અને દરેકને પીવાનું શુદ્ધ પાણી મળે તે સુનિશ્ચિત કર્યું છે.

શાહે જણાવ્યું હતું કે, મારા ગાંધીનગર લોકસભા મતવિસ્તારમાં છેલ્લા પાંચ વર્ષમાં રૂ. ૩૭,૦૦૦ કરોડના ખર્ચના વિકાસલક્ષી કામો હાથ ધરવામાં આવ્યાં હતાં, જેમાં ગુજરાત સરકાર દ્વારા મંજૂર રૂ. ૨૩,૯૫૧ કરોડના ખર્ચનાં કામો અને કેન્દ્ર દ્વારા મંજૂર કરાયેલ રૂ. ૧૪,૦૦૦ કરોડના ખર્ચના પ્રોજેક્ટનો સમાવેશ થાય છે. ''આ એક મોટી સિદ્ધિ છે અને મને લોકસભામાં તમારા પ્રતિનિધિ તરીકે ગર્વ છે. આ પ્રોજેક્ટ્સમાં રસ્તાઓ, ઓવરબ્રિજ, હોસ્પિટલો, પુસ્તકાલયો, બગીચાઓ, શાળાઓ અને તળાવ બ્યુટિફિકેશનનો સમાવેશ થાય છે.''

આ પ્રસંગે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં ગાંધીનગર લોકસભા અને અમદાવાદ પૂર્વ તથા પશ્ચિમ લોકસભા વિસ્તારમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નિર્મિત અંદાજિત રૂ.૪૪૭ કરોડના ખર્ચે વિવિધ ૮૮ વિકાસ પ્રકલ્પોની ભેટ આપવામાં આવી હતી. રૂ.૧૦૬ કરોડના કુલ ૧૪ પ્રજાલક્ષી કાર્યોનું ઈ-લોકાર્પણ કરાયું હતું. જેમાં રૂ. ૫૩ કરોડના ખર્ચે સોલિડ વેસ્ટ પ્રોજેક્ટ, રૂ.૨૦ કરોડના ખર્ચે વોટર પ્રોજેક્ટ, રૂ.૧૨ કરોડના ખર્ચે બિલ્ડિંગ પ્રોજેક્ટ, રૂ. ૧૩ કરોડના ખર્ચે વેજીટેબલ માર્કેટ, પિંક ટોઇલેટ, વાંચનાલય, કેટલ પોન્ડ શેડ પ્રોજેક્ટ અને રૂ.૮ કરોડના ખર્ચે તળાવ અને ગાર્ડન પ્રોજેક્ટનો સમાવેશ થાય છે. આ ઉપરાંત રૂ. ૩૪૧ કરોડના વિવિધ ૭૪ પ્રજાલક્ષી કાર્યોનું ઇ-ખાતમુહૂર્ત કરાયું હતું. જેમાં રૂ. ૨૭૭ કરોડના ખર્ચે ડ્રેનેજ પ્રોજેક્ટ, રૂ. ૨૫ કરોડના ખર્ચે રોડ પ્રોજેક્ટ, રૂ. ૨૫ કરોડના ખર્ચે વોટર પ્રોજેક્ટ, રૂ. ૧૪ કરોડના ખર્ચે વેજીટેબલ માર્કેટ અને પાર્ટી પ્લોટ પ્રોજેક્ટનો સમાવેશ થાય છે.

# સુરતમાં હીરા દલાલની પત્નીએ પુત્રને ઝેરી દવા પીવડાવીને પોતે પણ પીધીઃ બન્નેનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ:મંદીના મારમાં ફસાયેલા સુરતના હીરા ઉદ્યોગના રત્ન કલાકારોની હાલત કફોડી બની છે. હીરાના એકમો બંધ થતા બેરોજગાર બનેલા રત્ન કલાકારોના આપઘાતના કિસ્સા વધી રહ્યાં છે. બીજી બાજુ આજે સુરતના ઉત્રાણ વિસ્તારમાં હીરા દલાલની પત્નીએ પોતાના ચાર વર્ષના પુત્રને ઝેરી દવા પીવડાવ્યા બાદ પોતે પણ પી લીધું હતું. જેમાં બન્નેના મોત થયાં હતાં.

સૂત્રોના જણાવ્યા અનુસાર અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના વતની અને હાલ ઉત્રાણ વિસ્તારમાં રહેતા રવિભાઈ ધામત હીરા દલાલીના વ્યવસાય સાથે સંકળાયેલા છે. રવિભાઇની ૨૬ વર્ષીય પત્ની પાયલબેન દેરાણીની તબિયત સારી ના હોવાથી સાસુમાને તેમના ઘરે મૂકીને પરત આવી હતી. બાદમાં ઘરે પોતાના ચાર વર્ષના પુત્રને અનાજમાં નાંખવાની ઝેરી દવા પીવડાવી દીધી હતી. બાદમાં પોતે પણ ઝેરી દવા પી લીધી હતી. આ ઘટના બાદ પાયલે પોતાના પતિને જાણ કરી હતી.

જેથી રવિભાઈ તાત્કાલિક ઘરે દોડી આવ્યા હતા અને પત્ની તેમજ પુત્રને તાત્કાલિક સારવાર અર્થે હૉસ્પિટલ લઇ ગયા હતા. હૉસ્પિટલમાં સારવાર દરમ્યાન પત્ની અને પુત્રનાં મોત નીપજ્યાં હતાં. માતા-પુત્રના મોતથી પરિવાર શોકમાં ગરકાવ થઇ ગયો હતો. બીજી તરફ પાયલે આ પગલું કેમ ભર્યું તે અંગેનું કારણ હાલ સામે આવ્યું નથી પોલીસ આ મામલે તપાસ હાથ ધરી છે.

# સુરતમાં મેટ્રોની ધીમી કામગીરી સામે વેપારીઓનો મોરચોઃ બેનરો સાથે વિરોધ નોંધાવ્યો

અમદાવાદ:સુરત શહેરમાં મેટ્રોની કામગીરી સમયમર્યાદામાં પૂર્ણ ના થતા વેપારીઓને ખૂબ હાલાકી પડી રહી છે. ગુરુવારે વેપારીઓએ જીએમઆરસીએ ટાવર રોડના વેપારીઓ સાથે કર્યો હતો. વિશ્વાસઘાત જેવાં બેનરો સાથે વેપારીઓ અને લોકો રસ્તા પર ઊતર્યા હતા. સુરત શહેરમાં મેટ્રોની કામગીરી ચાલી રહી છે, વેપારીઓ દ્વારા આજે રાજમાર્ગ ટાવર રોડ પર વેપારીઓ જીએમઆરસીએ ટાવર રોડના વેપારીઓ સાથે કર્યો વિશ્વાસઘાત અને ૧૦ મહિનામાં આખો રસ્તો આપવાની વાત કરી ૧૯ મહિનામાં પણ આપી શક્યા નથી જેવાં બેનરો લઈને વિરોધ કરવામાં આવ્યો હતો.

એક વેપારીએ જણાવ્યું હતું કે, છેલ્લા ૪૦ થી ૪૫ વર્ષથી હું રાજમાર્ગ પર ધંધો કરું છું, અમે ૨ કરોડનું ટર્ન ઓવર કરતા હતા તે મેટ્રોના કારણે ૩૦ લાખ સુધી થઇ ગયું છે. સરકાર જે વળતર ચુકવે છે તે પણ સંતોષકારક નથી અને હવે હાલમાં તે પણ બંધ કરી દેવા માગે છે. અમારી રોજી રોટી અને દુકાનનો સવાલ આવીને ઉભો રહ્યો છે અમે શું કરીશું તેનું ભવિષ્ય કઈ દેખાતું નથી.

તેમણે વધુમાં કહ્યું કે, ૨ વર્ષમાં કામ પૂરું કરવાની બાયધરી આપી હતી, પરંતુ આજે ૧૦ થી ૨૦ ટકા જ કામ થયું છે અને આગળ હજુ કેટલા વર્ષ કામ ચાલે તે પણ કઈ નક્કી નથી એટલે અમારું વળતર ચાલુ રાખવામાં આવે અને હાલમાં જે મળે છે તેમાં વધારો પણ કરવામાં આવે, અહીં ૮૦ જેટલા વેપારીઓ છે. અહીં બે વર્ષથી કામ ચાલી રહ્યું છે. ચોમાસા દરમ્યાન ખૂબ જ ગંદકીઓ પણ થઇ છે. અમારી દુકાનમાં જવા માટેનો રસ્તો માત્ર ૨ ફૂટનો છે અને હાલમાં તેઓ જે કઈ રસ્તો આપવા માંગે છે તે પણ સંતોષકારક નથી એટલે ગ્રાહકો પણ કેવી રીતે આવી શકશે એ પણ મોટો પ્રશ્ન છે. છેલ્લા ૨૦ થી ૩૦ વર્ષથી અહી ધંધો કરી રહ્યા છીએ, એમઓયુ કરવામાં આવ્યા હતા કે ૧ વર્ષમાં આખો રસ્તો ખોલી આપવામાં આવશે પરંતુ ૧૯ મહિના થયા પરંતુ હજુ સુધી રસ્તો ચાલુ થયો નથી અને હવે એમ કહે છે ૩ મીટર રસ્તો આપીશું અને ૩ મીટરના રસ્તામાં તમારે કામ ચલાવવું પડશે, અમારો તો ધંધો તો એકદમ બંધ થઇ ગયો છે. ૮૦ થી ૯૦ જેટલી દુકાનો છે અને અહીં દોઢથી બે વર્ષથી ધીમી ગતીથી કામ ચાલી રહ્યું છે અને હજુ પણ ત્રણેક વર્ષ સુધી રસ્તો ખુલશે તેવું કઈ લાગતું નથી.

રાજ્યમાં ૧૯૦૩ સ્ટાફ નર્સની ભરતી કરાશે

# પાંચમી ઑક્ટોબર બાદ ઓનલાઇન અરજી સ્વીકારાશે

અમદાવાદઃ રાજ્ય સરકાર દ્વારા ૧૯૦૩ સ્ટાફ નર્સની ભરતી કરવાનો નિર્ણય કરાયો છે. રાજ્યના સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને સરકારી હોસ્પિટલમાં સીધી ભરતીથી આ સ્ટાફનર્સની ભરતી કરીને નિમણૂંક કરવામાં આવશે.

આ જગ્યાઓ માટે તા. ૫ ઓક્ટોબર બાદ ઓનલાઇન અરજી પ્રક્રિયા શરૂ થશે. ઓજસ પ્લેટફોર્મના માધ્યમથી લાયક ઉમેદવારોએ ઓનલાઇન અરજી કરવાની રહેશે. લાયકાત ધરાવતા ઉમેદવારોની સ્પર્ધાત્મક પરીક્ષા લેવામાં આવશે. આ પરીક્ષાના પરિણામ અને પસંદગી યાદી પ્રસિદ્ધ કરી ડોક્યુમેન્ટ ચકાસણી કરવામાં આવશે. ડોક્યુમેન્ટ્સ ચકાસણીના અંતે આખરી મેરિટ યાદી પ્રસિદ્ધ કરાશે. આખરી મેરિટ યાદીમાં સમાવેશ થતા ઉમેદવારોને સંપૂર્ણપણે પારદર્શી પ્રક્રિયા હાથ ધરીને નિમણૂક આપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આ સમગ્ર ભરતી પ્રક્રિયા ૬ થી ૮ મહિનામાં પૂર્ણ કરવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં ૧૦ વર્ષ પહેલા સ્ટાફ નર્સ વર્ગ- ૩ ની કુલ ૭૭૮૫ જગ્યાઓ મંજૂર કરાઇ હતી. જે મંજૂર જગ્યાઓમાં સમયાંતરે જરૂરિયાત પ્રમાણે વધારો કરવામાં આવ્યો છે.હાલમાં રાજ્યના વિવિધ આરોગ્ય કેન્દ્ર અને હૉસ્પિટલમાં કુલ ૧૨,૧૦૧ જગ્યાઓ મંજૂર છે. રાજ્યમાં છેલ્લા ૧૦ વર્ષમાં કુલ ૭૭૩૨ સ્ટાફ નર્સ વર્ગ-૩ ની જગ્યાઓ સીધી ભરતી દ્વારા ભરવામાં આવી છે.

# હવે કચ્છનાં બંદરો પરથી બિયારણ સહિતની વાવેતર સામગ્રી આયાત થશેઃ સરકારે આપી મંજૂરી

ભુજઃ દેશના મહાબંદર કંડલા સહિત કચ્છના બંદરો પરથી વાવણી માટેની ખેતપેદાશોની આયાત માટે સરકાર તરફથી મંજુરી મળી જતાં કચ્છ માટે આયાત-નિકાસ ક્ષેત્રે વિકાસના નવા દ્વાર ખુલશે અને દેશના અન્ય બંદરો પરની નિર્ભરતા અને ભારણ ઘટશે. નોંધનીય છે કે, અત્યાર સુધી કંડલાથી બિયારણ સહિતની વાવેતર માટેની સામગ્રીઓની આયાત થઈ શકતી નહતી, તે માટે ભારતના અમુક બંદરોને જ સુનિશ્ચિત કરાયા હતા.

આ અંગે જાણવા મળેલી વિગતો અનુસાર, કંડલાને તાજેતરમાં બિયારણ અને વાવેતર સામગ્રીની આયાત માટે નવા નોટિફાઇડ પોઈન્ટ ઓફ એન્ટ્રી તરીકે મંજૂરી આપવામાં આવી છે જેના માટે અધિકૃત ગેઝેટ સૂચના હાલમાં પ્રક્રિયામાં છે, જેને ટૂંક સમયમાં આખરી ઓપ આપવામાં આવશે. આ વિકાસ તમામ આયાતકારો અને કસ્ટમ હાઉસ એજન્ટ્સ માટે એક અદ્‌ભુત તક છે.કંડલા હાલના નોટિફાઈડ પોઈન્ટ્સ દિલ્હી, મુંબઈ, કોલકાતા, ચેન્નઈ, અમૃતસર અને બેંગલુરુ સાથે જોડાવાથી આગામી સમયમાં ગુજરાત બીજ, ફૂલ અને પ્લાન્ટેશન મટિરિયલના હબ તરીકે વૈશ્વિક ઓળખ મેળવશે.કંડલા ખાતે આ સામગ્રીની આયાત કરવાથી આયાત પ્રક્રિયાઓમાં વ્યૂહાત્મક લાભ પણ મળશે કારણ કે તે લોજિસ્ટિક્સ ખર્ચમાં ઘટાડો કરી શકે છે અને વ્યવસાયની પહોંચને વિસ્તૃત કરી શકે છે. કંડલા અને મુંદરા અદાણી બંદર પર અનેકવિધ પીપીક્યુ સંલગ્ન કાર્ગોની આયાત-નિકાસ થતી રહે છે ત્યારે આ નવા પરિવર્તનથી તેમાં વધુ જોમ ઉમેરાશે તેવો આશાવાદ વ્યક્ત કરાઇ રહ્યો છે.

# દાહોદ દુષ્કર્મ કેસમાં ૧૨ દિવસમાં કોર્ટમાં ચાર્જશીટ દાખલઃ હર્ષ સંઘવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ:દાહોદ જિલ્લામાં માસૂમ દીકરી સાથે શાળાના આચાર્ય દ્વારા આચરવામાં આવેલા દુષ્કર્મ કેસમાં ગુજરાત પોલીસે એફ.એસ.એલની મદદથી ગુનાને લગતા જરૂરી વૈજ્ઞાનિક પુરાવાઓ મેળવી આરોપીને કડકમાં કડક સજા થાય તેવી મજબૂત ચાર્જશીટ રેકોર્ડઝ બ્રેક ૧૨ દિવસમાં દાખલ કરી છે. જેમાં કુલ ૧૭૦૦ પાનાનું ચાર્જશીટ તૈયાર કરવામાં આવી છે અને ૧૫૦ જેટલા સાહેદો ચેક કરવામાં આવ્યા છે. એટલું જ નહિ, આ સમગ્ર કેસમાં સ્પેશિયલ પી.પી અમિત નાયરની નિમણૂક કરવામાં આવી છે.

રાજ્યના ગૃહરાજ્ય પ્રધાન હર્ષ સંઘવીએ વધુમાં જણાવ્યુ હતું કે, ચાર્જશીટમાં ડિજિટલ એવિડેન્સ, ફોરેન્સિક ડીએનએ, ફોરેન્સિક બાયોલોજિકલ એવિડન્સનો સમાવેશ કરવામાં આવ્યો છે. વિશેષ બાબત એ છે કે આ વખતે એપિથિલિયલ કોષોએ શરીરની ત્વચા અને આંતરિક ભાગોમાં આવેલા કોષો છે, જે અત્યંત નાની માત્રામાં પણ મળી શકે છે.

ક્રાઇમ દરમ્યાન આવા કોષો મળી આવે ત્યારે ડીએનએ પરીક્ષણ દ્વારા શંકાસ્પદ વ્યક્તિનું ડીએનએ આ કોષો સાથે મેળ ખાતું હોય તો તે વ્યક્તિના ગુનામાં સંડોવાણી પુષ્ટિ થાય છે. આ તકનીક દ્વારા શારીરિક સંપર્કથી મળેલા સૂક્ષ્મ સબૂતોનો ઉપયોગ કરીને ગુનાખોરીમાં શંકાસ્પદોની ઓળખ અને ગુનાની સાબિતી આપવામાં ખૂબ જ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવાય છે.

મંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું કે,ફોરેન્સિક સાયકોલોજિકલ ડ્રોન ક્રાઇમ સીન પ્રોફાઇલિંગ એન્ડ ફોરેન્સિક સ્ટેટમેન્ટ એનાલિસિસ પણ આ કેસમાં કરવામાં આવ્યું છે. જે અંતર્ગત આ બનાવ કેવી રીતે બન્યો તે રસ્તાનો વીડિયો લેવડાવી, વીડિયો તેમજ તમામ સાહેદોના નિવેદનનો અભ્યાસ કરીને ગુનો કેવી રીતે આચર્યો છે, તેનો સાયક્લોજિકલ અભિપ્રાય છે.

આ ઉપરાંત ફોરેન્સિક કેમેસ્ટ્રી એટલે કે બાળકીમાં ઝેરની હાજરી હતી કે નહીં તેનો ટેસ્ટ પણ કરવામાં આવ્યો છે. ફોરેન્સિક વેહીકલ એનાલિસિસ એટલે કે, પુરાવાનો નાશ કરવા ગાડી ધોવડાવી છે, પુરાવા નાશ કરવાનો પ્રયત્ન કર્યો છે, તેમા સફળ રહ્યા નથી, આ ટેસ્ટમાં પૂરવાર થયું છે. આરોપીએ અન્ય સાહેદને ધમકાવ્યા તે ફોનમા રેકોર્ડિંગ થયું છે, તેનુ પરીક્ષણ કર્યુ છે, એટલે આરોપીએ ગુનો કર્યાનો પુરાવો પણ મળ્યો છે. નોંધનીય છે કે, આવા બનાવોમાં કોઇ વ્યકિત કે સાક્ષી મળી આવતા ન હોય, ત્યારે આવા વૈજ્ઞાનિક પુરાવાઓ ઘટનાને પુરવાર કરવા માટે મહત્ત્વના સાબિત થતા હોય છે.

# જામનગરના જિલ્લા પોલીસ વડાનું બોગસ ફેસબુક આઈડી બનાવી ઠગાઈ કરનારો પકડાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જામનગર જિલ્લા પોલીસ વડા પ્રેમસુખ ડેલુના નામની બોગસ ફેસબુક આઈડી બનાવી લોકો સાથે ઠગાઈ કરનાર શખ્સને રાજસ્થાનના અલવર જિલ્લામાંથી જામનગરની સાઈબર ક્રાઈમ સેલની ટુકડીએ ઝડપી લીધા બાદ તેને જામનગર લઈ આવીને કડક પૂછપરછ શરૂ કરવામાં આવી હતી. આરોપી ઈરસાન ફજજાર ખાને જામનગર જિલ્લાની ત્રણ વ્યક્તિ સાથે છેતરપિંડી કરી હોવાનું ખૂલ્યું હતુ. જામનગર જિલ્લાના પોલીસ વડા પ્રેમસુખ ડેલુના નામનું નકલી ફેસબુક આઈડી બનાવીને લોકો સાથે ઠગાઈ આચરવામાં આવી રહી હોવાની જાણકારીને પગલે જામનગર સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા સતત સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર વોચ રાખવામાં આવી રહી હતી. જે દરમ્યાન પોલીસ અધિક્ષક પ્રેમસુખ ડેલુનું નામ અને ફોટાનો ઉપયોગ કરીને ફેસબુક ઉપર નકલી આઈ.ડી. બનાવી પોલીસ અધિકારી તરીકેની ખોટી ઓળખ આપીને ઠગાઈ કરવાના ઈરાદાથી આઈ.ડી પર વેચાણ માટે વસ્તુઓની ખોટી પોસ્ટ કરી ગુન્હો કરવામાં આવ્યો હતો.

સાયબર ક્રાઇમની ટીમે ટેકનિકલ એનાલિસીસ કરી તેમજ હ્યુમન સોર્સિસથી માહિતી એકત્રિત કરીને ઈરસાન ફજજાર ખાન (ઉં.વ.૨૪)નામના આરોપીને રાજસ્થાન રાજયના અલવર તાલુકાના કકરાલી ગામ ખાતેથી પકડી પાડયો હતો. જેને જામનગર લઈ આવ્યા પછી તેની ઘનિષ્ઠ પૂછપરછ ચલાવવામાં આવી રહી છે.

# ગોંડલના ધારાસભ્યના પુત્ર ગણેશ ગોંડલના જામીન મંજૂરઃ જૂનાગઢમાં પ્રવેશ પ્રતિબંધ

અમદાવાદઃ ગોંડલના ભાજપના ધારાસભ્ય ગીતાબા જાડેજાનાં પુત્ર ગણેશ ગોંડલના ગુજરાત હાઇ કોર્ટે શરતી જામીન મંજૂર કર્યા છે. જાડેજાને જૂનાગઢમાં પ્રવેશ ન કરવાની શરતે જામીન મંજૂર કરવામાં આવ્યા છે. જૂનાગઢના દલિત યુવકનું અપહરણ કરી માર મારવાનો આરોપસર ગણેશ જાડેજા સામે એટ્રોસિટી, અપહરણની ફરિયાદ કરવામાં આવી છે. તેમ જ તેમને જેલમાં ધકેલી દેવામાં આવ્યા હતા. આ કેસમાં ગણેશ જાડેજા સહિત પાંચ આરોપીઓના શરતી જામીન મંજૂર કરવામાં આવ્યા છે.બીજી બાજુ જ્યોતિરાદિત્યસિંહ જાડેજા ઉર્ફે ગણેશ ગોંડલ ગોંડલ નાગરિક બેન્કનાં વાઇસ ચેરમેન બન્યા છે. જ્યારે ચેરમેન તરીકે અશોક પીપળીયા રિપીટ થયા છે. ગણેશ ગોંડલે જેલમાંથી બેંકની ચૂંટણી લડી હતી અને જીત મેળવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, જૂનાગઢમાં દલિત યુવકનું અપહરણ કરી માર મારવાનાં કેસમાં પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજાનાં પુત્ર ગણેશ જાડેજા ઉર્ફે ગણેશ ગોંડલની ધરપકડ કરવામાં આવી હતી. ગણેશ ગોંડલે જેલમાંથી ગોંડલ નાગરિક સહકારી બેંકની ચૂંટણી લડી હતી, જેમાં તેનો વિજય થયો હતો. આ સાથે સહકારી જગતમાં ગણેશ ગોંડલે પ્રવેશ કર્યો હતો.

# વડોદરા સેન્ટ્રલ જેલમાં દુષ્કર્મ કેસના ગુનાની સજા કાપી રહેલા કેદીએ ગળાફાંસો ખાધો

અમદાવાદઃ ૮ વર્ષની બાળકી પર દુષ્કર્મ આચરવા સબબ વડોદરા સેન્ટ્રલ જેલમાં સજા કાપી રહેલા કેદીએ પોતાની બેરેકમાં ગુરુવારે પરોઢિયે ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવી લીધું હતું. પોલીસ તંત્ર સવારથી જ દોડતું થયું હતું. પોકસોના આરોપી સંજય બારીયાએ વર્ષ ૨૦૧૯માં એક ૮ વર્ષની બાળકી પર દુષ્કર્મ આચર્યું હતું. જેના બાદમાં તેની વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાતા ગુનાના આધારે પોલીસે ધરપકડ કરી હતી. ત્યારબાદ આ ગુનાને આધારે વર્ષ ૨૦૨૨ માં આરોપીને સજા ફટકારવામાં આવી હતી. વડોદરાની સેન્ટ્રલ જેલમાં પોકસોના ગુનામાં સજા કાપી રહેલા સંજયે બેરેકના ટોઇલેટમાં ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતા ભારે ખળભળાટ મચી જવા પામ્યો હતો.

# પુત્રવધૂના ત્રાસથી સસરાનો ઍસિડ પીને આપઘાત

## પુત્રવધૂના ત્રાસથી આપઘાત કરું છું, પોલીસે આ સ્યૂસાઈડ નોટ જપ્ત કરીને વધુ કાર્યવાહી હાથ છે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના નારોલ વિસ્તારમાં પુત્રવધૂના ત્રાસથી સસરાએ એસિડ પીને આપઘાત કર્યો હતો. અમદાવાદના નારોલમાં પુત્રવધૂના ત્રાસથી સસરાએ આપઘાત કરતા પોલીસે તપાસ હાથ ધરી છે, સ્યૂસાઈડ નોટમાં સસરાએ લખ્યું છે કે પુત્રવધૂના ત્રાસથી આપઘાત કરું છું, પોલીસે આ સ્યૂસાઈડ નોટ જપ્ત કરીને વધુ કાર્યવાહી હાથ ધરીને પુત્રવધૂ સામે ગુનો નોંધ્યો છે.

પ્રાથમિક તપાસમાં એવું ખૂલ્યું છે કે, નારોલમાં પુત્રવધૂ બ્યુટીપાર્લરનો ધંધો કરતી હતી અને તે સસરાને ગમતું ન હતું જેને લઈ અવાર-નવાર સસરા અને પુત્રવધૂને બોલાચાલી પણ થતી હતી, સસરાએ કહ્યું કે તમે બ્યુટીપાર્લરનો ધંધો બંધ કરી દો પણ પુત્રવધૂ બંધ કરતી ન હતી જેને લઈ સસરાને લાગી આવ્યું અને તેમણે એસિડ પીને આપઘાત કરી લીધો હતો.

ગુજરાતમાં બુલેટ ટ્રેનના કામે ગતિ પકડી

# નવસારી નજીક નેશનલ હાઈવે પર પીએસસી બ્રીજ બનાવાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ૨૦૨૬માં સુરત અને બિલીમોરા વચ્ચે મુંબઇ-અમદાવાદ બુલેટ ટ્રેનનું ટ્રાયલ રન કરવાની સરકારના આયોજનને પગલે હાલ ગુજરાત સહિત મહારાષ્ટ્રમાં બુલેટ ટ્રેનું કાર્ય પુરજોશમાં આગળ વધી રહ્યું છે. નવસારી જિલ્લામાં બિલીમોરા અને સુરત વચ્ચે નેશનલ હાઇવે-૪૮ પર ૨૧૦ મીટર લાંબો પીએસસી બ્રીજ બનાવવામાં આવ્યો છે. આ બ્રીજનું નિર્માણ કાર્ય ૧લી ઓક્ટોબરના રોજ પૂર્ણ થયું હતું.

મુંબઇ-અમદાબાદ બુલેટ ટ્રેન કોરિડોરની વાયરડક્ટ ગુજરાતના નવસરી જિલ્લાના સિસોદરા ગામમાં દિલ્હી અને ચેન્નાઈ વચ્ચે નેશનલ હાઇવે પર પસાર થઈ રહ્યો છે. આ ૨૧૦ મીટર લાંબો બીજો પીએસસી બોક્સ-સેગમેન્ટ બ્રીજ છે. જેનું નિર્માણ હાઇવે પર બેલેન્સ્ડ કેન્ટિલીવર મેથડ દ્વારા કરવામાં આવ્યું છે. બ્રીજમાં ૭૨ સેગમેન્ટ છે. જેમાં ચાર સ્પેન છે. આ બ્રિજ બિલીમોરા અને સુરત બુલેટ ટ્રેન સ્ટેશન વચ્ચે આકાર પામ્યો છે. નેશનલ હાઇવે-૪૮ એ દેશના સૌથી વ્યસ્ત રાજમાર્ગોમાંનો એક છે. તેથી હાઇવે પર લોન્ચિંગ સાવચેતીપૂર્વકના આયોજન અને અમલીકરણ સાથે કરવામાં આવ્યું છે.

મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટના વાયરડક્ટ બાંધકામ માટે, ગુજરાતના વડોદરા અને વાપી ખાતે આવેલા બે કાસ્ટિંગ યાર્ડમાં ૧૦૦૦ સંપૂર્ણ સ્પાન બોક્સ ગર્ડર્સ (દરેક કાસ્ટિંગ યાર્ડ)નું કાસ્ટિંગ પૂર્ણ કરવામાં આવ્યું છે. ૩૫૨ કિમી સંરેખણમાંથી ૨૯૦ કિ.મી. વાયરડક્ટનું નિર્માણ ફુલ સ્પાન લોંચિંગ દ્વારા કરવામાં આવશે અને બાકીની ગોઠવણી મુખ્યત્વે સેગમેન્ટલ લોન્ચિંગ, ૧૭ સ્ટીલ બ્રિજ, ૮ સ્ટેશન, ૩૫૦ મીટર ટનલ અને અન્ય સિવિલ સ્ટ્રક્ચર્સ દ્વારા કરવામાં આવશે. બુલેટ ટ્રેન પ્રોજેક્ટના વાયરડક્ટના નિર્માણમાં ઉપયોગમાં લેવાતા સંપૂર્ણ ગાર્ડર સામાન્ય રીતે ૪૦ મીટર લાંબા અને ૯૭૦ મેટ્રિક ટન વજનના હોય છે.

૨૦૩ વર્ષ

દૈનિક
# મુંબઈ સમાચાર

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૩ ■ Volume 67 ■ Issue 236 ■ વિક્રમ સંવત ૨૦૮૦
■ આશ્વિન સુદ - ૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 4 October 2024, Friday ■ REGD.No. MCS/058/2024-26

શુક્રવાર, ૪ ઑક્ટોબર ૨૦૨૪, કિંમત ₹ ૧૦.૦૦ | મેટિની પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u



Narendra Modi
Prime Minister

सत्यमेव जयते
Government of Maharashtra

कौशल्यम् बलम्





Eknath Shinde
Chief Minister

# Progress through Training...

## CHIEF MINISTER YOUTH WORK TRAINING SCHEME

## CHIEF MINISTER YOJANADOOT INITIATIVE

The Department of Skills, Employment, Entrepreneurship, and Innovation, along with the Chief Minister's Public Welfare Cell, is implementing the Chief Minister Youth Work Training Scheme. Simultaneously, the Directorate of Information and Public Relations is conducting the Chief Minister Yojanadoot initiative. Under this initiative 50,000 Yojanadoots (Scheme Ambassadors) will be selected across the state and will receive a monthly honorarium of ₹ 10,000 for six months. These Yojanadoots will inform citizens about various government welfare schemes.

### CHIEF MINISTER YOUTH WORK TRAINING SCHEME

- A budget of ₹ 5,500 crore has been allocated for the Chief Minister Youth Work Training Scheme
- Eligible candidates must be between 18 to 35 years
- Every year 10 lakhs work training opportunities will be provided
- Stipend ₹ 6,000 for 12th Pass, ₹ 8,000 for ITI and Diploma holders, and ₹ 10,000 for Graduates and Postgraduates
- The scheme aims to prepare skilled manpower for industries.

Interested candidates and establishments for the Chief Minister Youth Work Training Scheme are required to register at https://rojgar.mahaswayam.gov.in OR https://cmykpy.mahaswayam.gov.in

For more information about the Chief Minister Yojanadoot initiative, visit the website : www.mahayojanadoot.org



Devendra Fadnavis
Deputy Chief Minister

Eknath Shinde
Chief Minister

Ajit Pawar
Deputy Chief Minister

Adv. Mangal Prabhat Lodha
Minister, Skill, Employment, Entrepreneurship and Innovation

**Skill, Employment, Entrepreneurship and Innovation Department, Government of Maharashtra**

(ROC D 3868/B)

# મોટા યક્ષના મેળાનો ‘ટોક્સિક’ કચરો આરોગતા સાત ગાયો અને વાછરડાનાં મોતથી અરેરાટી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: સરહદી કચ્છના નખત્રાણા તાલુકાના મોટા યક્ષ ખાતે ગત ૨૨થી ૨૫મી સપ્ટેમ્બર દરમ્યાન યોજાયેલા મીની તરણેતર તરીકે ઓળખાતા મોટા યક્ષના મેળામાં થયેલા પ્લાસ્ટિકના કચરા, એઠવાડને આરોગી જતાં પાંચ જેટલી ગૌમાતાનાં મોત થતાં અરેરાટી પ્રસરી જવા પામી છે.

મેળાને કારણે ઉભા થયેલા ‘ટોક્સિક’ કચરાને ખાઈ જવાથી પાંચેક ગાયોનાં તરફડી-તરફડીને મૃત્યુ થયા અંગેની ખબર ફેલાવા લાગતાં દોડતી થયેલી મેળા સમિતિએ ટ્રેક્ટર અને જેસીબીથી મેદાનને સાફ કરવાનું ચાલુ કર્યું હતું.

ગ્રામવાસીઓને જણાવ્યા મુજબ અહીં મેળા સમિતિ દ્વારા વ્યવસ્થિત સાફ-સફાઈ કરાઈ ન હતી. મેળા દરમ્યાન ખાણીપીણીની વસ્તુઓમાં પણ નજીકના તળાવના ગંદા પાણીનો ઉપયોગ થતો હતો અને મેળો પૂર્ણ થયા બાદ મેદાનને સાફ કરવાની તસ્દી ન લેવાતાં મેદાનમાં એકઠો થયેલો કચરો, એઠવાડ, પ્લાસ્ટિકની થેલીઓ, કેમિકલ યુક્ત વસ્તુ ખાધા બાદ ખોરાકી ઝેરની અસર થતાં પાંચેક ગાયો અને બે-ત્રણ વાછરડાનાં મોત થયા છે. હજુ કેટલીક ગૌમાતા બીમાર હાલતમાં છે અને વારંવાર રજૂઆતો કરવા છતાં સારવાર માટે હજુ સુધી એકપણ પશુ ચિકિત્સક અહીં આવ્યા નથી.હાલ ગામમાં મચ્છરજન્ય રોગોએ પણ માથું ઊંચક્યું છે.

દરમ્યાન, મેળા સમિતિના પ્રમુખ ધીરજલાલ પટેલે બચાવ કરતાં કહ્યું હતું કે, તેઓ નિયમિત સાફ-સફાઈ કરાવતા હતા, એઠવાડ સહિતના કચરા માટે જેસીબીથી મોટા ખાડા બનાવ્યા છે, જેમાં દરરોજ કચરાનો નિકાલ કરાતો હતો. હજુ પણ ગ્રાઉન્ડ સફાઈનું કામ ચાલુ છે, જે અડધું થઈ ગયું છે. કચરો એકઠો કરીને રખાયો છે. બધો ભેગો કરીને નિકાલ કરાય છે. મોડી રાત્રે માલિકો દ્વારા ગાયોને મૂકી દેવાય છે, જેના કારણે આ કચરો ખાઈ ગઈ હશે જેથી માલિકોએ પણ પોતાની જવાબદારી સમજવી જોઈએ, તેમ તેમણે ઉમેર્યું હતું.

# ભાવનગરમાં વિકલાંગ વ્યક્તિઓનો એક દિવસ નવરાત્રી મહોત્સવ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: પાર્થ યુવા મંડળ ભાવનગર અને વિકલાંગ ક્રાંતિ સંગઠન ભાવનગરના સંયુક્ત ઉપક્રમે છેલ્લાં ૧૧ વર્ષથી એક દિવસ માટે ગામડા અને શહેરમાં રહેતા ઓર્થોપેડીક વિકલાંગો નવરાત્રી રમી શકે તે માટે આયોજન કરે છે, વર્ષ ૨૦૨૨ શિક્ષણ અને વિકલાંગ ધારા ઉપર થીમ હતી. વર્ષે ૨૦૨૩ અમે દિવ્યાંગ વિલચેર સેલ્ફી ઝોન રાખ્યું હતું, આ વખતે નવરાત્રીમાં મહેમાન સોનલ પટેલ બંને પગે વિકલાંગતા ધરાવે છે.

પેરા ઓલિમ્પિક ટોક્યો ૨૦૨૧ અને પેરીસ ૨૦૨૪ એશિયન ગેમ્સ અને કોમન વેલ્થ ગેમ મેડાલીસ્ટ વર્લ્ડ રેન્ક નં.૯ ભારતમાં ૧ નંબર નું સ્થાન મહિલા કેટેગરી -૩, માં ધરાવે છે. અત્યાર સુધી ૩૫ વખત વિદેશની ધરતી ઉપર ભારત તરફથી પ્રતિનિધત્વ કરેલ છે. જેમાં ૩૩ વખત ભારત દેશ માટે મેડલ મેળવેલ છે. ડબલમાં તેમના હસબન્ડ રમેશ ચૌધરી સાથે રમે છે. ભાવનગરમાં દિવ્યાંગોની નવરાત્રીમાં હાજરી તેમ જ સંદેશો આપવા આવે છે કે દરેક વિકલાંગ વ્યક્તિઓ એક રમત સિલેક્ટ કરવી જોઈએ અને પ્રેક્ટીસ કરવી જોઈએ. વધારેમાં વધારે ખેલાડીઓ તૈયાર થાય તેવી અપેક્ષા છે. આ કાર્યક્રમમાં વિલ્ચેર, બગલ ઘોડી, અને ટ્રેડીશનલ ડ્રેસ સાથે નવરાત્રી રમતા વિકલાંગો જોવા મળશે, વિવિધ પ્રકારના ઇનામો પણ રહેશે, સાથે ભોજનની વ્યવસ્થા રાખેલ છે. તા. ૫/૧૦/૨૦૨૪ શનિવાર સાંજે ૭ થી ૧૨ વાગ્યા સુધી સ્થળ આવાસ યોજના ફ્લેટ સામે, પ્રિયાંક પાર્ટી પ્લોટ, એસ.ટી. વર્ગ શોપ, શેરે પંજાબ ઢાબાની સામેના ખાચામાં, કલ્યાણનગર સોસાયટી, ફુલસર, ભાવનગર ખાતે યોજાશે.

# ટામેટાની બજાર લાલચોળ: પાંચ જ દિવસમાં ₹ ૧૦૦ને પાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: શાકભાજીની ખરીદી કરતા લોકો છેલ્લા ત્રણ દિવસથી ટામેટાનો ભાવ સાંભળીને સિસકારા નાખવા લાગ્યા છે. ભાવનગરના તળાજાની શાકમાર્કેટમા પાંચ જ દિવસમાં ટામેટાની બજાર લાલચોળ થઈ ગઈ છે.

ભાદરવાના વરસાદે ખેડૂતોને કરેલું નુકસાન તળાજા સહિત ગોહિલવાડના દરેક ઘરના રસોડા સુધી મોંઘવારી વધતા પહોંચી રહ્યું છે. પાંચ દિવસ પહેલા ટામેટાનો ભાવ ૫૦-૬૦ રૂપિયે કિલો હતા તેના બદલે બજાર ડબ્બલ થઈ ગઈ છે. ગઈકાલ માર્કેટમા છૂટક ભાવ ૧૦૦-૧૨૦ રૂપિયા હતો.

જેની સામે હોલસેલ ભાવ યાર્ડમા ૬૫-૭૦ના ભાવે વેપારીઓ ખરીદી કરી પાંચે દસ ટકા ખરાબો નીકળતા નફાનો ગાળો ૨૦-૩૦ ટકાથી વધુ રાખીને વેચાણ કરી રહ્યા છે.

હોલસેલ ટામેટાના વેપારીએ જણાવ્યું હતુ કે ટામેટાના ભાવમાં અચાનક ઉછાળાનું કારણ વરસાદ છે. ગુજરાત સાથે મહારાષ્ટ્રમાં પણ વધુ વરસાદ હોવાના કારણે આ સિઝનમાં મહારાષ્ટ્રથી આવતા ટામેટા બંધ થઈ ગયા છે. હાલ બેંગ્લોર અને કર્ણાટકથી માલ આવે છે. ટ્રાન્સપોર્ટેશનનાં કારણે ટામેટા મોંઘા થયા છે. પંદરેક દિવસ બાદ મહારાષ્ટ્ર શરૂ થશે તો બજાર પચાસ ટકા જેટલી ઘટી શકે છે.

તળાજા સહિત ગોહિલવાડમાં પણ દેશી ટામેટાનો પાક સારો થાય છે. તે ટામેટા આવતા હજુ બે મહિના લાગી જશે. ત્યાં સુધી ટામેટાની બજાર રૂ.૫૦-૬૦ને પાર રહેશે.

# રાજકોટ મનપાના ફાયર વિભાગના ચીફ ફાયર ઓફિસરનું રાજીનામું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટ ટીઆરપી ગેમ અગ્નિકાંડ બાદ ફાયર વિભાગના અધિકારીઓની બેદરકારી અને સંડોવણી ખૂલ્લી પડ્યા બાદ તેમની સામે ભરાયેલા સસ્પેન્શન સુધીના પગલા બાદ ખાલી પડેલી રાજકોટ મનપાના ફાયર વિભાગના ચીફ ઓફિસરની જગ્યાને ગ્રહણ લાગ્યું હતું, પરંતુ આખરે આ પદનો હવાલો અમિત દવેને સોંપાયો હતો પરંતુ આખરે તેમણે પણ પોતાના અંગત કારણોસર ચીફ ફાયર ઓફિસર પદેથી રાજીનામુ ધરી દીધું છે.

મનપાના ચીફ ફાયર ઓફિસરનો ચાર્જ સંભાળનાર અધિકારીઓ અન્ય સ્થળે અટવાઈ જતાં ના છૂટકે મ્યુનિસિપલ કમિશનરે ક્લાસ-૩ અધિકારી અને સ્ટેશન ઓફિસર અમિત દવેને સીએફઓ તરીકે ચાર્જ આપ્યો હતો. જો કે તેઓએ કૌટુંબિક કારણોસર ચાર્જ લેવાની ના પાડી દીધી છે. એક સપ્તાહ પહેલા પત્ર પાઠવ્યો હતો અને આજે તમામ પદ ઉપરથી રાજીનામું આપી દેતા ફાયર વિભાગ ફરી વખત નધણિયાતી સ્થિતિમાં મુકાઈ ગયું છે.

રાજકોટનાં ટીઆરપી ગેમ ઝોનમાં ગત ૨૫મી મેના રોજ આગ ભભૂકી ઉઠી હતી અને ૨૭ નિર્દોષો જીવતા ભૂંજાઈ ગયા હતા. જેમાં ફાયર એનઓસી નહીં હોવાને લઇ ચીફ ફાયર ઓફિસર અને ડેપ્યુટી ચીફ ફાયર ઓફિસરને જેલ હવાલે કરાયા હતા. આ પછી તેમની જગ્યાએ કચ્છથી મુકાયેલા ચીફ ફાયર ઓફિસર લાંચ લેતા ઝડપાઈ જતા તેમને પણ જેલ હવાલે કરવામાં આવ્યા છે. ફાયર એનઓસીની કામગીરી લાંબા સમયથી ઠપ્પ હતી. જેને લઈ મ્યુ. કમિશનર દ્વારા કલાસ-૩ ઓફિસર અમિત દવેને ચીફ ફાયર ઓફિસરનો ચાર્જ સોંપવામાં આવ્યો હતો અને તેમણે ચાર્જ પણ સંભાળી લીધો હતો. જો કે હવે અમિત દવેએ અંગત કારણોસર રાજીનામું આપી દીધું છે. હાલ તેઓ ૯૦ દિવસના નોટિસ પિરીયડ પર છે. અમિત દવેનું ૯૦ દિવસમાં રાજીનામું મંજૂર ન થાય તો આપોઆપ તેઓ ફરજ મુક્ત થશે. અત્યાર સુધીમાં ૧૫ જેટલા અધિકારીઓ રાજીનામું આપી ચૂક્યા છે.

અમિત દવેએ જણાવ્યું કે, મને ડાયાબિટીસ, બ્લડ પ્રેશર સહિતની બીમારી છે. મારી તબિયત સારી ન રહેતી હોવાના કારણે મેં રાજીનામું મૂક્યું છે. મારા પિતાનું ૧૫ દિવસ પહેલા અવસાન થયું છે. માતાની તબિયત સારી નથી. પારિવારિક કારણોસર રાજીનામું મુક્યું છે.

# ગોંડલ નાગરિક બેંકમાં નવા સુકાનીઓ બિનહરીફ બન્યા: ગણેશ ગોંડલ વાઇસ ચેરમેન પદે ચૂંટાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સમગ્ર ગુજરાત માં હાઇપ્રોફાઇલ બનેલી ગોંડલ નાગરિક બેંકની ચુંટણીમાં કોંગ્રેસ પ્રેરીત પેનલને ધોબી પછાડ આપી ભાજપ પ્રેરીત પેનલે વિજય મેળવ્યા બાદ આજે નાગરિક બેંક ભવનમાં યોજાયેલ નવા સુકાનીઓની ચૂંટણીમાં સતત ત્રીજી વખત અશોકભાઈ પીપળીયા ચેરમેન પદે બીનહરીફ જાહેર થયા હતા.જ્યારે વાઇસ ચેરમેન પદે જ્યોતિરાદિત્યસિંહ (ગણેશ) જાડેજા અને મેનેજિંગ ડિરેક્ટર તરીકે પ્રફુલભાઈ ટોળીયા બીનહરીફ બન્યા હતા.

શરૂઆતથી ઉત્તેજનાત્મક બની રહેલી નાગરિક બેંકની ચૂંટણીમાં ભાજપે જયરાજસિહ જાડેજાનાં માર્ગદર્શન હેઠળ નાગરિક બેંકનાં છેલ્લા પાંચ વર્ષથી સફળ સુકાની રહેલા અશોકભાઈ પીપળીયાને ‘ચહેરો’ બનાવી યોજાયેલી ચૂંટણીમાં ધાર્યું પરિણામ પાર પાડયુ હતું. જ્યોતિરાદિત્યસિંહે જૂનાગઢ જેલમાં રહી ચુંટણી જીતીને ગુજરાતનાં સહકારી ક્ષેત્રમાં નવો ઇતિહાસ સર્જ્યો હતો. હવે તેઓ વાઇસ ચેરમેન બન્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, જ્યોતિરાદિત્યસિંહનાં પિતા પૂર્વ ધારાસભ્ય જયરાજસિહ જાડેજાએ ૩૦ વર્ષ પહેલા નાગરિક બેંકમાં વાઇસ ચેરમેન બની રાજકીય કારકિર્દીની શરૂઆત કરી હતી. હવે જ્યોતિરાદિત્યસિંહનું પણ નાગરિક બેંક દ્વારા રાજકીય લોંચીંગ થયુ ગણાશે. પ્રફુલભાઈ ટોળીયા ગ્રામ્ય લેવલનાં આગેવાન ગણાય છે. પણ નાગરિક બેંકમાં એમ.ડી નું પદ મેળવી તેમણે શહેરી રાજનીતિમાં પ્રવેશ કર્યો છે.

# ગિરનાર પર્વતે અંબાજી મંદિર સુધી અંડર ૭.૯૨ કરોડનાં ખર્ચે ગ્રાઉન્ડ વીજળીકરણનું લોકાર્પણ થયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લાનાં ૩૦ ફીડરની ૪૦૫ સીકેએ. લંબાઇનાં કામ પેટે ૩૮૩૨ લાખનાં કામો મંજૂર, જે પૈકી ૬ ફીડરની ૭૬ સીકેએમ લંબાઇનું ૭૨૩ લાખનાં ખર્ચનું કામ સંપન્ન થયાં છે એવું ગુજરાતના નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ પ્રધાન કનુભાઇ દેસાઇએ જણાવ્યું હતું.

ગીરનાર પર્વત પર અંબાજી મંદિર સુધી એટલે કે ૩૬૭૨ ફુટની ઊંચાઇ સુધી અંડર ગ્રાઉન્ડ કેબલને એચ.ડી.પી.ઇ.પાઇપમાંથી પસાર કરી પાથરવાનું કાર્ય ૭.૯૨ કરોડનાં ખર્ચે સંપન્ન થવા સાથે ગીર સોમનાથ જિલ્લાનાં પ્રભાસ પાટણ અને પ્રાંચી સબ ડિવિઝનમાંથી વિભાજિત કરેલ સુત્રાપડા સબ ડિવિઝનનાં ઓફીસ ભવનનું ૨૮૫ ચોરસ મીટરનું કાર્ય ૧.૦૭ કરોડનાં ખર્ચે સંપન્ન થતાં રાજ્યનાં નાણાં, ઊર્જા, પેટ્રોકેમિકલ્સ પ્રધાન કનુભાઇ દેસાઇનાં હસ્તે ઈ-લોકાર્પણ કરી તક્તીનું અનાવરણ કરવામાં આવ્યું હતું. નોરતાની વહેલી પરોઢે ગીરનાર પર્વત પર બિરાજતા માતા ભવાનીનાં દર્શન પૂજન કરી અંબાજી ખાતે ૧૦૦ કીલોવોટનાં ટ્રાન્સફોર્મર સેટને રીબન અનાવરણ કરી ખુલ્લું મુક્યું હતું.

ભવનાથ ખાતે આયોજિત ઈ-લોકાર્પણ કાર્યક્રમ દરમ્યાન અધ્યક્ષીય ઉદ્બોધનમાં કનુભાઇ દેસાઇએ જણાવ્યું હતુ કે ગુજરાતની ૩૩ ટકા જનસંખ્યાને વીજ પુરવઠાથી સંધાન કરતુ પીજીવીસીએલ. ૧૩ જિલ્લા ૯૧ ટાઉન અને ૫૭૦૦ ઉપરાંત ગ્રામ વિસ્તારને આવરીને આજે લોકસુખાકારીમાં અવ્વલ છે, ત્યારે ગુજરાતનાં પવિત્ર યાત્રાધામો અને સાગરતટનાં ગ્રામ્ય વિસ્તારોમાં અવિરત અને સાતત્યપુર્ણ વીજપુરવઠામાં વીજ ગ્રાહકોની વિશ્વસનિયતા જળવાઇ રહે તે દિશામાં રાજ્ય સરકાર અનેકવિધ લોકહીતાનાં કાર્યો કરી રહી છે. વિજગ્રાહકોને વિજ પૂરવઠાની ગુણવત્તા અને વિશ્વસનિયતામાં વધારો કરવા રિવેમ્પ્ડ ડિસ્ટ્રીબ્યુશન સેક્ટર સ્કીમનો અમલ કરાયો છે.

# રાપરના સણવા ગામની સીમમાં ગાંજાની ખેતીનો પર્દાફાશ: એકની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: પાકિસ્તાનની ભૂમિ અને જળસીમાની તદ્દન નજીક આવેલા સરહદી જિલ્લા કચ્છમાં પાછલા કેટલાક વર્ષોથી નશાખોરીનું દૂષણ ચિંતાજનક રીતે વધવા પામ્યું છે તેવામાં આડેસર પોલીસની એક ટુકડીએ રાપરની રણકાંધીએ આવેલા સણવા ગામના સીમાડે ખેતરમાં મગ અને જુવારની ઓથે ગાંજાના છોડનું વાવેતર કરવાના કારસાનો પર્દાફાશ કરી, ખેતરમાં ઉગાડાયેલાં અંદાજે ૭ કિલો ૯૨૦ ગ્રામ વજનના ૩૫ છોડ કબજે કરીને વાવેતર કરનાર પ્રભુ નારણ કોલી નામના યુવકની ધરપકડ કરી છે. ફૂલપરાના રહેવાસી એવા આરોપી વિરુદ્ધ એનડીપીએસની વિવિધ ધારા તળે ગુનો નોંધવામાં આવ્યો હોવાનું અને ૮૫૦૦૦થી વધુની મતા જપ્ત કરી લેવામાં આવી છે, તેમ આડેસર પી.આઈ જે.એમ. વાળાએ જણાવ્યું હતું.

# નખત્રાણાના લાખિયારવીરાનાં નિ:સંતાન દંપતીને ધુતનારા ચારેય ધુતારા મુદ્દામાલ સમેત ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છના નખત્રાણા તાલુકાના લાખિયારવીરામાં એક આધેડ વયના નિ:સંતાન દંપતીને ધુતનાર ચાર સાધુવેશમાં રહેલા ધુતારાઓને નખત્રાણા પોલીસે ગણતરીના દિવસોમાં મુદ્દામાલ સાથે ઝડપી લઇ, રાજ્યભરમાં ચર્ચાસ્પદ બનેલા આ છેતરપિંડીના કિસ્સાનો ભેદ ઉકેલી લીધો છે.

નખત્રાણા પોલીસે માહિતી આપતાં જણાવ્યું હતું કે, નિ:સંતાન દંપતીને તાંત્રિક વિધિના નામે છેતરનારા સાધુ અને તેના મળતિયાઓને ટ્રેસ કરવા માટે સ્થાનિક ગુન્હાશોધક શાખા ભુજની ટેક્નિકલ મદદ લઈ મોબાઈલ લોકેશન મેળવતા આરોપીઓ થરાદ (બનાસકાંઠા) હોવાની હકીકત મળતા એક ટીમ ત્યાં ધસી જઈ સ્થાનિક પોલીસની મદદથી ત્રણ આરોપીને ઝડપી લીધા બાદ હાથ ધરેલી પૂછતાછમાં ગુનો કબૂલી લીધો હતો અને અન્ય એક ઈસમ પણ સામેલ હોવાની કબૂલાત કરી હતી.

આ છેતરપિંડી આચરનારા આરોપીઓ કેશનાથ જાફરનાથ વાદી (મુળ ભચાઉ હાલે દયાપર) તથા સાવનાથ ઉર્ફે નેનુનાથ સુમારનાથ વાદી, બિછાનાથ સાહેબનાથ વાદી અને દેવનાથ ઉર્ફે નૈનનાથ ડાલનાથ વાદી (રહે. મુળ ભચાઉ હાલે બાંડિયા તા. અબડાસા)ને છેતરપિંડીમાં ગયેલો મુદામાલ રોકડા રૂ. બે લાખ તથા દાગીના તેમ જ તેઓના કબજામાંથી એક આઠ લાખથી વધુની મહિન્દ્રા થાર જીપ અને બે સ્માર્ટફોન સહીત કુલ્લે રૂ. ૧૧,૦૯,૭૦૦નો મુદ્દામાલ નખત્રાણા પોલીસે કબજે લીધો હતો.

આરોપી કેશનાથ વિરુદ્ધ ભચાઉમાં છેતરપિંડીનો એક ગુનો નોંધાયેલો હોવાનું પી.આઈ અશોક એમ. મકવાણાએ જણાવ્યું હતું.

# કચ્છની સરહદ ડેરીનો કર્મચારી દૂધની ચોરી કરતાં પકડાયો!

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: પૂર્વ કચ્છના અંજાર તાલુકાના ચાંદરાણી ખાતે આવેલી સરહદ ડેરીનો ડીસ્પેચ વિભાગનો જૂનિયર આસિસ્ટન્ટ ઓર્ડર કરતાં વધુ દૂધના કેરેટને વાહનોમાં લોડ કરીને ડ્રાઈવર સાથે મળી દૂધના માલની તફડંચી કરતાં ઝડપાતાં ભારે ચકચાર પ્રસરી છે.

દૂધની ચોરીના આ પ્રકરણ અંગે સરહદ ડેરીના ડિસ્પેચ મેનેજર પીયૂષ પિત્રોડાએ દુધઈ પોલીસ મથકે જૂનિયર આસિસ્ટન્ટ મીતેશગીરી રમણિકગીરી ગુંસાઈ અને ખાનગી વાહનના ડ્રાઈવર હનીફ હસન છુછીયા વિરુદ્ધ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, મીતેશનું કામ ડેરીમાં આવતા વાહનોમાં ઓર્ડર મુજબ દૂધના ક્રેટ લોડ કરાવવાનું છે. છેલ્લાં થોડાંક સમયથી તેની વર્તણૂક શંકાસ્પદ જણાતી હતી. થોડાંક સમય અગાઉ ડેરીના કર્મચારીઓએ એક ખાનગી વાહનને અટકાવી તેમાં લોડ થયેલાં દૂધના ક્રેટની ગણતરી કરતાં પાંચ ક્રેટ વધુ નીકળ્યાં હતાં.

ત્યારબાદ ડેરીએ સીસીટીવી ચેક કરતાં મીતેશે ૧ સપ્ટેમ્બરથી ૨૩ સપ્ટેમ્બરના ૨૩ દિવસ દરમિયાન આ ગાડીમાં ઓર્ડર કરતાં દૂધના વધુ ૨૫ ક્રેટ લોડ કર્યાં હોવાનું બહાર આવ્યું હતું. આ રીતે, મીતેશે ૩૦ હજારના મૂલ્યના દૂધના પાઉચ અને ૪૮૦૦ રૂપિયાના ક્રેટ મળી કુલ ૩૪ હજાર ૮૭૦ રૂપિયાનું ડેરીને પોતાના અંગત ફાયદા માટે આર્થિક નુકસાન પહોંચાડતાં મીતેશ અને હનીફ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, કચ્છની સરહદ ડેરી અવારનવાર કોઈને કોઈ વિવાદમાં ચમકતી રહે છે. ખાસ કરીને, તેના સ્ટાફની દાદાગીરી અને મારામારીના બનાવ અગાઉ પોલીસ ચોપડે નોંધાઈ ચૂકેલાં છે.

# મિરજાપર ગામમાં તેર વર્ષની કિશોરી સાથે દુકાનદારે દુષ્કર્મ ગુજારતાં ચકચાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: શહેરની ભાગોળે આવેલાં મિરજાપર ગામના છપરીવાંઢમાં એક ૫૫ વર્ષના આધેડ વયના નરાધમ દુકાનદારે એક ૧૩ વર્ષની સગીરા સાથે દુષ્કર્મ ગુજારવાનો શરમજનક બનાવ બહાર આવતાં ભારે ચકચાર પ્રસરી છે.

આદ્ય શકિતની ઉપાસનાના મહાપર્વના ચાલી રહેલા સપરમા દિવસોમાં બનેલી ઘટના અંગે ભુજ એ ડિવિઝન પોલીસે જણાવ્યું હતું કે, ગત મંગળવારે સાંજે સાડા પાંચ વાગ્યાના અરસામાં આ બનાવ બન્યો હતો જેમાં પ્રોવિઝન સ્ટોર ચલાવનારા આધેડ વયના ઈશાક કુંભારની દુકાનમાં ભોગ બનનાર કિશોરી તેના ભાઈ સાથે પાણી ભરવા ગઈ હતી.

હવસમાં અંધ બનેલા ઈશાકે કિશોરીના ભાઈને પચાસ રૂપિયાની નોટ આપીને અન્ય દુકાને ખરીદી કરવા ધકેલી દીધો હતો અને સગીરાને યુક્તિપૂર્વક દુકાન પાછળ આવેલા પોતાના ઘરમાં લઈ ગયો હતો જ્યાં તેણે કિશોરીની મરજી વિરુદ્ધ દુષ્કર્મ આચર્યું હતું.

બનાવ અંગે જાણ થતાં કિશોરીના પરિવારજનો તેને જી.કે. જનરલ હૉસ્પિટલમાં સારવાર માટે લઈ ગયાં હતાં. પોલીસે આરોપી વિરુદ્ધ દુષ્કર્મ અને પોક્સો સહિતની કલમો તળે ગુનો નોંધ્યો છે.

# પાલિતાણા ગામે સગીરા ઉપર હુમલા કેસમાં આરોપીને બે વર્ષની કેદની સજા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: જિલ્લાના પાલિતાણા માં સગીરા ઉપર હુમલો કરવાના ગુનામાં સ્થાનિક કોર્ટે એક આરોપીને કસૂરવાર માનીને તેને બે વર્ષની સજા ફરમાવી હતી જ્યારે બીજા બે આરોપીઓની નિર્દોષ છોડી મૂકવાનો હુકમ કર્યો હતો.

આ કેસની હકીકત એવી હતી કે આ કામના ફરિયાદીની સગીરવયની દીકરીને આરોપી સુમિત અવાર-નવાર છેલ્લાં બે વર્ષથી રુબરુ તેમજ ફોન દ્વારા બિભત્સ માગણી કરી આબરુ લેવાના ઇરાદાથી જાનથી મારી નાખવાની ધમકી આપી આરોપીઓએ કાવતરું રચી તા. ૨૨/૩/૨૧ ના રોજ સાંજના પાંચ વાગ્યે પાલિતાણા દાણાપીઠમાં આવી સુમિત ખેતજીભાઈ સમાએ ભોગ બનનારને ધારીયા વતી ગંભીર ઇજા કરી જાતીય હુમલો કરી એકબીજાને મદદગારી કરીને જાહેરનામાનો ભંગ કરી ગુનો કરેલો તે ગુનાની ટ્રાયલ ભાવનગરના મહે. બીજા એડીશનલ ડીસ્ટ્રીક્ટ જજ એમ.પી. મહેતાની અદાલતમાં ચાલી જતા અદાલતે સરકારી વકીલની દલીલો તથા આધાર પુરાવા સાક્ષીઓને ધ્યાને લઈ મુખ્ય આરોપી સુમિત ખેતજીભાઈ સમા ને ઈ.પી.કો. કલમ ૩૨૪ નો ગુનો સાબિત માની આરોપીને કસૂરવાન ઠરાવી બે વર્ષની સજા તથા દંડ રૂ. ૫૦૦૦ નો અદાલતે ફટકારેલ છે જ્યારે અન્ય બે આરોપી વિરાજ વિજયભાઈ ગોહિલ તથા સન્ની પ્રવિણભાઇ ગોહિલને અદાલતે નિર્દોષ છોડી મુકવાનો હુકમ કર્યો હતો.

# કચ્છમાં ૨૦૦ જેટલી વિવિધ બ્લેકટ્રેપ ખાણો અને ક્રશર યુનિટો બંધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: પર્યાવરણીય પ્રમાણપત્ર તેમ જ માઇનિંગ પ્લાનની જટિલ બનાવી દેવામાં આવેલી પ્રક્રિયા અરજદારો દ્વારા ચાલુ હોવા છતાં ખાણ અને ખનીજ વિભાગ દ્વારા પૂર્વ સૂચના આપ્યા વિના વિવિધ લીઝ પર થઇ રહેલા ખનીજનું ખનન તાત્કાલિક અસરથી બંધ કરવા આપેલા આદેશના પગલે કચ્છમાં ૨૦૦થી વધુ બ્લેકટ્રેપ ખાણો અને ક્રશર યુનિટો કામ કરતી બંધ થઇ જવા પામી છે.

પેટિયું રળવા કચ્છ આવેલા અંદાજે દોઢથી બે લાખ જેટલા શ્રમિકોની ખાણ ખનીજ વિભાગના આદેશને પગલે રોજગારી છીનવાઇ ગઈ છે અને બે હજારથી વધારે ટ્રકોના પૈડા થંભી ગયા છે તેમ અંજાર-ગાંધીધામ તાલુકા બ્લેક ટ્રેપ લીઝ-ક્રશર(ભેડિયા) એસોસિયેશને રોષપૂર્વક જણાવ્યું છે. ‘તુઘલક’ જેવા નિર્ણયના વિરોધ અર્થે આજથી જ સંપૂર્ણ રીતે બંધ પાડવામાં આવતા જિલ્લામાં થતા તમામ વિકાસ કામો પર બ્રેક લાગી ગયો છે અને હવે જ્યાં સુધી કોઈ ઉકેલ કાઢવામાં નહિ આવે ત્યાં સુધી હડતાળ જારી રહેશે તેવી ચીમકી પણ અપાઈ છે.

આ અંગે પૂર્વ કચ્છ એસો.ના પ્રમુખ રામ ભાવનાણીએ જણાવ્યું હતું કે, કચ્છમાં આશરે ૨૦૦થી વધારે નાની-મોટી બ્લેકટ્રેપ ખનીજની ખાણો છેલ્લા છ દાયકાથી કાર્યરત છે અને આ રણપ્રદેશમાં તેના આનુષંગિક ઉદ્યોગ તરીકે ૬૦ જેટલાં ક્રશર પ્લાન્ટ કાર્યરત છે. આ ઉદ્યોગ થકી સરકારને પૂર્વ કચ્છ અને પશ્ચિમ કચ્છ બન્ને મળીને અંદાજે ૫૦થી ૬૦ કરોડ જેટલી રોયલ્ટીની આવક ગત વર્ષ દરમિયાન થઈ હતી અને આવક પર જી.એસ.ટી. ની પણ કરોડો રૂપિયાની આવક થાય છે.

આ બ્લેકટ્રેપની ખાણો પર ખાણના માલિકો ઉપરાંત અહીં કામ કરતા લાખો શ્રમિકોને કાયમી નિયમિતપણે રોજગારી મળી રહે છે. ઉપરાંત ૬૦થી વધારે ક્રશર પ્લાન્ટ અને મશીન ધારકો ઉપરાંત ટ્રક વિગેરે જેવા ટાન્સપોર્ટેશન વાહનો દ્વારા પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે પણ આ ઉદ્યોગ થકી લાખો લોકોને રોજીરોટી મળી રહે છે.

ખનિજ વિભાગની અનુચિત કાર્યવાહીના પગલે ઊભી થનારી કાચા માલની અછતના કારણે કચ્છના કંડલા મધ્યે ૪૩૦૦ કરોડના ખર્ચે બનનાર ડીપી વર્લ્ડ કન્ટેનર પ્રોજેક્ટ, ઉપરાંત ગ્રીન હાઇડ્રોજન પ્રોજેક્ટ પર તેમ જ સેંકડો ખાનગી અને સરકારી બાંધકામ, રોડ-રસ્તાના કામો પણ બંધ થઇ જશે. જેના કારણે કરોડો રૂપિયાનું નુકસાન થશે.

વર્ષ ૨૦૧૬થી ઈ.સી સર્ટિફિકેટની મથામણ ચાલી રહી છે. સરકાર નિયમોમાં ફેરફાર કરી લીઝધારકોને પરેશાન કરતી હોવાના આક્ષેપો હોદ્દેદારોએ લગાવ્યા છે.

લીઝધારકોએ તમામ શરતોનું પાલન કર્યું છે. પરંતુ સરકારે નક્કી કરેલી એજન્સીએ જ મોડું કરતાં તેનું નુકસાન લીઝધારકોને ભોગવવું પડી રહ્યું હોવાથી આ હડતાળ કરવાની ફરજ પડી રહી હોવાનું રામ ભાવનાણીએ ઉમેર્યું હતું.

# ભાવનગરમાં બે વેપારી સાથે ₹ ૧૦ લાખની ઠગાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: શહેરમાં રહેતા અને રેડીમેઈડ કપડાં બનાવડાવી હોલસેલ વેચાણ કરવાનો વ્યવસાય કરતા રવિભાઈ મલકાણી અને વિશાલભાઈ રામાણી બન્ને વેપારીઓ સાથે રૂ. દસ લાખથી વધુની છેતરપિંડીનો ભોગ બનતા વેપારીઓમાં ભારે ખળભળાટ મચી જવા પામ્યો હતો.

આ અંગે રવિભાઈ લક્ષ્મણદાસ મલકાણીએ પોલીસ ફરિયાદમાં જણાવ્યા મુજબ મુળ ઉતર પ્રદેશના બસટા ગામ જિલ્લો જોનપુરનો રહેવાસી ગોવિંદસિંઘ જીલેદારસિંઘ ચૌહાણને રેડીમેઈડ તૈયાર કાપડ આપી જેમાંથી પેન્ટ-શર્ટ તૈયાર કરાવતા હોય જે શખ્સને બન્ને વેપારીએ કટકે કટકે રૂ. ૧૦, ૮૩, ૧૪૭ નું કાપડ આપ્યું હતું અને યુ.પી.ના શખ્સે ત્રીસથી ચાલીસ દિવસમાં કપડાં લઇ જવાનું કહ્યું હતું. જે બાદ આ શખ્સ ૧૦ લાખનું કાપડ લઈ કારખાનુ બંધ કરી ફરાર થઈ જતા વેપારીએ ગોવિંદસિંઘ ચૌહાણ વિરુદ્ધ ગંગાજળિયા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

દૈનિક
# મુંબઈ સમાચાર
૨૦૩ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૩ ■ Volume 67 ■ Issue 236 ■ વિક્રમ સંવત ૨૦૮૦
■ આશ્વિન સુદ - ૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 4 October 2024, Friday ■ REGD.No. MCS/058/2024-26
શુક્રવાર, ૪ ઑક્ટોબર ૨૦૨૪, કિંમત ₹ ૧૦.૦૦ | મેટિની પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# મધ્ય પૂર્વમાં ધડાકા-ભડાકાઃ શૅરબજારમાં કડાકા




## સેન્સેક્સ ૧૭૬૯ના કડાકા સાથે ત્રણ સપ્તાહની નીચી સપાટીએ, માર્કેટ કેપમાં ₹ ૯.૭૮ લાખ કરોડનું ધોવાણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ મધ્યપૂર્વમાં યુદ્ધ વકરવાની ભીતિ વચ્ચે વિશ્વભરના ઇક્વિટી માર્કેટમાં સર્જાયેલી કડાકાની હારમાળાનો ભોગ બનતા ભારતીય બજાર પણ મંદીના ધડાકાનું ભોગ બન્યું હતું. ઈરાન અને ઈઝરાયલ યુદ્ધની વણસતી સ્થિતિ વધુ વકરવાની ભીતિ વચ્ચે સેન્સેક્સ ૧૭૬૯ના જોરદાર કડાકા સાથે ત્રણ સપ્તાહની નીચી સપાટીએ પટકાયો હતો.

બીએસઇ પર લિસ્ટેડ કંપનીઓનું કુલ માર્કેટ કેપિટલ રૂ. ૯.૭૮ લાખ કરોડના ધોવાણ સાથે રૂ. ૪,૬૫,૦૭,૬૮૫.૦૮ કરોડ (૫.૫૪ ટ્રિલિયન ડોલર)ની સપાટીએ પહોંચ્યું હતું.

ઇરાન સામે ઇઝરાયલ કેવા લશ્કરી પગલાં લેશે અને તેની વિનાશકતા કેટલી વિકરાળની ચિંતા અને ક્રૂડ ઓઇલના ભાવમાં આવેલા ઉછાળા ઉપરાંત વિદેશી રોકાણકારોની મોટાપાયે વેચવાલી અને માર્કેટ રેગ્યુલેટર સેબી દ્વારા એફએન્ડઓના નિયમોને આકરા કરવાની જાહેરાતની પણ બજારના સેન્ટિમેન્ટ પર ભારે નકારાત્મક અસર પડી છે.

બજારનાં સાધનો અનુસાર એકતરફ ઇઝરાયલ બદલો લેવા માટે ઇરાન પર હુમલો કરશે તો ક્રૂડ ઓઇલમાં વધુ ઉછાળાની સંભાવના છે, તો બીજી તરફ ચીનના નીચા વેલ્યુએશન્સ જોતાં વિદેશી સંસ્થાકીય

(જુઓ પાનું ૨) ▶▶







## હરિયાણામાં પ્રચારના પડઘમ શમી ગયા, મતદાન શનિવારે

ચંડીગઢઃ હરિયાણા વિધાનસભાની ચૂંટણી પાંચ ઑક્ટોબરે યોજાવાની હોવા વચ્ચે ગુરુવારે સાંજે પ્રચારના પડઘમ શમી ગયા હતા. સતત ત્રીજી મુદત માટે સત્તા જાળવી રાખવાની ભાજપને આશા છે તો બીજી તરફ કૉંગ્રેસ એક દાયકા બાદ ફરી સત્તાની ધૂરા સંભાળી લેવા કમબૅક કરવા પર નજર રાખી રહી છે.

૧૦૦થી વધુ વયના ૮,૮૨૧ મતદાર સહિત કુલ બે કરોડ કરતાં પણ વધુ મતદારો હરિયાણા વિધાનસભાની ચૂંટણીમાં મતદાન કરવાને પાત્ર છે. ગુરુવારે સાંજે છ વાગ્યે ચૂંટણીપ્રચાર થંભી ગયાના ગણતરીના કલાકો અગાઉ ભાજપ, કૉંગ્રેસ આમઆદમી પાર્ટી, આઈએનએલડી-બીએસપી અને જેજેપી-આઝાદ સમાજ પાર્ટી સહિતના (જુઓ પાનું ૨) ▶▶

## કૉન્ગોમાં બૉટ ડૂબીઃ ૫૦નાં મોત

કૉન્ગોઃ ઈસ્ટર્ન કૉન્ગોસ્થિત કિવુ લૅકમાં એક બૉટ ડૂબી જતાં ઓછામાં ઓછાં પચાસ જણનાં મોત થયાં હોવાનું ઘટનાને નજરોનજર નિહાળનાર સાક્ષીએ સમાચાર સંસ્થાને આપેલી મુલાકાતમાં કહ્યું હતું. બૉટમાં કેટલા પ્રવાસી સવાર હતા તે તાત્કાલિક જાણી શકાયું નહોતું.

સાક્ષીઓના જણાવ્યા અનુસાર તેમણે બચાવટુકડીને પાણીમાંથી ઓછામાં ઓછાં પચાસ મૃતદેહ બહાર કાઢતાં જોઈ હતી. બચી ગયેલા દસ જણને સારવારાર્થે નજીકની હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. વધારે પડતા પ્રવાસીઓને લઈ જતી બૉટ કિનારાથી થોડે દૂર હતી તે સમયે જ ડૂબી ગઈ હતી. (એજન્સી) ■


**જમ્મુ-કાશ્મીર વિધાનસભા ચૂંટણી**

## મતદાન બાદ આઠ ઑક્ટોબરના પરિણામ પર નજર

સુરેશ એસ. ડુગ્ગર

જમ્મુઃ જમ્મુ-કાશ્મીર વિધાનસભાની ત્રણ તબક્કામાં યોજાયેલી ચૂંટણી શાંતિપૂર્ણ રીતે પાર પડ્યા બાદ લોકોની નજર હવે આઠ ઑક્ટોબરે નેવું બેઠકનાં જાહેર થનારાં પરિણામો પર છે. એ જ દિવસે સ્પષ્ટ થઈ જશે કે દસ વર્ષ બાદ જમ્મુ-કાશ્મીરમાં કોણ સરકાર બનાવશે.

મતદાન બાદ ઉમેદવારો દ્વારા મતગણના એજન્ટોની કરવામાં આવેલી નિમણૂક અને મતગણતરીના દિવસને શાંતિપૂર્ણ અને સુરક્ષિત બનાવવાની તૈયારીઓ પર (જુઓ પાનું ૨) ▶▶




## બિહારમાં ભયાનક પૂરથી ચિંતિત ખડગે

નવી દિલ્હીઃ કૉંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ ગુરુવારે બિહારમાં પૂરને કારણે થયેલા જાનમાલના નુકસાન પર દુઃખ વ્યક્ત કર્યું અને કેન્દ્ર અને રાજ્ય સરકારોને રાહત અને બચાવ કામગીરી ઝડપી કરવા વિનંતી કરી હતી. ખડગેએ એમ પણ કહ્યું કે પૂર પીડિતોને 'પીએમ કેર' ફંડમાંથી વળતર આપવું જોઈએ. નોંધનીય છે કે બિહારના ઘણા જિલ્લા આ દિવસોમાં પૂરથી પ્રભાવિત છે. અધિકારીઓએ બુધવારે જણાવ્યું હતું કે પૂર પ્રભાવિત સીતામઢી જિલ્લામાં ડૂબી જવાથી છ લોકોનાં મોત થયાં છે.

ખડગેએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર પોસ્ટમાં કહ્યું હતું કે બિહારમાં પૂરની સ્થિતિ ગંભીર બની રહી (જુઓ પાનું ૨) ▶▶

## વાવાઝોડું ક્રૈથોન તાઇવાનમાં ટકરાયું

કાઉશુંગ (તાઇવાન): તોફાન ક્રૈથોન ગુરુવારે તાઇવાનના મુખ્ય બંદર શહેર કાઉશુંગ સાથે ટકરાયું હતું. જેનાથી ટાપુના દક્ષિણ ભાગમાં પૂરઝડપે પવનની સાથે મૂશળધાર વરસાદ વરસ્યો હતો. ભારે પવનના કારણે વૃક્ષો ઉખડી ગયા હતા અને રસ્તાઓ પણ પાણીમાં ગરકાવ થઇ ગયા હતા. તોફાનને પગલે સ્કૂલ-કોલેજો અને ઓફિસો બંધ રાખવામાં આવી હતી.

સેન્ટ્રલ મેટ્રોલોજીકલ એડમિનિસ્ટ્રેશને જણાવ્યું હતું કે ક્રૈથોન બપોરે લગભગ ૧૨:૪૦ વાગ્યે કાઉશુંગના ઔદ્યોગિક જિલ્લો સિયાઓગાંગ સાથે ટકરાયું હતું. વાવાઝોડાનાં પગલે ૧૬૨ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઇ રહ્યો હતો.

રાજધાની તાઈપેઈ સુધી પહોંચતા પહેલા વાવાઝોડું ધીમે ધીમે ઉત્તર તરફ આગળ (જુઓ પાનું ૨) ▶▶






એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ગાય રાજ્યમાતા, સારો નિર્ણય ભ્રષ્ટાચારમાં ન અટવાઈ જાય

**મહારાષ્ટ્રની** એકનાથ શિંદે સરકારે એક મોટો નિર્ણય લઈને ગાયને રાજ્યમાતા જાહેર કરી છે. મહારાષ્ટ્ર સરકાર દ્વારા જારી કરવામાં આવેલા આદેશમાં એલાન કરાયું છે કે ભારતીય સંસ્કૃતિ અને વૈદિક કાળમાં ગાયના મહત્ત્વને ધ્યાનમાં રાખીને ગાયને રાજ્યમાતા જાહેર કરવાનો આ નિર્ણય લેવામાં આવ્યો છે.

આ આદેશ પ્રમાણે, દેશી ગાયનું દૂધ માનવ વપરાશ માટે શ્રેષ્ઠ છે. આયુર્વેદ ચિકિત્સા પદ્ધતિ, પંચગવ્ય સારવાર પદ્ધતિ, ગૌમૂત્ર સજીવ ખેતી પદ્ધતિમાં પણ ગાયનું ખૂબ મહત્ત્વ છે તેથી સરકારે ગાયને રાજ્યમાતા જાહેર કરી છે. સરકારના કહેવા પ્રમાણે, દેશી ગાય આપણા ખેડૂતો માટે વરદાન છે, તેથી અમે ગાયને રાજ્યમાતાનો દરજ્જો આપવાનું નક્કી કર્યું છે. આ નિર્ણય પ્રમાણે, રાજ્ય સરકાર હવે પછી દેશી ગાયના પોષણ અને ઘાસચારા માટે મદદ કરશે.

શિંદે સરકારનો નિર્ણય સારો છે કેમ કે ગાય હિંદુઓની આસ્થા સાથે જોડાયેલું પ્રાણી છે. ભારતમાં ગાયને માતાનો દરજ્જો મળેલો છે અને હિંદુ ધર્મમાં ગાયની શ્રદ્ધાપૂર્વક પૂજા કરવામાં આવે છે. હિન્દુ ધર્મમાં માન્યતા છે કે ગાયમાં તમામ ૩૩ કરોડ દેવી-દેવતાઓનો નિવાસ હોય છે. આ કારણે ગાય પૂજનીય છે અને ગૌવંશની રક્ષા કરવી હિંદુઓની ફરજ છે.

ગાય સાથે જોડાયેલી શ્રદ્ધાને જોતાં શિંદે સરકારનો નિર્ણય સરાહનીય છે કેમ કે આપણે ત્યાં ગાય સમાજને સૌથી મદદરૂપ પ્રાણી હોવા છતાં સૌથી ઉપેક્ષિત પ્રાણી છે. હિંદુ સંસ્કૃતિમાં ગાયને માતા ગણવામાં આવી કેમ કે પૌરાણિક કાળથી ગાય લોકોનું પોષણ કરે છે. વૈદિક અને પૌરાણિક કાળમાં પણ ભારતમાં ગૌવંશ જ લોકોની તંદુરસ્તી સાચવતો હતો. ગાયો દૂધ આપતી એ પીને લોકોની શારીરિક અને માનસિક તંદુરસ્તી જળવાતી. બળદ ખેતીના કામમાં વપરાતા અને ખેતી તો આજે પણ આપણા અર્થતંત્રની કરોડરજ્જુ જ છે. અત્યારે તો ટેકનોલોજી આવી ગઈ છે તેથી બળદોનું મહત્ત્વ પહેલાં જેવા ના રહ્યું પણ સદીઓ પહેલાં કોઈ ટેકનોલોજી નહોતી ત્યારે બળદ જ આપણી ખેતીને ચલાવતા અને આપણને ખાવા માટે અનાજ આપતા.

આ કારણે આપણે ગાયને માતા માનીને પૂજીએ છીએ અને ગાય તમામ હિંદુઓ માટે પવિત્ર મનાય છે પણ ગાય જેટલી અવદશા બીજા કોઈ પ્રાણીની નથી થતી. ભારતમાં રસ્તા પર જેટલી ગાયો રઝળે છે તેટલા પ્રમાણમાં બીજું કોઈ પ્રાણી રઝળતું નહીં દેખાય. તેનું કારણ એ કે, હિંદુ ધર્મમાં ભલે ગાયને પવિત્ર ગણાવાઈ હોય પણ મોટા ભાગના ગાય પાળનારાં માટે ગાય કમાણીનું સાધન છે.

ગાયો દૂધ આપે ત્યાં લગી તેમના માલિકો તેમને સાચવે ને ગાયના દૂધની કમાણી પર તાગડધિન્ના કરે, પણ જેવી ગાય દૂધ આપતી બંધ થઈ કે તેમના માટે નકામી થઈ ગઈ. ગાય વસૂકી જાય એટલે પછી તેને રસ્તે રઝળતી છોડી દે. દેશનાં મોટા ભાગનાં શહેરોમાં આ રીતે તરછોડી દેવાયેલી ગાયો રસ્તા પર બેઠી હોય છે ને તેમની કોઈ કાળજી સુધ્ધાં નથી લેતું.

ભારતમાં હજારો ધાર્મિક સંસ્થાઓ છે અને મંદિરો છે. તેમની કમાણી કરોડોમાં છે પણ આ ગાયો પાછળ થોડોક ખર્ચ કરીને તેમને સાચવવાની તેમની તૈયારી નથી હોતી. કેટલીક સેવાભાવી સંસ્થાઓ કે વ્યક્તિઓ પોતાની રીતે ગાયોની સેવા માટે મથ્યા કરે છે, પણ મંદિરો કે ધાર્મિક સંસ્થાઓ ચૂપ રહે છે. ગાયની આ અવદશા સામે કોઈ કશું બોલતું નથી, તેમને ગાય માતા છે એ વાત યાદ આવતી નથી કે તેની પૂજા કરવી જોઈએ એ પણ સૂઝતું નથી. આ રીતે લાખો ગાયો રસ્તે રઝળતી હશે પણ તેમની સેવા માટે કશું થતું નથી.

આ ગાયો પ્લાસ્ટિક ને બીજો ગંદો કચરો ખાઈને પેટ ભરે છે ને પછી તેના કારણે આફરો ચડી જાય કે શ્વાસ લેવામાં તકલીફ પડે ત્યારે તરફડીને મરતી હોય છે. આપણા રાજકારણીઓ કે ધર્મના બની બેઠેલા આગેવાનો કદી એ મુદ્દે વાત નથી કરતા કેમ કે એ વાત કરવા જાય તો રસ્તે રઝળતી ગાયોની સંભાળ લેવી પડે એટલે તેરી બી ચૂપ, મેરી બી ચૂપ કરીને બધા ચૂપ રહે છે.

આપણે ખરેખર ગાયોને રાજમાતા માનતા હોય તો આ સ્થિતિ બદલવી જોઈએ કેમ કે રાજમાતા રસ્તે રઝળતી હોય તેનાથી મોટું અપમાન શું હોઈ શકે ? એકનાથ શિંદે સરકારે સારો નિર્ણય લીધો, પણ ખરેખર સરકાર ગાયને રાજમાતા માનતી હોય તો રસ્તે એક પણ ગાય રઝળતી ના દેખાય એવી સ્થિતિ સર્જવી પડે. ખાલી સરકારી રાહે જાહેરાત કરી દેવાથી કામ ના ચાલે. રાજમાતાનું ગૌરવ પણ જાળવવું પડે.

આ ગૌરવ જાળવવા માટે ગાયોને રસ્તે રઝળતી કરનારાંને સજાની જોગવાઈ કરતા કાયદા બનાવવા પડે. ગાયનો માત્ર કમાણી માટે ઉપયોગ કરીને પછી તેમને તરછોડી દેનારાંને આકરી સજા થાય ને બીજાં કોઈ એવી હરકત કરતાં પણ ડરે એવી સ્થિતિ સર્જવી પડે. આ ઉપરાંત રઝળતી ગાયોને સાચવવાની અને તેમના માટે ખોરાકની વ્યવસ્થા કરવી પડે. રસ્તા પરની ગાયો ઘણી વખત ગંભીર ઈજાનો ભોગ બને છે,બીમાર થઈ જાય છે. તેમની તાત્કાલિક સારવાર થાય એ પ્રકારનું તંત્ર ગોઠવવું પડે.

ભારતમાં ગૌરક્ષા એક મોટો ધંધો બની ગયો છે. અત્યારે પણ દેશભરમાં હજારો ગૌશાળાઓ અને કહેવાતી સેવાભાવી સંસ્થાઓ ચાલે છે કે જે રઝળતી ગાયોને સાચવવાના દાવા કરે છે, પણ વાસ્તવમાં બહુ ઓછી ગૌશાલા કે સેવાભાવી સંસ્થાઓ સાચી સેવા કરે છે. ગાયોની સેવાના નામે બારોબાર સરકારી ગ્રાન્ટ ચાઉં કરી જવાના ધંધા ચાલે છે ને તેમાંથી ઘણાંનાં ઘર ચાલે છે. મહારાષ્ટ્ર સરકાર ગાયને રાજ્યમાતા જાહેર કરીને જે ગ્રાન્ટ વાપરવા માગે છે તેમાં પણ આ ધંધો થવાનો ખતરો છે જ એ જોતાં રાજ્ય સરકારે આ ગ્રાન્ટનો યોગ્ય ઉપયોગ થાય એ પણ જોવું પડશે. ગાય માતા પોતાનો ઘાસચારો કોઈ બીજું ખાઈ જાય તો સરકારને ફરિયાદ કરવા જવાનાં નથી એ જોતાં સરકારે જ તકેદારી રાખવી પડે.

ભારતમાં ભ્રષ્ટાચાર એ હદે વ્યાપેલો છે કે, ભલભલા સારા નિર્ણયો પણ તેના કારણે ફારસરૂપ બની જાય છે. શિંદે સરકારનો નિર્ણય ફારસરૂપ ના બને ને ગૌમાતા માટેની પાઈએ પાઈ ગૌમાતા પાછળ જ વપરાય એવી આશા રાખીએ. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

(ઉત્તરાયણ સૌર શરદઋતુ), શુક્રવાર, તા. ૪-૧૦-૨૦૨૪, ચંદ્રદર્શન.

- ભારતીય દિનાંક ૧૨, માહે આશ્વિન, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૦, શા. શકે ૧૯૪૬, આશ્વિન સુદ -૨
- જૈન વીર સંવત ૨૫૫૦, માહે આશ્વિન, તિથિ સુદ-૨
- પારસી શહેનશાહી રોજ ૨૧મો રામ, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૨૧મો રામ, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૧૭મો સરોશ, માહે ૭મો મેહેર, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૩૦મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૧લો, માહે ૪થો રબી ઉલ આખર, સને ૧૪૪૬
- નક્ષત્ર ચિત્રા સાંજે ક. ૧૮-૩૭ સુધી, પછી સ્વાતિ.
- ચંદ્ર તુલામાં ,ચંદ્ર રાશિ નામાક્ષરઃ તુલા (ર, ત)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ.૩૧, અમદાવાદ ક. ૦૬ મિ. ૩૨, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૨૩, અમદાવાદ ક. ૧૮ મિ. ૨૪, સ્ટા. ટા.
- મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ : ● ભરતી : બપોરે ક. ૧૨-૩૧, મધ્યરાત્રિ પછી ક. ૦૧-૦૪ (તા. ૫),ઓટઃ સાંજે ક. ૧૮-૩૨ ● વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૦, 'રાક્ષસ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, આશ્વિન શુક્લ - દ્વિતિયા.ચંદ્રદર્શન. ● સૂર્ય મહાનક્ષત્ર હસ્ત, વાહન મોર.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે. ● મુહૂર્ત વિશેષઃ વૈધૃતિ જન્મયોગ શાંતિ પૂજા, મંગળ-શુક્ર ગ્રહદેવતાનું પૂજન, બિલીનું વૃક્ષ વાવવું, પર્વ પૂજા નિમિત્તે નવા વસ્રો, આભૂષણ, મહેંદી લગાવવી, નિત્ય થતાં પશુ લે-વેંચ, યંત્ર, દસ્તાવેજ, દુકાન-વેપાર, ખેતીવાડીના કામકાજ, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા.
- નવરાત્રિ મહિમાઃ આજ રોજ શક્તિ ઉપાસના ઉપરાંત શિવજીની ઉપાસના પૂજન, શિવજીને બિલીફળ અર્પણ કરવું. બિલીનું વૃક્ષ વાવવું, શિવ પિતા છે. પાર્વતી માતા છે. બીજી નવરાત્રિમાં માતાનાં બ્રહ્મચારિણી સ્વરૂપના પૂજનનો મહિમા છે. બ્રહ્મચારિણી અર્થાત્ તપનાં આચરણ કરવાવાળી દેવી,જેનું સ્વરૂપ જ્યોતિર્મય ભવ્ય છે.જેમનાં જમણા હાથમાં જપમાલા અને ડાબા હાથમાં કમંડળ છે. જેની ઉપાસના શિવયોગી,સાધકો અને ભક્તોમાં તપ, ત્યાગ, વૈરાગ્ય, સદાચાર, સંયમની વૃદ્ધિ તથા અનંત ફળ દાતા છે.સાધક સ્વાધિષ્ઠાન ચક્રમાં ધ્યાન કરી મંત્રજાપ કરે છે.શક્તિની ઉપાસના માટે નવરાત્રિના નવ દિવસ ઉપરાંત નિત્ય દૈનિક પ્રાતઃ પૂજા, સનાનત ધર્મમાં મહિમાવંત છે. શરીરનાં શ્વાસને ચલાવી રહેલ એ પરમ શક્તિ આપણામાં જ રહેલી છે. એને જાગૃત કરવા માટે પાપો આચરવાનાં બંધ કરીએ તો તુરંત શક્તિનું પ્રાક્ટય અનુભવાશે.
- આચમનઃ ચંદ્ર-શનિ પ્રતિયુતિ મતલબી, સૂર્ય-શનિ ત્રિકોણ સ્થાવર મિલકતથી લાભ થાય, ચંદ્ર-ગુરુ પ્રતિયુતિ દંભીપણું, ચંદ્ર-શુક્ર યુતિ કળાપ્રેમી
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-શનિ પ્રતિયુતિ, સૂર્ય-શનિ ત્રિકોણ, ચંદ્ર-ગુરુ પ્રતિયુતિ (તા. ૫), ચંદ્ર-શુક્ર યુતિ (તા. ૫),ગ્રહગોચરઃ સૂર્ય-કન્યા, મંગળ-મિથુન, બુધ-કન્યા, ગુરુ-વૃષભ, શુક્ર-તુલા, વક્રી શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, વક્રી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચ્યુન-મીન, વક્રી પ્લુટો-મકર ■

# કૉંગ્રેસની ગેરન્ટી ભ્રષ્ટાચાર, જાતિવાદ, સગાંવાદની; ભાજપને મત આપોઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદી

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે કહ્યું હતું કે કૉંગ્રેસ એટલે ભ્રષ્ટાચાર, જાતિવાદ, સાંપ્રદાયિકતા અને સગાંવાદની ગેરંટી છે, તેમણે હરિયાણાના લોકોને સતત ત્રીજી ટર્મ માટે સત્તારૂઢ ભાજપને મત આપવાની અપીલ કરી હતી.

પાંચમી ઓક્ટોબરે થનારી વિધાનસભાની ચૂંટણી પહેલા હરિયાણામાં પ્રચારના છેલ્લા દિવસે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર એક સંદેશમાં મોદીએ કૉંગ્રેસ પર તેની કથિત વિભાજનકારી અને નકારાત્મક રાજનીતિ માટે પ્રહારો કર્યા હતા અને ઉમેર્યું હતું કે રાજ્યના દેશભક્ત લોકો ક્યારેય તેમને (કૉંગ્રેસ)ને સ્વીકારશે નહીં.

કૉંગ્રેસનો અર્થ ફિક્સર્સ અને જમાઈઓની સિન્ડિકેટ છે, એમ તેમણે ૨૦૦૪-૧૪ દરમિયાન સત્તામાં હતી ત્યારે કૉંગ્રેસનાં નેતા સોનિયા ગાંધીના જમાઈ રોબર્ટ વાડ્રાના વિવાદાસ્પદ જમીનના સોદાના સ્પષ્ટ સંદર્ભમાં જણાવ્યું હતું. જ્યારે મુખ્ય પ્રધાન ભૂપિન્દર સિંહ હુડા હતા.

પિતા-પુત્રની રાજનીતિનું મુખ્ય ધ્યેય માત્ર સ્વાર્થ છે, એમ તેમણે સ્પષ્ટપણે હુડા અને તેમના સાંસદ પુત્ર દીપેન્દ્ર સિંહ હુડાને નિશાન બનાવતા કહ્યું હતું. મોદીએ એમ પણ ભારપૂર્વક જણાવ્યું હતું કે કૉંગ્રેસના નેતાઓ જૂથબંધીની લડાઈમાં સામેલ છે.

લોકો જાણે છે કે આ પાર્ટી ક્યારેય સ્થિર સરકાર આપી શકતી નથી, એમ તેમણે જણાવ્યું હતું.

દિલ્હી અને હરિયાણામાં બેઠેલા બે પરિવારોના ઈશારે સમગ્ર રાજ્યનું અપમાન થઈ રહ્યું હોવાથી હરિયાણાના લોકો પણ દુઃખી થઈ રહ્યા છે, એવો દાવો મોદીએ કર્યો હતો. હિમાચલ પ્રદેશ અને કર્ણાટક જેવાં રાજ્યોમાં કૉંગ્રેસની સરકારોની નિષ્ફળતા લોકો જોઈ રહ્યા છે. તેમણે કહ્યું કે કૉંગ્રેસની નીતિઓ લોકોને બરબાદ કરે છે અને તેથી જ તેઓ હરિયાણામાં પાર્ટીને બિલકુલ ઈચ્છતા નથી.

મોદીએ કહ્યું હતું કે, જાતિ આધારિત હિંસા અટકાવવામાં અસમર્થતા માટે કૉંગ્રેસના નેતાઓ અને પાર્ટીઓ પ્રત્યે દલિતો અને પછાત વર્ગના લોકો પહેલેથી જ નારાજ છે ત્યારે અનામત સમાપ્ત કરવાની તરફેણમાં બોલીને તેમના ઇરાદાઓને સ્પષ્ટ કરી દીધા છે.

લોકોએ પાર્ટીને વધુ એક વખત સજા આપવાનું નક્કી કરી લીધું છે. હરિયાણામાં ભાજપે તેની ૧૦ વર્ષની સરકારમાં લોકોના જીવનને સુધારવા માટે અવિરતપણે કામ કર્યું અને સમાજના દરેક વર્ગના કલ્યાણને પ્રાથમિકતા આપી છે, પછી તે ખેડૂતો, યુવાનો, મહિલાઓ, ગામવાસી કે શહેરવાસી હોય, એમ તેમણે જણાવ્યું હતું.

અમે હરિયાણાને કૉંગ્રેસની સરકારો દરમિયાન જોવા મળતાં કૌભાંડો અને રમખાણોના યુગમાંથી બહાર લાવ્યા છીએ, એમ તેમણે કહ્યું હતું. હરિયાણામાં સર્વત્ર ગુંજતો એક અવાજ છે ભરોસા દિલ સે, ભાજપા ફિર સે (ભાજપ ફરી એક વાર).વડા પ્રધાને લોકોને ભાજપને મત આપવાની અપીલ કરતાં તેમણે કહ્યું હતું કે તેઓ એવી સરકારને ચૂંટે જે ભારતને મજબૂત બનાવે એવા સમયે જ્યારે સમગ્ર વિશ્વ આશા અને અપેક્ષાઓ સાથે ભારત તરફ જોઈ રહ્યું છે. તેમણે કહ્યું કે કૉંગ્રેસ ક્યારેય દેશને મજબૂત કરી શકે નહીં.

(પીટીઆઈ) ■

# ભારે ઉત્સાહ સાથે મૈસુરુમાં દશેરા ઉત્સવનો આરંભ

મૈસુરુઃ પરંપરાગત ધાર્મિક રીતરિવાજ પ્રમાણે ગુરુવારથી મૈસુરુમાં દસ દિવસના દશેરાના તહેવારની ભવ્ય ઉજવણીનો આરંભ થયો હતો. વિખ્યાત લેખક અને સ્કૉલર હમ્પા નાગાર્જૈહાએ તહેવારની ઉજવણીનું ઉદ્ઘાટન કર્યું હતું. કર્ણાટકની ભવ્ય પરંપરા અને સાંસ્કૃતિક વારસાનું નિરૂપણ કરતા અને રાજ્યમાં 'નાડા હબ્બા' તરીકે ઉજવવામાં આવતા દશેરા કે શરણ નવરાત્રિના ઉત્સવની આ વખતે વધુ ભવ્યતાથી ઉજવણી કરવામાં આવશે એવી ધારણા છે. ચામુંડેશ્વરી માતાની મૂર્તિ પર પુષ્પો વરસાવીને સારા શુકનવાળા વૃશ્ચિક લગ્ન મુહૂર્તમાં ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. મુખ્ય પ્રધાન સિદ્ધરામૈયા, નાયબ મુખ્ય પ્રધાન ડી. કે. શિવકુમાર સહિત રાજ્ય પ્રધાનમંડળના અનેક પ્રધાન આ ઉદ્ઘાટન સમારોહમાં હાજર રહ્યા હતા અને ચામુંડેશ્વરી માતાના મંદિરની મુલાકાત લઈ પૂજા-પ્રાર્થના કરી હતી.

(એજન્સી) ■

# ઈરાનમાં ઝેરી દારૂ પીવાના કારણે ૨૬નાં મોત

તહેરાનઃ ઈરાનમાં તાજેતરમાં જ ઝેરી મિથેનોલથી બનેલો દારૂ પીવાથી ઓછામાં ઓછા ૨૬ લોકોનાં મોત થયાં છે. ઈરાનની સત્તાવાર ઇરના સમાચાર એજન્સીએ અહેવાલ આપ્યો છે કે ઝેરી મિથેનોલના કારણે ઉત્તરીય પ્રાંત માઝંદરાન અને ગિલાન અને પશ્ચિમ પ્રાંત હમાદાનનાં વિવિધ શહેરો અને નગરોમાં પુરુષો અને સ્ત્રીઓના મોત થયા છે. ઝેરી દારૂના કારણે સેંકડો લોકોને હોસ્પિટલમાં દાખલ પણ કરવામાં આવ્યા છે. રિપોર્ટમાં દારૂનો સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી.

ઈરાનમાં ૧૯૭૯ની ઈસ્લામિક ક્રાંતિ પછી જ્યારે કટ્ટરપંથી ઈસ્લામવાદીઓએ સત્તા સંભાળી ત્યારથી સામાન્ય રીતે આલ્કોહોલનું સેવન પ્રતિબંધિત છે. પરંતુ અનેક ઈરાનીઓ બૂટલેગરો પાસેથી દારૂ ખરીદે છે. કેટલાક લોકો અંગત વપરાશ માટે ઘરે પણ દારૂ બનાવે છે. મિથેનોલ સંભવતઃ પરંપરાગત રીતે આથોવાળી વાઇનને દૂષિત કરી શકે છે. ■

# વિરોધના વંટોળ બાદ તેલંગણાના પ્રધાને સામંથા-નાગા ચૈતન્યના છૂટાછેડા સંબંધી ટિપ્પણી પાછી ખેંચી

હૈદરાબાદઃ અભિનેતા દંપતી સામંથા રુથ પ્રભુ અને નાગા ચૈતન્યના છૂટાછેડા માટે વિપક્ષી બીઆરએસના નેતા કે. ટી. રામારાવને દોષી ઠેરવતી ટિપ્પણીઓ પર ચારે તરફથી વિરોધ અને ટીકાનો વંટોળ ફૂંકાયા બાદ તેલંગણાના પ્રધાન કોંડા સુરેખાએ ગુરુવારે તેમનું નિવેદન પાછું ખેંચી લીધું હતું.

બીજી તરફ સામંથા અને નાગા ચૈતન્યએ એવો ખુલાસો કર્યો હતો કે તેમના અલગ થવાનો તેમનો નિર્ણય આપસી સમજૂતીથી લેવામાં આવ્યો હતો.

ચિરંજીવી, નાગાર્જુન, જુનિયર એનટીઆર, વેંકટેશ, પ્રકાશ રાજ અને ખુશ્બુ જેવી અનેક સિને હસ્તીઓએ કોંડા સુરેખાની ટિપ્પણી બાબતે તેમના પર આકરા પ્રહાર કર્યા હતા.

જેમ જેમ વિરોધ વધતો દેખાયો તેમ કૉંગ્રેસના તેલંગણા એકમે સુરેખાએ વિવાદાસ્પદ ટિપ્પણીઓ પાછી ખેંચી લીધી હોવાથી સિનેમા ઉદ્યોગને આ વિવાદનો અંત લાવવા વિનંતી કરી હતી.

સુરેખાએ ગુરુવારે મીડિયાને જણાવ્યું હતું કે બીઆરએસના કાર્યકારી પ્રમુખ રામારાવ દ્વારા તેમના (સુરેખા) વિશે કરવામાં આવેલી કેટલીક ટિપ્પણીઓ બાદ લાગણીશીલ બની ગઈ હોવાથી અન્ય કલાકારોના નામ લેવા પડ્યા હતા.

મારે તેમની (રામારાવની) ટીકા કરવી હતી. મારે કોઈની સાથે કોઈ અંગત દુશ્મનાવટ નથી. કોઈ પરિવારનું નામ લેવું એ અજાણતા થયેલું કૃત્ય હતું. તેણીની ટ્વિટ (સામંથાનું ઈન્સ્ટાગ્રામ) જોઈને મને ખરેખર ખરાબ લાગ્યું હતું. ગઈકાલે રાત્રે જ મેં મારી ટિપ્પણીઓ બિનશરતી પાછી ખેંચી લેવાનો સંદેશ આપતી એક પોસ્ટ કરી હતી એમ સુરેખાએ કહ્યું હતું.

ઇન્સ્ટાગ્રામ સ્ટોરી પર, સામંથાએ લખ્યું હતું કે ચૈતન્ય સાથેના તેના વિભાજન પાછળ કોઈ રાજકીય કાવતરું નહોતું, જેની જાહેરાત ૨૦૨૧માં કરવામાં આવી હતી.

સામંથાએ પ્રધાન (સુરેખા)ને વ્યક્તિઓની ગોપનીયતા પ્રત્યે જવાબદાર અને આદર રાખવા વિનંતી કરી હતી.

'મારા છૂટાછેડા એ અંગત બાબત છે, અને હું વિનંતી કરું છું કે તમે તેના વિશે અટકળો કરવાનું ટાળો. વસ્તુઓને ખાનગી રાખવાની અમારી પસંદગી ખોટી રજૂઆતને આમંત્રણ આપતી નથી.'

ચૈતન્યએ યાદ કર્યું કે તેના અને સામંથા દ્વારા 'ઘણો વિચાર કર્યા પછી' પરસ્પર નિર્ણય લેવામાં આવ્યો હતો.

'અમારા જુદા જુદા જીવનનાં લક્ષ્યોને લીધે અને બે પુખ્ત વયના લોકો તરીકે આદર અને ગૌરવ સાથે આગળ વધવાના હિતમાં આ નિર્ણય શાંતિથી લેવામાં આવ્યો હતો. જો કે, આ બાબતે અત્યાર સુધી વિવિધ પાયાવિહોણી અને સંપૂર્ણપણે હાસ્યાસ્પદ ગપસપ ચાલી રહી છે,' એમ તેમણે જણાવ્યું હતું. ■

## પહેલા પાનાનું ચાલુ

### મધ્ય પૂર્વનું

રોકાણકારો વેચવાલી વધારી રહ્યાં છે

અને ચીન તરફ ફંટાઇ રહ્યાં છે. સેબીના આકરા નિયમોને કારણે વ્યાપક બજારના વોલ્યુમને ફટકો પડી રહ્યો છે. સતત ચોથા દિવસની

પીછેહઠમાં સેન્સેક્સ ૧.૭૬૯.૧૯ પોઈન્ટ તૂટી ૮૨,૪૯૭.૧૦ પોઇન્ટની સપાટીએ બંધ રહ્યો હતો. એ જ રીતે, નિફ્ટી ૫૬૬.૬ પોઈન્ટ તૂટી ૫૪૬.૮૦ પોઈન્ટના કડાકા સાથે ૨૫,૨૫૦.૧૦ પોઇન્ટના સ્તર પર બંધ રહ્યો હતો.

પાછલા કેટલાક સમયથી રોકાણકારોને જલસો કરાવનાર શેરબજારે આજે રાતા પાણીએ રોવડાવ્યા છે. સેન્સેકસમાં જ્યારે ૧૮૦૦ પોઇન્ટથી મોટો કડાકો પડ્યો ત્યારે બીએસઇમાં લિસ્ટેડ કુલ શેરોના મૂલ્યમાં અંદાજે રૂ. ૧૧ લાખ કરોડનું ધોવાણ નોંધાયું હતું.

બીએસઈ ખાતે કુલ ટ્રેડેડ ૪૦૭૨ શેર્સ પૈકી ૨૮૬૪ શેર્સ ઘટાડે બંધ રહ્યા હતા. જ્યારે ૧૧૨૦ શેર્સ ગ્રીન ઝોનમાં બંધ રહ્યા હતા. સાર્વત્રિક વેચવાલીના માહોલ સાથે મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં બે ટકા કરતાં મોટા કડાકા નોંધાયા હતા.

મેટલ સિવાય તમામ કોર સેક્ટર ઈન્ડાઈસિસમાં પણ એક ટકાથી ૨.૫૦ ટકા સુધીનો કડાકો હતો. રિયલ્ટી ઈન્ડેક્સ સૌથી વધુ ૪.૬૨ ટકા કડાકા સાથે ટોપ લૂઝર રહ્યો હતો. વોલેટિલિટી ઈન્ડેક્સ ૧૦ ટકાથી વધુ તૂટ્યો હતો. ■

### મતદાન બાદ આઠ

ચૂંટણી પંચનું સંપૂર્ણ ધ્યાન કેન્દ્રીત થઈ ગયું છે.

જમ્મુ-કાશ્મીરમાં દસ વર્ષ બાદ વિધાનસભાની ચૂંટણી યોજાઈ હતી અને આ લોકશાહી પ્રક્રિયામાં ભાગ લેવામાં લોકોનો અભૂતપૂર્વ ઉત્સાહ જોવા મળ્યો હતો.

આ ચૂંટણીમાં એક ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન, ભાજપ અને કૉંગ્રેસ બે મુખ્ય રાષ્ટ્રીય પક્ષના સ્થાનિક અધ્યક્ષ, ત્રણ મુખ્ય પ્રાદેશિક પક્ષના પ્રમુખ, અનેક ભૂતપૂર્વ પ્રધાન અને નવા ચહેરાના ભાવિ ઈવીએમમાં કેદ થઈ ગયા છે.

વર્ષ ૧૯૮૭માં કથિત ધાંધલધમાલવાળી ચૂંટણી બાદ પહેલી જ વાર પ્રતિબંધિત જમાત-એ-ઈસ્લામીનું સમર્થન ધરાવતા ઉમેદવારની હાજરીએ આ ચૂંટણીને એક નવી દિશા આપી છે.

આ બાબત જ કાશ્મીર ખીણ પ્રદેશમાં મતદાનમાં સુધારાનું એક કારણ છે.

જમાત-એ-ઈસ્લામી સમર્થિત ઉમેદવારો અપક્ષ ઉમેદવાર તરીકે ચૂંટણી લડ્યા હતા. જોકે તેમનું માનવું હતું કે કેન્દ્ર સરકારે સંગઠન પરનો પ્રતિબંધ હટાવી લીધો હોત તો તેઓ પચાસ કરતાં વધુ બેઠક પર ચૂંટણી લડ્યા હોત. પીડીપીના નેતા સૈયદ મુહમ્મદ અલ્તાફ બુખારીના વડપણ હેઠળની જેઍન્ડકે અપની પાર્ટી ને કૉંગ્રેસના ભૂતપૂર્વ નેતા ગુલામ નબી આઝાદના નેતૃત્વ હેઠળની ડેમોક્રેટિક પ્રોગ્રેસિવ આઝાદ પાર્ટી (ડીપીએપી) માટે વિધાનસભાની આ પહેલી ચૂંટણી હતી. પાંચ ઑગસ્ટ ૨૦૧૯ના બંધારણની કલમ ૩૭૦ રદ કરવામાં આવ્યા બાદ આ બંને પક્ષ અસ્તિત્વમાં આવ્યા હતા. ■

### બિહારમાં

છે. ૧૭ જિલ્લાઓમાં લગભગ ૧૫ લાખ લોકો પૂરથી પ્રભાવિત છે અને છેલ્લા કેટલાક દિવસોમાં ઘણા લોકોના મોતના સમાચાર અત્યંત દુઃખદાયક છે. ખાસ કરીને ઉત્તર બિહારમાં આપત્તિના કારણે પુલ તૂટી ગયા છે અને નાગરિકોના ઘરો તૂટી ગયા છે.

તેમણે કહ્યું હતું કે , કેન્દ્ર અને રાજ્ય સરકાર સમક્ષ અમારી માગ રાહત અને બચાવ કામગીરીને ઝડપી બનાવવાની છે જેથી પીડિતોને તાત્કાલિક મદદ મળી શકે. મુશ્કેલ સંજોગોમાં મદદ કરવા બદલ અમે ભારતીય વાયુસેના, એનડીઆરએફ અને એસડીઆરએફ ટીમોનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ. પરંતુ હજુ પણ રાજ્ય સરકારની એજન્સીઓ તરફથી ઘણી મદદની જરૂર છે.

કૉંગ્રેસ અધ્યક્ષે કહ્યું કે કેન્દ્ર સરકારે 'પીએમ કેર' ફંડમાંથી દરેક પૂર પીડિતોને પૂરતું વળતર આપવું જોઈએ અને રાજ્ય સરકારને મદદ કરવી જોઈએ. ખડગેએ કહ્યું કે જે ખેડૂતોનો પાક નાશ પામ્યો છે તેમને પણ વળતર મળવું જોઈએ. તેમણે કહ્યું હતું કે, ''કૉંગ્રેસના કાર્યકરો પીડિતોની સેવા કરવા માટે તૈયાર છે.'' ■

### હરિયાણામાં

મુખ્ય પક્ષોએ મતદારોને લલચાવવાના પ્રયાસના ભાગરૂપ રોડ શૉ અને રેલીનું આયોજન કર્યું હતું.

મુખ્ય ચૂંટણી અધિકારી પંકજ અગ્રવાલના જણાવ્યા અનુસાર હરિયાણા વિધાનસભાની તમામ ૯૦ બેઠક માટે પાંચ ઑક્ટોબરે મતદાન થશે. મતદાન વહેલી સવારે સાત વાગ્યાથી સાંજે છ વાગ્યા સુધી ચાલશે. કુલ ૨૦,૬૨૯ મતદાન મથક ઊભાં કરવામાં આવ્યાં છે.

એક રસપ્રદ ઘટનામાં ગુરુવારે સિરસાના મહેન્દ્રગઢ ખાતે રાહુલ ગાંધીની રેલી દરમિયાન ભાજપના વરિષ્ઠ નેતા અને ભૂતપૂર્વ સાંસદ અશોક તનવર કૉંગ્રેસમાં જોડાઈ ગયા હતા.

કૉંગ્રેસમાં જોડાયાના ગણતરીના કલાકો અગાઉ અશોક તનવર સાફિદન વિધાનસભા મતદારક્ષેત્રમાં ભાજપના ઉમેદવાર માટે પ્રચાર કરી રહ્યા હતા.

ભાજપે વિકાસનાં કામો તેની ડબલ ઍન્જિન સરકારની કામગીરી તેમ જ અનામત, ભ્રષ્ટાચાર, વારસાગત રાજકારણને મુદ્દે કૉંગ્રેસને નિશાન બનાવવા પર ધ્યાન કેન્દ્રીત કર્યું હતું. મહિલા, યુવાનો, ખેડૂતો અને ગરીબો એ દરેક પક્ષના ચૂંટણી ઢંઢેરાનો મુખ્ય હિસ્સો હતા.

છેલ્લા દિવસે ચૂંટણીપ્રચાર કરનારા મુખ્ય નેતાઓમાં કૉંગ્રેસના રાહુલ ગાંધી અને ભૂપિન્દરસિંહ હૂડા, ભાજપના યોગી આદિત્યનાથ અને નાયાબ સિંહ સૈની અને જેજેપીના દુષ્યંત ચૌટાલા અને આઈએનએલડીના અભય સિંહ ચૌટાલાનો સમાવેશ થતો હતો.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ભાજપના પ્રચારની આગેવાની લીધી હતી અને ચાર રેલીને સંબોધન કર્યું હતું.

પ્રચાર દરમિયાન મોદીએ અનેક મુદ્દે કૉંગ્રેસ પર આક્રમક પ્રહાર કર્યા હતા અને ભાજપની ડબલ ઍન્જિન સરકારે હરિયાણામાં વિકાસ સહિત લોકકલ્યાણનાં કરેલાં કાર્યો પર પ્રકાશ પાડ્યો હતો.

(એજન્સી) ■

### વાવાઝોડું

વધવાની આગાહી કરવામાં આવી હતી, શુક્રવાર સુધીમાં ઉષ્ણકટિબંધીય ડિપ્રેશનમાં નબળું પડી જશે અને પછી તાઈવાન થઈને ચીનના દરિયાકાંઠે આગળ વધશે. ગુરુવારે તાઈપેઈમાં જોરદાર પવન ફૂંકાયો હતો, પરંતુ ત્યાં બહુ ઓછો વરસાદ પડ્યો હતો.

કાઉશુંગમાં સત્તાવાળાઓએ તેના રહેવાસીઓને સંભવિત નુકસાનકારક પવન અને વરસાદથી બચવા માટે સુરક્ષિત સ્થળોએ ખસી જવાનો આગ્રહ કર્યો હતો. ઝડપી પવનના કારણે અનેક જગ્યાએ પાણી ભરાઈ ગયા હતા અને ઘણી દુકાનો અને મકાનો ધરાશાયી થયા હતા. જોકે, કોઈ જાનહાનિના સમાચાર નથી.ટાયફૂન ક્રૈથોન પ્રતિ કલાક લગભગ ૪ કિમીની ઝડપે તાઇવાન પાસે પહોંચ્યું હતું. વાવાઝોડાને કારણે વરસેલા વરસાદથી છેલ્લા પાંચ દિવસમાં ટાપુના પૂર્વ અને દક્ષિણ ભાગોમાં પૂર આવ્યું હતું, જેના કારણે હજારો લોકોને નીચાણવાળા વિસ્તારોમાંથી સ્થળાંતર કરવાની ફરજ પડી હતી. વ્યવસાયિક પ્રવૃત્તિઓ બે દિવસ બંધ રાખવાની ફરજ પડી હતી.

હવામાન વહીવટીતંત્રે એક ફેસબુક સંદેશ પોસ્ટ કરી હતી જેમાં કાઉશુંગ અને પિંગતુંગ કાઉન્ટીઓના રહેવાસીઓને ચેતવણી આપવામાં આવી હતી કે ટાયફૂન તેમના વિસ્તારમાંથી પસાર થાય ત્યારે ઘરની બહાર નીકળે નહી. તાઈવાનના ફાયર વિભાગના જણાવ્યા અનુસાર, ક્રૈથોનના કારણે ટાપુની આસપાસ ઓછામાં ઓછા ૧૨૩ લોકો ઘાયલ થયા હતા અને બેનાં મોત થયાં હતાં. તેમાંથી એક દક્ષિણ-પૂર્વીય તાઈતુંગ કાઉન્ટીમાં રસ્તા પર પડેલા પથ્થરોથી અથડાઈને મૃત્યુ પામ્યો હતો જ્યારે બીજો વ્યક્તિ હુઆલીન શહેરમાં ઝાડની ડાળીઓ કાપતી વખતે મોતને ભેટ્યો હતો.

ભૂસ્ખલનની સંભાવના ધરાવતા વિસ્તારોમાંથી હજારો લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું હતું. લગભગ ૪૦,૦૦૦ સૈનિકોને બચાવ કાર્યમાં મદદ કરવા માટે તૈયાર રાખવામાં આવ્યા છે. છેલ્લા પાંચ દિવસમાં ટાપુની દક્ષિણમાં પર્વતીય વિસ્તારોમાં ૧૬૯ સેન્ટિમીટર (૫.૫ ફૂટ) સુધીનો વરસાદ પડ્યો છે. ચીનની હવામાન એજન્સીએ જણાવ્યું હતું કે આગામી ૨૪ કલાકમાં તાઈવાનના કેટલાક પૂર્વી અને દક્ષિણ ભાગોમાં ૪૦ સેન્ટિમીટર (૧.૩ ફૂટ) સુધીનો અતિ ભારે વરસાદની અપેક્ષા છે. અઠવાડિયાની શરૂઆતમાં ટાયફૂન ક્રૈથોને ઉત્તરીય ફિલિપાઈન ટાપુઓ પર વિનાશ વેર્યો હતો, જેમાં ચારનાં મોત થયાં હતાં અને ઓછામાં ઓછા ૫,૦૦૦ લોકો વિસ્થાપિત થયા હતા. ■

# કંગનાની 'ઈમર્જન્સી'ના સેન્સર સર્ટિફિકેટની મડાગાંઠ ઝટ ઉકેલાશે

મુંબઈઃ 'ઈમર્જન્સી' ફિલ્મને સેન્સર બોર્ડનું સર્ટિફિકેટ મળે એ માટે સીબીએફસી દ્વારા રજૂ કરવામાં આવેલા રેક મુદ્દા ઉકેલવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે એમ કંગના રનૌટની ફિલ્મના સહ-નિર્માતા ઝી એન્ટરટેઈનમેન્ટ એન્ટરપ્રાઈઝે ગુરુવારે બોમ્બે હાઈકોર્ટને જણાવ્યું હતું. આ ફિલ્મ ૬ સપ્ટેમ્બરે રિલીઝ થવાની હતી, પણ સેન્સર બોર્ડ તરીકે ઓળખાતા સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશન (સીબીએફસી) સાથેની કાનૂની ગૂંચમાં ફિલ્મ અટવાઈ ગઈ છે. ગુરુવારે વરિષ્ઠ વકીલ શરણ જગતિયાનીએ ન્યાયમૂર્તિ બી પી કોલાબાવાલા અને ન્યાયમૂર્તિ ફિરદોશ પૂનીવાલાની ખંડપીઠને કહ્યું હતું કે આ મુદ્દા ઉકેલવા પર કામ કરવામાં આવી રહ્યું છે. (પીટીઆઈ)■

RATE OF INTEREST 10% TO 12%
BUSINESS LOAN
Against mortgage of immovable property
Scan For Details
Long Term & Easy Instalment Facilities.
SYNDICATE FINANCE
(022) 3565 7754 / 3565 7941
(022) 2386 3781 / 2388 0634
Contact : 11 am to 5 pm
428, Rawal Bldg. No. 1, 1st Floor Lamington Road, Mumbai-400 004
E-mail : info@syndicatefinance.in | www.syndicatefinance.in

# પિતા બન્યો પિશાચઃ પાંચ વર્ષ દીકરી પર બળાત્કાર કર્યો

## સગીર પુત્રી ઘરેથી ભાગી ગઇઃ ક્રાઇમ બ્રાન્ચે શોધી કાઢી ત્યારે પોતાની વ્યથા વર્ણવી પીડિતાએઃ પિતાની ધરપકડ

મુંબઈઃ સતત પાંચ વર્ષથી પિતાના બળાત્કારનો ભોગ બનેલી ૧૭ વર્ષની દીકરી ઘર છોડીને ભાગી ગઇ હતી. ક્રાઇમ બ્રાન્ચે પીડિતાને શોધી કાઢ્યા બાદ પૂછપરછમાં તેણે પોતાની વ્યથા વર્ણવી હતી, જેમાં પિતાનાં કરતૂતો વિશે જાણ્યા પિતા વિરુદ્ધ ગુનો દાખલ કરીને તેની ધરપકડ કરવામાં આવી હતી, એમ પોલીસે જણાવ્યું હતું.

તાડદેવ વિસ્તારમાં રેસકોર્સ નજીક રહેતા ૪૬ વર્ષના શખસે બુધવારે તાડદેવ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી, જેમાં બુધવારે સવારે ૭.૩૦થી ૮.૩૦ વાગ્યા વચ્ચે તેની ૧૭ વર્ષની દીકરીનું કોઇએ અપહરણ કર્યું હોવાનું જણાવ્યું હતું. પોલીસે આ પ્રકરણે ગુનો દાખલ કરીને સગીરાની શોધ ચલાવી હતી. દરમિયાન ગુનાની સમાંતર તપાસ કરનારી ક્રાઇમ બ્રાન્ચની ટીમે ગણતરીના કલાકોમાં મહાલક્ષ્મી રેલવે સ્ટેશન પરિસરમાંથી સગીરાને શોધી કાઢી હતી.

સગીરાને ક્રાઇમ બ્રાન્ચની ઓફિસમાં લાવ્યા બાદ પૂછપરછ કરવામાં આવી હતી, જેમાં તેના પિતા છેલ્લાં પાંચ વર્ષથી તેના પર બળાત્કાર ગુજારી રહ્યા હોવાથી તે કંટાળીને ઘરેથી ભાગી છૂટી હોવાનું જાણ્યા બાદ પોલીસ પણ ચોંકી ઊઠી હતી. સગીરાની ફરિયાદને આધારે તેના પિતા સામે ગુનો દાખલ કરાયો હતો અને તેને સાત રસ્તા સર્કલ વિસ્તારમાંથી પકડી પાડવામાં આવ્યો હતો. તેને બાદમાં તાડદેવ પોલીસને હવાલે કરાયો હતો.

પોલીસના જણાવ્યા અનુસાર આરોપી ઉત્તર પ્રદેશનો વતની છે અને મહાલક્ષ્મી રેસકોર્સ ખાતે ગાર્ડનર તરીકે કામ કરે છે. આરોપીએ તેના વતનમાં પણ પુત્રી સાથે દુષ્કર્મ આચર્યું હતું. આરોપી તેની પત્નીને વધુ પડતી ઊંઘની ગોળીઓ આપતો હતો અને બાદમાં પુત્રીનું જાતીય શોષણ કરતો હતો. આરોપીએ તેની પુત્રીને ઘટનાની કોઇને જાણ કરતાં મારી નાખવાની ધમકી પણ આપી હતી, તેને કારણે તે પાંચ વર્ષથી સહન કરી રહી હતી. ■

# કોલ્ડ પ્લે ટિકિટોની કાળાબજારીઃ બુકમાયશોએ નોંધાવ્યો એફઆઈઆર

મુંબઈઃ બ્રિટિશ રૉક બેન્ડ કોલ્ડ પ્લે કોન્સર્ટ માટે ટિકિટોના કાળાબજાર પ્રકરણે ઓનલાઇન ટિકિટ અગ્રીગેટર બુકમાયશો દ્વારા વિલે પાર્લે પોલીસ સ્ટેશનમાં ગુરુવારે એફઆઇઆર દાખલ કરવામાં આવ્યો હતો. ગેરકાયદે રીતે વેચાયેલી ટિકિટો રદ કરવા માટે કંપની વિચારી રહી છે. એફઆઇઆરમાં ગેરકાયદે ટિકિટોના કરવામાં આવેલા રિસેલની પણ તપાસ કરવા અનુરોધ કરવામાં આવ્યો છે. (પીટીઆઇ)■


PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

NATIONAL SILK EXPO
An exhibition cum sale of natural fibre silk
Pure Silk, Cotton Saree | Designer & Ethnic Wear | Kurti | Much More
authentic silk products by certified weavers from all over India
LAST 3 DAYS
VENUE
VALECHA HALL
Vidyanidhi Marg, JVPD Scheme, Juhu, Ville Parle (W), Mumbai
State Participants
Bihar, Assam, Uttar Pradesh, Maharashtra, Gujarat, Madhya Pradesh, West Bengal, Rajasthan, Karnataka, Tamilnadu, Punjab, Telangana, Odisha, Chhattisgarh, Jammu & Kashmir, Andhra Pradesh & other states
Festival Special Offer UP TO 50% DISCOUNT BY WEAVERS
M: 9412258826 | Entry Free | All Debit & Credit Cards Accepted

NSE
Soch kar
Samajh kar
Invest kar
શું તમે કોઈના પ્રભાવ (ઈન્ફ્લ્યુઅન્સ) હેઠળ આવીને રોકાણ કરો છો?
ફાઈનાન્સિયલ ઈન્ફ્લ્યુઅન્સર્સને તમારા રોકાણ નિર્ણય પર હાવી થવા દેવું એ ગંભીર ભુલ બની શકે છે.



શેરો અંગેની ટિપ્સ, સલાહ અથવા મોટા વચનોથી દોરવાઈ જાવ નહીં, કેમ કે એમ કરવામાં તમને ભારે નુકશાન થઈ શકે છે.
સ્માર્ટ રોકાણકારો હંમેશા રોકાણ કરતા પૂર્વે પોતાનો યોગ્ય અભ્યાસ કરતા હોય છે.
આવા વ્યવહારોની અમને જાણ કરો Feedbk_invg@nse.co.in પર અથવા અમને કોલ કરો 1800 266 0050 પર
વિઝિટ કરો: www.nseindia.com/invest/be-a-smart-investor
અમને ફોલો કરો
nseindia.com પર અથવા ક્યુઆર કોડ સ્કેન કરો.



નવવધૂ બ્રાઈડલ કલેક્શન
Offer : 3rd to 29th Oct. 2024
લાવણ્ય સાથે કલાત્મકતાનો સુંદર સુમેળ!
FVVS સર્ટિફાઇડ ડાયમંડ જ્વેલરી
Hall Mark ગોલ્ડ જ્વેલરી
આ સીઝનની શ્રેષ્ઠ ઑફર
5% થી શરૂ ગોલ્ડ આભુષણો ઉપર મેકિંગ ચાર્જીસ
એક્સ્ટ્રા બેનિફીટ
પ્રત્યેક 150 ગ્રામની ખરીદી ઉપર ₹ 5,000 કેશ રીવોર્ડ
100% છૂટ ડાયમંડ આભુષણોના મેકિંગ ચાર્જીસ ઉપર
પ્રત્યેક ₹ 1,00,000 ની ખરીદી ઉપર
₹ 5,000 કેશ રીવોર્ડ
એક્સ્ટ્રા બેનિફીટ
ઓલ્ડ ગોલ્ડ એક્સચેંજ
આપનું જુનું સોનું બજાર ભાવે ખરીદીશું અને સોનાની પુરેપૂરી કિંમત નવી ખરીદી સામે બાદ આપીશું
SCAN FOR MORE DETAILS
@SGADENWALAJEWELLERS
Arihant Apt., Near irla Nursing Home, S.V. Road., Vile Parle (W), Mumbai - 400 056. Tel : 75061 11918
Since 1993
S.Girdharlal Adenwala Jewellers
www.sgajewellers.com | Valet Parking Available | Time : 10.30 am to 7.30 pm | ALL DAYS OPEN

# મરાઠીને અભિજાત ભાષાનો દરજ્જો આપ્યો કેન્દ્ર સરકારે

## મરાઠી ભાષા છે ભારતનું ગૌરવ - વડા પ્રધાન મોદી

મુંબઈઃ મરાઠીને અભિજાત ભાષાનો દરજ્જો આપવાનો નિર્ણય કેન્દ્ર સરકારે ગુરુવારે લીધો હતો અને એ પછી વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મરાઠી ભાષાને ભારતનું ગૌરવ ગણાવી હતી. બીજી બાજુ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે આ નિર્ણય લેવા બદલ વડા પ્રધાન મોદીનો આભાર માન્યો હતો.

મરાઠી ઉપરાંત પાલી, પ્રાકૃત, આસામી અને બંગાળીને પણ અભિજાત ભાષાનો દરજ્જો આપવાની જાહેરાત કરવામાં આવી હતી. આવતા મહિને શક્યતઃ યોજાનારી મહારાષ્ટ્ર રાજ્યની વિધાનસભા ચૂંટણી પહેલા જ આ નિર્ણય લેવામાં આવ્યો છે. મોદીએ એક્સ પર એક પોસ્ટમાં લખ્યું હતું કે, મરાઠી ભારતનું ગૌરવ છે. આ ભાષાને અભિજાત ભાષાનો દરજ્જો મળવા બદલ અભિનંદન. ભારતીય ધરોહરનું એક સીમિચહ્ન રહી છે મરાઠી ભાષા અને હવે તેને અભિજાત દરજ્જો મળતા વધુને વધુ લોકોને એ શીખવાની પ્રેરણા મળશે.

# થાણેમાં મોદીની રેલી, મહાયુતિમાં શિંદેની સ્થિતિ મજબૂત હોવાનો પુરાવો

મુંબઈઃ જાન્યુઆરી ૨૦૨૩માં જ્યારે વડા પ્રધાન નરેન્દ્ર મોદી મેટ્રો રેલવે લાઇનનું ઉદ્ઘાટન કરવા માટે મુંબઈ આવ્યા, ત્યારે મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ તેમની શિવસેનાની રાજનીતિનો એજન્ડા સેટ કરતાં અમે બધા મોદીના માણસો છીએ, એવી જાહેરાત કરી નાખી હતી. હવે શનિવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદી શિંદેના ગઢ થાણેમાં રેલી સાથે મહારાષ્ટ્રની ચૂંટણી માટે મહાયુતિના અભિયાનની શરૂઆત કરશે, આનાથી રાજ્યના રાજકીય વર્તુળોમાં એવો સંદેશ મોકલશે કે શિંદે મોદીના માણસોમાં છે. શિંદેની આગેવાની હેઠળની શિવસેના સાથે ભાજપે સરકાર બનાવી ત્યારે અગાઉ જે કહેવામાં આવતું હતું તેનાથી વિપરીત, એકનાથ શિંદેએ સાબિત કર્યું છે કે તેઓ કોઈના હાથની કઠપૂતળી નથી. વડા પ્રધાન બન્યા પછી મોદીની થાણેની આ પ્રથમ મુલાકાત હશે. આ બધું શિંદેને દર્શાવવાની તક આપે છે કે, જ્યારે દેવેન્દ્ર ફડણવીસ મહાયુતિની ચૂંટણી વ્યૂહરચનાનું નેતૃત્વ કરી શકે છે, ત્યારે તેઓ ચૂંટણી પ્રચારનો ચહેરો બની શકે છે, એમ એક રાજકીય વિશ્લેષકે જણાવ્યું હતું.

શહેરના પ્રથમ ભૂગર્ભ મેટ્રો કોરિડોરના પ્રથમ તબક્કાનું ઉદ્ઘાટન કરવા માટે મોદી શનિવારે મુંબઈમાં હશે. થાણેમાં તેઓ એક રેલીને પણ સંબોધિત કરશે, જ્યાં સ્થાનિક સેનાના નેતાઓ એક લાખથી વધુ લોકોને સમાવવાની વ્યવસ્થા કરી રહ્યા છે.

થાણેમાં મોદીની આયોજિત રેલી એવા સમયે આવી છે જ્યારે મહાયુતિના ત્રણ મુખ્ય નેતાઓ મુખ્ય પ્રધાન શિંદે અને તેમના બે ડેપ્યુટીઓ ફડણવીસ અને અજિત પવાર વચ્ચે સત્તાની લડાઈ ચાલી રહી છે.

છેલ્લા ત્રણ મહિનામાં શરૂ કરાયેલી યોજનાઓને લઈને મહાયુતિના સાથી પક્ષો-શિંદેની આગેવાની હેઠળની શિવસેના, ભારતીય જનતા પાર્ટી (ભાજપ) અને અજિત પવારની આગેવાનીવાળી રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી) વચ્ચે પણ જોરદાર ક્રેડિટ વોર ચાલી રહી છે. શિંદેએ પીએમને થાણેમાં રેલી માટે આમંત્રણ આપવાની પહેલ કરી હતી. પરંતુ, તેનાથી આગળ, હકીકત એ છે કે મોદીએ આમંત્રણ સ્વીકાર્યું તે મહાયુતિમાં શિંદેના રાજકીય મહત્ત્વને દર્શાવે છે.

મોદીને મહારાષ્ટ્રમાં બીજે ક્યાંય પ્રચાર કરવા પહેલા તેમના મતવિસ્તારમાં બોલાવીને, મુખ્ય પ્રધાને તેમના બે સાથી પક્ષોને એક મજબૂત સંદેશ આપ્યો છે કે તેઓ ચૂંટણીમાં જઈ રહેલી સરકારનો ચહેરો છે. મોદીએ આમંત્રણ સ્વીકારવું એ મુખ્ય પ્રધાનના નેતૃત્વનું સમર્થન છે. ભાજપ પણ આ ચૂંટણીમાં તેના સાથી પક્ષોને, ખાસ કરીને શિંદેને સાથે રાખવાનું મહત્ત્વ સમજે છે.

# ૧૮ નહીં પણ ૧૪ વર્ષ સુધીનાને સગીર ગણવા જોઈએ

## આવી કાનૂની જોગવાઈ કરવા માટે અમિત શાહ સાથે વાત કરવાનો છું એમ અજિતદાદાએ કહ્યું

પુણેઃ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે ગુરુવારે જણાવ્યું હતું કે ફોજદારી કેસોમાં 'સગીર વય' વ્યાખ્યાયિત કરવા માટેની વર્તમાન કાયદાકીય વય મર્યાદા ૧૮ થી ઘટાડીને ૧૪ વર્ષ કરવી જોઈએ.

નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે કહ્યું કે અગાઉ ૧૮ થી ૨૦ વર્ષની વય જૂથને પુખ્ત વય માનવા માટે યોગ્ય ગણવામાં આવતી હતી, પણ હવે જમાનો બદલાઈ ગયો છે. આજના બાળકો વધુ જાગૃત છે. નાના બાળકો હવે એવા પ્રશ્નો પૂછે છે કે જેના વિશે અમે પાંચમા ધોરણ પછી વિચારી પણ નહોતા શકતા.

તેમણે કહ્યું કે તેઓ આ મુદ્દે કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ સાથે ચર્ચા કરશે. પવાર પુણે જિલ્લાના બારામતીમાં પત્રકારો સાથે વાત કરી રહ્યા હતા, જે તેમનો વિધાનસભા ક્ષેત્ર પણ છે.રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી)ના નેતાએ જણાવ્યું હતું કે તાજેતરમાં બારામતીમાં કથિત રીતે મિત્રની હત્યા કરનાર બે કોલેજના વિદ્યાર્થીઓ ૧૭ વર્ષના હતા. તેમણે કહ્યું કે હાલના ફોજદારી કાયદા હેઠળ, આરોપીની ઉંમર ૧૮ વર્ષથી વધુ હોય ત્યારે જ કડક સજા થઈ શકે છે. તેમણે વધુમાં કહ્યું કે, યોગાનુયોગ, આ વર્ષે મે મહિનામાં પુણેમાં કાર ચલાવતી વખતે બે લોકોને કચડી નાખનાર વ્યક્તિ પણ ૧૭ વર્ષનો હતો, જે એક બિલ્ડરનો પુત્ર હતો. તેમણે કહ્યું કે, ૧૭ વર્ષના બાળકો સારી રીતે જાણે છે કે તેઓ ગુનો કર્યા પછી પણ કઠોર સજા (તેમની ઉંમરને કારણે)થી બચી શકે છે. એવું પણ જોવા મળ્યું છે કે ૧૫, ૧૬, ૧૭ વર્ષના યુવાનો ગુનાહિત પ્રવૃત્તિઓમાં વધુને વધુ સંડોવાયેલા છે. જ્યારે નવા કાયદા ઘડવામાં આવશે ત્યારે અમારે આ ચિંતા કેન્દ્ર સુધી પહોંચાડવી પડશે.

### 'લાડકી બહેન' માટે પૂરતી નાણાકીય જોગવાઈઃ અજિત પવાર

પુણેઃ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે ગુરુવારે જણાવ્યું હતું કે મહિલાઓ માટે રાજ્ય સરકારની આર્થિક સહાય યોજના 'લાડકી બહેન યોજના' માટે પૂરતી નાણાકીય જોગવાઈ કરવામાં આવી છે.

પવાર વિપક્ષની એવી ટીકાનો જવાબ આપી રહ્યા હતા કે આ યોજના રાજ્યની તિજોરી પર નાણાકીય ભાર લાવી રહી છે.

'મુખ્યમંત્રી માઝી લાડકી બહિણ યોજના' એ એકનાથ શિંદેની આગેવાનીવાળી મહાયુતિ સરકારનો મુખ્ય કાર્યક્રમ છે, જેના હેઠળ પાત્ર મહિલાઓને દર મહિને ૧,૫૦૦ રૂપિયાની સહાય આપવામાં આવે છે.

### મહિલા સુરક્ષા માટે રાજ્યમાં 'પંચ શક્તિ'

પુણેઃ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે ગુરુવારે પુણે જિલ્લાના બારામતીમાં મહિલાઓ અને બાળકો સહિત લોકોની સલામતી સુનિશ્ચિત કરવા માટે પાંચ-સ્તરીય પંચ શક્તિ પહેલ શરૂ કરવાની જાહેરાત કરી હતી. પંચ શક્તિ પહેલ વિશે વાત કરતા એનસીપીના વડાએ ગુરુવારે કહ્યું હતું કે શાળા, કોલેજો, વ્યાપારી સંસ્થાઓ, બેંકો, સરકારી કચેરીઓ અને કોચિંગ સેન્ટરો જેવા વિવિધ સ્થળોએ એક શક્તિ બોક્સ લગાવવામાં આવશે. આ એક ફરિયાદ બોક્સ હશે. આના દ્વારા ખાસ કરીને મહિલાઓ અને યુવતીઓ તેમની સાથે બનતી છેડતી, પીછો અને ઉત્પીડન જેવી ઘટનાઓ વિશે કોઈપણ ડર વગર માહિતી આપી શકશે.

# દિવ્યાંગ પુત્રી પર સાવકા પિતા સહિત બે જણે કર્યું દુષ્કર્મ

થાણેઃ થાણેમાં ૨૬ વર્ષની દિવ્યાંગ પુત્રી પર સાવકા પિતા સહિત બે જણે વારંવાર કથિત દુષ્કર્મ કર્યું હોવાની ઘટના પ્રકાશમાં આવી હતી. મુંબઈના પવઈ વિસ્તારમાં રહેતા યુવતીના ભાઈએ નોંધાવેલી ફરિયાદને આધારે ચિતળસર પોલીસે સાવકા પિતા અને તેના મિત્ર વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. આ પ્રકરણે પોલીસ તપાસ કરી રહી છે. પોલીસ ફરિયાદ અનુસાર એક વર્ષ દરમિયાન બની હતી. ૨૫ સપ્ટેમ્બરે યુવતી ભાઈના ઘરે રહેવા આવી ત્યારે તેના શરીર પર ઇજાનાં નિશાન હોવાનું જણાયું હતું. ભાઈએ નિશાન બાબતે પૂછતાં યુવતીએ તેની સાથે બનેલી ઘટનાની જાણ કરી હતી. અધિકારીએ જણાવ્યું હતું કે શંકાને આધારે ૩૦ સપ્ટેમ્બરે કૂપર હૉસ્પિટલમાં તબીબી તપાસ કરાવવામાં આવતાં જાતીય શોષણની વાત સામે આવી હતી. યુવતી સપ્ટેમ્બર, ૨૦૨૩માં થાણેમાં રહેતા સાવકા પિતાને ઘેર રહેવા ગઈ હતી. યુવતીની મારપીટ કરી તેની સાથે કથિત દુષ્કર્મ કરવામાં આવ્યું હતું. સાવકા પિતા સહિત બે જણે કુકર્મ કર્યાનું જાણવા મળતાં પોલીસે બન્ને વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

# માલેગાંવ બ્લાસ્ટમાં સિમિની સંડોવણીઃ પ્રજ્ઞા ઠાકુરના વકીલ

મુંબઈઃ ૨૦૦૮ના માલેગાંવ બ્લાસ્ટ પ્રતિબંધિત સ્ટુડન્ટ્સ ઇસ્લામિક મૂવમેન્ટ ઓફ ઇન્ડિયા (સિમિ) દ્વારા કરવામાં આવ્યો હોઇ શકે છે એવી દલીલ કેસના મુખ્ય આરોપી અને ભાજપના નેતા પ્રજ્ઞા ઠાકુરના વકીલે ગુરુવારે અહીંની વિશેષ અદાલત સમક્ષ કરી હતી. પ્રજ્ઞા ઠાકુરના વકીલ એડવોકેટ જે પી મિશ્રાએ જણાવ્યું હતું કે વિસ્ફોટ બાદ તરત જ સ્થાનિક લોકોએ પોલીસને સ્થળ પર પહોંચતા અટકાવી હતી અને આરોપીઓને બચાવવા માટે આવું કરવામાં આવી હોવાની સંભાવના છે. બચાવ પક્ષ દ્વારા હાલ નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી કેસના વિશેષ ન્યાયમૂર્તિ એ કે લાહોટીની અદાલતમાં આ કેસમાં અંતિમ તબક્કાની દલીલો કરવામાં આવી રહી છે.

૨૯ સપ્ટેમ્બર, ૨૦૦૮ના દિવસે મુંબઈથી આશરે ૨૦૦ કિમી દૂર આવેલા માલેગાંવ શહેરમાં મસ્જિદ નજીક એક મોટરસાઇકલ સાથે બાંધેલું વિસ્ફોટક ઉપકરણ તૂટી પડતાં છ લોકોનાં મૃત્યુ થયાં હતાં અને ૧૦૦થી વધુ લોકોને ઈજા થઈ હતી.

વકીલ મિશ્રાએ દાવો કર્યો હતો કે 'આ પ્રકારની ઘટના જ્યારે પણ બને છે ત્યારે લોકો પોલીસની મદદ કરે છે. જોકે, આ કિસ્સામાં, ઘટના પછી તરત જ મોટી સંખ્યામાં લોકો ઘટનાસ્થળે એકઠા થયા હતા અને પોલીસ પર પથ્થરમારો કરતા પોલીસ ઘટનાસ્થળે નહોતી પહોંચી શકી. 'તેમના લોકો' (સિમિ સાથે સંબંધિત)ની સુરક્ષા માટે આવું કરવામાં આવ્યું હોવાની સંભાવના છે.

વકીલની એવી પણ દલીલ હતી કે વિસ્ફોટના સ્થળની નજીક 'સિમી'ની એક ઓફિસ આવેલી હતી, જ્યાં કથિત રીતે બૉમ્બ બનાવવામાં આવ્યા હતા. ટૂ-વ્હિલરનો ઉપયોગ કરી વિસ્ફોટકોનું પરિવહન કરી શકાય એ માટે આવું થયું હોવાની શક્યતા નકારી ન શકાય.

જોકે, તપાસકર્તાઓએ દાવો કર્યો હતો કે મોટરસાઇકલ પ્રજ્ઞા ઠાકુરની હતી. મિશ્રા શુક્રવારે પોતાની દલીલો ચાલુ રાખશે. (પીટીઆઈ)

### ચર્ચગેટથી બાળકીનું અપહરણ

# રાજસ્થાનથી મહિલા પકડાઇ

મુંબઈઃ ચર્ચગેટ રેલવે સ્ટેશન નજીકથી ગયા મહિને એક વર્ષની બાળકીનું અપહરણ કરવા બદલ મુંબઇ ક્રાઇમ બ્રાન્ચે રાજસ્થાનના જયપુરથી ૨૩ વર્ષની મહિલાની ધરપકડ કરી હતી. મહિલાની ઓળખ પ્રીતિ ઉર્ફે પાયલ લક્ષ્મણસિંહ રાજપૂત તરીકે થઇ હોઇ તેની પાસેથી બાળકી મળી આવી હતી, જેને બાદમાં તેના પરિવારને સોંપવામાં આવી હતી.

૧૦ સપ્ટેમ્બરે બાળકીનું અપહરણ કરાયું હતું, જેને પગલે પરિવારજનોએ મરીન ડ્રાઇવ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. બાળકીનું અપહરણ કર્યા બાદ મહિલા ચર્ચગેટથી ટ્રેન પકડી બાંદ્રા પહોંચી હતી. બાંદ્રા ટર્મિનસથી તે ટ્રેન પકડીને નાગદા રેલવે સ્ટેશન ગઇ હતી અને ત્યાંથી જયપુર જવા માટે ટ્રેનમાં બેઠી હતી.

# મુંબઈને મળતાં પાણીના ૩૪ ટકા વેડફાટને રોકવા બીએમસીએ કમર કસી

## કન્સલ્ટન્ટની નિમણૂક કરશેઃ લીકેજ, ચોરી અને બાષ્પીભવનથી થાય છે નુકસાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈને સાત જળાશયોમાંથી પ્રતિદિન ૩,૯૫૦ મિલ્યન લિટર જેટલો પાણીપુરવઠો કરવામાં આવે છે. મુંબઈની વસતિ જોતા મુંબઈને દૈનિક સ્તરે ૪,૪૬૩ મિલ્યન લિટર પાણીની આવશ્યકતા છે, પરંતુ સુધરાઈના હાઈડ્રોલિક ડિપાર્ટમેન્ટના ડેટા મુજબ દૈનિક પાણી પુરવઠામાંથી ૩૪ ટકા એટલે કે લગભગ ૧,૩૪૩ મિલ્યન લિટર પાણી ચોરી અને ગળતરને તથા ગરમીમાં પાણીનાં થતાં બાષ્પીભવનને કારણે પાણી ગુમાવવું પડે છે. ઓછું હોય તેમ ૩૮ ટકા એન્જિનિયરોની અછત હોવાને કારણે ગળતર સહિતની અન્ય સમસ્યાનો ઉકેલ લાવવામાં અડચણ આવી રહી છે. મુંબઈને પાણી પૂરું પાડતા બે તળાવ તુલસી અને વિહાર શહેરની અંદર આવેલા છે જ્યારે અન્ય પાંચ જળાશય પડોશી જિલ્લા પાલઘર, થાણે અને નાશિકમાં આવેલા છે, જે લગભગ ૧૦૦થી ૧૭૫ કિલોમીટરના અંતરે આવેલા છે. આ તળાવોમાં રહેલાં પાણીને મુંબઈ સુધી પહોંચાડવા માટે ૫,૦૦૦ કિલોમીટરની પાઈપલાઈનનું નેટવર્ક મુંબઈમાં ફેલાયેલું છે. મુંબઈની પાણીની જરૂરિયાત પ્રતિ દિનની ૪,૪૬૩ મિલ્યન લિટરની છે, તેની સામે ૫૦૦ એમએલડીની અછત છે.

### ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટથી પાઈપલાઈનને નુકસાન

ચીફ એન્જિનિયર પુરષોત્તમ માલાવદેએ જણાવ્યુ હતું કે ગરમીમાં તથા તહેવારો દરમિયાન વધારાનું પાણી પૂરું પાડવામાં આવે છે. તો હાલ મુંબઈમાં અનેક જગ્યાએ જુદા જુદા ઈન્ફ્રાસ્ટ્રક્ચરના પ્રોજેક્ટ ચાલી રહ્યા છે, તેઓ ખોદકામ દરમિયાન પાણીની પાઈપલાઈનમાં ભંગાણ પાડતા હોય છે અને તેને કારણે પણ કરોડો લિટર પાણીનો વેડફાટ થતો હોય છે.

### હાઈડ્રોલિક ડિપાર્ટમેન્ટમાં ૩૮ ટકા સ્ટાફની અછત

હાઈડ્રોલિક ડિપાર્ટમેન્ટમાં વર્ષોથી સ્ટાફની અછત રહી છે. હાલ હાઈડ્રોલિક એન્જિનિયરિંગ વિભાગમાં ૧,૧૦૦ અનુસૂચિત પોસ્ટમાંથી ૩૮ ટકા એન્જિનિયરની જગ્યાઓ ખાલી છે.

# થાણેમાં ૧.૧૭ કરોડની ક્રિપ્ટો છેતરપિંડીમાં એક જ પરિવારના ૧૯ સભ્યની હતી સંડોવણી

થાણેઃ ક્રિપ્ટોકરન્સી સ્કીમમાં રોકાણ પર આકર્ષક વળતરની લાલચે બે ભાઇ સાથે ૧.૧૭ કરોડ રૂપિયાની છેતરપિંડી આચરવા બદલ પરિવારના ૧૯ સભ્ય સામે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો, એમ પોલીસે જણાવ્યું હતું. ૪૨ વર્ષના શખસે રાબોડી પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદને આધારે બુધવારે ગુનો દાખલ કરાયો હતો. ફરિયાદ અનુસાર આરોપી સાબિર યાકુબ ઘાચી (૫૦), શાકીર યાકુબ ઘાચી (૪૫), રુહિહા શાકીર ઘાચી (૩૯) તેમ જ પરિવારના અન્ય સભ્યોએ ફરિયાદી અને તેના ભાઇને ૧૨ ગણા વળતરનું વચન આપીને ક્રિપ્ટોકરન્સી સ્કીમમાં રોકાણ કરવા માટે મનાવી લીધા હતા. તેમની વાત માનીને ફરિયાદીએ માર્ચ, ૨૦૨૨થી શરૂ થતી સ્કીમમાં ૯૧.૫૩ લાખ રૂપિયા, જ્યારે તેના ભાઇએ ૨૫.૬૯ લાખ રૂપિયાનું રોકાણ કર્યું હતું, પણ જ્યારે ફરિયાદીએ પૈસા પાછા માગ્યા હતા ત્યારે આરોપીઓ તેને ઉડાઉ જવાબ આપવા લાગ્યા હતા અને પોતે પ્રભાવશાળી વ્યક્તિઓ સાથે સંબંધ ધરાવતા હોવાનું જણાવી તેમણે ધમકી પણ આપી હતી. દરમિયાન બંને ભાઇએ પોલીસનો સંપર્ક સાધ્યો હતો અને એક ભાઇની ફરિયાદને આધારે પોલીસે આરોપીઓ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા, મહારાષ્ટ્ર પ્રોટેક્શન ઓફ ઇન્ટરેસ્ટ ઓફ ડિપોઝિટર્સ એક્ટ હેઠળ ગુનો દાખલ કર્યો હતો.

## જૈન મરણ

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

પોરબંદર નિવાસી હાલ બોરીવલી સ્વ. પ્રાણલાલ પ્રભુદાસ ગોસલિયાના સુપુત્ર જીતેન્દ્રભાઈ (ઉં.વ. ૭૮) તે રેખાબેનના પતિ. ચિ. વિરલ, ચિ. જેસિકાના પિતા. ચિ. કવિતાના સસરા. સ્વ. ચંદ્રકાંતભાઈ, સ્વ. રજનીકાંતભાઈ, સ્વ. નયનાબેન અને સ્વ. જ્યોત્સનાબેનના ભાઈ. સ્વ. કાંતિલાલ શિવલાલના જમાઈ. તા. ૨-૧૦-૨૪ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**વિશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

બોટાદ નિવાસી હાલ કાંદિવલી નવીનચંદ્ર કાન્તીલાલ સુખલાલ ગોપાણીના ધર્મપત્ની. ઇન્દુમતી ગોપાણી તે અંકુરભાઇ, ભાવિનભાઇના માતુશ્રી. અમીબેન, જાસ્મીનબેનના સાસુ. મોરબી નિવાસી ગોરધનદાસ ભાઇચંદભાઇ મહેતાના દીકરી. જીતુભાઇ તથા જગદીશભાઇના બહેન. સ્વ. મનહરભાઇ, સ્વ. જશવંતભાઇ, કિશોરભાઇ, વિનુભાઇના ભાભી. તા. ૨-૧૦-૨૪ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર અને સાદડી પ્રથા બંધ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

દામનગર નિવાસી (જમશેદપુરવાળા) હાલ કાંદિવલી સ્વ. મોરારજી ઘેલાભાઇ ગાંધીના પુત્ર. મનમોહન ગાંધી (ઉં. વ. ૮૫) તા. ૩-૧૦-૨૪ના અરિહંતશરણ પામેલ છે. જે શોભના ગાંધીના પતિ. રૂપા કલ્પેશ મહેતાના પિતા. સ્વ. મનસુખભાઇ, સ્વ. પ્રતાપભાઇ, સ્વ. સુરેશભાઇ, સ્વ. લલિતાબેન, ઇન્દુબેન, કોકીલાબેન, સ્વ.સરોજબેન તથા સ્વ. લતાબેનના ભાઇ. પ્રાર્થનાસભા રાખેલ નથી, લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

શ્રી સ્થાનકવાસી છ કોટિ જૈન લીંબડી અજરામર સંપ્રદાયના પૂ. ગચ્છાધિપતિ આચાર્ય ગુરુદેવ શ્રી ભાવચંદ્રજી સ્વામીના આજ્ઞાનુવર્તીની પૂ. શ્રી શોભનાજી મહાસતીજીનો સંથારો તારીખ ૨/૧૦/૨૪ બુધવારના સીઝી ગયેલ છે. તેઓશ્રીની ગુણાનુવાદ સભા તા. ૪-૧૦-૨૪ શુક્રવારે સવારે ૯.૦૦ વાગ્યે સરદાર ઉપાશ્રયમાં રાખવામાં આવેલ છે. સંસારી માતા-પિતા : માતુશ્રી શકરીબેન નાગરદાસ સુખલાલ શાહ.

મોટા આસંબીયા ના જતીન (બચુભાઈ) છેડા (ઉં. વ. ૭૪) તા. ૨/૧૦ બુધવારના અવસાન પામેલ છે. મણીબેન આણંદજી શાહ(છેડા)ના સુપુત્ર. ચંદનબેનના પતિ. કુણાલ,તેજસના પિતા. સ્વ દિપક, સ્વ હર્ષાબેન, રજનીના ભાઇ. બિદડાના નાનબાઈ કાનજી ઉમરશી તથા લક્ષ્મીબેન ભવાનજી નાથાભાઈના જમાઈ. નિવાસ સ્થાન : ચંદનબેન છેડા, ૭, સોનલ એપાર્ટમેન્ટ, ૨ માડે, એન.એસ. રોડ ૧, જે વી પી ડી સ્કીમ, વિલે પાર્લે-વેસ્ટ.

લાખાપુર હાલે મદુરાઇના શાંતાબેન કેશવજી મારૂ (ઉં. વ. ૯૧) તા. ૧/૧૦/૨૪ના મોક્ષમાર્ગે પ્રયાણ કરેલ છે. માતુશ્રી સ્વ. નાનબાઇ કાનજી મણશીના પુત્રવધુ. સ્વ. કેશવજીના પત્ની. મનહર, ભાવનાના માતુશ્રી. સમાઘોઘા સુંદરબેન ઠાકરશી તેજશી વોરાના સુપુત્રી. વસનજી કાંતિલાલ, વ્રજલાલ, અમૃતલાલ લક્ષ્મીના બહેન. નિ. મનહર મારૂ, ૯ અરિહંત સોસાયટી, ઐયર બંગલા, મદુરાઇ ૬૨૫૦૧૭.

કારાઘોઘાના માતુશ્રી દેમુબાઈ ઉર્ફે દિવાળીબેન દામજી છેડા (ઉં. વ. ૯૩) તા. ૨.૧૦.૨૦૨૪ ના અડાલજ મધ્યે દેહ પરિવર્તન કરેલ છે. દામજી ગાંગજીના પત્ની. વિનયચંદ, રોહિત, ભાવીનીના માતુશ્રી. દેશલપુર પાનબાઈ હીરા કોરશી દેઢીયાના સુપુત્રી. લક્ષ્મીબેન કેશવજી ઘેલા ગાલા, ફરાદ્રી દેવકાબેન કુંવરજી પુંજા સાવલા, રામાણીયા અમૃતબેન શીવજી લાલજી નાગડાના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. - વિનયચંદ છેડા, બી-૫, સીમંધર સિટી, ત્રિમંદિર, અડાલજ, ગાંધીનગર, ગુજરાત પીન.

## હિન્દુ મરણ

મનીષ શાહ (ઉં. વ. ૬૧) તે સ્વ.નટવરલાલ ત્રિકમદાસ શાહ તથા રંજનબેનના પુત્ર. ભાવનાના પતિ. સંદીપના મોટાભાઈ. પ્રાથવી, ધ્વનિના પિતા. દર્શીલ, જિતના સસરા. સ્વ.ભૂપેન્દ્ર રમણલાલ શાહના જમાઈ. તા. ૨-૧૦-૨૪ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક પ્રથા બંધ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. રામજી લક્ષ્મીદાસ કતીરાના નાના પુત્ર જયેશ કતીરાનાં ધર્મપત્ની લીના કતીરા ગામ ગઢશીશાવાળા હાલે પવઈ તે તા. ૨-૧૦-૨૪, બુધવારે શ્રી રામશરણ પામેલ છે. ગં.સ્વ. વીરબાળા કતીરાની નાની પુત્રવધૂ. જોલી એન્ટ્રી ડીસોઝાની પુત્રી. સુરેશ રામજીનાં નાના ભાઈનાં પત્ની. દમયંતી હરીશચંદ્ર, દીના કિશોર, મીના યશવંતના નાના ભાભી. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર બંધ છે.

**શ્રીમાળી બ્રાહ્મણ**

દાઠા નિવાસી હાલ ભાંડુપ સ્વ. નલિનભાઈ દલપતરામ ઓઝાના ધર્મપત્ની જયશ્રીબેન ઓઝા (ઉં.વ. ૮૩) તા. ૨-૧૦-૨૪, બુધવારના દેવલોક પામ્યા છે. તે મેહુલ નલિન ઓઝા તથા ડિંપલબેન રાજેન્દ્રકુમાર જોષીના માતા. મીના મેહુલ ઓઝાના સાસુ. પ્રણવ, દિશાના દાદી. દિલીપભાઈ દલપતરામ ઓઝા, અ.સૌ. પૂર્ણિમાબેન કપિલભાઈ ઓઝા, સ્વ. ઉષાબેન જગદીશચંદ્ર ઓઝાના ભાભી. (લૌકિક વ્યવહાર બંધ છે.)

**કચ્છી લોહાણા**

બીટા તા. અબડાસા સ્વ. ઠા. કિશોરભાઈ (ઉં.વ. ૬૯) તે સ્વ. ગોદાવરી કાનજી ખેરાજના પુત્ર ગં.સ્વ. ધીરજબાળાના પતિ. સ્વ. મોહનલાલ મકનજી મજેઠિયા અંજારવાલાના જમાઈ. હિતેશ તથા કલ્પેશના પિતાજી. નિધિબેનના સસરા. સ્વ. પ્રભાશંકર, સ્વ. બુધીયાભાઈ. સ્વ. જમનાદાસ, સ્વ. ત્રિકમદાસ, લહેરીભાઈ, સ્વ. સાવિત્રીબેન પઠાઈ, સ્વ. લક્ષ્મીબેન હંસરાજ તથા સ્વ. શાંતાબેન બેચરલાલના ભાઈ. તા. ૩૦-૯-૨૪નાં રામશરણ પામ્યા છે. મુંબઈમાં પ્રાર્થનાસભા રાખેલ નથી લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ વૈષ્ણવ**

જેતપુર નિવાસી હાલ મુંબઈ સ્વ. ગુલાબબેન અને સ્વ. શાંતિલાલ દ્વારકાદાસ ચિતલિયાના પુત્ર અરુણ ચિતલીયા (ઉં.વ. ૮૩) તા. ૧-૧૦-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. તે મૃદુલાબેનના પતિ. કર્તવ્ય તથા અદ્વૈતના પિતા. નંદિતા તથા સ્વાતિના સસરા. સ્વ. પરીમલભાઈ, સ્વ. શશીકળાબેન મણિલાલ મોદી, અ.સૌ. ચંદ્રકળાબેન અશોકભાઈ પટેલ, ગં.સ્વ. ભાનુબેન મણિલાલ મોદીના ભાઈ. શિહોરના સ્વ. જયંતીલાલ વોરા, સ્વ. નિર્મળાબેનના જમાઈ. પ્રાર્થનાસભા ૫-૧૦-૨૪ના ૫ થી ૭ જલારામ હોલ, રોડ નં. ૬, જુહુસ્કીમ.

**હાલાઇ લોહાણા**

કરાચીવાલા હાલ થાણા નિવાસી ગં. સ્વ. મધુબેન રાચ્છ (ઉં. વ. ૭૭) તા. ૩-૧૦-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. જયાબેન જાદવજી ખખ્ખરના દીકરી. સ્વ. ગોરધનદાસ ભગવાનજી રાચ્છના ધર્મપત્ની. રાજન, રમેશ, રીટા અનંતકુમાર વિઠલાણીના માતુશ્રી. વિધી, ખુશીના દાદીમા. કેયુર અને ગાયત્રીના નાનીમા. આરતીના સાસુમા. શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા અને લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા સોરઠીયા વણિક**

વડીયા નિવાસી (હાલ-જુહુ) કુમુદબેન સાંગાણી (ઉં. વ. ૮૨) સોમવાર,તા. ૩૦-૯-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. તે ગં. સ્વ.ચંપાબેન શાંતિલાલ સાંગાણીના પુત્રવધૂ. તે સ્વ. મનસુખભાઇનાં પત્ની. જે જસ્મીનાબેન, કેતનભાઇ, દેવાંગભાઇના માતુશ્રી. તે ગં. સ્વ. પ્રભાવતીબેન, સ્વ. હકમીચંદભાઇ ઘીયાના પુત્રી. તે જીજ્ઞાબેન યાશીકાબેન, નિરવભાઇનાં સાસુ. તે સ્વ. જયંતીભાઇ, સ્વ. સુરેશભાઇ, મહેન્દ્રભાઇ, સ્વ. દિનેશભાઇ, વિનોદભાઇ, અશોકભાઇ, હંસાબેન, વસુબેનના ભાભી. સાદડી-લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**શ્રીમાળી સોની**

મૂળ ગોંડલ હાલ મુંબઈ સોની જયંતીભાઈ સવજીભાઈ જડીયા (ઉં. વ. ૮૪) તે જામખંભાળિયા નિવાસી છગનલાલ નાનજી ગુસાણી સોનીના જમાઈ. હંસાબેનના પતિ. જ્યોત્સના, સંગીતા, ધર્મેન્દ્રભાઈના પિતા. રાકેશ, દિનેશ, રૂપાલીના સસરા. જાહ્નવી તથા અમી રોહનકુમારના દાદાજી. ૨/૧૦/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. લૌકિક પ્રથા બંધ છે.

**સોરઠીયા પ્રજાપતિ કુંભાર**

લાઠી નિવાસી હાલ કાંદિવલી મેઘજી પરમાનંદ દેવળીયા (ઉં. વ. ૮૬) ૨/૧૦/૨૪ના પ્રભુશરણ પામેલ છે. તે સ્વ.પ્રેમાબેનના પતિ. રમેશ, રાજેશ, મંજુલા જેઠવા તથા જયશ્રી ભરડવાના પિતા. પ્રાર્થનાસભા ૪/૧૦/૨૪ના ૫ થી ૭. લોહાણા મહાજનવાડી, પહેલે માળે, શંકરમંદિર પાસે, એસ. વી રોડ કાંદિવલી વેસ્ટ.

**કચ્છી ભાટિયા**

ગામ માંડવી હાલ બોરીવલી સ્વ.જયેશ સુંદરદાસ ગાજરીયા (ઉં. વ. ૬૬) ૧/૧૦/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. તે આશાબેનના પતિ. જીગર તથા ઉર્વાના પિતા. રાગીની તથા પરેશભાઈના સસરા. કનુભાઈ, સ્વ.કિશોરભાઈ, હેમાબેન તથા રક્ષાબેનના ભાઈ, જામકનોડાવાળા સ્વ.પ્રતાપસિંગ (બહાદુરસિંગ) તથા સ્વ.જયશ્રીબેનના જમાઈ. યોગેશભાઈ, રંજીતભાઈ તથા યોગિતાબેનના બનેવી. પ્રાર્થનાસભા ૫/૧૦/૨૪ના ૪ થી ૬. શ્રી વર્ધમાન સ્થા જૈન સંઘ, મોટો ઉપાશ્રય, એસ. વી રોડ, પારેખ ગલ્લી ના કોર્નરે, એસ વી રોડ, કાંદિવલી વેસ્ટ.

**ઘોઘારી દશા પોરવાડ વૈષ્ણવ વણિક**

ચિંચણ તારાપુર નિવાસી હાલ દહિસર ગં.સ્વ શ્રીલેખા (ઉં. વ. ૯૪) તે ૧/૧૦/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. સ્વ.વ્રજલાલ શાહના ધર્મપત્ની, સુધા, ભગવંત, ચિરંતન, ભારતીના માતુશ્રી. દિનેશ, શોભના, જોલી, સ્વ. ચાલર્સના સાસુ. મેઘના, દીક્ષિતા, જીમેશ, સનીના નાની, હેતેશ્રી, શૈલી તથા ઉર્વીના દાદા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી મોઢ વણિક**

રાણપુર નિવાસી હાલ મુંબઈ જ્યોતિબેન (ઉં. વ. ૭૧) ૨૮/૯/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. તે પુષ્પાબેન શાંતિલાલ મોતીલાલ શાહના દીકરી. સ્વ.રમેશભાઈ, દીપકભાઈ, યોગેશભાઈ, ગં.સ્વ.કુમુદબેન બળવંતરાય મણિયાર, ભારતીબેન પંકજકુમાર પારેખ, ગં.સ્વ.કલ્પનાબેન રાજેન્દ્રકુમારના બહેન, સ્વ.નલિનીબેન, અલ્કાબેન, બીનાબેનના નણંદ. પરાગ -દીપા, નિયતિ મંથન દેસાઈ, હસ્તી રાજ તથા સર્વેશના ફઈ. ગોપી નીપા, ગં.સ્વ. પ્રેયતા દુષ્યંત, ક્રિષ્ના રૂપાંગ ફોજદાર, અર્પિત સિદ્ધિના માસી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**સોરઠિયા બ્રહ્મક્ષત્રિય**

ધોરાજી નિવાસી હાલ મુકામ અમદાવાદ ચંદ્રિકાબેન પડિયા (ઉં. વ.૭૨) તા. ૧.૧૦.૨૦૨૪ મંગળવારના શ્રીજીચરણ પામેલ છે. સ્વ.વલ્લભદાસ મોહનલાલ પડિયાના પત્ની. સ્વ.ભગવાનજી કેશવજી દુબલના દિકરી, સ્વ.અનંતરાય, સ્વ.કિશોરભાઈ, સ્વ.અરવિંદભાઈ, સ્વ.વનિતાબેન જાદવજી મર્થક, સ્વ.નીમુબેન રવજીભાઈ સિંધવડ, સ્વ.કાંતાબેન મોહનલાલ મર્થક, ગં.સ્વ.અનુસયાબેન હર્ષદરાય મેરના ભાભી. પૂનમ જતીન બગરીયા, પ્રકાશ, ભાવિકના માતુશ્રી. શિલ્પા, ટીનાના સાસુ. લૌકિક પ્રથા બંધ છે.

**વીસા સોરઠિયા વણિક**

અ. સૌ. ભાવના શાહ (ઉં. વ. ૭૦) માધવપુરવાળા હાલ મુંબઇ નિરંજન શાહના ધર્મપત્ની, લલિતા દેવીદાસ વિરચંદ શાહના પુત્રવધૂ. તા.૨/૧૦/૨૪ના શ્રીજીચરણ પામેલ છે. તે બિંદેશ નિકુંજ, ભકિતના માતુશ્રી. કાજલ, હેતલ, જયેશના સાસુ. સ્વ.મંજુલાબેન જેઠાલાલ મોદીના સુપુત્રી. પ્રાર્થનાસભા તા. ૪/૧૦/૨૪ને શુક્રવાર ૫.૦૦ થી ૬.૩૦. સ્થળ ૩૬/૩૭, ગુર્જર સુતર વિશ્વકર્મા બાગ, બજાજ રોડ, વિલે પાર્લે પશ્ચિમ.

**સોરઠીયા બ્રહ્મક્ષત્રિય**

વાસાવડ નિવાસી હાલ કાંદિવલી સ્વ.હીરામાણીબેન તથા સ્વ.વીરજીભાઈ અભેરાજ પડિયાના સુપુત્ર દિલીપભાઈ (ઉં. વ. ૭૭) ૧/૧૦/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. જ્યોતિબેનના પતિ. સ્વ.ચીમનભાઈના નાનાભાઈ, નેહલ, હેતલ અમરકુમાર સિંઘવડ તથા લોપાના પિતા. સ્વ.ચંપાબેન તથા સ્વ.મગનલાલ મોહનલાલ મણિયાર અમદાવાદના જમાઈ. બંને પક્ષની પ્રાર્થનાસભા ૪/૧૦/૨ના ૫ થી ૭. લોહાણા મહાજનવાડી, બીજે માળે, શંકરમંદિર પાસે, એસ. વી રોડ કાંદિવલી વેસ્ટ. લૌકિક પ્રથા બંધ છે.

**હાલાઈ લોહાણા**

મુળ ગામ હડિયાણા હાલ થાણા નિવાસી સ્વ.હિરાબેન મોહનલાલ વિશ્રામ માણેકના પુત્રવધૂ ગં.સ્વ.રૂક્ષ્મણીબેન વલ્લભદાસ માણેક (ઉં. વ.૯૩) બુધવાર તા.૦૨/૧૦/૨૪ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ.પાર્વતીબેન માધવજી વલ્લભદાસ સાદરાણી (પનવેલ)ના દીકરી. સ્વ.સુર્યકાન્તભાઈ, સ્વ.ગુણવંતભાઈ, પુનમબેન, જયેન્દ્રભાઈના માતુશ્રી. સ્વ.નિર્મળાબેન, સ્વ.મધુરીબેન, રમેશકુમાર ચુનીલાલ, શિલ્પા (દક્ષા)ના સાસુ. પારૂલ વિનોદકુમાર, મિતા હિતેન, અમી વિરેન, દિપા નિલેશકુમાર, પ્રિયા સંજયકુમાર, પુનમ ચંદ્રેશ, ધરા મુળેશ, સનીના દાદી. બંને પક્ષની પ્રાર્થનાસભા શનિવાર તા.૦૫/૧૦/૨૪ના ૧૦.૩૦ થી ૧૨.૦૦. સી.કે.પી. હોલ, ખારકર આળી, એન.કે.ટી. કોલેજની બાજુમાં, થાણે (વે). લૌકીક વ્યવહાર બંધ રાખેલ છે.

## પારસી મરણ

પરસી ફરહાદ બહમાની તે ઝરીનના ધની. તે મરહુમો ખારમેન ફરહાદ બહમાનીના દીકરા. તે દિલાવર ને નાતાશાના પપા. તે શેરેઝાદને સમીરના સસરા. તે રુસ્તમ ને મોનાઝના ભાઈ. તે જેહાન ને કારાના બપાવા. (ઉં.વ. ૭૦) ખારમેન વીલા, ગોલવદ રોડ, રાઈગાવ નગર, ઝેડ. પી. સ્કૂલ, દાહણું (ઈસ્ટ) ૪૦૧૬૦૨. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૪-૧૦-૨૦૨૪ને દિને બપોરે ૩.૪૦ વાગે. મઝગાંવ પતેલ અગ્યારીમાં છેજી.

ઓસતા હોરમઝ કેકી પરભુ તે મરહુમો ઓસતી ખોરશેદ ઓસતા કેકી પરભુના દીકરા. તે ઓસતા શાહઝદ ને ઓસતા રુશાદના પપા. તે કેરોલના સસરા. તે બેહનાઝ ને ઓસતા મહેરવાનના ભાઇ. તે ઓસતી અયેશાહ એરવદ કૈરાસના કાકા. તે તરોનીશ, દેલના ને બી તુઝારના માસા. (ઉં. વ. ૬૭) રે. ઠે. ધનવીલા, માલકમ બાગ, જોગેશ્વરી, (વે), મુંબઇ-૪૦૦૧૦૨. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૪-૧૦-૨૪ને દિને બપોરે ૩.૪૦ વાગે માલકમ બાગ, અગિયારીમાં છેજી.

આરમઇતી ગયોમર્દ કાથાવાલા આરમઇતી ગયોમર્દ કાથાવાલા ને ગયોમર્દ મીનું કાથાવાલાના ધણીયાની. ખોજસ્તે ગયોમર્દ કાથાવાલા તેમ જ મરહુમ ઉરવકસ ગયોમર્દ કાથાવાલાના માતાજી. મરહુમ પરીન તથા મરહુમ રૂસ્તમજી એદલજી કોલાહના દીકરી. તે મરહુમ મીનુ હીરાજી કાથાવાલા તથા બકતાવર કાથાવાલાના વહુમાય. અદલ રૂસ્તમજી કોલાહ તથા વીરા ફિરોઝ દસ્તુરના બહેન. આઝમીન ખોજસ્તે કાથાવાલાના સાસુજી. થીયા ખોજસ્તે કાથાવાલાના બપઇજી. (ઉં. વ. ૭૦) રે. ઠે. એમ-૨૩, નવરુઝ બાગ, ડો. એસ. એસ. રાવ રોડ, લાલબાગ, મુંબઇ-૪૦૦૦૧૨. ઉઠમણાની ક્રિયા : તા.૪-૧૦-૨૪ના દિને બપોરે ૩.૪૦ વાગે, લાલબાગ અગિયારીમાં છેજી.

ડો. કેકી હોરમસજી ગરડા તે મરહુમ આવાનના ખાવીંદ. તે મરહુમો હોરમસજી તથા રતનબાઇ ગરડાના દીકરા. તે મરહુમો કૂમી કે. વૉર્ડન ને જર રતન કાવસ માનેકના ભાઇ. તે દારયસ રતન કાવસ માનેક, પરસી રતન કાવસ માનેક ને માહારૂખ મુરાદ ઉમરીગરના મામા. (ઉં. વ. ૯૫) રે. ઠે. ગરડા હાઉસ, ૬ઠે માળે, ૪૮ હીલ રોડ, બાંદ્રા (વેસ્ટ), મુંબઇ-૪૦૦૦૫૦.

કેતી કુવર મીસ્ત્રી મરહુમ કુવરના ધણિયાની. તે મરહુમો ધનમાય નરીમાન પીતરના દીકરી. તે ઝરીન, તનાઝ ને ખુશરૂના માતાજી. તે મરહુમ મીનુના બહેન. (ઉં. વ. ૯૭) રે. ઠે. સી-૧૯, ખુશરૂ બાગ, ૧લે માળે, કોલાબા, એસ.બી.સિંગ રોડ, મુંબઇ-૪૦૦૦૦૧. ઉઠમણાંની ક્રિયા : તા. ૫-૧૦-૨૪ના દીને બપોરે ૩.૪૦ વાગે બનાજી લીમજી અગિયારીમાં છેજી.

દો અસપી માનેક મહેતા તે પરવીનના ધનીયાની. તે મરહુમો મની માનેક મહેતાના દીકરા. તે હેકતર ને કૈનાઝના દીકરા. તે સનોબરના સસરા. તે શીરીન ને ઝાઇના બપાવા. તે મરહુમો કુમી રુસી મરોલીયાના જમાઇ. (ઉં. વ. ૭૭) રે.ઠે. રુસ્તમ બાગ, ડી, બ્લોક, રૂમ નં.૮, સંત સાવતા માર્ગ, ભાઇખલા-મુંબઇ-૪૦૦૦૨૭. ઉઠમણાંની ક્રિયા તા. ૪-૧૦-૨૪ના દીને બપોરે ૩.૪૦ વાગે ઉપરની બેનેટ નં-૬માં ડુંગરવાડી પર.

ધનજી પીરોજશા દારૂવાલા તે મરહુમ કેતીના ધની. તે મરહુમ પીરોજશાના દીકરા. તે જીમીના પપા. તે આયેશાના સસરા. તે ડોલી તથા મરહુમો નરીમાન ને મીનુના ભાઇ. તે ઝીયાન ને ઝોએના બપાવા. ઝકસીસના માસા. (ઉં.વ.૮૯) રે. ઠે. ૪૪-એફ, બાટલીવાલા વીલા સ્લેટર રોડ, મુંબઇ-૪૦૦૦૦૭. ઉઠમણાંની ક્રિયા : તા. ૪-૧૦-૨૪ના રોજ બપોરે ૩.૪૫ કલાકે મીઠાઇવાલા અગિયારી, ગ્રાન્ટ રોડ, મુંબઇ.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

કપોળ વૈષ્ણવ મરણ



**સ્વ. શ્રી અરુણ શાંતિલાલ ચિતલીયા**

૨૪.૦૫.૧૯૪૧ - ૦૧.૧૦.૨૦૨૪

|| समत्वं योग उच्यते ||

(મનની સમતા એજ યોગ છે) ૨.૪૮: શ્રીમદ્ ભગવદ ગીતા

અત્યંત દુઃખ સાથે જણાવવાનું કે મંગળવાર, ૧ ઓક્ટોબર, ૨૦૨૪ ના રોજ અમારા પ્રિય પિતાશ્રી મંગલ મૃત્યુ પામ્યા છે.

**પ્રાર્થના સભા**

**શનિવાર ૫ ઓક્ટોબર ૨૦૨૪ ના રોજ. સમય : સાંજે ૫:૦૦ થી ૭:૦૦**

જલારામ હોલ, એનએસ રોડ ૬, જે વી પી ડી સ્કીમ, મુંબઈ - ૪૦૦૦૪૯

**કુટુંબ**

**શ્રીમતી. મૃદુલા અરુણ ચિતલીયા,**
**કર્તવ્ય અને અદ્વૈત (પુત્રો), નંદિતા અને સ્વાતિ (પુત્રવધુઓ),**
**આત્મી અને વેદાંત (પૌત્રી અને પૌત્ર)**

KParth


બદલાપુર કેસ

# એન્કાઉન્ટરનો અહેવાલ ૧૮ નવેમ્બર સુધીમાં આપવાનો આદેશ

મુંબઈ: બદલાપુર કેસનો આરોપી અક્ષય શિંદેનું ગોળીબાર દરમિયાન થયેલા મૃત્યુની તપાસનો રિપોર્ટ ૧૮મી નવેમ્બર સુધી રજૂ કરવાનો નિર્દેશ બૉમ્બે હાઇ કોર્ટે ગુરુવારે મેજિસ્ટ્રેટને કર્યો હતો. આ સિવાય કેસના તમામ પુરાવાઓ ભેગા કરી તેને ફોરેન્સિક નિષ્ણાતો દ્વારા ચકાસવાનો આદેશ પણ કોર્ટે કર્યો હતો. કાયદા પ્રમાણે કોઇ પણ આરોપીનું પોલીસ કસ્ટડી દરમિયાન મૃત્યુ થાય તો તેની તપાસ મેજિસ્ટ્રેટ દ્વારા કરવામાં આવે છે. આરોપી શિંદેનું પોલીસ ગોળીબારમાં મૃત્યુ થયું હતું એ ઘટનાના મજબૂત ફોરેન્સિક પુરાવા રજૂ કરવાનો આદેશ હાઇ કોર્ટે પોલીસને આપ્યો હતો.

### સ્કૂલના ટ્રસ્ટીઓને જામીન બાદ ધરપકડ

બદલાપુરની સ્કૂલના બે ટ્રસ્ટીઓ ઉદય કોટવાલ અને તુષાર આપ્ટેની ૪૪ દિવસ બાદ ધરપકડ કરાઇ હતી. ગુરુવારે તેમને કોર્ટમાં રજૂ કરવામાં આવતા એક કેસમાં તેમને જામીન આપવામાં આવ્યા હતા જ્યારે અન્ય કેસમાં પોલીસે તેમની ધરપકડ કરી હતી. ■

# પુણેમાં બાળકીઓ સાથે કુકર્મ: સ્કૂલ વૅનનો નરાધમ ડ્રાઇવર પકડાયો

પુણે: પુણેમાં સ્કૂલમાં ભણતી છ વર્ષની બે બાળકીની જાતીય સતામણી કરવા બદલ સ્કૂલ વૅનના ડ્રાઇવરની ધરપકડ કરવામાં આવી હતી.

પોલીસના જણાવ્યા મુજબ ૩૦ સપ્ટેમ્બરે આ ઘટના બની હતી. ઘટના સમયે સ્કૂલ વૅનમાં મહિલા એટેન્ડન્ટ હાજર હતી કે કેમ તે જાણવાનો પોલીસ પ્રયાસ કરી રહી છે.

વાનવડી વિસ્તારમાં આવેલી સ્કૂલમાં ભણનારી બંને બાળકી સ્કૂલ છૂટ્યા બાદ વૅનમાં ઘરે આવી રહી હતી ત્યારે ડ્રાઇવરે તેમની સાથે અશ્લીલ ચેનચાળા કર્યા હતા.

દરમિયાન એક બાળકીએ ઘરે જઇને માતાને તમામ હકીકત જણાવી હતી. આથી માતાએ શાળાના સત્તાવાળાઓને આની જાણ કરી હતી.

વાનવડી પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે આ પ્રકરણે બુધવારે નોંધાયેલી ફરિયાદને આધારે ડ્રાઇવર સંજય રેડ્ડી વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા અને પોક્સો હેઠળ ગુનો દાખલ કરીને તેની ધરપકડ કરાઇ હતી.

ડેપ્યુટી પોલીસ કમિશનર (ઝોન-૫) એસ. રાજાએ કહ્યું હતું કે એક બાળકીની માતાએ પોલીસનો સંપર્ક સાધ્યા બાદ અમે કાર્યવાહી કરી હતી. આરોપીની ધરપકડ કરવામાં આવી છે અને આરોપીએ ભૂતકાળમાં પણ કોઇ વિદ્યાર્થિની સાથે આવું કૃત્ય કર્યું છે કે કેમ તેની પોલીસ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે.

સ્કૂલ વૅનમાં મહિલા એટેન્ડન્ટ હાજર હતી કે કેમ એ અંગે અમે તપાસ કરી રહી છે. અમે સૂકલ પાસે એ પણ તપાસ કરી રહ્યા છીએ કે વાહન તેમનું છે કે તેમણે તેને કોન્ટ્રેક્ટ પર લીધું છે, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

મહારાષ્ટ્ર રાજ્ય મહિલા આયોગનાં અધ્યક્ષા રૂપાલી ચાકણકરે કહ્યું હતું કે તેમણે પોલીસ પાસેથી ઘટના અંગેનો વિગતવાર અહેવાલ માગ્યો છે. આરોપી સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

દરમિયાન સ્કૂલ વૅનને વાનવડી પોલીસ સ્ટેશન ખાતે લાવવામાં આવી ત્યારે વંચિત બહુજન આઘાડીના સભ્યોએ તેની તોડફોડ કરી હતી.

ઉલ્લેખનીય છે કે બદલાપુરની શાળાની બે બાળકી સાથે ઑગસ્ટ, ૨૦૨૪માં સફાઇ કર્મચારીએ અક્ષય શિંદેએ દુષ્કર્મ આચર્યું હતું. આ ઘટના બાદ ભારે ઊહાપોહ મચી ગયો હતો અને લોકોએ રેલરોકો કરવા સાથે શાળામાં તોડફોડ પણ કરી હતી. પોલીસે આરોપી અક્ષય શિંદેની ધરપકડ કરી હતી અને ૨૩ સપ્ટેમ્બરે પોલીસ એન્કાઉન્ટરમાં અક્ષય ઠાર થયો હતો. (પીટીઆઇ) ■

ફસ્ટ ડે ફર્સ્ટ શો હાઉસફુલ

# બોરીવલી ખાતે શોગ્લિટ્સ નવરાત્રીમાં ફાલ્ગુની પાઠકના તાલે ઝૂમવા હજારો ખેલૈયાઓ પહોંચ્યા







બોરીવલીના આંગણે કોકિલ કંઠી ગરબા ક્વીન ફાલ્ગુની પાઠક સતત 7 મી વખત શોગ્લિટ્સ નવરાત્રીમાં પર્ફોર્મ કરી રહી છે. નોરતાના પ્રથમ દિવસે ગરબે ઘૂમવા અહીં 35,000થી વધુ ખેલૈયાઓ આવ્યા હતા. માતાજીની સુંદર મૂર્તિ અને મંદિર, તાથૈયા મ્યુઝિક બેન્ડ અને ફાલ્ગુની પાઠકના સૂરથી પહેલું નોરતું મહેકી ઊઠ્યું હતું.

સાંજે સાત વાગતા જ ગરબા શરૂ થઈ ગયા હતા. માતાજીની આરતી અને ત્યારબાદ આધુનિકતા સાથે દેશી છટાના ગરબાનો આનંદ લોકોએ માણ્યો હતો. હજારોની સંખ્યામાં લોકોની ભીડ એ વાતની ગવાહી પૂરે છે કે મહારાષ્ટ્રની ટોપની નંબર વન નવરાત્રી એટલે શોગ્લિટ્સ નવરાત્રી.

શોગ્લિટ્સ નવરાત્રીના માનવંતા સ્પોન્સર્સ, જે.વી પ્રેઝન્ટિંગ પાર્ટનર, ટાઇટલ સ્પોન્સર સુરભી, પાવર્ડ બાય ઓરેક્સ, કો પાવર્ડ બાય ટ્રાન્સકોર્ન અને ગંધાર તેમજ બેન્કિંગ પાર્ટનર ફેડરલ બેંક છે.

નવરાત્રીને સફળ બનાવવા માટે આયોજન સમિતિ તરફથી શોગ્લિટ્સના ડાયરેક્ટર સંતોષ સિંહ અને તેમની સાથે કોર્પોરેટર શિવા શેટ્ટીએ અથાક પ્રયાસો અને મહેનત કરી હતી. આ નવરાત્રી ઉત્તર મુંબઈના લોકલાડીલા સંસદ સભ્ય પીયૂષ ગોયલની શુભેચ્છા, ધારાસભ્ય સુનીલ રાણે તેમ જ ભૂતપૂર્વ સંસદ સભ્ય શ્રી ગોપાલ શેટ્ટીના આશીર્વાદથી સફળતાની નવી ઊંચાઈઓ સર કરી રહી છે.

પ્રથમ દિવસે અહીં સુપરસ્ટારનો મેળાવડો જામ્યો હતો. ફિલ્મ એક્ટર વિક્રાંત મેસી, રાશિ ખન્ના અને ભુવન બામ જેવા સ્ટાર આવી પહોંચ્યા હતા.

દર વર્ષની માફક આ વર્ષે પણ ફાલ્ગુની પાઠકની એન્ટ્રી કેવી રહેશે તે જોવા માટે મોટી સંખ્યામાં લોકો સ્ટેજની નજીક ગોઠવાઈ ગયા હતા. અને ફાલ્ગુનીની એન્ટ્રી લોકોએ તાળીઓના ગડગડાટ, સીટી અને આનંદથી વધાવી લીધી હતી. આજની સફળતા એ વાતની ગવાહી પૂરે છે કે નવલા નોરતામાં જાદુ તો ફક્ત ફાલ્ગુની નો જ.... ■





**માડી તારા મંદિરીયામાં...:** ગઈ કાલે ગુરુવારે પહેલા નોરતે મુંબઈના વિખ્યાત મુંબાદેવી મંદિરમાં મોટી સંખ્યામાં માઈભક્તો દર્શન માટે ઊમટ્યા હતા. (અમય ખરાડે)

# પુણેમાં સગીર પુત્રી પર બળાત્કાર: પિતાની ધરપકડ

પુણે: પુણેમાં સગીર પુત્રી પર બળાત્કાર ગુજારવાના આરોપસર ૩૫ વર્ષના પિતાની ધરપકડ કરવામાં આવી હોવાનું પોલીસે જણાવ્યું હતું.

સગીરા જે શાળામાં ભણતી હતી ત્યાંના સત્તાવાળાઓને જાણ થઇ હતી કે સગીરા પર બળાત્કાર ગુજારવામાં આવ્યો છે.

શાળાના પ્રિન્સિપાલે ત્યાર બાદ પોલીસનો સંપર્ક સાધી સગીરાના પિતા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી, જેને આધારે પોલીસે ભારતીય ન્યાય સંહિતા અને પોક્સો (પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સીસ) એક્ટ હેઠળ ગુનો દાખલ કર્યો હતો. પિતાની બાદમાં ધરપકડ કરવામાં આવી હતી.

વારજે પોલીસ સ્ટેશનના અધિકારીએ કહ્યું હતું કે આરોપી તેની પુત્રીને અશ્લીલ વીડિયો બતાવતો અને તેના પર કથિત બળાત્કાર ગુજારતો હતો.

ડેપ્યુટી પોલીસ કમિશનર (ઝોન-૩) સંભાજી કદમે જણાવ્યું હતું કે આરોપીને બુધવારે અદાલતમાં હાજર કરાતાં તેને ચાર દિવસની પોલીસ કસ્ટડી ફટકારાઇ હતી. (પીટીઆઇ)■






નો ટાઇમ લિમિટ, નો રેઇન

# પાટીદાર સહારા સ્ટાર નવરાત્રિમાં ફક્ત જલસા જ જલસા



મુંબઈ સમાચાર નવરાત્રિ સ્પેશિયલ

મુંબઈમાં ગરમી હેરાન કરવા લાગી છે એવામાં મસ્ત તૈયાર થઇને ગરબે ઘૂમવા ગયા હો અને પરસેવે રેબઝેબ થઇ જાઓ તો મજા ન આવે. બીજી તરફ વરસાદનું ટેન્શન. આ બધા ટેન્શનમાંથી મુક્ત થઇ જાઓ, કારણ કે ખેલૈયાઓને અહીં આવી કોઇ સમસ્યા નડવાની નથી. હા, અમે વાત કરી રહ્યા છે પાટીદાર સ્વજનના નવરાત્રિ જલસો, ૨૦૨૪ની.

પાટીદાર સહારા સ્ટાર નવરાત્રિ જલસાનો શુભારંભ માતાજીની આરતી ‘જય આદ્યાશક્તિ....’ સાથે કરવામાં આવ્યો હતો. ગૌમૂત્ર અને ગંગાજળનો છંટકાવ કરીને પવિત્ર વાતાવરણમાં માતાજીની છબીની સ્થાપના કરવામાં આવી હતી. પ્રથમ દિવસ ‘પીળો’ રંગ હોવાથી અનેક ખેલૈયાઓ પીળા રંગનાં વસ્ત્રો પરિધાન કરીને આવ્યા હોવાથી સંપૂર્ણ હોલમાં વસંત ખીલી ઊઠી હોવાનો અનુભવ થઇ રહ્યો હતો. પાટીદાર સ્વજન, શ્રી વિલેપાર્લે પાટીદાર મંડળ દ્વારા રજૂ કરવામાં આવેલા નવરાત્રિ જલસો, ૨૦૨૪ના આયોજક ભાર્ગવભાઈ પટેલ અને જગત કિલ્લાવાલાએ બે-ત્રણ મહિના અગાઉથી જ ખેલૈયાઓને કોઇ પણ પ્રકારની અગવડ ન થાય એ માટે જહેમત ઉઠાવી હતી.

ખેલૈયાઓ માટે મજાની વાત તો એ હતી કે અહીં તમને ટાઇમ લિમિટ નથી. ગરબાનો પ્રથમ રાઉન્ડ રાત્રે આઠ વાગ્યાથી ૧૧ વાગ્યા સુધીનો હશે. ત્યાર બાદ અડધો કલાકના વિરામ બાદ ૧૧.૩૦થી ૧.૩૦ વાગ્યા સુધી બીજો રાઉન્ડ રહેશે. આયોજનનું આ સ્થળ ઇન્ડોર અને એરકન્ડિશન હોવાથી પરસેવે રેબઝેબ થયા વગર, વરસાદના ટેન્શન વગર અને કોઇ પણ સમય મર્યાદા વગર ફક્ત ધમાલ જ ધમાલ.

સહારા સ્ટાર હોટેલના સફાયર બોલરૂમમાં આયોજકોએ અદ્યતન સુવિધા ધરાવતું આયોજન કર્યું છે. આ વિશાલ હોલમાં નવરાત્રિનો આનંદ માણવાની તક મિસ કરવા જેવી નથી.

ઢોલ, તબલા, શરણાઇ સાથે મોડર્ન વાજિંત્રોના તાલે પારંપારિક અને મોડર્ન નવરાત્રીનો સમન્વય અહીં માણવાનો મોકો મળે છે. જેજેસી, જંબુસર લાડ વાણિયા અને વાગડ સંબંધ ગ્રુપ જેવા જાણીતી સંસ્થાઓ પણ નવરાત્રિ જલસોમાં જોડાયા છે.



‘ડર’, ‘દેવદાસ’, ‘યસ બોસ’, ‘દિલ સે’ જેવી ફિલ્મના પ્રોડ્યુસર અને ડાયમંડ કિંગ તરીકે ઓળખાતા ભરત શાહ અતિથિ વિશેષ તરીકે હાજર રહ્યા હતા. તેઓ ફક્ત નાણાકીય ટેકો જ નથી આપતા, પરંતુ એવી અનોખી કથાઓ શોધી લાવે છે જેની વૈશ્વિક સ્તરે વાહ-વાહ થતી હોય છે.

દાંડિયાની સાથે ગુજરાતી લોકગીતો, મરાઠી અભંગ વિઠ્ઠલ વિઠ્ઠલ વિઠ્ઠલાની સાથે ટેટૂડો પણ અહીં સાંભળવા મળે છે. અવયવદાનના સંદેશ સાથે આ નવરાત્રિ એસી હૉલમાં રમાઇ રહી છે.

આજની આપણી પેઢી વિદેશી સંસ્કૃતિ તરફ વળી છે ત્યારે ભારતીય પરંપરા, વાજિંત્રો, વસ્ત્રો-પરિધાન, નૃત્ય વગેરે દ્વારા યુવાનોને આપણી સંસ્કૃતિમાં ઢાળવાનો પણ અહીં ઉત્તમ પ્રયાસ કરાયો છે. નવરાત્રિના આયોજક ભાર્ગવ પટેલનું કહેવું છે કે આ નવરાત્રિ જલસાનો મુખ્ય હેતુ પાંરપારિક અને મોડર્ન વિચારોને એકસાથે લાવવાનો છે. જે રીતે આજની પેઢી પશ્ચિમી પરંપરા તરફ વળી રહી છે ત્યારે તેમની ઓળખ આપણી મૂળ સંસ્કૃતિ અને પરંપરાથી કરાવવાનો ઉદ્દેશ્ય છે. આ સિવાય નવરાત્રિ દ્વારા લોકોમાં અવયવદાન અંગે જાગરૂકતા પણ લાવવામાં આવી છે. ■

# જબાન સંભાલ કે...

## સંજય રાઉતને અદાલતે ઝાટકી નાખ્યા

મુંબઈઃ ભાજપના નેતા તેમ જ ભૂતપૂર્વ સાંસદ કિરીટ સોમૈયાનાં પત્નીએ ઉદ્ધવ ઠાકરે જૂથની શિવસેનાના રાજ્યસભા સાંસદ સંજય રાઉત વિરુદ્ધ કરેલા માનહાનિના કેસમાં કોર્ટે સંજય રાઉતની ઝાટકણી કાઢી હતી અને તેમણે નિવેદન આપતા વખતે સાવચેતી ન રાખી હોવાની ટીકા પણ કરી હતી. ઉલ્લેખનીય છે કે ગયા અઠવાડિયે જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ(ફર્સ્ટ ક્લાસ) આરતી કુલકર્ણીએ સંજય રાઉતને આ કેસમાં દોષી ઠેરવ્યા હતા અને ૧૫ દિવસની જેલ તેમ જ ૨૫,૦૦૦ રૂપિયાનો દંડ ફટકાર્યો હતો. જોકે, પછીથી ઉપલી અદાલતમાં આ ફેંસલાને પડકારવામાં આવ્યો હતો. અદાલતે આપેલા વિગતવાર ફેંસલામાં જણાવવામાં આવ્યું હતું કે મેધા સોમૈયા(કિરીટ સોમૈયાનાં પત્ની)ને સંજય રાઉતના આરોપોના કારણે માનસિક ત્રાસ થયો હતો. આરોપીએ મીડિયા સમક્ષ પોતે ફરિયાદી વિરુદ્ધ બેદરકારીભર્યા અને સાવચેતી રાખ્યા વિનાના નિવેદન આપ્યાં હતાં જે બદનામી કરનારાં હતાં. ઉલ્લેખનીય છે કે રાઉતને દંડ ફટકારવામાં આવ્યો ત્યાર બાદ થોડા જ કલાકોમાં તેમને આ કેસમાં જામીન પણ આપી દેવામાં આવ્યા હતા. રાઉતે મેધા સોમૈયા પર મીરા-ભાયંદરમાં બનાવવામાં આવેલા શૌચાલયમાં ૧૦૦ કરોડ રૂપિયા કરતાં વધુને ભ્રષ્ટાચાર આચર્યો હોવાનો આરોપ કર્યો હતો. જેને પગલે મેધા સોમૈયાએ રાઉત પર બદનક્ષીનો દાવો માંડ્યો હતો. રાઉતે આપેલા નિવેદનને સમાચાર-પ્રસાર માધ્યમોએ પણ ખૂબ ચગાવ્યા હતા અને સોશિયલ મીડિયા પર પણ આ આરોપોની ખૂબ ચર્ચા થઇ હતી. ■

# ગ્રાન્ટ રોડમાં મ્હાડા બિલ્ડિંગનો સ્લેબ તૂટી પડતા એકનું મૃત્યુ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ગ્રાન્ટ રોડ પર મૌલાના શૌકત અલી રોડ પર આવેલી ગ્રાઉન્ડ પ્લસ પાંચ માળની મ્હાડા બિલ્ડિંગનો સ્લેબનો એક ભાગ તૂટી પડતા એકનું મૃત્યુ થયું હતું. યુનાઈટેડ ચેમ્બર્સ નામની આ બિલ્ડિંગનો રહેણાંક કમ કમર્શિયલ ઉપયોગ થતો હતો. મળેલ માહિતી મુજબ બિલ્ડિંગના બે માળ ખાલી હતા, કારણકે તેના રહેવાસીઓ વિદેશમાં સ્થાયી થઈ ગયા છે. ડિઝાસ્ટર મેનેજમેન્ટના જણાવ્યા ગ્રાન્ટ રોડ પર શાલીમાર હોટલ નજીક યુનાઈટેડ ચેમ્બર્સ આવેલી છે. બિલ્ડિંગનો બીજા માળનો અમુક હિસ્સો તૂટીને પહેલા માળે પડ્યો હતો અને તેને કારણે પહેલા માળનું ફ્લોરિંગ તૂટીને ગ્રાઉન્ડ ફ્લોર પર પડ્યું હતું. મૃતક ૩૬ વર્ષનો સાગર શિવાજી નિકમ વ્યવસાયે ઈલેક્ટ્રિશિયન હતો અને તે ઓફિસમાં સૂતો હતો ત્યારે ઉપરથી તૂટી પડેલા માળના કાટમાળ હેઠળ તે દબાઈ ગયો હતો. ગુરુવારે સવારે જ્યારે ઓફિસ ખોલવામાં આવી ત્યારે આ ઘટનાની જાણ થઈ હતી. સ્થાનિક રહેવાસીઓના કહેવા મુજબ સાગર ખેતવાડીમાં રહેતો હતો અને માત્ર ઊંઘવા માટે ઓફિસમાં આવતો હતો. બિલ્ડિંગમાં ઉપરનો હિસ્સો તૂટીને નીચે પડ્યો ત્યારે કોઈ પ્રકારનો અવાજ આવ્યો નહોતો. તેથી કોઈને આ દુર્ઘટનાની જાણ જ થઈ નહોતી. ઓફિસ ખોલી ત્યારે જે ગંભીર રીતે જખમી



હાલતમાં જણાઈ આવતા તેને તરત જે.જે. હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો, જ્યાં તેને મૃત જાહેર કરવામાં આવ્યો હતો.

સુધરાઈના સ્થાનિક અધિકારીના જણાવ્યા મુજબ આ બિલ્ડિંગ મ્હાડાની માલિકીની છે અને લગભગ દોઢેક વર્ષ પહેલા જ તેનું સમારકામ મ્હાડા દ્વારા કરવામાં આવ્યું હતું અને બિલ્ડિંગ સારી સ્થિતિમાં હતું. મ્હાડાને આ વિશે જાણ કરવામાં આવી છે અને આગળની કાર્યવાહી તે કરશે. ■

# મુંબઇ-અમદાવાદ હાઈવેનો ભયંકર ટ્રાફિક જૅમઃ વિદ્યાર્થીઓનું રસ્તા રોકો

વસઈઃ મુંબઈ-અમદાવાદ નેશનલ હાઈવે અને કામણ-ચિંચોટી-ભિવંડી રોડ પર અવારનવાર ટ્રાફિકની સમસ્યા સર્જાઈ રહી છે. આ સમસ્યાથી ત્રસ્ત વિદ્યાર્થીઓ અને સ્થાનિક ધરતીપુત્રોએ બુધવારે સાંજે ચિંચોટી ખાતે પોતાનો રોષ વ્યક્ત કરવા માટે રસ્તા રોકો આંદોલન કર્યું હતું. વસઈ પૂર્વ વિસ્તારના કામણ, ચિંચોટી, પોમણ, નાગલે, માલજીપાડા, સસૂનવઘર, સાસુપાડા અને અન્ય ગામડાઓમાં રહેતા શાળા અને કોલેજના વિદ્યાર્થીઓ વસઈ વિરાર, નાયગાવ, જુચંદ્રની શાળા અને કોલેજોમાં જાય છે. મુંબઈ-અમદાવાદ નેશનલ હાઈવે અને કામણ ચિંચોટી એ બે જ વિકલ્પ મુસાફરી માટે તેમની પાસે હોય છે. આ રસ્તા પર તેમને ટ્રાફિકની સમસ્યાનો સામનો કરવો પડી રહ્યો છે. હવે પરીક્ષાઓ પણ નજીક આવી ગઈ છે ત્યારે વિદ્યાર્થીઓને હજુ વધુ મુશ્કેલીનો સામનો કરવો પડે તેવી શક્યતા છે. બુધવારે સાંજે ભૂમિપુત્ર સંગઠનો અને રોષે ભરાયેલા નાગરિકોએ ચિંચોટી ખાતે રસ્તા રોકો આંદોલન કર્યું હતું. હાઇવેનું કામ પણ નબળી ગુણવત્તાનું રહ્યું છે. ચિંચોટી-કામણ ભિવંડી માર્ગ બિસ્માર હાલતમાં હોવાથી ટ્રાફિકની ભીડની સમસ્યા સર્જાઈ રહી છે. ૨૨ જુલાઇએ જિલ્લા કલેક્ટરે પગપાળા જ હાઇવેનું નિરીક્ષણ કર્યું ત્યારે સમસ્યાઓનું નિરાકરણ લાવવામાં આવશે તેમ જણાવ્યું હતું. જો કે, પ્રદર્શનકારીઓએ કહ્યું હતું કે, હજુ સુધી કોઇ ઉકેલ આવ્યો નથી. સમયાંતરે હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા, પબ્લિક વર્કસ, મ્યુનિસિપલ કોર્પોરેશન અને પોલીસ પ્રશાસનને પત્ર લખીને હાઈવે અને અન્ય સમસ્યાઓનું નિરાકરણ લાવવાની માંગ કરવામાં આવી હોવા છતાં સત્તાવાળાઓ તેની અવગણના કરી રહ્યા છે. ■

# ભાજપને શરદ પવારનો ફટકો?: હર્ષવર્ધન પાટીલ એનસીપીમાં?

મુંબઈઃ વિધાનસભાની ચૂંટણી નજીક આવતા જ નેતાઓ એક પક્ષમાંથી બીજા પક્ષમાં જવાના શરૂ થઇ ગયા છે અને પક્ષપલટાના આ દોરમાં વધુ એક નામનો ઉમેરો થયો છે. જોકે, મહારાષ્ટ્રના જે નેતાએ પક્ષપલટો કર્યો છે તે મોટા કદના છે અને તેના કારણે ભાજપને મોટો ફટકો પડે તેવી શક્યતા છે.

પુણે જિલ્લાના ભૂતપૂર્વ પ્રધાન ભાજપ છોડીને એનસીપી(શરદચંદ્ર પવાર જૂથ)નો હાથ પકડવાની તૈયારીમાં છે. ભાજપના ભૂતપૂર્વ વિધાનસભ્ય હર્ષવર્ધન પાટીલ અને તેમના કાર્યકર્તાઓએ હવે પોતાના સોશિયલ મીડિયા પરના સ્ટેટસમાં તુતારી(રણશિંગૂ-શરદ પવારના પક્ષનું ચિહ્ન) મૂકવાનું શરૂ કરી દીધું છે. ફક્ત એટલું જ નહીં, ગુરુવારે પાટીલ અને શરદ પવારની મુલાકાત થયા બાદ આ ચર્ચાએ વધુ જોર પકડ્યું છે.

હર્ષવર્ધન પાટીલના દીકરા રાજવર્ધન પાટીલે પણ પોતાના સ્ટેટસમાં આ ચિહ્ન મૂક્તા તે ભાજપ છોડીને શરદ પવાર જૂથમાં સામેલ થવાના હોવાના સંકેત છે.

પાટીલ પવારને તેમના નિવાસસ્થાન ‘સિલ્વર ઓક’માં મળ્યા હતા અને ત્યાર પછી તેમણે પત્રકારો સાથે વાતચીત કરતા જણાવ્યું હતું કે પવારે મને તેમના પક્ષમાં જોડાઇને વિધાનસભાની ચૂંટણી લડવા જણાવ્યું હતું. તેમણે મને કહ્યું કે તે મને ચૂંટાઇ લાવશે.

આ બાબતે ભાજપના પ્રધાન ચંદ્રકાંત પાટીલે કહ્યું હતું કે જો હર્ષવર્ધન પાટીલ શરદ પવાર સાથે હાથ મિલાવશે તો એ નિર્ણય બદલ તેમને પછીથી પસ્તાવો થશે. જ્યારે અમે ચૂંટણી જીતીશું અને તે અમારી પાસે પાછા આવશે ત્યારે અમારું નેતૃત્વ તેમને પાછા લેવા કે નહીં એ વિશે નિર્ણય લેશે. ઉલ્લેખનીય છે કે હર્ષવર્ધન પાટીલે ઇંદાપુર બેઠક પરથી ચાર વખત વિધાનસભ્ય તરીકે ચૂંટાઇ આવેલા છે અને તે ફરીથી આ જ બેઠક પરથી ચૂંટણી લડવા માટે ઇચ્છુક છે. જોકે, આ બેઠક ભાજપના સાથી પક્ષ એનસીપી(અજિત પવાર જૂથ)ને મળે અને તે ચૂંટણીમાં હાલના વિધાનસભ્ય દત્તાત્રેય ભારણેને ચૂંટણીમાં ઉતારે તેવી શક્યતા છે. ■

# “વીકેર 4 સ્વચ્છતા”

## ૭૫,૦૦૦થી વધુ સ્વયંસેવકો સ્વચ્છ અને હરિયાળા ભારત માટે રિલાયન્સના રાષ્ટ્રવ્યાપી અભિયાનને ચલાવે છે



મુંબઈઃ સ્વચ્છતા પખવાડિયા માટે રાષ્ટ્રવ્યાપી જન આંદોલનને નોંધપાત્ર પ્રોત્સાહન આપવા માટે, ૭૫,૦૦૦ થી વધુ સ્વયંસેવકો ૪,૧૦૦ સ્થળોએ રિલાયન્સની ઝુંબેશમાં જોડાયા હતા. ભારત સરકારની ‘સ્વચ્છતા હી સેવા’ દરમિયાન આયોજિત, રિલાયન્સના કર્મચારીઓ, તેમના પરિવારો, સમુદાયના લોકો સાથે સ્વચ્છતા અભિયાનમાં જોડાયા, વૃક્ષો વાવ્યાં, શાળાઓમાં જાગૃતિ લાવવા અને સમગ્ર ભારતમાં સકારાત્મક પરિવર્તન લાવવાના અન્ય ઘણા પ્રયાસોમાં સામેલ થયા હતાં.

આ પ્રયાસો વિશે બોલતા, રિલાયન્સ ફાઉન્ડેશનના સીઈઓ શ્રી જગન્નાથ કુમારે જણાવ્યું હતું કે, “રિલાયન્સ માટે, સ્વચ્છ ભારત એ એક મિશન કરતાં વધુ છે, તે આપણી ઇકોસિસ્ટમના દરેક સભ્ય માટે, પછી તે ગ્રામીણ હોય કે શહેરી ભારતમાં, આપણા પર્યાવરણની સુખાકારીમાં યોગદાન આપવાની તક છે.”

રિલાયન્સની ‘વીકેર 4 સ્વચ્છતા ઝુંબેશ’આ વર્ષે ભારત સરકાર દ્વારા સ્વચ્છતા હી સેવા ઝુંબેશમાં અમારી સહભાગિતાના એક દાયકાને ચિહ્નિત કરે છે.

૧૭ સપ્ટેમ્બરથી ૨ ઑક્ટોબર દરમિયાન રહેણાક વિસ્તારો, શાળાઓ, બજારો, દરિયાકિનારા, પૂજા સ્થાનો, રેલવે સ્ટેશન અને બસ સ્ટેન્ડ, ઐતિહાસિક સ્મારકો, રસ્તાઓ ઉપરાંત, ઉદ્યાનો અને અન્ય જાહેર સ્થળોમાં સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. રિલાયન્સના ૫૯,૦૦૦ કર્મચારીઓથી પ્રેરિત, સમુદાયોમાં લગભગ ૧૬,૦૦૦ લોકો અને સમગ્ર ભારતમાં રિલાયન્સ ફાઉન્ડેશન સાથે કામ કરતી અનેક નાગરિક સમાજ સંસ્થાઓ પણ ઝુંબેશમાં જોડાયા અને સામાન્ય જગ્યાઓ અને જળાશયોની સફાઈ, પુનઃઉપયોગ અને રિસાયક્લિંગને પ્રોત્સાહન આપવા અને વૃક્ષોની સંભાળમાં સ્વૈચ્છિક સેવા આપી હતી. ■

# કલ્યાણમાં ભૂતપૂર્વ નગરસેવિકાના પતિનું અપહરણ કરી ખંડણી માગનારા પકડાયા

## સમસ્યાઓના સમાધાનને બહાને જ્યોતિષની જાળમાં સપડાવ્યોઃ કલ્યાણની રૂમમાં પિસ્તોલની ધાકે બાંધી રાખ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ભૂતપૂર્વ નગરસેવિકાના પતિનું કથિત અપહરણ કર્યા બાદ ૨૦ લાખ રૂપિયાની ખંડણી માગવા પ્રકરણે પોલીસે ત્રણ આરોપીની ધરપકડ કરી હતી. સમસ્યાઓના સમાધાન માટે જ્યોતિષ પાસે લઈ જવાને બહાને અપહૃતને પિસ્તોલની ધાકે કલ્યાણની એક રૂમમાં પૂરી રાખવામાં આવ્યો હતો.

માનપાડા પોલીસે ધરપકડ કરેલા આરોપીઓની ઓળખ ગિરીશ રમેશ ખૈરે (૫૦), વિનયકુમાર કૃષ્ણ યાદવ ઉર્ફે રાઘવ (૨૨) અને વિનાયક કિસન કરાડે (૩૫) તરીકે થઈ હતી. તેમની પાસેથી અઢી લાખની કિંમતના ત્રણ મોબાઈલ ફોન અને દેશી બનાવટની પિસ્તોલ જપ્ત કરવામાં આવી હતી.

પોલીસ ફરિયાદ અનુસાર ઘટના ૨૪ સપ્ટેમ્બરે બની હતી. અપહરણનું કાવતરું અપહૃતના ઓળખીતા ગિરીશ ખૈરેએ ઘડ્યું હોવાનો દાવો પોલીસે કર્યો હતો. કલ્યાણની ભૂતપૂર્વ નગરસેવિકાના પતિને તેમની બધી સમસ્યાઓનું સમાધાન કરાવવા જ્યોતિષ પાસે જવાની સલાહ ખૈરેએ આપી હતી. આ માટે ખૈરેએ તેના સાથી વિનાયક કરાડેને જ્યોતિષની ભૂમિકા ભજવવાનું કહ્યું હતું.

જ્યોતિષ પાસે લઈ જવાને બહાને ભૂતપૂર્વ નગરસેવિકાના પતિને કલ્યાણમાં સખુબાઈ પાટીલ નગર સ્થિત એક ઢાબાની પાછળના નિર્જન સ્થળે લઈ જવામાં આવ્યો હતો. આરોપીઓએ પિસ્તોલની ધાકે અપહૃતને એક રૂમમાં ખુરશી સાથે બાંધી રાખ્યો હતો. આ રૂમ પણ ખૈરેએ જ ભાડે લીધી હતી. ગુનામાં વપરાયેલી પિસ્તોલ બિહારથી લાવવાનું કામ આરોપી યાદવને સોંપાયું હતું, જેના માટે તેને ૧૫ હજાર રૂપિયા પણ આપવામાં આવ્યા હતા. ■

‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શનિવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

શક્તિપીઠની જોડી જમાવો

| A | B |
|---|---|
| વિંધ્યવાસિની | હિમાચલ પ્રદેશ |
| સિદ્ધિકા | ગુજરાત |
| ત્રિપુરમાલિની | ઉત્તર પ્રદેશ |
| માંગલ્ય ચંડિકા | પંજાબ |
| આરાસુરી અંબા | પ. બંગાળ |

## ઓળખાણ પડી?



માતાજીની આરાધનાનો પરમ ઉત્સવ નવરાત્રી વિવિધ રાજ્યો પોતપોતાની રીતે ઉજવે છે. તસવીરમાં કયા રાજ્યની ઉજવણી છે એની ઓળખાણ પડી?

અ) કેરળ ब) પ. બંગાળ ક) આસામ ડ) ઉ. પ્રદેશ

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ મ | જ | ૨ બૂ | ત | | ૩ ર | ૪ ઘ | ૫ વા | ટ | |
| ઠા | | ર | | ૬ ફ | | ૭ ટા | લ | | ૮ વિ |
| ૯ ધિ | ૧૦ ર | વું | | રિ | | | ૧૧ મ | ૧૨ ને | ખ |
| ૧૩ પ | ડી | | ૧૪ કા | યા | ક | લ્પ | | ૧૫ ત | વા |
| તિ | | | ૧૬ ર | દ | | | ૧૭ શ | ર | દ |
| | ૧૮ ઝાં | ૧૯ ઝ | વાં | | ૨૦ કા | ૨૧ મ | ણ | | |
| ૨૨ બ | | પ | | ૨૩ રા | ય | ણ | | | ૨૪ દ |
| ૨૫ દ | ક્ષ | તા | | ૨૬ ત | ર | | ૨૭ સા | દ | ર |
| ના | | ૨૮ લ | ૨૯ વા | રા | | ૩૦ ભા | મ | | વા |
| ૩૧ મ | ડું | | ૩૨ જા | ણી | જો | ઈ | ને | | ન |

## શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | | ૪ | | ૫ | | |
| | | ૬ | | ૭ | | | | | ૮ |
| ૯ | | | | ૧૦ | ૧૧ | | | ૧૨ | |
| | | | ૧૩ | | | | ૧૪ | | |
| ૧૫ | | | ૧૬ | | | ૧૭ | | | |
| | | ૧૮ | | | ૧૯ | | ૨૦ | | |
| ૨૧ | ૨૨ | | | ૨૩ | | | | | |
| ૨૪ | | | | | | ૨૫ | | ૨૬ | |
| | | | ૨૭ | | | | | ૨૮ | |
| ૨૯ | | | | | ૩૦ | | | | |

**આડી ચાવી**

૧. અનુવાદ (૪)
૪. ઘરેણાં (૪)
૬. મચકોડ, લચકાતી ચાલ (૩)
૯. ઉત્તમ, કાલ પછીની કાલ (૩)
૧૦. સાહિત્યક્ષેત્રનું એક મોટું પ્રાઈઝ (૩)
૧૨. હંમેશાં (૨)
૧૩. હોડીવાળો (૩)
૧૪. શાંતિ (૩)
૧૫. ---મૂંડો ટાંઉ ટાંઉ (૨)
૧૬. ---વાગવી એટલે નુકસાન થવું (૨)
૧૭. ધૂન, લેહ, લગની (૨)
૧૮. ચામડીનો ચેપી રોગ (૨)
૨૦. વરદાન દેનારી (૩)
૨૧. અવિનાશી, વર્ણ, દસ્કત (૩)
૨૩. કાલિદાસે લખ્યું - રઘુ - - (૨)
૨૪. છુપાઈને જોવું તે (૩)
૨૫. જેનું તળિયું નથી તે (૩)
૨૭. --- ઉઘાડવા એટલે ચેતવવું (૨)
૨૮. ધીબકો, મુક્કો (૨)
૨૯. પૈસા ભરી સામયિક મગાવો (૪)
૩૦. પ્રસ્તાવના તરૂપ, પ્રસ્તુત (૪)

**ઊભી ચાવી**

૧. આતુરતા, ઉતાવળ, ચપલતા (૫)
૨. અત્યાચાર, જબરદસ્તી, અન્યાય (૩)
૩. મને પગે --- આવી (૨)
૫. કામ (૨)
૭. એકરાર (૪)
૮. લેવડદેવડ (૬)
૧૧. યુવાનીમાં કમર ---ને કમાવ (૨)
૧૨. સરખું (૨)
૧૩. સમાપ્ત (૩)
૧૪. સતત, નિરંતર (૫)
૧૮. ---પછી કાયદો બને (૩)
૧૯. હવે નિરાંત થઈ (૨)
૨૧. વૃત્તાંત, હેવાલ (૪)
૨૨. નાશવંત (૨)
૨૩. પ્રણામ (૩)
૨૫. અમથું (૩)
૨૬. નાનકડું (૩)
૨૭. કાર્ય (૨)

## ગુજરાત મોરી મોરી રે

બહુચરા માતાજીના પરમ ભક્ત વલ્લભ ભટ્ટે ૧૧૮ કડી અને ૨૩૬ પંક્તિઓનો વિસ્તાર ધરાવતો લખેલો ગરબો કયા નામથી જાણીતો છે એ જણાવો.

અ) ભક્તિ ગરબો ब) સોનલ ગરબો
ક) શક્તિ ગરબો ડ) આનંદ ગરબો

## જાણવા જેવું

દયારામની ગરબીઓ તેમનું ઉત્કૃષ્ટ સર્જન ગણાય છે. જન હૃદયને સ્પર્શતી ગરબીઓમાં વાણી માધુર્ય અને ભાષા પ્રભુત્વ સાથે સંગીતનું માધુર્ય ભરેલું છે. તેમની ગરબીઓ મોહક છે. ‘વાંકું મા જોશો વરણાગિયા, જોતાં કાળજડામાં કાંઈ કાંઈ થાય છે’, મારું મન મોહ્યું વાંસલડીને શબ્દે કાના કાળા’ વગેરે પંક્તિઓમાં લયમાધુર્ય સાથે રસિક કલ્પના જોવા મળે છે.

## ચતુર આપો જવાબ

## માથું ખંજવાળો

‘અલી બઈ, હવે હું નઈ, નઈ રે મહી વેચવાને જાઉં’ અવિનાશ વ્યાસ રચિત ગરબાની રજૂઆત સૌપ્રથમ કોના સ્વરમાં થઈ હતી એ કહી શકશો?

અ) ગીતા દત્ત ब) આશા ભોસલે ક) લતા મંગેશકર ડ) સુમન કલ્યાણપુર

## નોંધી રાખો

ધાર્મિક સાહિત્યની રચના માનવીના દિલ અને દિમાગને પવિત્ર બનાવી જીવનનું તત્ત્વદર્શન કરાવી આપવામાં પણ નિમિત્ત બને છે.

## માઈન્ડ ગેમ

‘સંવત શત દશ સાત, નવ ફાલ્ગુન શુધ્ધે મા તિથિ તૃતીયા વિખ્યાત, શુભ વાસર બુધ્ધે મા’ પંક્તિ વાંચીને એ ક્યારે લખાઈ હતી એ કહી શકશો?

અ) ૧૭૯૯ ब) ૧૯૧૩
ક) ૧૭૦૯ ડ) ૧૩૩૩

## સુડોકુ-૬૦૯૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૭ | ૯ | ૧ | | | | ૨ | |
| ૬ | | ૧ | ૭ | | ૨ | | | |
| | ૪ | ૩ | | | ૫ | | | ૭ |
| ૩ | | ૨ | | | | | ૪ | ૯ |
| | | | ૩ | ૬ | ૧ | | | |
| ૮ | ૬ | | | | | ૭ | | ૩ |
| ૯ | | | ૫ | | | ૨ | ૬ | |
| | | | ૨ | | ૮ | ૩ | | ૧ |
| | ૨ | | | | ૬ | ૫ | ૭ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૬૦૯૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૬ | ૮ | ૫ | ૧ | ૩ | ૭ | ૪ | ૯ |
| ૧ | ૫ | ૪ | ૭ | ૨ | ૯ | ૮ | ૬ | ૩ |
| ૩ | ૯ | ૭ | ૬ | ૪ | ૮ | ૫ | ૧ | ૨ |
| ૯ | ૧ | ૫ | ૩ | ૭ | ૪ | ૬ | ૨ | ૮ |
| ૪ | ૨ | ૩ | ૮ | ૬ | ૫ | ૧ | ૯ | ૭ |
| ૭ | ૮ | ૬ | ૨ | ૯ | ૧ | ૩ | ૫ | ૪ |
| ૬ | ૪ | ૨ | ૧ | ૮ | ૭ | ૯ | ૩ | ૫ |
| ૫ | ૭ | ૯ | ૪ | ૩ | ૬ | ૨ | ૮ | ૧ |
| ૮ | ૩ | ૧ | ૯ | ૫ | ૨ | ૪ | ૭ | ૬ |

## ગયા શુક્રવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| भालू | रींछ |
| कछुआ | काचबो |
| भेडा | घेटुं |
| भेडिया | वरु |
| बारहसिंगा | साबर |

ગુજરાત મોરી મોરી રે
રાણકદેવી

ઓળખાણ પડી?
Halle Berry

માઈન્ડ ગેમ
સરિતા જોશી

ચતુર આપો જવાબ
માથું ખંજવાળો
ચોર પોલીસ

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) ડૉ. પ્રકાશ કટકિયા (૨) નીતા દેસાઈ (૩) ભારતી બુચ (૪) ભારતી પ્રકાશ કટકિયા (૫) મુલરાજ કપૂર (૬) પ્રતિમા પમાણી (૭) ગીતા ઉદેશી (૮) કિશોરકુમાર જીવણદાસ વેદ (૯) સુરેખા દેસાઈ (૧૦) સુભાષ મોમાયા (૧૧) અબ્દુલ્લા એફ. મુનીમ (૧૨) શીરીન ઔરંગાબાદવાલા (૧૩) તાહેર ઔરંગાબાદવાલા (૧૪) નયના ગિરીશ મિસ્ત્રી (૧૫) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૧૬) પુષ્પા પટેલ (૧૭) શ્રદ્ધા આશર (૧૮) વિભા મહેશ્વરી (૧૯) મહેશ દોશી (૨૦) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૧) જ્યોતિ ખાંડવાલા (૨૨) મનીષા શેઠ (૨૩) ફાલ્ગુની શેઠ (૨૪) હર્ષા મહેતા (૨૫) અશોક સંઘવી (૨૬) મહેન્દ્ર લોઢાવિયા (૨૭) ભાવના કર્વે (૨૮) દેવેન્દ્ર સંપટ (૨૯) વિણા સંપટ (૩૦) અંજુ ટોલિયા (૩૧) પ્રવીણ વોરા (૩૨) નિતીન બજરિયા (૩૩) મીની કાપડિયા (૩૪) રજનીકાંત પટવા (૩૫) સુનીતા પટવા (૩૬) અરવિંદ કામદાર (૩૭) પુષ્પા ખોના (૩૮) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૯) જગદીશ ઠક્કર (૪૦) નયના ગિરીશ મિસ્ત્રી (૪૧) જ્યોત્સના ગાંધી (૪૨) રમેશ દલાલ (૪૩) હિના દલાલ (૪૪) ઈનાક્ષી દલાલ (૪૫) અલકા વાણી (૪૬) મહેશ સંઘવી (૪૭) ખુશરૂ કાપડિયા (૪૮) જગદીશ ઠક્કર (૪૯) નિખિલ બંગાળી (૫૦) અમીશી બંગાળી (૫૧) ધીરેન્દ્ર ઉદેશી (૫૨) જયવંત પદમશી ચિખલ (૫૩) નૂતન વિપન

## આજની ક્વિક ફિલ્મી ક્વિઝનાં જવાબ

**ક્વિઝ (અ)** ૧) એક દુજે કે લિયે (કમલ હસન-રતિ અગ્નિહોત્રી) ૨) દિલવાલે દુલ્હનિયા લે જાયેંગે (શાહરુખ-કાજલ) ૩) તેઝાબ (અનિલ કપૂર- માધુરી દીક્ષિત) ૪) બરસાત (બોબી દેઓલ - ટવિન્કલ ખન્ના) ૫) ગદર એક પ્રેમ કથા (સની દેઓલ-અમિષા પટેલ) ૬) મૈને પ્યાર કિયા (સલમાન - ભાગ્યશ્રી) ૭ ) દશ્યમ (અજય દેવગન - શ્રિયા સરન )

**ક્વિઝ (બ)** ૧) કિરણ કુમાર -- તેઝાબ ૨) અમરીશ પુરી - મિસ્ટર ઇન્ડિયા ૩) મનોજ બાજપાઈ -- સત્યા ૪) કાલિચરણ -- શત્રુઘ્ન સિન્હા ૫) મશીન મોહન -- શોલે ૬) નાના પાટેકર -- વેલકમ ૭) પરેશ રાવળ -- હેરાફેરી


નેહા શાહ


આહશી તન્ના


રિતિકા રત્નાની


જિયન મોરબિયા


અરહમ સાવલા


જિજ્ઞા ઠક્કર


ધીમહી પંચવટિયા


કાવ્યા ભાનુશાલી


અક્ષય ફરિયા

## બૃહદ્ મુંબઈ નવરાત્રિ મહાસ્પર્ધા

# 'મુંબઈ સમાચાર' અને થાણે રાસ રંગે ખેલૈયાઓનાં મનડાં લીધાં મોહી રાજ...

'મુંબઈ સમાચાર' દ્વિશતાબ્દી મહોત્સવની ઉજવણી નિમિત્તે આ વર્ષની 'મુંબઈ સમાચાર'ની નવરાત્રિ મહાસ્પર્ધાનો શુભારંભ ગુરુવારે થાણેમાં થયો હતો. પ્રથમ નોરતે થાણે પશ્ચિમમાં કોપરી સ્થિત ઓક્ટ્રોય ગ્રાઉન્ડ પર ક્રેડાઈ એમસીએચઆઈ, થાણે આયોજિત થાણે રાસ રંગ-૨૦૨૪ નવરાત્રિમાં 'મુંબઈ સમાચારની મહાસ્પર્ધા યોજાઈ હતી, જેમાં ખેલૈયાઓ પરંપરાગત વસ્ત્રો પરીધાન કરીને ગરબામય બની ગયા હતા. દર વર્ષની જેમ આ વર્ષે પણ થાણે રાસરંગના આયોજક જિતેન્દ્ર મહેતા (જિતુભાઈ મહેતા)એ મેડિકલ ઈમરજન્સી માટે ક્વૉલિફાઈડ ડૉક્ટરોની ટીમ અને એમ્બ્યુલન્સની સુવિધા રાખી હતી.

મેદાનમાં આકર્ષક સ્ટેજની બાજુમાં જ તૈયાર કરાયેલા ભવ્ય મંદિરમાં માતાજીની આરતી પછી 'મા પાવા તે ગઢથી ઊતર્યાં મહાકાળી રે...' ગરબાથી નવરાત્રિનો આરંભ કરાયો હતો. મેદાનમાં રંગરસિયાઓની સુરક્ષાને ધ્યાનમાં રાખી ઠેર ઠેર સીસીટીવી કૅમેરા, લેડી બાઉન્સર્સ, મેટલ ડિટેક્ટર સહિતની ગોઠવણ કરાઈ હતી. વરસાદની આગાહી કરવામાં આવી હોવાથી ખેલૈયાઓના રંગમાં કોઈ ખલેલ ન પહોંચે તે માટે મેદાનમાં વૂડન પ્લૅટફોર્મ બનાવવામાં આવ્યું હતું, જેના પર રંગબેરંગી ડિઝાઈનર કાર્પેટ પાથરીને વીઆઈપી લૂક આપવામાં આવ્યો હતો.



મહાસ્પર્ધાના પ્રાયોજક ચંદન માઉથફ્રેશનર, જેવીએમ સ્પેસીસ, ઈવેન્ટ સ્પોન્સર્ડ રચના સલૂન, ટ્રોફી પાર્ટનર બીએન જ્વેલર્સ, ગિફ્ટિંગ પાર્ટનર નેનો નાઈન, રેન્ડેઝેવોસ, પાલખી, દામજી શામજી ગ્રુપ, ફ્રેન્ડ્સ રિસોર્ટ્સ, અરોન રિસોર્ટ, સમર પ્લાઝા, જશ હોલિડેસ ઍન્ડ મેમોરીસ, ખાનવેલ રિસોર્ટ-સિલવાસા, અરિહંત હોલિડેસ, ટ્રિપ ટુ થાઈલૅન્ડ, એસબીસીન અને હેરલોજિક બ્રાન્ડ- મિશા ઈમ્પેક્સ, હેર સ્ટુડિયો છે.

**પહેલા નોરતાના જજ:** ખુશ્બૂ ઠક્કર, દીપ્તિ વોરા, મનીષા શેઠ , જિતુભાઈ મહેતા, અમિત સોની, બિજલ વીસરિયા, વિદ્યા છેડા.

(તસવીરો: અમય ખરાડે)



બોલીવૂડમાં છેલ્લાં ૩૫ વર્ષથી ઢોલ પ્લેયર્સ તરીકે જાણીતા હનીફ-અસલમ અને તેની બૅન્ડ ટીમ સાથે ઉમેશ બારોટ, ફિરોઝ લાડકા, જી. દ્રવિતા ચોક્સી ઑબેરોય, હેલી મજમુદાર, રૂપાલી કશ્યપ જેવા સ્ટાર ગાયકોના કંઠે રેલાયેલા સૂરોને કારણે ખેલૈયાઓ મંત્રમુગ્ધ થઇ ગયા હતા. 'મુંબઈ સમાચાર'ની મહાસ્પર્ધામાં દુષ્યંત સોની, અમિત સોની અને મનીષા શેઠનો સહયોગ સાંપડ્યો છે. ઉલ્લેખનીય છે કે મુંબઈના સૌથી મોટા યશરાજ ફિલ્મ્સ સ્ટુડિયોમાં નવરાત્રિ રિહર્સલ માટે પરવાનગી મેળવનાર એકમાત્ર થાણે રાસરંગ નવરાત્રિ છે.

'મુંબઈ સમાચારે' યોજેલી મહાસ્પર્ધા 'રમો, ઝૂમો અને જીતો'માં જે સ્પર્ધકોને ઈનામ મળ્યાં હતાં તેમને 'મુંબઈ સમાચાર' બિરદાવે છે. દરેક સ્પર્ધકોને ટ્રોફી અને ગિફ્ટ આપવામાં આવશે. મહાસ્પર્ધામાં પસંદ કરાયેલા વિજેતાઓ માટે 'મુંબઈ સમાચાર' બમ્પર ઈનામોની વણજાર લઇને આવ્યું છે, જેમાં ૧૦ દંપતી માટે થાઈલૅન્ડની ટ્રિપ, બે કપલ માટે ભૂતાનમાં સ્ટે ઉપરાંત ગિફ્ટ વાઉચર્સ અને રોકડ તો છોગામાં... આવાં ઈનામો મુખ્ય આકર્ષણનું કેન્દ્ર બની રહેશે.

### સૌ વિજેતાઓને અભિનંદન

આજે શુક્રવારે બીજા નોરતે 'મુંબઈ સમાચાર' સંગાથે રંગ રાસ નવરાત્રિ-૨૦૨૪, બોરીવલી પશ્ચિમમાં લિંક રોડ સ્થિત ચીકુવાડી ખાતે આવેલા બાળાસાહેબ ઠાકરે મનોરંજન ઉદ્યાનમાં ખેલૈયાઓ ઝૂમશે અને ઈનામો પણ મેળવશે.


હિતાન્સા શાહ


ધૈર્ય ગોસર


સ્મૃતિ દેસાઈ



શિવાની દાધા


તન્મય ઉબાલે


દીપાલી કોઠારી


દક્ષ કચરા


હરીશ માલીવાર


શૈલેશ બકરાનીયા


ધમી ગાલા


પીયૂષ લાલન


ટીશા નીસર


રાજેશ કાણકિયા

મુંબઈ સમાચાર નવરાત્રિ સ્પેશિયલ

# ડોમ્બિવલી રાસ રંગમાં ઊમટ્યું ઘોડાપૂર







ડૉ. શ્રીકાંત શિંદે ફાઉન્ડેશન આયોજિત ડોમ્બિવલી રાસ રંગ-૨૦૨૪ નૈતિક નાગડા સંગની જ્વારથી જાહેરાત થઇ છે, ત્યારથી જ્યાં નૈતિક નાગડાનો ફેન વર્ગ વિશાળ છે, એવા કલ્યાણ ડોમ્બિવલીમાં મા અંબેમાના ભક્તોની નવરાત્રિની આતુરતાનો અંત ૩જી ઓક્ટોબરના આવ્યો અને પ્રથમ નોરતે ડોમ્બિવલીના નવરાત્રિ પટાંગણમાં આબાલ-વૃદ્ધોનું ઘોડાપુર ઊમટ્યું હતું.

ડોમ્બિવલીવાસીઓના મનને હરી લેનાર નૈતિક નાગડા અને તેમના દીકરા હિયાનની જોડી ફરી એક વાર જામવાની છે. ડોમ્બિવલી રાસ રંગના મુખ્ય આયોજક શ્રીકાંત શિંદેસાહેબે ગત વર્ષની જેમ આ નવરાત્રિમાં પોતાના ચાહકોને નૈતિક નાગડા સાથે પ્રિન્સ હિયાન નાગડાને રાખીને ખુશ કરી દીધા હતા. ડોમ્બિવલી રાસ રંગની ફેન રીના ફોફરિયા ગત વર્ષની જેમ પોતાના ૩ વર્ષના ભાણેજ મયન જિનેશ ઝવેરી સાથે રમવા આવ્યાં હતાં. આ સમયે મયન ઝવેરી હિયાન નાગડાને ઢોલ વગાડતો જોઇને મન મૂકીને રાસ રમવા લાગ્યો હતો.

નવરાત્રિના પટાંગણમાં હાજર રેહલા મા અંબેમાના ભક્તો રમવામાં લીન થઇ ગયા હતા, એ સમયે નૈતિક નાગડા તથા તેના સાજિંદાઓ પૂરી લગનથી પોતાના કાર્યમાં મશગુલ હતા. સિંગરોની ટીમે એક પછી એક તળપદાં ગીતો ગાઈને ગુજરાતની સંસ્કૃતિને મુઠ્ઠીઊંચેરું સ્થાન આપ્યું હતું.

નવરાત્રિના મેદાનમાં વિશાળ મેદનીને ડૉ. શ્રીકાંત શિંદેની યુવા ટીમ દ્વારા કન્ટ્રોલ કરવામાં આવી રહી છે. મેદાનમાં બનાવવામાં આવેલા અંબેમાના મંદિરમાં સાંજે ૭ વાગ્યે ભક્તિભાવપૂર્વક આરતી કરવામાં આવી હતી. આરતી બાદ ખેલૈયાઓએ ગરબાની રમઝટ બોલાવી હતી. સતત એક કલાક સુધી હાજર મેદનીના પગ થીરક્યા હતા. આ જોઇને નૈતિક નાગડા અને હિયાન નાગડાએ ખેલૈયાઓના ઉત્સાહમાં બમણો વધારો કર્યો

### નવરાત્રિમાં આવતા ખેલૈયાઓ માટે ખાસ સૂચના

આપના સીઝન પાસ - ડેઈલ પાસ ઓનલાઈન બુક માય શો અથવા ગ્રાઉન્ડની અધિકૃત ટિકિટબારીમાંથી લેવા વિનંતી. રસ્તા પરથી કે પછી અન્ય જગ્યાએથી વેચાતા પાસ ડુપ્લિકેટ હોઇ શકે છે તેની નોંધ લેશો.

# થાણે રાસ રંગ-૨૦૨૪માં નવરાત્રિના પ્રારંભે જ ઊમટ્યો માનવમહેરામણ

મુંબઈ સમાચાર નવરાત્રિ સ્પેશિયલ





ક્રેડાઈ એમસીએચઆઈ થાણેના પ્રમુખ જિતેન્દ્ર મહેતાએ થાણે રાસ રંગ-૨૦૨૪નું આયોજન ઢોલીડા હનીફ-અસલમ અને ઉમેશ બારોટ સંગ ડિક્લેર કર્યું ત્યારથી બૃહદ્ મુંબઈ અને થાણેવાસીઓના પગ થનગનવા લાગ્યા હતા. સહુનો એક જ સૂર હતો કે સારા જમાના થાણે રાસ રંગ કા દીવાના.

હનીફ અસલમ આયોજક જિતુભાઈ મહેતા જોડે ઘાટકોપરમાં મેગા નવરાત્રિ કરી ચૂક્યા છે. તેઓએ થાણે રાસ રંગ-૨૦૨૪ના આયોજનની તૈયારી જોઇ. તેઓને જણાયું કે આવી તૈયારી અંબાણી પરિવારના શાહી મેરેજને ઝાંખા પાડી રહ્યું છે. સમગ્ર નવરાત્રિ પટાંગણને મોન્ટુ ટીબરેવલની ટીમની એક મહિનાની મહેનત રંગ લાવી. ઝાઝરમાન ભવ્ય રંગ-બેરંગી પ્રવેશ લોબી, વિશાળ વુડન પ્લેટફોર્મ, કલાત્મક ડિઝાઈન સાથેની કારપેટ, ૬૦૦૦ ફૂટનો સાજિંદાઓ માટે વિશાળ સ્ટેજ, સ્ટેજ ઉપર ગ્રાઉન્ડને લાઈવ દેખાડતી એલઈડી, રંગબેરંગી રોશની માટે સુંદર લાઈટનું આયોજન, સ્ટેજની એક તરફ અંબેમાનું ભવ્ય મંદિર, મંદિરમાં દરરોજ પ્રશાંત મહારાજ દ્વારા સાંજના સાતના ટકોરે માતાજીની પૂજા અને ભાવપૂર્વક આરતી કરવામાં આવશે.

થાણે રાસ રંગ-૨૦૨૪ને દેશ-વિદેશના ઘરે ઘરે લાઈવ ટીવી ચેનલ, યુ-ટ્યૂબ દ્વારા પહોંચાડવાનું કાર્ય જિનલ સ્ટુડિયોના બન્ટી અને ભાવિક કરી રહ્યા છે. આવા સુંદર આયોજન માટે નવરાત્રિના મુખ્ય સ્પોન્સરર આશર ગ્રુપ અજયભાઈ આશરે જિતુભાઈ મહેતાને ખૂબ ખૂબ અભિનંદન આપ્યાં હતાં. થાણે રાસ રંગનું પીઆર વર્ક સંભાળતા હરેશ અવલાણીએ આ અંગે વધુમાં માહિતી આપતાં જણાવ્યું હતું કે છેલ્લાં સાત વર્ષથી થાણેમાં નવરાત્રિના આયોજનમાં સક્રિય એવા એકનાથ શિંદેસાહેબ, અજયભાઈ આશર, જિતુભાઈ મહેતાને માતાજીની ભક્તિ ફળી છે. અહીં અંબેમાની થતી મનપૂર્વક ભક્તિને કારણે તેઓનો અને થાણેનો વિકાસ થયો છે.

### બીજા નોરતાના જજ

સિદ્ધેશ, ટીના કોઠારી, સરયુ માલદે અને અજય ભોજક. જજ કો-ઓર્ડિનેટર - જય ઠક્કર.

### થાણે રાસ રંગ-૨૦૨૪ની સ્ટાર એન્કર હેમાલી સેજપાલ

સ્ટાર એન્કર હેમાલી સેજપાલની જીભે મા સરસ્વતી વસેલાં છે. તેનો ગુજરાતી, હિન્દી, ઊર્દૂ અને અંગ્રેજી ભાષા ઉપર સારો કંટ્રોલ છે. તેનું શબ્દભંડોળ વિશાળ છે. હાલના માનનીય વડા પ્રધાનના ડ્રીમ પ્રોજેક્ટ કચ્છ કાર્નિવલના પ્રોગ્રામમાં તેઓએ એન્કરિંગ કર્યું છે, ત્યારે નરેન્દ્રભાઈ મોદીએ તેમનાં વખાણ કરતાં જણઆવ્યું હતું કે આટલી નાની વયમાં આપ સુંદર એન્કરિંગ કરો છો, અભિનંદનને પાત્ર છો અને ગુજરાતનું ગૌરવ છો. તેઓની એન્કરિંગનો લાભ મુકેશભાઈ અંબાણી, લતા મંગેશકર, નીતિન ગડકરી, રાજનાથ સિંહ, બોલીવૂડના કલાકાર રિતિક રોશન, રણવીર સિંહ, પ્રેમ ચોપરા વગેરે પ્રભાવિત થયા છે.

### રંગરસિયાઓ માટે ખાસ સૂચના

આપના સીઝન પાસ - ડેઈલ પાસ ઓનલાઈન બુક માય શો અથવા ગ્રાઉન્ડની અધિકૃત ટિકિટબારીમાંથી લેવા વિનંતી. રસ્તા પરથી કે પછી અન્ય જગ્યાએથી વેચાતા પાસ ડુપ્લિકેટ હોઇ શકે છે તેની નોંધ લેશો.

# મેટિની

**કવર સ્ટોરી**
**હેમા શાસ્ત્રી**

# મહિલા ડિરેક્ટરની બોડી હોરર ફિલ્મઃ The Substance ધિક્કાર ને આવકાર

**હોરર ફિલ્મનો વાયરો પશ્ચિમમાં સુધ્ધાં ફૂંકાયો છે. બોડી હોરર ફિલ્મ ‘ધ સબસ્ટન્સ’ને કાંટાળો તાજ પહેરાવાઈ રહ્યો છે તો ફૂલોની વર્ષા પણ થઈ રહી છે**

હોરર ફિલ્મોનો વાયરો વિદેશમાં પણ જોરદાર ફૂંકાઈ રહ્યો છે. આ વર્ષના પ્રારંભમાં (૫ જાન્યુઆરી, ૨૦૨૪) પ્રથમ સુપરનેચરલ હોરર ફિલ્મ Night Swim રિલીઝ થઈ હતી. ૧૫ મિલિયન ડૉલરના બજેટમાં બનેલી આ ફિલ્મ બોક્સ ઓફિસ પર સડસડાટ દોડી ૫૪ મિલિયન ડૉલરનો વકરો કરવામાં સફળ રહી હતી. પહેલા નવ મહિનામાં (૩૦ સપ્ટેમ્બર સુધી) વીસેક હોરર ફિલ્મ રિલીઝ થઈ ગઈ છે અને વર્ષના બાકી રહેલા ૩ મહિનામાં અન્ય ૧૦ ફિલ્મ દર્શકોને ડરાવી મનોરંજન કરવા લાઈનમાં ઊભી છે. ગયા મહિને જ The Front Room, Speak No Evil (Both Psychological Horror),The Substance (Body Horror), A Different Man (Psychological Horror), Never Let Go (Survival Horror), Sleep (Comedy Horror), and Azrael(Action Horror) રિલીઝ થઈ હતી. દરેકની પોતપોતાની લાક્ષણિકતા છે.

જોકે, આ બધામાં ૨૦ સપ્ટેમ્બરે રિલીઝ થયેલી The Substance સૌથી વધુ ચર્ચાસ્પદ રહી છે. આ ફિલ્મને યુકે અને યુએસના દર્શકોએ બે અંતિમ છેડાનો પ્રતિસાદ આપ્યો છે. પ્રતિષ્ઠિત બ્રિટિશ અખબારમાં આ ફિલ્મ વિશે ટિપ્પણી કરવામાં આવી છે કે A new body horror film The Substance is causing walkouts in cinemas across the world due to its extreme gore –નવી રિલીઝ થયેલી બોડી હોરર (શારીરિક ફેરફાર – બદલાવથી ઉત્પન્ન થતો ભય) ફિલ્મ ‘ધ સબસ્ટન્સ’માં હિંસાનો અને લોહીની છોળોનો એટલો બધો અતિરેક છે કે વિશ્વભરમાં અનેક ઠેકાણે દર્શકો અધવચ્ચે જ થિયેટર છોડી જતા જોવા મળ્યા છે….

ગુજરાતી નાટકોમાં પ્રેક્ષકોના વોકઆઉટના કિસ્સા તમે વાંચ્યા-સાંભળ્યા હશે, પણ એકવીસમી સદીના ત્રીજા દાયકામાં અને એ પણ ફિલ્મમાં આવું બન્યું એ વાત ચર્ચાના ચકડોળે ચડી છે. રસપ્રદ વાત એ છે કે આ ફિલ્મ એક મહિલા ડિરેક્ટરની છે અને મે મહિનામાં એ ‘કાન ફિલ્મ ફેસ્ટિવલ’ માં પ્રદર્શિત થઈ ત્યારે પણ ખાસ્સી ચર્ચાસ્પદ રહી હતી. એ વખતે જ ફિલ્મના અભ્યાસુઓ એ ફિલ્મ રિલીઝ થશે ત્યારે એક વર્ગ એનેખૂબ વહાલ કરશે અને એક વર્ગ એવો પણ હશે જે એને ધિક્કારશે.



આ ભવિષ્યવાણી અક્ષરશઃ સાચી પડી છે. કોઈ ફિલ્મને હિંસા પ્રચુર ઘૃણાસ્પદ ફિલ્મ લેખાવી છે તો બીજી તરફ એને ‘કલ્ટ ક્લાસિક’ ગણાવતો વર્ગ પણ છે.

### ફિલ્મની થીમ શું છે?

મુવી સ્ટારમાંથી ટીવી ફિટનેસ ઈન્સ્ટ્રક્ટર બનેલી એલિઝાબેથ સ્પાર્કલ (ડેમી મૂર) જીવનના મોટાભાગના સમય દરમિયાન કેમેરા સામે જ વ્યસ્ત રહી છે. એલિઝાબેથ બરાબર જાણે છે કે ગ્લેમર ઈન્ડસ્ટ્રી ઘણી વાત ચલાવી લેશે – આંખ આડા કાન કરશે, પણ યુવતી પ્રૌઢા બની જાય – એની ઉંમર દેખાય એ નહીં સાંખી લેવાય. બ્રેન કરતાં બોડી અનેકગણું મહત્ત્વ ધરાવે છે. ૫૦માં બર્થ- ડેની ઉજવણી વખતે એલિઝાબેથને બર્થ- ડે ગિફ્ટ તરીકે એના બોસ નોકરીમાંથી કાઢી મૂકે છે. ગ્લેમર ગુમાવી દેનારી પ્રૌઢાનોહવે બોસને ખપ નથી રહ્યો. એલિઝાબેથ અચાનક પૂનમની ચાંદનીમાંથી અમાસની કાળી ડિબાંગ રાતમાંઘેરાઈ જાય છે. એવામાં હોસ્પિટલની નર્સ પાસેથી એક બ્લેક માર્કેટ ડ્રગની જાણકારી મળે છે. આ ડ્રગનું સેવન કરનારીવ્યક્તિ ‘યુવાન, વધુ સુંદર અને વધુ પ્રભાવી’ બની જાય એવો દાવો કરવામાં આવ્યો છે. થોડી અસમંજસ પછી એલિઝાબેથ એ ડ્રગનો ઓર્ડર આપે છે. ડ્રગનું સેવન કરતા જ એ નવયૌવના સુ (એક્ટ્રેસ માર્ગારેટ કવાલી) બની જાય છે અને એલિઝાબેથની હકાલપટ્ટીથી ખાલી પડેલી જગ્યામાં ફિટનેસ ઈન્સ્ટ્રક્ટર તરીકે ગોઠવાઈ જાય છે. જોકે, એમાં એક શરત એ છે કે દર સાત દિવસે એલિઝાબેથે યૌવન ગુમાવી ૫૦ વર્ષની પ્રૌઢા તરીકે જીવવાનું. યૌવન અને ગ્લેમરના આકર્ષણને કારણે ખોળિયું બદલતા રહેવાનો ભયંકર માનસિક ત્રાસ એલિઝાબેથ વેઠવા તૈયાર થાય છે. ફિલ્મ આગળ વધે છે એમ એલિઝાબેથ અને સુ વચ્ચેની વિસંવાદિતતા વધતી જાય છે અને વાર્તા એવો વળાંક લે છે કે... કેવો વળાંક લે છે એ તો આટલું વાંચ્યા પછી જિજ્ઞાસા જાગી હોય તો ફિલ્મ જોઈને જાણી લેજો. ટૂંકમાં કહીએ તો પુરુષની કામુક નજર સ્ત્રીના દેહને મૂલવે એ ભયંકર અને ઘૃણાસ્પદ વાસ્તવિકતા ફિલ્મની કથાનો તંતુ છે. વિવેચકોના અભિપ્રાય અનુસાર ડેમી મૂરે અફલાતૂન અભિનય કર્યો છે. ફિલ્મની સિનેમેટોગ્રાફી અને ડિરેક્શનની પણ પ્રશંસા થઈ છે.

### ડેમી મૂરનું હિન્દી ફિલ્મ કનેક્શન

હોલિવૂડની કેટલીક જબરજસ્ત સફળ ફિલ્મોની હિરોઈન ડેમી મૂરને હિન્દી ફિલ્મ જોનારો દર્શક અલગ રીતે ઓળખે છે. ૧૯૮૨માં જબરદસ્ત સફળતાને વરેલી Parasite ફિલ્મથી લાઈમ લાઇટમાં આવેલી ડેમી મૂરને Ghost (1990) ફિલ્મથી આપણે ત્યાં લોકો થોડી ઘણી ઓળખતા થયા હતા. જોકે, અભિનેત્રીની સૌથી રસપ્રદ વાત એ છે કે એની અમુક ફિલ્મની રિમેક હિન્દીમાં બની છે. સૌથી પહેલી રિમેક હતી અઘધ સફળ થયેલી Ghost પરથી ફ્લોપ ‘પ્યાર કા સાયા’ (૧૯૯૧). બી. સુભાષ નિર્મિત આ ફિલ્મ અંગ્રેજી ફિલ્મની ફ્રેમ ટુ ફ્રેમ નકલ હતી. ડેમિની બ્લોકબસ્ટર Indecent Proposal (1993) પરથી બે હિન્દી ફિલ્મ બની. ‘સૌદા’ (૧૯૯૫ – સુમિત સહગલ, નીલમ કોઠારી) ફ્લોપ થઈ હતી અને રાકેશ રોશનની ‘કારોબાર’ (૨૦૦૦ – રિશી કપૂર, અનિલ કપૂર અને જુહી ચાવલા) સુધ્ધાં ફ્લોપ થઈ હતી. A Few Good Men (૧૯૯૨ – સુપરડુપરહિટ) પરથી બનેલી ‘શૌર્ય’ (૨૦૦૮ – કે કે મેનન, રાહુલ બોઝ) હિટ હતી. ત્યારબાદ આવે છે સુપરહિટ Disclosure, જેના પરથી ૨૦૦૪માં બનેલી ‘ઐતરાઝ’ (પ્રિયંકા ચોપડા, કરિના કપૂર, અક્ષય કુમાર) સુપરહિટ સાબિત થઈ હતી. ડેમી મૂર અભિનીત G. I. Jane(1997) ફ્લોપ હતી અને એની રિમેક નહીં બલ્કે એનો આધાર લઈ ‘ગુંજન સક્સેનાઃ ધ કારગિલ ગર્લ’ ૨૦૨૦માં ઓટીટી પ્લેટફોર્મ પર રિલીઝ કરવામાં આવી હતી. આ ઉપરાંત માનવ તસ્કરી વિષયને કેન્દ્રમાં રાખી ૨૦૧૮માં બનેલી હિન્દી ફિલ્મ ‘લવ સોનિયા’માં ડેમી મૂરે કામ કર્યું હતું. જાણીતું બેનર ન હોવા છતાં આ હિન્દી ફિલ્મમાં ડેમી મૂર કામ કરવા તૈયાર થઈ એનું કારણ એ હતું કે અભિનેત્રી વર્ષોથી માનવ તસ્કરીને નાથવા માટેની ઝુંબેશ ચલાવે છે અને એ માટે પોતાની સંસ્થા પણ ચલાવે છે. ફિલ્મની પટકથા પસંદ પડી હોવાથી ડેમી એ ફિલ્મમાં સામાજિક કાર્યકર્તાનો રોલ કર્યો હતો. ■

---

**સ્ટાર-ચાર-કલાકાર**
**સંજય છેલ**


# મખમલી મિજાજના ગીતકાર મજરુહ સુલ્તાનપુરી

**‘છોડ દો આંચલ’ થી ‘પહેલા નશા’ સુધી એમનું એક અનોખું સામ્રાજય હતું.**

એકવાર સંગીતકાર જતીન-લલિતના ઘરે ગીતકાર આનંદ બક્ષી આવ્યા. ત્યાં એક વયોવૃદ્ધ શાયરને જોઇને બક્ષીએ ‘હેલો અંકલ!’ કહીને ટીખળ કરી.

શાયર ભડકીને બોલ્યાઃ ‘બક્ષી, યે મત ભૂલો હમ તુમ્હારે ઝેહની બાપ હૈ...!’ એટલે કે માનસિક પિતા છું! એ રૂવાબદાર શાયર એટલે મજરુહ સુલ્તાનપુરી, જેમણે ૧૯૪૬થી ૨૦૦૦ સુધી ૫૬ વરસ સતત હજારો ગીતો લખ્યાં, જે આજેય એક રેકોર્ડ છે. ‘દાદાસાહેબ ફાળકે’ જેવો એવોર્ડ મેળવનારા પ્રથમ ગીતકાર હતા. ૧લી ઓક્ટો. ૧૯૧૯ના રોજ યુ.પી.ના સુલ્તાનપુરમાં જન્મેલા મજરુહજીની હમણાં જ ૧૦૫મી જન્મજયંતી ગઇ.






મજરુહનું મૂળ નામ અસરાર હતું. ‘મજરુહ’ ઉપનામનો અર્થ છે જખ્મી. મજરુહ યુનાની ડોકટરીનું ભણ્યા એટલે ઉર્દૂ સાથે પર્શિયન ભાષા શીખેલી, જેનાથી શાયરીનો રંગ લાગ્યો. પછી અંગ્રેજ સત્તા વિરુદ્ધ ક્રાંતિકારી ગઝલોથી મુશાયરાઓ ગજાવ્યા. એમના શાયર-ગુરુ જીગર મુરાદાબાદીની સલાહથી ફક્ત રોટી કમાવા મજરુહજીએ ૧૯૪૬માં પહેલીવાર ‘શાહજહાં’ ફિલ્મમાં કે. એલ. સાઈગલનું ગીત : ‘જબ દિલ હી ટૂટ ગયા...’ લખ્યું ને પછી એવા તો છવાઇ ગયા કે છેક છેલ્લે શાહરુખની ફિલ્મ ‘વન-ટુ કા ફોર’-ના ‘ખામોશિયાં ગુનગુનાને લગી...’ સુધી અદ્ભુત ગીતો લખ્યાં. છેક ૭૦માં વરસે ‘પહેલા નશા પહેલા ખુમાર’ જેવું ટીનએજરોનું રોમેંટિક ગીત લખનાર મજરુહે ‘જાનમ’ ‘ચંદનિયા’ જેવા અનેક નવા શબ્દો ઉર્દૂ-હિંદી ભાષાને પણ આપ્યા.

જેમ જુવાનીમાં બ્રિટિશરો સામે બગાવત કરેલી એમ આઝાદી બાદ નહેરુ સરકારનો ક્રાંતિકારી શાયરીથી ખુલ્લો વિરોધ કરતાં, જેથી એકવાર જેલ પણ થયેલી, જે નહેરુને ગમ્યું નહોતું એટલે એમણે રાજકપૂરને કહ્યુંઃ ‘૨-૩ મહિનાની વાત છે. મજરુહના પરિવારનું ધ્યાન રાખજો..!’ રાજકપૂર ચૂપચાપ મજરુહના ઘરે પૈસા મોકલતા, પણ રાજકપૂરની ફિલ્મોમાં તો મજરુહના હરીફ કવિ શૈલેંદ્ર જ ગીતો લખતાં એટલે મજરુહે પૈસા પાછા મોકલ્યા, પણ પૈસાના બદલામાં રાજકપૂરે મજરુહ પાસે એક ગીત લખાવ્યુંઃ ‘દુનિયા બનાને વાલે કયા તેરે મન મેં સમાઈ?’

વરસો બાદ શૈલેંદ્રએ ‘તીસરી કસમ’ ફિલ્મ પ્રોડ્યુસ કરી ત્યારે ફિલ્મમાં એ ગીતને મૂકવા રાજકપૂરે કહ્યું ત્યારે મજરૂહે કહ્યું કે ગીતકાર તરીકે મારું નામ ના આપતા... એમાં તો મારા મિત્ર શૈલેંદ્રનું ખરાબ દેખાશે કે પોતાની જ ફિલ્મમાં પોતાના હરીફ પાસે હવે ગીત લખાવવું પડે છે?’ તોય સિદ્ધાંતવાદી શૈલેંદ્રએ પણ જીદ કરીકે કે ગીતકારમાં નામ તો મજરુહનું જ આવશે. છેવટે રાજકપૂરે વચલો રસ્તો કાઢીને હસરતનું નામ રખાવ્યું. કેવા મોટા ગજાના માણસો-કલાકારો ને નેતાઓ હતા એ સમયે!

૫૬ વરસ મજરુહે વેરાયટીવાળાં ગીતો લખ્યાંઃ ‘દે દે મેરે પાંચ રુપૈયે બારા આના’ જેવુ ફની ગીત હોય કે ‘ચાહુંગા મૈં તુઝે સાંઝ સવેરે...’ હોય કે ‘ચૂરા લિયા હૈ, તુમને જો દિલ કો...’ કે પછી ‘હમે તુમ સે પ્યાર કિતના યે હમ નહીં જાનતે’ જેવાં રોમેંટિક ગીતો હોય, પણ મજરુહને ફિલ્મી ગીતોઓમાંયે કાવ્યનો ભાષાશુદ્ધિનો આગ્રહ. આનંદ બક્ષી માટે કહેલુંઃ ‘યે સિર્ફ ગાને લિખતે હૈં, શાયર થોડે હી હૈ?’

(જવાબમાં બક્ષીએ ‘બોબી’ ફિલ્મનું મૈં શાયર તો નહીં- ગીત લખેલું.) ગુલઝારના ‘ગીત નામ ગુમ જાયેગા..’ માટે આખાબોલા મજરુહે કહેલું કે નામ ગુમ હો જાયેગા.’સાચું વાક્ય છે..., ‘ગુલઝાર, ગ્રામર બગાડે છે.!’ એકવાર સંગીતકાર અનુ મલિકે ‘અકેલે હમ, અકેલે તુમ’. ફિલ્મના ગીતમાં ‘રાજા કો રાની સે પ્યાર હો ગયા, પહેલી નઝરમેં પહેલી બાર હો ગયા..’ જેવી પંક્તિ રાખી તો મજરુહ ભડક્યાઃ ‘પહેલી નઝરમેં પહેલા પ્યાર હોગા તો ક્યા દૂસરી નઝરમેં દૂસરા ઔર તીસરી નઝરમેં તીસરીબાર હોગા? ગાના હૈ યા ગણિત?! ’

ઘણીવાર હું જે ફિલ્મો લખી રહ્યો હતો એમાં મજરુહસાહેબને મળવાનું થતું.નવા સંગીતકારો-નિર્માતા એમને છંછેડતા અને ભોળા મજરુહ રિસાઈ જતા. પછી હું એમનો પક્ષ લેતો. ક્યારેક એમના કાંપતા હાથને ઝાલીને કાર સુધી મૂકવા જતો ત્યારે લાગતું કે સંગીત-સાહિત્યના એક અણમોલ ઈતિહાસને હું રસ્તો પાર કરાવી રહ્યો છું.

મજરુહે ૧૯૪૬થી નૌશાદ, રોશન, એસ.ડી અને આર. ડી.બર્મન, લક્ષ્મી-પ્યારેથી લઈને અનુ મલિક, જતીન લલિત કે એ.આર.રહેમાન સુધી ચાર પેઢીના સંગીતકારો સાથે કામ કર્યુ. મેં લખેલી શાહરુખની ફિલ્મઃ ‘વન-ટુ કા ફોર’માં સંગીતકાર એ.આર.રહેમાને અડધી રાત્રે તામિળ ગીત સંભળાવ્યું. હું સાક્ષી છું કે મજરુહસાહેબે પાંચ જ મિનિટમા તામિળ ગીતની ધૂન પર લખ્યુંઃ ‘તીરછી નઝરો સે ના દેખો આશિકે દિલગીર કો, કૈસે તિરંદાઝ હો? સીધા તો પકડો તીર કો!’

મજરુહ પહેલા પેન્સિલથી લખતા પછી પેનથી.. કારણ કે એ કહેતાઃ ‘મેરે લિયે લિખના પવિત્ર કામ હૈ, જબ મૈં પૂરી તરહ તૈયાર હોતા હૂં, તબ હી કલમ ઉઠાતા હૂં!’

૧૯૮૦નાં દૌરમાં ડિસ્કો-મ્યુઝિક માટે મજરુહજી કહેતાઃ ‘જબ હમ ભાગ રહે હૈં. તુમ ભી ભાગ રહે હો, તબ ભાગતે ભાગતે શાયરી કૈસે હો સકતી હૈ?’

મજરુહ લગભગ નાસ્તિક અને કોમવાદીઓને ખૂબ ધિક્કારે. સંગીતકાર નૌશાદ મજરુહના વેવાઇ થાય, પણ નૌશાદને મુસ્લિમ ગાયકો-શાયરો માટે બહુ પક્ષપાતી. મજરુહે આનો ખૂલ્લો વિરોધ કરેલો અને વેવાઇ સાથે કામ કરવાનું છોડી દીધેલું!

એક વાર પત્નીની જિદને કારણે મજરુહે હજ પર જવું પડેલું. ત્યાં પહોંચીને કાબાની પવિત્ર દીવાલને હાથ લગાડવા જતા હતાં ત્યાં એમનો હંમેશાં કાંપતો હાથ અચાનક થંભી ગયો ને એમણે મનમાં કહ્યું : નહીં...યે મેરા ખુદા નહીં હો સકતા!’ ને કાબાની પવિત્ર દીવાલને અડ્યા વિના પાછા ફરી ગયા. અન્યાયી અને અસમાનતાવાળી દુનિયા માટે ખુદા તરફ એમને અનેક ફરિયાદો હતી. મજરુહજીના જુવાન દીકરાએ આત્મહત્યા કરેલી એની નારાજગી પણ હોય. આ કિસ્સો જ્યારે કહેલો ત્યારે એમની વૃદ્ધ આંખમાં થીજી ગયેલાં આંસુમાં સેંકડો ગઝલ તરતી દેખાતી.

સૌથી રિસાઇ જનારા મજરુહનો કદાચ ઈશ્વર સાથેય રિસામણાંનો સંબંધ હશે. ■

---

**સાત્વિકમ્ શિવમ્**
**અરવિંદ વેકરિયા**

# તકલીફ પણ હોશિયાર હોય છે, સહનશક્તિવાળાને જ શોધી કાઢે!

મોટી તકલીફો આવતી જ હોય છે. ત્યારે થાય કે તકલીફો પણ કેટલી હોશિયાર હોય છે, સહનશક્તિવાળાને શોધી જ કાઢે છે. દિવસની તકલીફ તો આણંદ ગામમાં આનંદમાં ફેરવાય ગઈ, પણ બીજા દિવસની સવાર પડતાં જ દેસાઈ નામનું નાટકમાં પાત્ર ભજવતાં રાજેશ મહેતાનો અવાજ સાવ બેસી ગયો.ગઈ કાલનો આનંદ અને પહેલા શો ની સફળતાનો નશો સાવ ઓસરી ગયા. ભ.જો. બધાને સવારે જ બે શોનાં ‘કવર’ આપી ગયો.

બીજો દિવસે આણંદમાં સૂરજ ઊગ્યો એ પહેલાં આખી રાત બધાં ભેગા મળી ‘રણછોડરાય’. ‘ડાકોર’ અને ‘મેટાડોર’ની વાતો કરી ખૂબ હસ્યા. શો રદ થઈ ગયો એનો વસવસો ડાકોરનાં દર્શન પછી નીકળી ગયો. બાકી, કલાકારને કામ વગર અજાણ્યાં ગામમાં નવરા બેસવું થોડું ગમે? મેં જોયું છે મારા અનુભવે, કે કલાકારોને, પછી એ ‘ટોપ’નાં હોય કે ‘ઉગતા’, એમને નાની-

મેં અભયભાઈને આણંદનાં કોઈ ઈ.એન.ટી. સર્જન માટે પૂછ્યું. રાજેશભાઈ કહે, ‘કોઈ જરૂર નથી, આઈસક્રીમ ખાઈશ એટલે ગળું સારું થઈ જશે! ’ મને નવાઈ લાગી. મારી મધર મને હમેશાં કહેતાં કે ઠંડું ખાવાથી ગળું ખરાબ થઈ જાય એટલે જે દિવસે શો હોય ત્યારે હું ઠંડા ખાવા-પીવાથી દૂર રહેતો. અહીં આખું વિપરીત સાંભળ્યું. પાછું મને કહે, ‘મારી સાથે આવું જ્યારે બને ત્યારે આ અકસીર ઈલાજ કરું અને સારું પણ થઈ જાય.’ મેં ઘણો ફોર્સ કર્યો કે ડોક્ટરને બતાવી દઈએ, ગળું સાવ બેસી ગયું છે,પણ જીદ છોડે એ મહેતા નહી. સત્યનું પહેલું સ્વાગત હંમેશાં વિરોધથી થતું હોય છે એમ રાજેશભાઈ ન માન્યાં.

ખેર ! હું અને રાજેશભાઈ ફ્રેશ થઈ સવારના પહોરમાં નાસ્તો કરવાને બદલે આઇસક્રીમ શોધવા નીકળ્યાં.આણંદ આમ પણ આવી ચીજો માટે પ્રખ્યાત છે. અમે આઇસક્રીમ પાર્લરમાં પહોંચ્યા. મારી નજર સામે રાજેશભાઈ ૧૦ કેન્ડી ખાઈ ગયા. મારે તો મુક બનીને જોવાનું જ હતું. મનમાં ચિંતા હતી કે પહેલા શોની માઉથ પબ્લિસિટી આમનો બેઠેલો અવાજ શો ધોઈ ન નાખે. એમને ગળું ‘ખોલવાનો’ આવો અનુભવ જે હતો. વીસ વર્ષની ઉંમરે માણસ પોતાની ઇચ્છાથી ચાલે છે, ત્રીસની ઉંમરે બુદ્ધિથી અને ચાલીસ પછી અનુભવથી દોડે છે !

ખેર! અમે હોટલ પર પાછા આવ્યા અને તાજ્જુબ! એમનો અવાજ એકદમ સારો થઈ ગયો. મને આંચકો તો લાગ્યો કે આ કઈ રીતે શક્ય બન્યું હશે? શાંતિ એ થઈ કે હવે શોમાં વાંધો નહિ આવે. હા, અવાજ શો દરમિયન પણ ટકી રહેવો જોઈએ.

સાંજે ઓડિયેન્સ હકડે-ઠઠ હતું. શો પત્યાં પછી રાતનાં જ નીકળી જવાનું હતું. સમયસર શો શરૂ થયો. પ્રેક્ષકોના સુંદર પ્રતિસાદ સાથે શો ચાલી રહ્યો હતો. મારો અને કોલગર્લની ભૂમિકા ભજવતી રજની સાલિયનનો સીન ચાલુ હતો. ત્યાં અચાનક વચ્ચેથી એક વ્યક્તિ લથડતી ચાલે આવતી મને દેખાઈ, પણ મેં સીન ઉપર ધ્યાન કેન્દ્રિત કર્યું. થોડીવારમાં એ માંડ માંડ ચાલતી વ્યક્તિ સ્ટેજ પાસે આવીને ઊભી રહી. મને કહે : અરવિંદ વેકરિયા, ‘હું ડી.એસ.પી. મકવાણા’ રજની એ વ્યક્તિ અને એની વર્તણૂક જોઈ એકદમ ગભરાય ગઈ. મેં મારા પાત્રમાંથી બહાર નીકળી પ્રેમથી કહ્યું, ‘શો પછી મળીએ હમણા તમારી આ રીતની હાજરી નાટકમાં પ્રેક્ષકોને રસક્ષતિ ઊભી કરે છે.’

‘...પછી તો મળીશું જ! એ અહીં આવો’ કહીને એ કહેવાતાં ડી.એસ.પી.એ બૂમ મારી. બે સગીર વયની બાળાઓ, ચહેરા પર લપેડા કરેલી એમની ડાબે-જમણે ગોઠવાઇ ગઇ. એમનાં ખભા પર હાથ મૂકી મને કહે, ‘તમને આવી ખોટી કોલગર્લ સાથે સીન ભજવવાની શું મજા આવે? આ બંને સાચુકલી જ કોલગર્લ છે એમની સાથે ભજવો.’

ત્યાં બીજા બે હવાલદાર પ્રગટ્યાઃ ‘સાહેબ. ચાલો ..પછી સાથે મળીશું..ખરાબ લાગે આવું.. ચાલો..ચાલો’ કહીને માંડ માંડ એ ડી.એસ.પી. ને બહાર ખેંચી ગયા. રજની તો સ્તબ્ધ! હું પણ ગભરાય તો ગયો જ હતો. એ કહેવાતા ડી.એસ.પી. મકવાણા ખૂબ ‘પીધેલા’ હતા. એને જેમતેમ પેલાં બે હવાલદાર, એમને હલાવતા-હલાવતા લઈ ગયા. એ દરમિયાન પણ એ મકવાણાનો બબડાટ ચાલુ હતો : ‘બતાવવું તો સાચું બતાવવું. આ બંનેને સ્ટેજ ઉપર રમતી મૂકી દીધી હોત તો નાટકને ચાર ચાંદ લાગી જાત’.

રણછોડરાયની કૃપા કે નાટક ફરી શરૂ થતા ગાડી પાછી ‘ગિયર’માં આવી ગઈ. હવે તો જલ્દી નાટક પૂરું કરી સીધા મુંબઈ ભેગા થવાની તાલાવેલી લાગી ગઈ. સાલુ, ડી.એસ.પી. જેવી પદવી મેળવનાર સાવ આવા? જો કે માણસની એક મોટી અને બહુ ખરાબ આદત છે : ન મળે તો ધીરજ નથી રાખતો અને બધું મળે તો કદર નથી કરતો... ઝટ શો પૂરો કરી ભાગવા સિવાય બીજો મગજમાં વિચાર જ નહોતો. દહેશત હતી કે શો પછી ફરી પેલી ‘બે’ ને લઇને પીધેલો ડીએસપી હાજર ન થઇ જાય... પછી તો શો પૂરો કરી બધાએ સ્ટેશન તરફ રીતસર દોટ મૂકી.

*************

આપે છે બધાં જખ્મો પણ મને મારું કરવાની આદત પડી છે,
બીજાને દોષ આપી શું કરું, મને તો મારી જ શરાફત નડી છે. ■

************

**ડબ્બલ રિચાર્જ**

દુનિયાનો સારામાં સારો સિંગર મચ્છર છે. એનું ગીત ગમે કે ન ગમે પણ તાળીઓ તો વગાડવી જ પડે.

હેન્રી શાસ્ત્રી




# વહીદાજીએ બંધ કરેલો દરવાજો શબાના માટે ખુલ્યો...

## આયુષ્યના અમૃત મહોત્સવમાં પ્રવેશ કરનારી અને ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં સુવર્ણ જયંતી પૂર્ણ કરનારી શબાના આઝમીનું યોગદાન સો ટચના સોના જેવું રહ્યું છે

‘બેસ્ટ એક્ટ્રેસ’ના પાંચ નેશનલ એવોર્ડ, સ્મિતા પાટીલ, નસીરુદ્દીન શાહ અને ઓમ પુરી સાથે ૧૯૭૦ના દાયકામાં ખીલી ઊઠેલા ‘સમાંતર સિનેમા’નાદોરની એક મહત્ત્વની આધારસ્તંભ અને ૧૯૮૦ના તબક્કામાં હિન્દી કમર્શિયલ ફિલ્મોમાં પણ પોતાનું સ્થાન મજબૂત કરનારી અભિનેત્રી શબાના આઝમીએ તાજેતરમાં ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ૫૦ વર્ષ પૂરા કર્યા.

૧૮ સપ્ટેમ્બર ૧૯૫૦ના દિવસે જન્મેલી શબાનાએ આયુષ્યના અમૃત મહોત્સવી વર્ષમાં પ્રવેશ કર્યો છે. શબાનાનું કાર્યફલક એટલું વિશાળ છે કે એને એક લેખમાં સમાવી ન શકાય, પણ આ અનોખા સંગમ નિમિત્તે કેટલીક વિશિષ્ટ વાતનો ઉલ્લેખ જરૂરી બને છે.

પુણેની ફિલ્મ ઈન્સ્ટિટ્યૂટમાં અભિનયનો એકડો ઘૂંટી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં પૂરા કોન્ફિડન્સ સાથે પ્રવેશેલી શબાના આઝમી ખ્વાજા એહમદ અબ્બાસની ‘ફાસલા’, કાંતિલાલ રાઠોડની ‘પરિણય’ અને શ્યામ બેનેગલની ‘અંકુર’નું શૂટિંગ વારાફરતી કરી રહી હતી, પણ રિલીઝ પહેલી થઈ ‘અંકુર’. શ્યામ બેનેગલ વહીદા રેહમાનનેલઈ ‘અંકુર’ બનાવવા માગતા હતા. ‘ગાઈડ’ની રોઝીથી બેનેગલ એટલા પ્રભાવિત હતા કે ‘અંકુર’ની લક્ષ્મીનો રોલ એમની પાસે જ કરાવવાની એમની ખાસ તમન્ના હતી.

વહીદાજીને રોલ પણ પસંદ પડ્યો હતો. જોકે, શ્યામ બેનેગલ પાસે ફિલ્મ કરવાનો કોઈ અનુભવ ન હોવાથી આ ફિલ્મ એ સરખી રીતે બનાવી શકશે કે કેમ એવી શંકા વહીદાજીને હોવાથી એમણે ના પાડી દીધી. સાઉથની એક અભિનેત્રી માટે સુધ્ધાં વિચાર કર્યો, પણ જામ્યું નહીં. એ સમયે શબાના નાટકોમાં કામ કરતી હતી અને બેનેગલના સહાયકને એનું કામ પસંદ પડ્યું હોવાથી શબાનાને કહેણ ગયું. શબાના પૂર્ણપણે શહેરી વાતાવરણમાં ઉછરેલી અને મુંબઈની સેન્ટ ઝેવિયર્સ કોલેજમાં ભણતરને કારણે આધુનિક વિચારસરણી અને એવો જ પહેરવેશ ધરાવતી યુવતી હતી. શ્યામ બેનેગલને મળવા ગઈ ત્યારે પોતાના ગ્લેમરસ ફોટોગ્રાફ લઈને ગઈ હતી, એ આશા સાથે કે બેનેગલ ઈમ્પ્રેસ થઈ જશે અને ફિલ્મમાં કામ મળી જશે. જોકે, ફિલ્મ મેકરે એ ફોટોગ્રાફ પર અછડતી નજર નાખી બાજુમાં મૂકી દીધા, પણ શબાનાને જોઈ લક્ષ્મી (અંકુરનું શબાનાનુંપાત્ર) મળી ગઈ હોવાની ખાતરી એમને થઈ ગઈ... ગ્રામ્ય પરિવેશની કથાનો અને એ પણ નાજાયઝ સંબંધ ધરાવતી લક્ષ્મી નામની યુવતીનો.

કેટલાક લોકોએ શબાનાને ચેતવી કે કારકિર્દીનો પ્રારંભ આવી ફિલ્મથી કરવામાં જોખમ છે, જોકે, લક્ષ્મી ચાંદલો કરવા આવી હતી એ શબાનાએ સ્વીકારી લીધું. ફિલ્મને ફાંકડી સફળતા મળી અને ફિલ્મ ઈન્ડસ્ટ્રીને એક નવી એક્ટ્રેસ અને એક નવા દિગ્દર્શક મળ્યા, જેમણે પોત પોતાના કાર્યકાળમાં મહામૂલું યોગદાન આપ્યું છે. ફિલ્મ ઈન્ડસ્ટ્રી અને સિને રસિકો



વહીદા રેહમાનના ઋણી છે. એમણે ના પાડી એમાં શબાના આઝમી માટે નવો દરવાજો ખુલ્યો.

અભિનેત્રી તરીકે શબાનાની રેન્જ અદભુત રહી છે. કોઈ પણ રોલ આપો, એ પાત્રમાં એવી ઢળી જાય કે પડદા પર તમને શબાના નહીં પણ લક્ષ્મી (અંકુર), ફિરદૌસ (જુનૂન), રુક્મિણી બાઈ (મંડી) કે પછી સંતોક બેન ( ગોડમધર ) જ લાગે. એટલું જ નહીં અમિતાભ બચ્ચન, શશી કપૂર કે રાજેશ ખન્નાની મસાલા ફિલ્મોની હિરોઈન તરીકે પણ અફલાતૂન પરફોર્મન્સ આપે.

શબાના કેટલી સક્ષમ અભિનેત્રી છે એ સમજવા માટે રાજેશ ખન્ના સાથેની તેની ‘અવતાર’નો એક સીન પૂરતો છે. ફિલ્મમાં ૧ કલાક ૩૦ મિનિટ પછી એક સીન આવે છે, જેમાં જે પુત્રને કારણે રાજેશ ખન્ના - શબાના આઝમીએ ઘર છોડી બેઘર થવું પડ્યું હોય છે એ જ પુત્ર રાજેશ ખન્નાને મનાવવા પાછો આવ્યો હોય છે ત્યારે એની કાર બગડી જાય છે. સ્વાભાવિક છે કે રાજેશ ખન્ના કોઈ મદદ ન કરે, પણ શબાનાનું - માનું દિલ કકળી ઊઠે છે અને માત્ર આંખના ઈશારાથી એ જે રીતે રાજેશ ખન્નાને કાર રિપેર કરવા જણાવે છે એ જોઈ પ્રેક્ષકો બે હાથે તાળીઓનો ગડગડાટ કરી પછી એક હાથમાં રુમાલથી ભીની થયેલી આંખો લૂછવા મજબૂર થાય છે.

‘અવતાર’માં રાજેશ ખન્નાનો રોલ અત્યંત દમદાર- મેલોડ્રામેટિકછે, પણ શબાનાએ કોઈ પણ પ્રકારનો અતિરેક કર્યા વિના દર્શકોને પ્રભાવિત કર્યા છે. શબાનાના આવા દમદાર અભિનયનો પરચો ઘણી ફિલ્મોમાં થયો છે.

‘અંકુર’માં શબાનાનું પરફોર્મન્સ જોઈ સત્યજિત રાય પણ પ્રભાવિત થયા હતા. જાહેરમાંએના અભિનયની પ્રશસ્તિ કરી ફિલ્મના બે સીન શબાનાને મૂઠી ઊંચેરીએક્ટ્રેસ સાબિત કરે છે એમ જણાવ્યું હતું. મિસ્ટર રાયની ‘શતરંજ કે ખિલાડી’માં શબાનાએ કામ કર્યું હતું. ‘અંકુર’ પછી શ્યામ બેનેગલ અને શબાનાએ ‘નિશાંત’ (૧૯૭૫), ‘જુનૂન’ (૧૯૭૮), ‘મંડી’ (૧૯૮૩) અને ‘હરિ ભરી’ (૨૦૦૦)માં કામ કર્યું અને આજે પણ આ ફિલ્મોમાં સિને રસિકોને અભિનેત્રીનોં દમદાર પરફોર્મન્સ યાદ હશે એમાં બેમત નથી.

શબાનાની કાબેલિયત કેવી કે ૧૯૭૦ના દોરમાં ‘સમાંતર સિનેમા’માં એ કાઠુ ંકાઢી રહી હતી જેના રોલમાં કોઈ ગ્લેમર ન હોય, દમદાર પાત્રાલેખન હોય, કેરેક્ટર સાથે ઓતપ્રોત થઈ પાત્રને ઉપસાવવાનું હોય. એ જ સમયે શબાના શોભાના ગાંઠિયા જેવા રોલ, ભારોભાર ગ્લેમર અને અભિનયના ઊંડાણની જરૂર ન હોય એવી ‘ફકીરા’ (૧૯૭૬), ‘અમર અકબર એન્થની’ (૧૯૭૭), ‘પરવરીશ’ (૧૯૭૭) વગેરે ફિલ્મોમાં પણ સફળતા મેળવી રહી હતી. ૧૯૮૨માં આવેલી મહેશ ભટ્ટની ‘અર્થ’ની સફળતાએ શબાના માટે નવું શિખર બનાવી દીધું. ૧૯૮૦નો દાયકો શબાના માટે સુવર્ણ અંકિત રહ્યો જે દરમિયાન ‘અર્થ’, ‘માસૂમ’, ‘ખંડહર’, ‘પાર’, ‘નમકીન’, ‘ભાવના’ ‘ખામોશ’, અને ત્યારબાદ ૧૯૯૦ના દાયકામાં ‘પેસ્તનજી’, ‘ગોડમધર’ જેવી ફિલ્મોમાં શબાના આઝમીએ અભિનયના અજવાળા પાથર્યા.

આમ એક તરફ શ્યામ બેનેગલ અને બીજી તરફ મનમોહન દેસાઈ - ફિલ્મમેકિંગના ઉત્તર - દક્ષિણ છેડા કહી શકાય એવા ફિલ્મમેકરો શબાના આઝમી સાથે કામ કરવા ઉત્સુક હોય એ બહુ મોટી વાત કહેવાય.

શબાના આઝમી વિશે શ્યામ બેનેગલે એક બહુ સરસ વાત કહી છે. ૨૦૧૯માં એમને સવાલ કરવામાં આવ્યો હતો કે ‘અંકુર’ની શબાના અને આજની શબાના એક્ટ્રેસ તરીકે કે વ્યક્તિ તરીકે કેટલી બદલાઈ છે? ‘ખાસ નહીં’ બેનેગલ જવાબ આપે છે પછી સ્મિત કરી જણાવે છે કે સિવાય કે એનું વજન, જે ખાસ્સું વધી ગયું છે. મને એનું ભારેખમ શરીર જરાય નથી ગમતું અને મેં એને ઘણી વાર એ વિશે કહ્યું છે. જોકે, એના માટે હું જ જવાબદાર છું. ‘મંડી’ના રુક્મિણી બાઈના રોલ માટે મેં તેને સાઈન કરી ત્યારે એ એકવડિયા બાંધાની હતી. મને રુક્મિણી બાઈ ઠસ્સાદાર જોઈતા હતા અને એટલે મેં જ તેને વજન વધારવા કહ્યું હતું. શબાના એકવડિયો બાંધો ગુમાવી બેઠી એ માટે ‘મંડી’ અમુક અંશે જવાબદાર છે અને એનો મને કાયમ અફસોસ રહેશે!’




મહેશ નાણાવટી

# જ્યારે ડિરેક્ટરની ખોપડી હટી જાય...

શેખર કપૂર ‘મિસ્ટર ઈન્ડિયા’, ‘બેન્ડિટ કવીન’ અને ‘એલિઝાબેથ’ જેવી ફિલ્મો માટે મશહૂર છે. એ આમ તો બહુ સોફ્ટ-સ્પોકન યાને કે મૃદુભાષી છે, પરંતુ ‘બેન્ડિટ કવીન’ના શૂટિંગ વખતે એમની ખોપડી, જેને કહેવાય ને, બરોબરની ‘હટી’ ગઈ હતી.

વાત એમ હતી કે ‘બેન્ડિટ.....’ના પ્રોડ્યુસર ‘બીબીસી’ની ચેનલ-નાઈન નામની એક ફિલ્મ પ્રોડકશન કંપની હતી. શેખર કપૂર સાથે એવું નક્કી થયું હતું કે એક્ટરો વગેરે ભારતના હશે, પણ સિનેમેટોગ્રાફર, રેકોર્ડિસ્ટ, એડિટર વગેરે વિદેશી હશે. કેમ કે આ ઈન્ટરનેશનલ પ્રોજેક્ટ હતો, જે ડાકુ રાણી ફૂલનદેવીની જીવનકથા ઉપર આધારિત હતો અને ફૂલનદેવી વિશે લખાયેલું એ પુસ્તક ફ્રેન્ચ ભાષામાં પ્રગટ થયું હતું તેથી આખા યુરોપમાં એની ચર્ચા હતી.

જોકે, શૂટિંગના પહેલા જ દિવસે શેખર કપૂરને વિદેશી કેમેરામેન ટીમ સાથે ‘બબાલ’ થઈ. એ લોકો એમ સમજતા હતા કે એ અહીં ઈન્ડિયાના ડેકોઈટ્સ - ડાકુની જે મૂવી શૂટ કરવાના છે તે કોઈ ‘એકશન’ મૂવી છે! શૂટિંગના પહેલા જ દિવસે વિદેશી કેમેરામેને જાણે કોઈ હોલિવૂડની ‘વેસ્ટર્ન’ (ક્લિન્ટ ઈસ્ટવૂડ ટાઈપની) ફિલ્મ શરૂ કરવાની હોય તેમ કેમેરા ઉપર લાંબા અને મોટા ‘ટેલિ-લેન્સ’ લગાડયા! ઉપરથી કેમેરાને ચલાવવા માટે ટ્રેક્સ (એક જાતના ટ્રેનના પાટા હોય છે તેવું) લગાડયા.



આ જોઈને શેખર કપૂર ભડક્યા, છતાં એમણે પોતાની મૃદુ ભાષામાં કહ્યું કે ‘આ ટેલિ લેન્સ નહીં, સાદો નોર્મલ લેન્સ લગાડો અને આ ટ્રેક્સ નહીં જોઈએ.પણ પેલા વિદેશી કેમેરામેને જે સામી દલીલ કરી એનો અર્થ કંઈક એવો થતો હતો કે ‘સિનેમેટોગ્રાફીમાં તમને શું સમજ પડે?’

આમાં શેખર કપૂરની છટકી! એમણે ચોખ્ખા શબ્દોમાં કહી દીધું કે ‘હું તમારી સાથે કામ નહીં કરી શકું. તમે લોકો આજે જ લંડન પાછા જાવ!’

શેખર કપૂરે તો એમને પાછા લંડન મોકલવા માટેની ટિકિટો પણ બુક કરાવી દીધી. પેલી બાજુ ‘ચેનલ - નાઈન’માં ટેન્શન થઈ ગયું. ‘પ્રથમ ગ્રાસે મક્ષિકા?’

જોકે એ તો સારું હતું કે આ આખા કરારમાં વચ્ચે એક એજન્ટ હતો એણે જેમતેમ કરીને ‘ચેનલ-નાઈન’ના જે એક્ઝિકયુટિવ્સ હતા એમને સમજાવ્યા કે શેખર કપૂરને ફ્રિડમ આપવામાં જ પ્રોજેક્ટની ભલાઈ છે.

છેવટે શેખર કપૂરે એ ફિલ્મ માટે ભારતના જાણીતા સિનેમેટોગ્રાફર અશોક મહેતાની પસંદગી કરી. શેખર કપૂરે એ કિસ્સો યાદ કરતાં કહ્યું હતુંઃ

‘હું કોઈ કાઉબોય મુવી નહોતો બનાવી રહ્યો. અહીં ચંબલના ડાકુઓ, જે ડકૈતીમાં કેરોસીનનો ડબ્બો, બકરીઓનું ઝૂંડ અને મરઘીઓ ઉઠાવી લાવતા હતા, એ વાસ્તવિકતા હતી. ત્યાં મને એવો કેમેરામેન જોઈતો હતો જે આ બધી ઘટનાનો ‘ઓવર ધ શોલ્ડર’ જોઈ રહ્યો હોય. (એમાંનો જ કોઈ માણસ ત્યાં કોઈના ખભા પાછળથી આ સમગ્ર સિનારિયો જોઈ રહ્યો હોય.)

જોકે ‘બેન્ડિટ કવીન’ એક રીતે ભારતીય સિનેમાનો માઈલસ્ટોન પણ બની, જેમાં પહેલી વાર ચંબલના ડાકુઓને ગ્લોરીફાય કરવાને બદલે એમની વાસ્તવિકતા બતાડવામાં આવી હતી.

આ તો રિયાલિસ્ટિક સિનેમાની વાત થઈ, પણ ટીનુ આનંદ જે એકટર હોવા ઉપરાંત ‘શહેનશાહ’, ‘મેજરસાબ’ અને ‘કાલિયા’ જેવી કોમર્શિયલ ફિલ્મો બનાવવા માટે જાણીતા છે. એમને એકવાર અમિતાભ બચ્ચન સાથે મોટી તડાફડી થઈ ગઈ હતી.

આ કિસ્સો ‘કાલિયા’નો છે. ફિલ્મના સંવાદો લખ્યા હતા ટીનુ આનંદના પિતા મુલ્કરાજ આનંદે, જે આ અગાઉ ડઝનબંધ હિટ ફિલ્મોના ડાયલોગ લખી ચૂકયા હતા. અહીં ‘કાલિયા’માં એક દૃશ્ય હતું , જેમાં જેલર બનેલા પ્રાણે જેલમાંથી ભાગેલા અમિતાભ બચ્ચનને શોધી કાઢયો છે અને એની સામે રિવોલ્વર તાકીને કહે છેઃ ‘તુમ હમારી જેલ સે ભાગે હુએ કૈદી હો. બેહતર હૈ કિ તુમ યે હથકડી પહનો ઔર વાપસ જેલ ચલો વરના ઈસમેં જિતની ગોલિયાં હૈ, મૈં તુમ્હારે સીને મેં ગાડ દૂંગા.’

જવાબમાં અમિતાભ બચ્ચનનો સંવાદ કંઈ ગજબ હતો (જે ટીનુ આનંદના પિતાએ આગલી રાત્રે જ લખ્યો હતો) કે ‘તૂ આતિશે દોઝખ સે ડરાતા હૈ ઉન્હેં જો આગ કો પી જાતે હૈ પાની કી તરહા.’

જોકે એ સીન લખાયો ત્યારે જ ટીનુ આનંદે એમના પિતાજી સાથે દલીલ કરી હતી કે ‘અહીં આવું ભારી ભરકમ ઉર્દૂ શાયરી જેવું લખવું જરૂરી છે?’ ત્યારે મુલ્કરાજ આનંદે કહ્યું હતું ‘બેટા, ઉર્દૂની એ જ મજા છે. અહીં ભલે એનો અર્થ લોકોને નહીં સમજાય, છતાં ડાયલોગ બોલે છે કોણ? અમિતાભ બચ્ચન! બસ, સિનેમા હોલમાં તાળીઓ વાગશે!’

જે ઉર્દૂ સમજી શકે છે એના માટે તો આનો અર્થ સ્પષ્ટ હતો કે ‘તૂ મને જે નરકના અંગારાથી ડરાવે છે એવી આગને તો હું પાણીની જેમ પી જાઉં છું!’ ટીનુ આનંદને આ વાત ગળે ઊતરી ગઈ, પરંતુ શૂટિંગ વખતે અમિતાભ બચ્ચનને પડ્યો વાંધો! એ કહેવા લાગ્યા કે ‘કાલિયા જે સાવ સડકછાપ કેરેકટર છે એ આવું બોલી જ શી રીતે શકે?! ’ અમિતાભ બચ્ચને એ સંવાદ બોલવાની ના પાડી દીધી!

ટીનુ આનંદે પોતાનું (અને પિતાજીનું) લોજિક સમજાવ્યું, છતાં અમિતજી માનવા જ તૈયાર નહીં. વાત વણસી ગઈ. ટીનુ આનંદે પ્રોડ્યુસરને કહ્યું :

‘હું આ ફિલ્મ છોડી રહ્યો છું, બચ્ચન સાહેબ એમના કોઈ પ્રિય ડિરેકટરને બોલાવશે, પણ તમે ચિંતા ન કરો. ફિલ્મ બંધ નહીં પડે.’

ટીનુ આનંદ સાથે ફરી દલીલ થઈ તો એમણે કહ્યું : ‘મારા બાપે રાતના ત્રણ વાગ્યા સુધી જાગીને આ ડાયલોગ બનાવ્યો છે. જો આ ડાયલોગ પર તાળીઓ નહીં પડે તો હું આ ઈન્ડસ્ટ્રી છોડી દઈશ, પણ તમારેય સામે વચન આપવું પડશે કે જો તાળીઓ પડી તો તમે પણ એક્ટિંગ છોડી દેશો...! ’

એ પછી શું થયું, ખબર છે? અમિતાભ બચ્ચન ઊભા થયા અને કોઈ એક લાઈટમેનને જઈને કહેવા લાગ્યા :

‘યે બડા ઢીટ-જીદ્દી ડિરેકટર હૈ, માનેગા નહીં, લાઈટ્સ ઓન કરો... હમ શૂટ કરતે હૈ!’ ■

કલેપ એન્ડ કટ..!

સિદ્ધાર્થ છાયા

# ખુદ કો હી ગોલી મારે, લડકા કમાલ રે...!




‘મંગળવારની સવાર હજી તો પડી જ હતી કે સોશિયલ મીડિયા આખું ગોવિંદાને ગોળી વાગી!’... ‘ગોવિંદાને ગોળી વાગી!’ ના સમાચારથી ગાજી ઊઠ્યું.. પહેલાં તો સ્વાભાવિકપણે ચિંતા થવાની સાથે ‘શોલે’ના જયનો પેલો પ્રખ્યાત ડાયલોગ મનમાં ઘુમવા લાગ્યો ‘કોઈ પુરાની દુશ્મની?’ પણ કોઈ જવાબ મળ્યો નહીં.

જોકે, બહુ જલ્દીથી અપડેટ આવી ગયું કે ગોવિંદાના પગમાં જે ગોળી ‘અકસ્માતે’ વાગી હતી એ કાઢી નાખવામાં આવી છે અને હવે તે ભયમુક્ત છે. પછી તો રાબેતા મુજબ ગોવિંદાના ચાહકોએ ખણખોદ શરૂ કરી તો જાણવા મળ્યુ કે ગોવિંદા સવારની ફ્લાઈટમાં કોલકાતા રવાના થવાનો હતો અને આ ઘટના સવારે સાડા ચારે બની.પહેલા સમાચાર એ આવ્યા કે સાહેબ બંદૂક સાફ કરતા હતા અને અચાનક ગોળી ચાલી ગઈ. આ પ્રકારની ઘટના બનતી હોય છે એવું આપણે અસંખ્ય વખત સાંભળ્યું પણ છે. જોકે, સવારના સાડા ચારે ગોવિંદા શા માટે પોતાની બંદૂક સાફ કરતો હોય? એવો પ્રશ્ન પણ મનમાં રમવા લાગ્યો ત્યાં ખરા સમાચાર આવ્યા કે બંદૂક અકસ્માતે નીચે પડી ગઈ અને અકસ્માતે જ એમાંથી ગોલી વછૂટી અને...

પોતાના જમાનામાં ગોવિંદા ‘અખિયોં સે ગોલી’ મારતો એ તો ચાલી જતું પણ ભાઈ, સાચેસાચી બંદૂકડી હાથમાં હોય ત્યારે એ અચાનક નીચે પડી જાય અને ....

# ‘ધૂમ’ સિરીઝમાં ‘એનિમલ’ની એન્ટ્રી

‘ધૂમ’ બોલિવૂડની સહુથી સફળ ફ્રેન્ચાઇઝીમાંથી એક છે. જો કે તેનો ત્રીજો ભાગ , જેમાં આમિર ખાને વિલનની ભૂમિકા ભજવી હતી તેને આ ફ્રેન્ચાઇઝીના ચાહકોએ પણ સહુથી નબળી ‘ધૂમ’ મૂવી ગણાવી હતી. હવે ‘યશરાજે’ આ ‘ધૂમ’ સિરીઝને reboot કરવાનો નિર્ણય લીધો છે. હવે આ reboot વળી નવું ગતકડું છે. ફ્રેન્ચાઇઝીમાં સામાન્ય રીતે કથાનું પોત એક જ હોય, જેમકે ‘ધૂમ’માં બે પોલીસવાળાને એક મહાચોર આખી ફિલ્મમાં ખૂબ હંફાવે અને છેલ્લે એ પકડાઈ જાય અથવા તો છટકી જાય.. અહીં પોલીસવાળાઓ અથવા તો હકારાત્મક લીડ રોલમાં અત્યારસુધી અભિષેક બચ્ચન અને ઉદય ચોપરા રહ્યા છે, પરંતુ હવે આ આખી સિરીઝ reboot થતાં, આ બંનેના સ્થાને કોઈ બીજા બે અદાકાર સામેલ થશે.



એ તો થાય ત્યારે,પરંતુ ધૂમ - ૪ ના મહાચોર તરીકે રણબીર કપૂરનું નામ જાહેર પણ કરી દેવામાં આવ્યું છે. સાવ નવા ફોર્મેટમાં જ્યારે ‘ધૂમ’ની નવી ફિલ્મ આવશે ત્યારે અત્યારે હોટકેકની માફક બોલિવુડમાં ચાલી રહેલા રણબીર કપૂરને સત્તાવાર વિલન તરીકે જોવામાં અને ખાસ કરીને, એનિમલ’માં એના રોલને જોયા પછી એના ફેન્સમાં અત્યારથી જ ઉત્કંઠા જાગી ચૂકી છે. એક વધારાની રસપ્રદ માહિતી એ છે કે આ ફિલ્મને વિજય ક્રિષ્ના આચાર્ય ડાયરેક્ટ કરશે, જેણે ‘યશરાજ’ને તેની સહુથી મોટી ફલોપ ‘ઠગ્સ ઓફ હિન્દુસ્તાનની’ ભેટ આપી હતી...!

# ડીમરી પર ડામર?



‘એનિમલ’ની જ વાત નીકળી જ છે તો વાત કરીએ તેની એક અન્ય કલાકાર વિશે , જે અત્યારે વિવાદનો ભાગ બનીને સામે આવી છે. ‘એનિમલ’થી જ જે નેશનલ ક્રશ - ‘દેશની ધડકન ’ બની ગઈ છે એ તૃપ્તિ ડીમરીના ફોટા પર જયપુરમાં મહિલાઓએ કાળો રંગ લગાવી દીધો... આ મહિલાઓનો દાવો છે કે એમના પ્રોગ્રામમાં તૃપ્તિ ડીમરીએ આવવાનું ફક્ત વચન જ નહોતું આપ્યું પરંતુ પાંચ લાખ રૂપિયા પણ લીધા ને પ્રોગ્રામ ફરકી સુધ્ધાં નહીં. આ કાર્યક્રમ ઔદ્યોગિક સંસ્થા ‘ફિક્કી’ સાથે જોડાયેલી સાહસિક મહિલાઓએ આયોજિત કર્યો હતો. કહે છે કે તૃપ્તિને એની આવનારી ફિલ્મ ‘વિક્કી ઔર વિદ્યા કા વોહ વાલા વીડિયો’ના પ્રમોશન માટે બોલાવવામાં આવી હતી. સામે પક્ષે ટીમ ‘ડીમરી’ની સ્પષ્ટતા એવી છે કે તૃપ્તિ પોતાની ફિલ્મના પ્રમોશન માટે ટીમ સાથે જ બધે જાય છે અને વ્યક્તિગત રીતે તે કશે જતી નથી, આથી જયપુરના એ પ્રોગ્રામમાં જવાનો અને તેને માટે અલગથી નગદ નારાયણ લેવાનો પ્રશ્ન જ ઊભો થતો નથી.

બીજી તરફ, તૃપ્તિની આ જ ફિલ્મ ‘વિક્કી ઔર વિદ્યા કા વોહ વાલા વિડિયો’ના એક ગીત (મેરે મહેબૂબ)માં એણે કરેલા કેટલાંક (અસભ્ય!) ડાન્સ સ્ટેપ્સ માટે એ સોશિયલ મીડિયામાં ટ્રોલ થઈ રહી છે...! ■

## કટ એન્ડ ઓકે..

ઓક્ટોબરમાં ‘સિંઘમ અગેઇન’ અને ‘ભૂલ ભુલૈયા ૩’ જેવી સિક્વલ પછી બોલિવૂડ ૨૦૨૫માં એક પછી એક સિક્વલ્સ લાવતું રહેવાનું છે, ‘જેમકે રેઇડ -૨’, ‘જોલી એલએલબી -૩’, ‘હાઉસફૂલ- ૫’, વોર -૨’ અને ‘વેલકમ ટૂ ધ જંગલ’!

બસ, દર્શકોએ તો એક પછી એક નંબરો ગણતા જ રહેવાના...પછી ભલેને જૂનો દારૂ નવી બોટલમાં આકર્ષક રીતે પીરસાય!

LIKE & FOLLOW: /Mumbaisamachar4u



પ્રકરણ ૭૮

# વેર - વિખેર

■ કિરણ રાયવડેરા

કુમાર ડરી ગયો હતો.

વિક્રમ સાથે ચાકુની દુકાને અણધારી મુલાકાત બાદ એ ટેક્સી પકડીને સીધો પેરેડાઈઝ ગેસ્ટ હાઉસ' આવી ગયો હતો. પહેલાં વિચાર્યું હતું કે છરી ખરીદ્યા પછી ધરમતલ્લામાં આંટા મારશે. ઇચ્છા થશે તો એકાદ ફિલ્મ જોઈ નાખશે, પણ વિક્રમ સાથે ભેટો થયા બાદ એ ધ્રૂજી ગયો હતો. ઇન્ટરકોમથી ફોન કરીને એણે સોડા અને બરફ રૂમમાં મગાવી લીધાં અને વ્હિસ્કીની બોટલ એણે બેગમાંથી કાઢી.

થોડી મિનિટ બાદ વ્હિસ્કીનો એક ઘૂંટ એના ગળામાંથી નીચે ઉતાર્યો ત્યારે એની ધ્રુજારી શમી. એ કંઈ પણ વિચારવા નહોતો માગતો. ઉતાવળે એણે બે-ત્રણ મોટા ઘૂંટડા ગળા નીચે ઠાલવી લીધા.

હાશ, હવે સારું લાગે છે.

એનો ભય ઓસરવા લાગ્યો અને હાથ-પગમાં ફરી ચેતનાનો સંચાર થયો.

વિક્રમ જેવો મોટો માણસ ચાંદનીની એક સામાન્ય દુકાનમાં શું કરતો હતો? એ પણ ચાકુની દુકાનમાં? ક્યાંક કંઈક ખૂટતું હતું!

વિક્રમ ધારે તો દસ માણસને દસે દિશામાં દોડાવીને ચાકુ મગાવી શકે. એ પોતે શા માટે આવ્યો હતો? બની શકે કે વિક્રમે એને દૂરથી જોઈ લીધો હોય અને એનો પીછો કરતો કરતો ત્યાં આવી પહોંચ્યો હોય, પણ જો પીછો કરતો હોત તો એ મને વચ્ચે ગમે ત્યાં આંતરી શક્યો હોત! અચાનક દુકાનમાં એના ખભા પર હાથ મૂકીને શા માટે પૂછે?

વળી પ્રશ્ન તો એવી રીતે કર્યો, જાણે વરસો જૂની મિત્રતા હોય. જરૂર

વિક્રમ એને ફસાવવા માગતો હતો. અચાનક એના ખભા પર ધબ્બો મારીને વિક્રમ એને આઘાત પહોંચાડવા માગતો હતો જેથી કુમાર ગભરાઈને પોતાની ઓળખ છતી કરી દે.

સારું થયું એનાથી કોઈ ભૂલ ન થઈ. એ ડરી ગયો હતો પણ એ પળ તો એણે બાજી સંભાળી લીધી હતી. છેલ્લે એ બોલ્યો હતોઃ 'ઉપરવાળાની ઇચ્છા હશે તો જરૂર મળીશું.' પછી એ તાબડતોબ બહાર નીકળી ગયો હતો.

એક વાર દુકાનની બહાર નીકળ્યા બાદ એનો ભય વધી ગયો હતો. કુમાર પોલીસ સ્ટેશને ફરિયાદ કરી દે તો? જોકે, એને ફરિયાદ કરવી હોત તો એ ક્યારની કરી ચૂક્યો હોત.

કુમારને એ વખતે શ્યામલી યાદ આવી ગઈ.

હંમેશની જેમ એને મુશ્કેલીમાં જ શ્યામલી યાદ આવતી હતી. આજે એ હોત તો પળવારમાં રસ્તો સૂઝાડી દીધો હોત. શ્યામલીને કુદરતી બક્ષિસ હતી. કોઈ પણ સ્થિતિમાં એ ઠંડા દિમાગથી સ્પષ્ટપણે વિચારી શકતી. કુમારના હૃદયમાં પીડાની ટીસ ઊઠી. દારૂના નશાએ વેદનાના અહેસાસને વધુ ગહેરો બનાવ્યો. શ્યામલી વગર જિંદગી ખાલીખમ લાગતી હતી, આ રૂમ જેવી.એની જિંદગીમાં પણ કંઈ નહોતું બચ્યું.

કુમારે બીજો પેગ બનાવ્યો.. ગ્લાસમાં સોડા અને બરફનો ટુકડો નાખતાં એની આંખમાં ખુન્નસ ઊતરી આવ્યુંઃ

'વિક્રમ, તને નહીં છોડું. લોકો તો દુશ્મનને કહે કે તને મારી નાખીશ, જ્યારે હું કહું છું તને જીવતો રાખીશ, જેથી તારા બાપનું ખૂન તું જોઈ શકે.' કુમાર ગ્લાસ મોઢે માંડતાં ગણગણ્યો.

જોકે, હવે વિક્રમ એને ચાકુ ખરીદતાં જોઈ ગયો છે. આવતીકાલે એ જગમોહનનું રામપુરીથી ખૂન કરે તો વિક્રમ પોલીસને કહી શકે કે એણે કુમારને ચાકુ ખરીદતા જોયો હતો. પોલીસ બે વત્તા બે કરશે.

ઓહ નો, હવે ફરી હથિયાર બદલાવવું પડશે?

શું ફરક પડે છે? પોલીસ એને શોધવાનું શરૂ કરે એ પહેલાં તો એ અહીંથી ઘણો દૂર ચાલ્યો જશે. આમેય વિક્રમને ખબર તો પડી ગઈ છે કે એ શ્યામલીનો વર છે.પોલીસ એને વહેલી મોડી શોધતી આવશે જ.

કાલે બપોરના એ કામ પતાવીને જે પણ ટ્રેન મળશે એમાં બેસી જશે અને કોલકાતાને હંમેશને માટે છોડી દેશે....વિક્રમની આંખ ઘેરાવા લાગી હતી.

જગમોહન દીવાનનું ખૂન કરીને એ શ્યામલીની યાદને હૃદયમાં ધરબીને હંમેશને માટે આ શહેર છોડી દેશે... કુમારની આંખ ઘેરાતી હોવાથી એને બધું અસ્પષ્ટ દેખાતું હતું. કુમારને ખબર નહોતી કે એનું ભવિષ્ય પણ એટલું જ અસ્પષ્ટ હતું.

થોડીવારમાં તો એ નસકોરા બોલવવા માંડ્યો હતો.

એ સમયે સામે ચાની દુકાનમાં એક માણસ એના મોબાઈલમાં કહેતો હતો :

'સાહેબ, એ રામપુરી લઈને સીધો હોટલની રૂમમાં પાછો આવ્યો છે.'

**********

'કેમ છો જીજાજી?' વિક્રમ રૂમમાં દાખલ થતાં જ એના સાળા જયએ એના ખબર પૂછ્યા.

'મઝામાં, તમારા શું ખબર છે, સાળાસાહેબ?' વિક્રમે શિષ્ટાચાર દાખવ્યો પણ પછી એણે વિચાર્યું કે શેરબજારમાં હારેલો માણસ મઝામાં કેવી રીતે હોઈ શકે!

જય પણ માંદલું હસીને નીચું જોઈ રહ્યો.

વિક્રમ એના સાળાને જોઈ રહ્યો. સોહામણો ચહેરો, કસાયેલું શરીર, છ ફૂટની હાઈટ, કોઈ એક ફિલ્મના મોડલ જેવો લાગતો હતો.છ ફૂટની હાઈટવાળો માણસ રૂપિયા માગવા કેવી રીતે આવી શકે એવા વિચાર પર વિક્રમને હસવું આવી ગયું.ત્યાં જ પૂજા રૂમમાં પ્રવેશીઃ

'અરે, તમે આવી ગયા? જય તમને મળવા કાગડોળે રાહ જોઈ રહ્યો હતો.'

'મને મળવા નહીં, રૂપિયા મેળવવા...' એવા શબ્દો વિક્રમના મોઢા સુધી આવ્યા, પણ વિક્રમે હોઠ ભીડી રાખ્યા.

પૂજાને ન છંછેડવાનું એણે નક્કી કરી રાખ્યું હતું. એમાંય જય માટે કંઈ પણ આડું અવળું બોલાઈ જશે તો મામલો બીચકી જશે.

આમેય ભાઈની વાત આવે ત્યારે દુનિયાની દરેક પત્ની તલવાર લઈને નીકળી પડે

'તું ચા મૂક ત્યાં સુધી હું જય સાથે વાત કરું છું.' પૂજાની હાજરીમાં સાળા સાથે વાત કરવી નહીં ફાવે એવું વિક્રમને લાગ્યું.

'હા, હમણાં લઈ આવું.' વિક્રમને લાગ્યું કે પૂજાના અવાજમાં વધુ આત્મીયતા હતી. વધુ પ્રેમ હતો. સ્ત્રીને છેતરવી કેટલું સરળ છે. એના પિયરિયાં સાથે બે ઘડી પ્રેમથી વાતો કરો કે પત્ની ખુશ.

'હા, જય, બોલો! શું પ્રોબ્લેમ છે?' પૂર્વભૂમિકા બાંધ્યા વિના વિક્રમે વાત શરૂ કરી. હમણાં પૂજા આવશે તો વાત ડહોળાઈ જશે એવો એને ભય હતો.

'ખાસ કંઈ નહીં, શેરબજારમાં ઊંચ-નીચ તો આવ્યા કરે, તમે જાણો છો. આ વખતે થોડો વધુ ફટકો પડ્યો.' જય ખૂબ સ્વાભાવિકતાથી વાત કરતો હતો. જાણે કંઈ બન્યું જ ન હોય.

વિક્રમ ચૂપ રહ્યો. ફટકો કેટલો મોટો હતો એ જાણવાની એણે આતુરતા દેખાડી નહીં.

'આમ તો આ માર્કેટમાં ખોયેલા પૈસા તમને અહીં જ પાછા મળી રહે, જીજાજી...' જય એને સમજાવતો હતો.


કેટલા ગુમાવ્યા તમે આ ઊંચા-નીચાં થતાં શેરબજારમાં.'

'જીજાજી, કુલ મળીને પંચાવન લાખનું નુકસાન થયું છે. દસ લાખની મેં ગોઠવણ કરી રાખી છે. પિસ્તાલીસ લાખની તાત્કાલિક જરૂર છે.' જય બોલતો હતોઃ

'ડોન્ટ વરી જીજાજી, મહિના દિવસમાં જ રૂપિયા કમાઈને તુરત જ તમને પરત કરી દઈશ.'

પિસ્તાલીસ લાખ...!

વિક્રમનું હૃદય ધબકાર ચૂકી ગયું. ઇચ્છા તો એવી થઈ કે એક તમાચો જયના ગાલ પર ઝીંકી દે. એટલા માટે નહીં કે એ રૂપિયા શેરબજારમાં હાર્યો છે. એ એનો નિર્ણય છે- એનો ફેંસલો છે. પોતાના પૈસાનું એને જે કરવું હોય એ કરે. એને ગુસ્સો એ વાતનો આવતો હતો કે બનેવી મદદ કરશે એવી ખાતરી સાથે સાળાબાબુ ફ્લાઇટમાં એને મળવા દોડી આવ્યા હતા. જો એ હા પાડે તો એણે મોટું કામ કર્યું ન ગણાય. કેમકે




સાળાબાબુ તો એ અપેક્ષા સાથે આવ્યા છે. એ જો ના પાડે તો ચિત્ર બદલાઈ જાય. પળવારમાં સંબંધોના બધાં સમીકરણો બદલાઈ જાય. રાતોરાત બનેવી દુશ્મન લાગવા માંડે....એણે ક્યાંક વાંચ્યું હતું કે જેને ના પાડતાં આવડે એ માણસ જ સફળ થઈ શકે, પણ આ કેસ એટલો સરળ નથી. કોઈ બહારનો માણસ ઉધાર માગવા આવ્યો હોત તો મોઢું તોડીને બહાર કાઢી મૂક્યો હોત, પણ આ પૂજાનો સગો ભાઈ હતો.

એ જ સમયે પૂજા ચાની ટ્રે લઈને રૂમમાં પ્રવેશી.

'તમે સાંભળ્યું ને? બિચારાને ફક્ત ૪૫ લાખની જ જરૂર છે, એ પણ મહિના દિવસ માટે. મેં કહ્યું છે કે તારા બનેવીનું દિલ બહુ જ મોટું છે.' પૂજાએ ચાનો કપ એના હાથમાં મૂકતાં કહ્યું.

પૂજા દાઢમાં બોલી હતી? તારા બનેવીનું દિલ એવું મોટું છે કે પૂજા ઉપરાંત શ્યામલી પણ સ્થાન જમાવી શકે.

વિક્રમે ધારીધારીને પૂજા સામે જોયું. ચહેરા પર ક્યાંય કટાક્ષની રેખા જોવા ન મળી.

'પૂજા, આ ફકત' ૪૫ લાખ નાનીસૂની રકમ નથી.' વિક્રમ બોલ્યો.

'આપણા માટે તો નાની જ રકમ ને...! તમે ધારો એ કરી શકો.' પૂજા એને પાનો ચઢાવતી હતી.

'પૂજા, ડોન્ટ બી સીલી, મારે પપ્પાને વાત કરવી પડે. તું જાણે છે આજકાલ એ કેવી ચિંતામાં રહે છે.' વિક્રમે વાત ટાળવાનો પ્રયાસ કર્યો, પણ પૂજા કેડો મૂકવાની નહોતી એ એને ખબર હતી.

હા, તો કરોને વાત! મારા ભાઈની વાત પપ્પા ટાળી નહીં દે. તમે ન કરી શકતા હો તો હું કરું...' પૂજા બોલી.

'ના મારા બાપ, હું જ વાત કરીશ.' વિક્રમે નમતું જોખ્યું.

'ઠીક છે આજે જ વાત કરજો.' પૂજાએ આગ્રહ કર્યો.

'કેમ આજે જ? કાલે કરશું ને નિરાંતે...' વિક્રમે પીછો છોડાવવાનો એક વધુ પ્રયાસ કર્યો.

'કાલ કોણે દીઠી છે, વિક્રમ...' પૂજા બોલી.

પૂજા સ્વાભાવિકપણે જ બોલી હતી, પણ એની વાતમાં રહેલા ગંભીરતાનો વિક્રમને પણ અંદેશો નહોતો....

દીવાન પરિવારનો એક સભ્ય તો આવતીકાલ ન પણ જોઈ શકે....કદાચ!

*************

જગમોહન પલંગમાં પડખા ઘસતો હતો.

સાંજના એ કોઈ દિવસ સૂતો નથી એટલે નીંદર ન આવે એ સ્વાભાવિક હતું, પણ એને ક્યાંય ચેન નહોતું પડતું. જીવ બળ્યા કરતો હતો. વારંવાર હાથ-પગ ઠંડા પડી જતા હતા.

આત્મહત્યા કરવા જતી વખતે પણ આવો અનુભવ નહોતો થયો. ત્યારે પણ ડર નહોતો લાગ્યો.

આજે એને સમજાતું નહોતું કે એને શું થઈ રહ્યું છે.

શું આને જ મૃત્યુનો ભય કહેવાય? શું આને જ પોતાનાથી છૂટા પડવાની પીડા કહેવાય?

શા માટે એ એમ માની બેઠો છે કે હત્યારો એના મનસૂબામાં કામયાબ થઈ જશે? એણે પોતાની જાતને શાંત પાડવા પ્રયત્ન કર્યો, પણ બહુ ફાવ્યો નહીં.

એ વધુ અસ્વસ્થ થઈ ગયો.

થોડી વાર પહેલાં જ એના શત્રુનો ફોન હતો :

'હવે તમારે સૂતા રહેવાનું. અલવિદા, મિસ્ટર દીવાન આવતા જન્મે મળીશું....!'

એક તરફ એક હત્યારો એને બિન્ધાસ્તપણે મારી નાખવાની ધમકી આપતો હતો. બીજી તરફ એના જેવો ધનાઢ્ય સફળ ઉદ્યોગપતિ ડરીને એના ઘરમાં સંતાઈને બેઠો હતો....આ પણ વિધિની કેવી વક્રતા છે..!

(ક્રમશઃ)

---

ફિલ્મનામા
નરેશ શાહ


# મુંબઈ માફિયાઃ પોલીસ V/s ધ અન્ડરવર્લ્ડ

ભાવતી વાનગી ખાવી જેમ અવારનવાર ખાવી ગમે તેમ મુંબઈના અન્ડરવર્લ્ડની વાતો પણ વાંચવી-સાંભળવી અને ફિલ્મોરૂપે જોવી ગમે,જેમકે..

'કંપની' - 'શૂટઆઉટ એટ લોખંડવાલા'- 'અબ તક છપ્પન'- 'સરકાર' , ઈત્યાદિ

મુંબઈ -દાઉદ ઈબ્રાહિમ અને મુંબઈ પોલીસ પર આવી અનેક સુપરહીટ ફિલ્મો બની ચુકી છે. જોકે હવે તેમાં એક ઓથેન્ટિક ઉમેરો થયો છે. ગયા વર્ષે મુંબઈના અન્ડરવર્લ્ડ પર બનેલી ડોક્યુમેન્ટરી 'નેટફ્લિક્સ' પર સ્ટ્રીમ થઈ છેઃ 'મુંબઈ માફિયાઃ પોલીસ વર્સસ ધ અન્ડરવર્લ્ડ.' રાઘવ દર અને ફ્રાન્સીસ લોંગહર્સ્ટે બનાવેલી આ ડોક્યુમેન્ટરીમાં આમ જુઓ તો એકપણ વાત એવી નથી કે જે આપણે જાણતાં નથી. આમ છતાં, મુંબઈના અન્ડરવર્લ્ડ પર બનેલી તમામ ફિલ્મ કરતાં તેનું વજન વધારે આંકવું પડે, કારણ કે અહીં હોર્સીસ માઉથ (લાગતા-વળગતાં લોકોના મોંએ) કહેવાયેલી વાતોનો દસ્તાવેજ છે. બેશક, આ ડોક્યુમેન્ટરીનું ફોકસ માત્ર દાઉદ ઈબ્રાહિમ અને એની ગેંગ પર છે એટલે મુંબઈના બીજા ડોનનો ઉલ્લેખ સુધ્ધાં નથી. સચ્ચાઈ પણ એ છે કે મુંબઈનું માફિયા વર્લ્ડ દાઉદ ઈબ્રાહિમને કારણે જ કુખ્યાત બન્યું છે. ૮૦-૯૦ દશકાના પૂર્વાર્ધ માથું ઊંચકીને પથરાઈ ગયેલા દાઉદ ઈબ્રાહિમ અને એની ગેંગને નાથવા માટે મુંબઈ પોલીસે ચોપ વધારી ત્યારથી આ ડોક્યુમેન્ટરીની શરૂઆત થાય છે.

એ વખતે મુંબઈની ક્રાઇમ બ્રાંચના સીપી આફતાબ અહેમદ ખાન (એ.એ. ખાન, જેમનું પાછળથી અવસાન થયું.) હતા. એમણે જ દાઉદ વિરુદ્ધ ઉપાડેલી ઝુંબેશમાં માયા ડોળસ




(જેના એન્કાઉન્ટર પર ફિલ્મ બની), દિલીપ બુવા વગેરેના એન્કાઉન્ટર થયા, પણ... એ પછી આવેલા પોલીસ કમિશ્નર ત્યાગીએ માફિયાઓના સફાયા માટે એન્કાઉન્ટર સ્પેશિયાલિસ્ટ અફસરોને જન્મ આપ્યો અને લગભગ બારસોથી ૨૦૦૦ વચ્ચે એન્કાઉન્ટર થયાં. આમાંના કેટલાક એન્કાઉન્ટર સ્પેશિયાલિસ્ટનાં ઢગલાબંધ 'પરાક્રમ' એટલાં ચર્ચાસ્પદ થયા કે છેક અમેરિકન 'ટાઇમ' મેગેઝિન સુધી ચમક્યા અને ત્યારબાદ પ્રદીપ શર્મા, રવિન્દ્ર આંગ્રે (અને દયા નાયક) જેવા આ પોલીસ અધિકારીઓને નકલી એન્કાઉન્ટર મુદ્દે જેલ પણ થઈ... 'મુંબઈ-માફિયા'માં એ.એ. ખાન, પ્રદીપ શર્મા, રવિન્દ્ર આંગ્રે જેવા પોલીસ અફસર ઉપરાંત એસ. હુસૈન ઝૈદી, પૂજા ચાંગોઈવાલા, મીન્ટી તેજપાલ, એલૈક્સ પેરી ( 'ટાઇમ' મેગેઝિનના સંવાદદાતા)ના ઇન્ટરવ્યૂ પણ છે. એલેક્સ પેરીએ જ 'ટાઇમ' મેગેઝિનમાં લખેલા રિપોર્ટ પછી 'એન્કાઉન્ટર સ્કવોડ'ની કાર્યપદ્ધતિ પર ભીંસ વધી હતી. એલૈક્સ ખુદ સ્વીકારે છે કે, મને બહુ આશ્ચર્ય થતું હતું કે બારસો એન્કાઉન્ટર થયા છતાં એ એન્કાઉન્ટર કરનારાંને ક્યારેક કોઈ સજા નહોતી થઈ કે ગોળીનો ઘસરકો પણ થયો નહોતો!' ડોક્યુમેન્ટરીમાં જે તે સમયના વીડિયો-ફૂટેજ પણ દેખાડવામાં આવ્યા છે, જેમાં દાઉદ ઈબ્રાહિમ પણ છે તો જાણીતા પત્રકાર શેખર ગુપ્તાને પ્રદીપ શર્મા (૧૧૨ એન્કાઉન્ટર જેમના ચોપડે નોંધાયા છે.) ઇન્ટરવ્યૂ આપે છે ત્યારે એમની સાથે વિજય સાલસકર પણ દેખાય છે.

આ ડોક્યુમેન્ટરીની હાઇલાઇટ્સ એ છે કે તેમાં દાઉદ ઈબ્રાહિમના પાડોશી ઉપરાંત દાઉદની ગેંગમાં કામ કરી ચૂકેલાં શ્યામ કિશોરનો ઇન્ટરવ્યૂ પણ છે. મુંબઈ પોલીસ જ્યારે 'ગુંડો દેખાય, ગુંડો મારું'ની તીવ્ર ઇચ્છા સાથે કામ કરતી હતી ત્યારે સલામત રહેવા માટે શ્યામ કિશોર મુંબઈ છોડીને ખોટા નામે ગોવા શિફ્ટ થઈ ગયો હતો. દસ વર્ષ પછી એણે મુંબઈમાં પગ મૂક્યો પછી પોતાના ગુના બદલ બે વર્ષની જેલ સજા પણ એણે ભોગવી હતી.ન મજા તો એ હતી કે એન્કાઉન્ટર સ્પેશિયલ સ્કવોડ જ્યારે માફિયાઓનો સફાયો કરતી હતી ત્યારે દાઉદ ઈબ્રાહિમ તો દુબઈ ભાગી ગયો હતો. આરોપ તો એવા પણ થતા હતા કે દાઉદ કે છોટા રાજન કે છોટા શકીલ કે અબુ સાલેમને ખટકતાં લોકોના જ મુંબઈમાં એન્કાઉન્ટર થતા હતા. સાચું - ખોટુ રામ જાણે. 'મુંબઈ માફિયા' ડોક્યુમેન્ટરીનુ મહત્ત્વ અવશ્ય છે, છતાં ઝીણવટ તેમજ અભ્યાસપૂર્ણ રીતે જુઓ તો આ ડોક્યુમેન્ટરીમાં બે વાત ઊડીને આંખે વળગે એવી છે.

એક, આખી ડોક્યુમેન્ટરીમાં ક્યાંય દયા નાયકનો નામ પૂરતો પણ ઉલ્લેખ થયો નથી. બીજી વાત એ કે દાઉદ ગેંગ સામે પડીને માયા ડોળસ, દિલીપ બુવા જેવા ગેન્ગસ્ટરોનો ખાતમો કરનારા એ.એ. ખાન નામના પોલીસ અધિકારીએ એન્કાઉન્ટરથી થતી સાફસૂફીનો સખત વિરોધ કર્યો હતો. એટલું જ નહીં, વિરોધ દર્શાવવા એમણે રાજીનામું આપીને પોલીસ ખાતામાંથી વહેલી નિવૃત્તિ લઈ લીધી હતી. આફતાબ એહમદ ખાન કદાચ, દાઉદ ગેંગ માટે કામ કરતાં યા એક ચોક્કસ લોકોના એન્કાઉન્ટર કરવામાં વિશ્વાસ ધરાવતા નહોતાં એવું આપણે માનવું રહ્યું, કારણ કે માયા ડોળસ કે દિલીપ બુવા (દાઉદના ટોપ-ટેન ખાસ ગણાનારામાંના એક હતા)ના એન્કાઉન્ટર કરનારાં એ.એ. ખાન પછી માનવતા દૂહાઈ દેવા લાગ્યા હતાં. 'મુંબઈ -માફિયા ડોક્યુમેન્ટરી' આમ તો મુંબઈની અંધારી આલમનો એક નોંધનીય દસ્તાવેજ તો છે જ એ કહેવું પડે.. ■

---

# ક્વિક ફિલ્મી ક્વિઝ

નીલા સુનીલ મહેતા

## ક્વિઝ (અ)

**અહીં દર્શાવેલાં પાત્રો કંઈ ફિલ્મમાં હતાં અને તે પાત્રો કયા હીરો - હિરોઈને ભજવ્યાં હતાં?**

૧) વાસું -- સપના

૨) રાજ -- સિમરન

૩) મહેશ -- મોહિની

૪) બાદલ -- ટીના

૫) તારા સિંહ -- સકીના

૬) પ્રેમ -- સુમન

૭ ) વિજય સલગાંવકર -- નંદિની

## ક્વિઝ (બ)

**આ પાત્રો કયા કલાકારે કંઈ ફિલ્મમાં ભજવ્યા હતાં?**

૧) લોટીયા પઠાણ

૨) મોગેમ્બો

૩ ) ભીખુ માત્રે

૪ ) લોઈન

૫) સાંભા

૬) ઉદય શેટ્ટી

૭ ) બાબુરાવ આપ્ટે



જવાબ માટે જુઓ 'ફન વર્લ્ડ'

---

# શાહરુખનું કહેવું છે કે દરેક ફિલ્મની ઑફર પહેલા એને આવે છે




**બોલીવૂડના** બાદશાહ શાહરુખ ખાનનું કહેવું છે કે તેને દરેક ફિલ્મોની ઑફર કરવામાં આવે છે અને તે જ્યારે એને ઠુકરાવે છે પછી એ ફિલ્મ અન્ય સ્ટાર્સ પાસે જાય છે. તાજેતરમાં જ શાહરુખે વિકી કૌશલ સાથે મળીને આઇફા અવૉર્ડસને હૉસ્ટ કર્યો હતો. એ દરમ્યાન બન્નેએ પોતાની હ્યુમરથી લોકોને ખૂબ હસાવ્યા હતા. એ વખતે શાહરુખે જે મજાક કરી હતી એ સોશિયલ મીડિયામાં ખૂબ વાઇરલ થઈ છે. મજાકિયા અંદાજમાં શાહરુખે કહ્યું કે, 'જેટલા પણ મોટા-મોટા પ્રોજેક્ટ્સ છે એ પહેલાં મારી પાસે આવે છે અને બાદમાં પછી અન્ય સ્ટાર્સ પાસે એ ફિલ્મ જાય છે.'

આ સાંભળીને વિકી કૌશલ ચોંકી જાય છે. એથી તે કેટલીક ફિલ્મોના નામ કહે છે કે તેણે આ ફિલ્મ કેમ ન કરી? વિકી પૂછે છે કે 'તમે 'લાલ સિંહ ચઢ્ઢા'માં કામ કેમ ન કર્યું?'

તો તેને જવાબ આપતાં શાહરુખ કહે છે, 'મને એવું લાગે છે કે આમિર ખાને પણ 'લાલ સિંહ ચઢ્ઢા' નહોતી કરવી જોઈતી. આઇ લવ યુ આમિર.'

બાદમાં વિકી પૂછે છે કે 'શું તમે 'પુષ્પા'માં કામ કરવાની તક ગુમાવી દીધી હતી?'

વિકીની આ વાત સાંભળીને શાહરુખ કહે છે, 'ઑહ માય ગૉડ! તેં તો એવો સવાલ કર્યો છે જેને લઈને મને આજે પણ તકલીફ થાય છે. હું પણ 'પુષ્પા'માં કામ કરવા માગતો હતો, પરંતુ હું અલ્લુ અર્જુન જેવો સ્વૅગ મૅચ કરી શક્યો ન હોત.' ■

મુંબઈ સમાચાર દ્વિશતાબ્દી મહોત્સવની ઉજવણી નિમિત્તે




રમો, ઝૂમો અને જીતો
૩ ઓક્ટોબરથી ૧૧ ઓક્ટોબર સુધી...
૩ ઓક્ટોબરથી ૧૧ ઓક્ટોબર

મુંબઈ સમાચારની મહાસ્પર્ધા મુંબઈનાં આઠ સેન્ટરોમાં યોજવામાં આવી છે, જેમાંથી રોજેરોજ અનેક કેટેગરીમાં વિજેતાઓની પસંદગી કરવામાં આવશે. વિજેતાઓનો ફાઈનલ રાઉન્ડ રમાડવામાં આવશે.

મહાસ્પર્ધામાં પ્રોફેશનલ જજની નિમણૂક કરવામાં આવી છે અને તેમના દ્વારા પસંદગી કરાયેલા વિજેતાઓને ટ્રોફી અને ગિફ્ટ એનાયત કરવામાં આવશે. વિજેતાઓને તેમનાં ઈનામો ફાઈનલને દિવસે મળશે.

આજના જજ :
ચાર્મી કક્કડ, સંજય સોની અને હેમેન્દ્ર મિસ્ત્રી

આટલું જ નહીં, રોજેરોજ જે ખેલૈયાઓ વિજેતા બનશે તેમનો ફોટો અને અહેવાલ મુંબઈ સમાચારમાં પ્રકાશિત કરવામાં આવશે.

ફાઈનલ શુક્રવાર, તા. ૧૧-૧૦-૨૦૨૪
ફાઈનલ અને અન્ય સેન્ટરો માટે જોતા રહો મુંબઈ સમાચાર

નોરતું બીજું | ભૂમિ ત્રિવેદી સંગ | બાળાસાહેબ ઠાકરે મનોરંજન ઉદ્યાન, ચીકુવાડી, બોરીવલી (વેસ્ટ)

મહાસ્પર્ધામાં બમ્પર ઈનામો
થાઈલેન્ડ ટ્રિપ (૧૦ કપલ)
ભૂતાનની ટિકિટ સ્ટે (બે કપલ)
ગિફ્ટ વાઉચર્સ તેમ જ ટ્રોફી
ઓલ ઈન્ડિયા હોટેલ વાઉચર્સ
+ લાખોનાં રોકડ ઈનામો તો છોગામાં.

...તો ગરબાની રમઝટ બોલાવવા માટે થઈ જાવ તૈયાર
visit: www.bombaysamachar.com

પ્રાયોજક:
Chandan Mouth Freshener Khaana Ki Happy Ending!
Platinum Jewellery Maker
Renddezvous where soulmates meet
NanoNine Innovative Kitchenware
Rachna Salon Since 1980 Be Beautiful, Be You Event sponsored by
JVM Spaces a mehta group venture
B.N. Jewellers India Private Limited Trophy partner
Oz 2 Thailand
BB Seen Get Noticed
Hairlogic The Right Basics Gifting partners
Since 1983 Hari Hari Hair Studio Gifting partners
Palkhe (Brand by Palkhi)
DS Damji Shamji Shah Group Since 1962
F·R·I·E·N·D·S Resort
Arihant Holidays
Jash Holidays & Memoriies Destination & Event Management Company DMC For Bhutan & Russia
Summer Plaza Fun on the Mountains
Aron Resort
Khanvel Resort Silvassa
Digital Global Garba સહયોગઃ જિતુભાઈ મહેતા, દુષ્યંત સોની, અમિત સોની અને મનીષા શેઠ

# ભાજપ નફરત ફેલાવે છે, તેને હરિયાણાથી હટાવી દો: રાહુલ ગાંધી

નૂહ: કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ ગુરુવારે એવું નિવેદન કર્યું હતું કે ભાજપ દ્વારા ધર્મ, ભાષા અને જાતિના આધારે ફેલાવવામાં આવતી 'દ્વેષ'ને તેમની પાર્ટી જીતવા દેશે નહીં. તેમણે હરિયાણાના લોકોને વિધાનસભાની ચૂંટણીમાં સત્તાધારી પક્ષને હાંકી કાઢવા અપીલ કરી હતી.

રાહુલ ગાંધી નૂહમાં એક જાહેરસભાને સંબોધિત કરી રહ્યા હતા, જેમાં ગયા વર્ષે વિશ્વ હિન્દુ પરિષદના સરઘસ પર ટોળાં દ્વારા હુમલો કરવામાં આવ્યા બાદ હિંસાની ઘટનાઓ જોવા મળી હતી, જેમાં બે હોમગાર્ડ અને એક મૌલવી સહિત છ લોકોનાં મોત થયાં હતાં.

લડાઈ 'મોહબ્બત' (પ્રેમ) અને 'નફરત' (દ્વેષ) વચ્ચે છે. કોંગ્રેસ પ્રેમ ફેલાવે છે જ્યારે ભાજપ 'દ્વેષ' ફેલાવે છે, ગાંધીએ પાંચમી ઓક્ટોબરની વિધાનસભા ચૂંટણીના પ્રચારના છેલ્લા દિવસે જણાવ્યું હતું.

સૌથી મહત્ત્વની બાબત છે ભાઈચારો. ભાજપ અને આરએસએસના લોકો જ્યાં પણ જાય છે, ત્યાં તેઓ નફરત ફેલાવે છે. તેઓ ગમે તે રાજ્યમાં જાય છે, ક્યાંક તેઓ ભાષાની વાત કરે છે, ક્યાંક તેઓ ધર્મની વાત કરે છે અને ક્યાંક તેઓ જાતિની વાત કરે છે, એમ તેમણે કહ્યું હતું.

તેમણે એમ પણ કહ્યું હતું કે, નફરતનો અંત લાવવો પડશે. ભારત નફરતનો દેશ નથી, તે 'મોહબ્બત'નો દેશ છે અને તમે આખા દેશને બતાવ્યું છે, એમ તેમણે કહ્યું હતું.

તેમણે કહ્યું કે ભારત 'મોહબ્બત કી દુકાન'નો દેશ છે, 'નફરત કા બાઝાર'નો નહીં.

લોકસભામાં વિપક્ષના નેતાએ એમ પણ કહ્યું હતું કે, અમે દેશમાં આ નફરતને જીતવા નહીં દઈએ. દેશમાં પ્રેમ, ભાઈચારો અને એકતાની જીત થશે.

નફરતથી દેશ નબળો પડે છે. નફરત દુઃખ અને ભય ફેલાવે છે. પ્રેમ જ નફરતનું મારણ છે. પ્રેમ ભાઈચારો ફેલાવે છે અને પ્રેમથી દેશ આગળ વધે છે. આપણે પ્રેમની વાત કરીએ છીએ પણ તેઓ (ભાજપ) નફરત ફેલાવે છે અને દેશને તોડવા માટેના પ્રયાસ કરે છે, એમ તેમણે ઉમેર્યું હતું.

બંધારણની એક નકલ સાથે ગાંધીએ કહ્યું કે તેમણે ગરીબો, ખેડૂતો અને મજૂરોના અધિકારોનું રક્ષણ કર્યું છે, પરંતુ ભાજપ અને આરએસએસ બંધારણ પર હુમલો કરવા માટે તત્પર છે. લડાઈ આને લઈને છે. જો બંધારણ નહીં રહે, તો તમારી પાસે, ગરીબો પાસે કંઈ જ નહીં રહે. તમારી જમીન, પૈસા અને પાણી ગાયબ થઈ જશે. આ પસંદગીના ૨૦-૨૫ લોકોના હાથમાં જશે. એમ તેમણે જણાવ્યું હતું.

વિધાનસભાની ચૂંટણીની મતગણતરી આઠમી ઓક્ટોબરે થશે. ■

## ભૂતપૂર્વ ભારતીય કેપ્ટન મોહમ્મદ અઝહરુદ્દીન ઈડીના સાણસામાં

હૈદરાબાદ: એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે ભારત ક્રિકેટ ટીમના ભૂતપૂર્વ કેપ્ટન અને કોંગ્રેસના નેતા મોહમ્મદ અઝહરુદ્દીનને હૈદરાબાદ ક્રિકેટ એસોસિએશનમાં કથિત નાણાકીય ગેરરીતિઓ સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં પૂછપરછ માટે સમન્સ પાઠવ્યું છે.

આ માહિતી સત્તાવાર સૂત્રોએ આપી હતી. સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર ૬૧ વર્ષીય ભૂતપૂર્વ સાંસદ(એમપી)ને ૩ ઓક્ટોબરના રોજ ફેડરલ એજન્સીના કાર્યાલયમાં હાજર થવા માટે કહેવામાં આવ્યું હતું. આ તપાસ હૈદરાબાદ ક્રિકેટ એસોસિએશનમાં કથિત નાણાકીય ગેરરીતિઓ સાથે સંબંધિત છે. નોંધનીય છે કે આ મામલે ઇડીએ ગયા વર્ષે નવેમ્બરમાં દરોડા પાડ્યા હતા. મની લોન્ડરિંગનો આ મામલો તેલંગાણા એન્ટી કરપ્શન બ્યુરો(એસીબી) દ્વારા એચસીએના રૂ. ૨૦ કરોડ રૂપિયાના કથિત ગુનાહિત દુરુપયોગ માટે દાખલ કરાયેલી ત્રણ એફઆઇઆર અને ચાર્જશીટ સાથે સંબંધિત છે. ■

## છત્તીસગઢમાં સુરક્ષા દળો સાથેની અથડામણમાં નક્સલીઓનો કેમ્પ ધરાશાયી

સુકમા: છત્તીસગઢના માઓવાદ પ્રભાવિત સુકમા જિલ્લામાં સુરક્ષા દળો અને માઓવાદીઓ વચ્ચે ભીષણ અથડામણ થઈ હતી. પોલીસ અધિકારીઓએ ગુરુવારે જાણકારી આપી હતી કે એન્કાઉન્ટર દરમિયાન નક્સલીઓના અસ્થાયી કેમ્પને ધ્વસ્ત કરી દેવાયો હતો અને મોટી માત્રામાં સામાન અને વિસ્ફોટકો મળી આવ્યા હતા. પોલીસ અધિકારીઓએ જણાવ્યું કે સુરક્ષા દળો અને નક્સલવાદીઓ વચ્ચે આ અથડામણ સુકમા જિલ્લાના ચિંતાવાગુ નદીના કિનારે થઇ હતી. એન્કાઉન્ટરમાં સુરક્ષા દળોએ નક્સલીઓનો કેમ્પ તોડી પાડ્યો હતો.

બુધવારે સુરક્ષા દળોની એક સંયુક્ત ટીમને બોટેલંકા, એરનપલ્લી અને આસપાસના વિસ્તારો તરફ નક્સલી વિરોધી ઓપરેશન માટે મોકલવામાં આવી હતી. તેમણે જણાવ્યું કે આ સંયુક્ત ટીમમાં ડિસ્ટ્રિક્ટ ફોર્સ, ડિસ્ટ્રિક્ટ રિઝર્વ ગાર્ડ એટલે કે ડીઆરજી, બસ્તર ફાઈટર અને સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સની કોબરા બટાલિયન એટલે કે સીઆરપીએફનો સમાવેશ થાય છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે ઓપરેશન દરમિયાન, ચિંતવાગુ નદીના કિનારે નક્સલીઓની પીપલ્સ લિબરેશન ગેરિલા આર્મી (પીએલજીએ) બટાલિયનના સભ્યો સાથે ગુરુવારે સવારથી સમયાંતરે અથડામણ થઈ હતી.

અધિકારીઓએ જણાવ્યું હતું કે સુરક્ષા દળોએ એન્કાઉન્ટર સ્થળ પર માઓવાદીઓના કામચલાઉ કેમ્પને નષ્ટ કરી દીધો છે અને નક્સલીઓની મોટી માત્રામાં સામગ્રી અને વિસ્ફોટકો જપ્ત કર્યા છે. પોલીસ અધિકારીઓએ જણાવ્યું કે આ વિસ્તારમાં સર્ચ ઓપરેશન ચાલુ છે. તેમણે કહ્યું કે સુરક્ષા દળોના તમામ જવાનો સુરક્ષિત છે. આ પહેલા ૨૪ સપ્ટેમ્બરના રોજ સુરક્ષા દળોએ જિલ્લામાં ચિંતાવાગુ નદીના કિનારે જંગલમાં એન્કાઉન્ટરમાં બે નક્સલીઓને ઠાર કર્યા હતા.

તાજેતરમાં જ છત્તીસગઢના નક્સલ પ્રભાવિત બીજાપુર જિલ્લામાં સુરક્ષા દળોએ ૭ નક્સલીઓની ધરપકડ કરી છે. પોલીસ અધિકારીઓએ મંગળવારે જણાવ્યું હતું કે સુરક્ષા દળોએ જિલ્લાના નેલસનાર અને મિર્તુર પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી આ સાત નક્સલીઓની ધરપકડ કરી હતી. બાદમાં સુરક્ષા દળોએ નક્સલવાદીઓને ઘેરી લીધા હતા અને તેમની ઓળખ સન્નુ ઉરસા (૩૮), મુન્ના ઉરસા(૩૮), સોમલુ ઉરસા (૩૩), કમલુ મડકામ (૨૮) અને વિજય કુંજામ (૧૯) તરીકે થઈ હતી. ■

## ક્લાસિફાઈડ

### ૯. લગ્ન સંબંધી

■ ખુશહિત મેરેજ બ્યુરો યોગ્ય જીવનસાથી માટે સંપર્ક ઉર્મિલાબેન 8879576963. (દહેજ નહીં). (૧૫૦૪૬-એ)

### ૧૭. જગ્યા આપવી છે

**''ખાર''-''મધુ પાર્ક''**
૩ બેડરૂમ- ૧૧૫૦', ૨ પાર્કિંગ, ૬ બેડરૂમ- ૨૩૦૦', ૪ પાર્કિંગ, નવું બિલ્ડીંગ, O.C. સાથે, જીમ, ફક્ત ગુજરાતીઓ માટે, કોનટેક. "KUNAL PAREKH" 9819100243. (બી-૧૪૭૪૧)

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ - કામણ**
સાતીવલી- વાલીવ- હાઇવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવધર- ઇન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા-વેચવા-ભાડેથી - ગોપીભાઈ - 9326472399 જીતેન્દ્રભાઈ - 9320404145. (૧૩૮૦૮-એ)

REQUIRED
READY FACTORY / SHED LEASE/ SALE
For plastic Products nearby Tarapur, Boisar
MIN. BUILT UP AREA 40000 SQ.FT
We also welcome NCLT and Bank property
Send the details
E:plastfactory27@gmail.com
M: 8394886622
(B-14953)

### ૩૨. જમીન-મિલકત



TITLE CLEAR Ready Possession Property FOR SALE!!!
Property Located on Nashik Trimbakeshwar Highway 1 km Before Trimbakeshwar Jyotirlinga Temple Ideal For Residence Hotel / Wellness Center / Retirement Home.
Contact For Details
Rohan Enterprises
+91-77740 95958
Email : info@enterprisesrohan.com
(B-14952)

**દમણ તેમજ ઉમરગાંવ-સુરત**
N.H.48->1થી 100 એકર - Industrial/ Residential N.A.-Clear Title with all NOC's. સંપર્ક: Patel Consultant & Developers. (Vapi) 9904000075/ 7096000785 "Uttambhai Patel". (૧૫૦૪૪-એ)

### ૩૨. જમીન-મિલકત

■ જૈન પવિત્ર ધન્યધરા પર શંખેશ્વરમાં પોતાના પ્લોટના માલિક બનો. NA NOC, ટાઈટલ ક્લીયર, સરળ હપ્તે. તુરંત દસ્તાવેજ. 9574859654. (બી-૧૪૯૨૭)

### ૩૩. ધંધાદારી

**બાથરૂમ - કિચન**
બ્રાન્ડેડ કંપની દ્વારા બાથરૂમ રીનોવેશન, મોડ્યુલર અને મોડ્યુલરથી વધારે સારુ કિચન રીનોવેશન, કમ્પ્લીટ ઈન્ટિરીયર ડિઝાઈનીંગ અને રીનોવેશન. Helpline: 8989282877. (૧૪૪૮૨/એ)

**''પ્રતાપ પેકર્સ-મુવર્સ''**
50 વર્ષથી ઓફિસ/ઘરસામાન, ફેરવવા- ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૨૬૦૫-એ)

### ૩૫. જ્યોતિષ ભવિષ્ય

***શ્રીચામુંડા જ્યોતિષ***
લગ્નમાં રુકાવટ, જૂની બીમારી, સંતાન, ચિંતા, લવ મેરેજ, પતિદુઃખ, છુટાછેડા, શત્રુથી પરેશાન, ફેમિલી પ્રોબ્લેમ - 9157999811 પારસનગર, જૈન દેરાસર પાસે શંકર ગલ્લી, કાંદિવલી (વેસ્ટ) 022-31970731. (બી-૧૪૯૨૨)

**શ્રીનાથજી જ્યોતિષ (હવેલીવાળા)**
લવ મેરેજ, પતિ દુઃખ, શત્રુનાશ, બિઝનેસ, લોસ, જૂની બીમારી, હસ્તરેખા, જન્મપત્રિકા, લગ્નમાં રુકાવટ, તુરંત સમાધાન, નિરાશ વ્યક્તિ ખાસ મળો, મલાડ (વેસ્ટ) ફીઝ-500/- 9920991344/9833390898/ 02228898500. (૧૪૯૬૮-એ)

**માયા જ્યોતિષ**
શ્રાદ્ધક્રિયા, નવરાત્રિ ચંડીપાઠ, વ્યાપારમાં લાભ, ગૃહકલેશ, કર્જમુક્તી, શત્રુપીડા, (પ્રેમી-પ્રેમિકા મિલન સ્પેશિયાલિસ્ટ) 9594273700. (માલાડ). (બી-૧૪૯૧૪)

### ૩૫. જ્યોતિષ ભવિષ્ય

■ મહારાજા જ્યોતિષ, બોરીવલી (વેસ્ટ) તાત્કાલિક ચોક્કસ રીઝલ્ટ, પ્રેમલગ્ન, છૂટાછેડા, લવ પ્રોબ્લેમ, ઘરકંકાશ, સૌતન-શત્રુ, તૂટેલા સંબંધ, ફેક્ટરી-ધંધો. 9998705190. (બી-૧૪૮૮૪)

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

**એસ પેસ્ટીસાઈડ**
(૧૯૯૩થી) ઉધઈ, વાંદા, માંકડ... કાંદિવલી: 9833523290, 9220789533, ચીરાબજાર: 9029181030. (૧૪૯૨૨-એ)

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' - ઉધઈ, વાંદા, માંકડ. (હર્બલ). 9773226675 / 9821195720 (કાંદિવલી). (૧૫૦૩૬-સી)

### ૫૨. કુરીઅર્સ

**મનસ્વી પાર્સલ**
યુરોપ, અમેરિકા, ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલીયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. 9820194719/ 7208019515. (૧૫૦૨૬-એ)

■ વિદેશમાં અમેરિકા, લંડન, EUROPE, AUSTRALIA, CANADAમાં વસતા સ્નેહીજનોને પાર્સલ મોકલવા માટે અંધેરી East 9825305632, 9320095632. (બી-૧૪૯૨૯)

**પરદેશમાં પાર્સલ**
અમેરિકા, લંડન, દુબઈ, દુનિયાભરમાં પહોંચાડીશું ઓમદર્શન- 8879196093/ 9833631359. (બી-૧૪૯૫૫)

www.wishwheels.com
WISH WHEELS
Maharashtra's Bespoke Luxury Car Collection



For car collection scan here
More Information +91 9967164485
(B-14954)

WISH WHEELS



Mercedes E350d AMG Line, 2022, 1st Owner, Diesel, 14000 Kms, MH Reg., Under Warranty
Call us @ 9967164485

WISH WHEELS



Mini Countryman S JCW Inspired, 2023, 1st Owner, Petrol, 11000 Kms, MH Reg., Under Warranty
Call us @ 9967164485

WISH WHEELS



BMW X5 Xdrive 30d X Line, 2024, 1st Owner, Diesel, 10000 Kms, MH Reg., Under Warranty
Call us @ 9967164485

WISH WHEELS



BMW Z4 M40i Convertible Roadster, 2023, 1st Owner, Petrol, 2700 Kms, MH Reg., Under Warranty
Call us @ 9967164485

WISH WHEELS



Mercedes S350d Maybach LWB, 2022, 1st owner, Diesel, 35000 KM, MH Reg., Under Warranty
Call us @ 9967164485

WISH WHEELS



Porsche Cayenne New Generation, 2024, 1st Owner, Petrol, 300 Kms, MH Reg., Under Warranty
Call us @ 9967164485

WISH WHEELS



Porsche Cayenne E Hybrid, 2020, 1st owner, Petrol, 50000 KM, MH Reg., Under Warranty
Call us @ 9967164485

WISH WHEELS



Mercedes GLC 43 AMG, 2023, 1st owner, Petrol, 18000 KM, MH Reg., Under Warranty
Call us @ 9967164485

WISH WHEELS



Mercedes GLC 200 Progressive, 2022, 1st Owner, Petrol, 22000 Kms, MH Reg., Under Warranty
Call us @ 9967164485

WISH WHEELS



Mercedes GLS 400d Maybach, 2023, 1st owner, Diesel, 25000 KM, MH Reg., Under Warranty
Call us @ 9967164485

WISH WHEELS



BMW X4 M Sport, 2021, 1st owner, Petrol, 20000 KM, MH Reg., Insurance Valid
Call us @ 9967164485

WISH WHEELS



BMW X5 X-Line 30d, 2019, 1st owner, Diesel, 66000 KM, MH Reg., Insurance Valid
Call us @ 9967164485

WISH WHEELS



Mercedes S350d Maybach, 2018, 1st owner, Diesel, 35000 KM, MH Reg., Insurance Valid
Call us @ 9967164485

WISH WHEELS



BMW 530d M Sport, 2020, 1st owner, Diesel, 20000 KM, MH Reg., Insurance Valid
Call us @ 9967164485
(B-14956)

# વર્લ્ડ કપમાં મહિલા ક્રિકેટરો હવે મીડિયા પરની ‘ઝેરીલી ટિપ્પણીઓ’થી મુક્ત

## આઇસીસીએ એઆઇની મદદથી નવું સૉફ્ટવેર વિકસાવ્યું

દુબઈ: અહીં દુબઈમાં આઇસીસીનું વડુ મથક છે અને આ શહેર તેમ જ શારજાહમાં આઇસીસીએ મહિલાઓનો ટી-૨૦ વર્લ્ડ રાખ્યો છે. ઘણા મહિનાઓથી જેનો ઇન્તેજાર હતો એ ટૂર્નામેન્ટ શરૂ થઈ ગઈ છે અને એ સાથે મહિલા ક્રિકેટરોની મોટી માનસિક ચિંતા પણ દૂર થઈ ગઈ છે. ક્રિકેટની આ સર્વોચ્ચ સંસ્થાએ સોશિયલ મીડિયા સંબંધિત એક નવું સૉફ્ટવેર લૉન્ચ કર્યું છે જેમાં સોશિયલ મીડિયા પર મહિલા ક્રિકેટર્સ સુધી ‘ઝેરીલી ટિપ્પણીઓ’ એટલે કે ઉશ્કેરણી કરતી તથા આઘાતજનક કમેન્ટ્સ નહીં પહોંચી શકે.


ભારતીય ક્રિકેટ ટીમે બે વર્ષ પહેલાંના વર્લ્ડ કપ દરમ્યાન પાકિસ્તાની કૅપ્ટન બિસ્માહ માહરુફ અને તેની નવજાત પુત્રી સાથે સેલ્ફી લીધી હતી. (તસવીર: આઇસીસી/ટ્વિટર)

આ સૉફ્ટવેરને કારણે ટૂર્નામેન્ટ દરમ્યાન મહિલા ક્રિકેટર્સ ફુરસદના સમયમાં માનસિક સતામણીથી મુક્ત રહેશે અને પર્ફોર્મ કરવા પર વધુ એકાગ્રતા રાખી શકશે.

આઇસીસીએ ગુરુવારે (વર્લ્ડ કપના પ્રારંભિક દિવસે) સવારે જ સત્તાવાર યાદી બહાર પાડી હતી જેમાં આ સૉફ્ટવેરની વિગતો જણાવી હતી.

ઘણી વાર સોશિયલ મીડિયાના ફેસબુક, ઇન્સ્ટાગ્રામ, યુટ્યૂબ વગેરે પ્લૅટફૉર્મ પર મહિલા ખેલાડીઓ હેટ સ્પીચ (જાતીય કે ધર્મ પર આધારિત ટિપ્પણીઓ), માનસિક સતામણી કરતી કમેન્ટ્સ તેમ જ દ્વેષ કે નફરતભરી ટિપ્પણીનો ભોગ બનતી હોય છે. આ કમેન્ટ્સને કારણે તેમની એકાગ્રતાભંગ થતી હોય છે અને મીડિયામાં વિવાદ થવા ઉપરાંત સંબંધિત ખેલાડીની ખૂબ બદનામી પણ થતી હોય છે.

આઇસીસીએ બ્રિટનની ‘ગોબબલ’ નામની સૉફ્ટવેર કંપની સાથેના સહયોગમાં વિકસાવેલું સૉફ્ટવેર એઆઇ (આર્ટિફિશ્યલ ઇન્ટેલિજન્સ) અને માનવ સંશોધનનું સંયોજન છે. આ નવી ટેક્નોલૉજીવાળું સૉફ્ટવેર બિભત્સ અને દ્વેષભરી ટિપ્પણીઓને ખેલાડીઓ સુધી નહીં પહોંચવા દે અને ખેલાડીઓ માટે સકારાત્મક વાતાવરણ સર્જાશે.

વર્લ્ડ કપમાં ૧૦ ટીમની કુલ ૧૫૦ જેટલી ખેલાડીઓ આ ટી-૨૦ વર્લ્ડ કપમાં ભાગ લઈ રહી છે અને એમાંથી ૬૦ જેટલી પ્લેયરે સોશિયલ મીડિયા પર પોતાને રક્ષણ આપતું આઇસીસી-પ્રેરિત નવું સૉફ્ટવેર અપનાવી પણ લીધું છે. ઘણી વાર ખેલાડીને પોતાની ટીમના પરાજય બાદ સોશિયલ મીડિયામાંના પોતાના અકાઉન્ટ પર દ્વેષભરી કમેન્ટ્સનો સામનો કરવો પડતો હોય છે, પણ હવે તેઓ એનાથી મુક્ત રહેશે અને નવી મૅચની તૈયારી પર ધ્યાન આપી શકશે. ■

# ટી-૨૦ મહિલા વર્લ્ડ કપમાં ‘યજમાન’ બાંગ્લાદેશે જીતીને દાયકા જૂની નિરાશા દૂર કરી

## ૨૦૧૪ બાદ સતત ૧૬ હાર બાદ પહેલી વાર જીત્યું

શારજાહ: બાંગ્લાદેશે અહીં ગુરુવારે મહિલાઓના ટી-૨૦ વર્લ્ડ કપની પહેલી જ રોમાંચક મૅચમાં દમદાર ટીમ-વર્કથી સ્કૉટલૅન્ડને ૧૬ રનથી હરાવીને ૧૦ વર્ષે ફરી વિજયનું ખાતું ખોલાવ્યું હતું. ટી-૨૦ વર્લ્ડ કપમાં બાંગ્લાદેશની મહિલાઓ જીતી હોય એવું છેલ્લે ૨૦૧૪માં બન્યું હતું. ત્યાર બાદ બાંગ્લાદેશ સતત ૧૬ મૅચ હારી હતી અને ગુરુવારે એની ટીમે ફરી જીતવાની શરૂઆત કરી હતી.

આ વર્લ્ડ કપ બાંગ્લાદેશમાં યોજાવાનો હતો, પરંતુ ત્યાં અભૂતપૂર્વ રાજકીય અરાજકતાને પગલે આઇસીસીએ આયોજન યુએઇને સોંપ્યું હતું.

જોકે બાંગ્લાદેશ આ ટૂર્નામેન્ટનું મૂળ યજમાન કહેવાય.



ગ્રૂપ-બીમાં બાંગ્લાદેશે ૩૮ ડિગ્રી સેલ્સિયસ તાપમાન વચ્ચે ટૉસ જીત્યા બાદ શારજાહની ફ્રેશ પિચ પર બૅટિંગ પસંદ કરીને સાત વિકેટે ૧૧૯ રન બનાવ્યા હતા જેમાં શોભના મોસ્ટૅરીના ૩૬ રન હાઇએસ્ટ હતા. ઓપનર શાથી રાનીએ ૨૯ રન બનાવ્યા હતા.

બાંગ્લાદેશની કૅપ્ટન નિગાર સુલતાના ૧૮ બૉલમાં ફક્ત ૧૮ રન બનાવી શકી હતી, પણ તેની આ ૧૦૦મી ટી-૨૦ ઇન્ટરનૅશનલ મૅચ હતી અને તેના સુકાનમાં બાંગ્લાદેશ જીત્યું હોવાથી આ મૅચ તેના માટે યાદગાર બની ગઈ કહેવાય.

સ્કૉટલૅન્ડની ઑફ-સ્પિનર સાસ્કિયા હૉર્લીએ ૧૩ રનમાં સૌથી વધુ ત્રણ વિકેટ લીધી હતી.

સ્કૉટલૅન્ડ પહેલી જ વાર મહિલા વર્લ્ડ કપમાં રમી રહ્યું છે. એની ફીલ્ડિંગ નબળી હતી. સ્કૉટિશ ફીલ્ડર્સે ત્રણ સીધા કૅચ છોડ્યા હતા.

જોકે બૅટિંગમાં સ્કૉટિશ ટીમે બાંગ્લાદેશની અનુભવી બોલર્સને સારી લડત આપી હતી. સ્કૉટલૅન્ડની બૅટર્સ પૂરી ૨૦ ઓવર રમી હતી, પરંતુ સાત વિકેટે ૧૦૩ રન બનાવી શક્તા માત્ર ૧૭ રન માટે ઐતિહાસિક વિજયથી વંચિત રહી ગઈ હતી. વિકેટકીપર સારા બ્રાયસ બાવન બૉલમાં બનાવેલા ૪૯ રને અણનમ રહી હતી. બાંગ્લાદેશની પેસ બોલર રિતુ મોનીએ ૧૫ રનમાં સૌથી વધુ બે વિકેટ લીધી હતી, જ્યારે મારુફા અખ્તર, નાહિદા અખ્તર, ફાહિમા ખાતુન અને રબેયા ખાને એક-એક વિકેટ લીધી હતી.

આખી મૅચમાં કુલ ૧૫ બાઉન્ડરી ફટકારવામાં આવી હતી જેમાંથી ફક્ત પાંચ બાઉન્ડરી સ્કૉટલૅન્ડની હતી. ■

# મહિલા વર્લ્ડ કપમાં ભારત-પાકિસ્તાન મૅચને એક દિવસ બાકી

## હરમનપ્રીતની ટીમ જીતવા માટે ફેવરિટ: આજે સાંજે ભારત વિરુદ્ધ ન્યૂ ઝીલૅન્ડ

શારજાહ: મહિલાઓના નવમા ટી-૨૦ વર્લ્ડ કપનો આરંભ થઈ ગયો છે અને બાંગ્લાદેશ-સ્કૉટલૅન્ડ વચ્ચેની મૅચનો આરંભ થયો છે જેમાં ભારતની પ્રથમ મૅચ ન્યૂ ઝીલૅન્ડ સામે રમાવાની છે, પરંતુ ખરો ઇન્તેજાર તો ભારત અને પાકિસ્તાન વચ્ચેની મૅચનો છે અને એ હાઈ-વૉલ્ટેજ ટક્કરને આડે હવે ગણતરીના કલાકો બાકી રહ્યા છે. આ મૅચ રવિવાર, ૬ઠ્ઠી ઑક્ટોબરે (ભારતીય સમય મુજબ બપોરે ૩.૩૦ વાગ્યાથી) રમાશે. કરોડો ક્રિકેટપ્રેમીઓ આ મુકાબલો ટીવી ઉપરાંત મોબાઇલ પર પણ લાઇવ જોઈ શકશે.


ભારતની કૅપ્ટન હરમનપ્રીત કૌર અને પાકિસ્તાનની સુકાની ફાતિમા સનાએ વર્લ્ડ કપ નિમિત્તે એક ટૉક-શોમાં ભાગ લીધો હતો. સનાને ૪૩ ટી-૨૦ મૅચનો અને હરમનપ્રીતને ૧૭૩ મૅચનો અનુભવ છે.

ભારતની પ્રથમ મૅચ આજે (સાંજે ૭.૩૦ વાગ્યાથી) ન્યૂ ઝીલૅન્ડ સામે રમાવાની છે.

ભારત-પાકિસ્તાન મુકાબલાની વાત પર ફરી આવીએ તો એની કૉમેન્ટરી ઇંગ્લિશ અને હિન્દી ઉપરાંત બીજી ઘણી ભાષાઓમાં સાંભળવા મળશે.

વર્લ્ડ ટી-૨૦ ઇન્ટરનૅશનલ્સમાં પાકિસ્તાન સામે ભારતનો હાથ ઉપર છે. ૧૫માંથી ૧૨ મૅચ ભારતે જીતી છે અને ફક્ત ત્રણ મૅચમાં ભારત હાર્યું છે. ભારતની પાકિસ્તાન સામેની દુબઈની મૅચ બાદ નવમી ઑક્ટોબરે ભારતનો શ્રીલંકા સામે અને ૧૩મી ઑક્ટોબરે ઑસ્ટ્રેલિયા સામે મુકાબલો થશે.

પ્રથમ સેમિ ફાઇનલ ૧૭મી ઑક્ટોબરે અને બીજી સેમિ ફાઇનલ ૧૮મી ઑક્ટોબરે રમાશે. ફાઇનલ મૅચ ૨૦મી ઑક્ટોબરે રમાવાની છે. ■

# ૬, ૬, ૬, ૪, ૬, ૬...સુરતમાં કિવી સ્ટાર ગપ્ટિલે ઓવરમાં ફટકાર્યા ૩૪ રન

## લેજન્ડ્સ લીગ ક્રિકેટમાં અણનમ ૧૩૧ રન બનાવીને સધર્ન ટીમને જીત અપાવી

સુરત: અહીં લાલભાઈ કૉન્ટ્રૅક્ટર સ્ટેડિયમમાં લેજન્ડ્સ લીગ ક્રિકેટ (એલએલસી), ૨૦૨૪ નામની સ્પર્ધા ચાલી રહી છે જેમાં બુધવારે ન્યૂ ઝીલૅન્ડના ભૂતપૂર્વ ઓપનિંગ બૅટર માર્ટિન ગપ્ટિલે (૧૩૧ અણનમ, ૫૪ બૉલ, અગિયાર સિક્સર, નવ ફોર) ધમાલ મચાવી દીધી હતી. તેણે ધમાકેદાર અણનમ સેન્ચુરી તો ફટકારી જ હતી, એ સદી દરમ્યાન તેણે વેસ્ટ ઇન્ડિઝના નવીન સ્ટુઅર્ટ (૨-૦-૬૩-૦) નામના ફાસ્ટ બોલરની એક ઓવરમાં ૩૪ રન ખડકી દીધા હતા.



ગપ્ટિલે સ્ટુઅર્ટની પાવરપ્લેમાં અંતિમ ઓવરના છ બૉલમાં આ પ્રમાણેના (૬, ૬, ૬, ૪, ૬, ૬) છ સ્કોરિંગ શૉટથી સુરતનું સ્ટેડિયમ ગજવી નાખ્યું હતું. ગપ્ટિલની આ સેન્ચુરી મૅચ-વિનિંગ સાબિત થઈ હતી.

ગપ્ટિલ સધર્ન સુપર સ્ટાર્સ ટીમમાં હતો અને એ મૅચ કોનાર્ક સૂર્યાઝ સામે હતી. ઇરફાન પઠાણના સુકાનમાં કોનાર્ક સૂર્યાઝ ટીમે ૨૦ ઓવરમાં નવ વિકેટે ૧૯૨ રન બનાવ્યા હતા જેમાં સાઉથ આફ્રિકન વિકેટકીપર અને ઓપનર રિચર્ડ લિવીના ૬૩ રન હાઈએસ્ટ હતા. સધર્ન વતી પેસ બોલર સુબોધ ભાટીએ સૌથી વધુ ત્રણ અને શ્રીલંકન ચતુરંગા ડિસિલ્વાએ બે વિકેટ લીધી હતી.

સધર્ન સુપર સ્ટાર્સે માત્ર ૧૬ ઓવરમાં ફક્ત બે વિકેટના ભોગે ૧૯૫ રન બનાવીને (૨૪ બૉલ બાકી રાખીને) વિજય મેળવ્યો હતો. ગપ્ટિલના અણનમ ૧૩૧ રન સિવાય બીજો કોઈ બૅટર પચીસ રન પણ નહોતો બનાવી શક્યો. કૅપ્ટન-વિકેટકીપર શ્રીવત્સ ગોસ્વામીએ ૧૮ રન બનાવ્યા હતા.

કોનાર્ક વતી બાવન વર્ષના જાણીતા લેગ-સ્પિનર પ્રવીણ તામ્બેએ અને ઑસ્ટ્રેલિયન પેસ બોલર બેન લૉફલિને એક-એક વિકેટ લીધી હતી.

છ ટીમ વચ્ચેની આ ટૂર્નામેન્ટમાં સધર્ન સુપર સ્ટાર્સ ટીમ ૧૦ પૉઇન્ટ સાથે મોખરે છે. આ ટીમ તમામ પાંચ મૅચ જીતી છે. ઇરફાનની કોનાર્ક ટીમ (૪ પૉઇન્ટ) અને ઇયાન બેલના સુકાનમાં રમતી ઇન્ડિયા કૅપિટલ્સ ટીમ (૪ પૉઇન્ટ) સંયુક્ત રીતે બીજા સ્થાને છે. ટૂર્નામેન્ટની અન્ય ત્રણ ટીમમાં ગુજરાત જાયન્ટ્સ (કૅપ્ટન શિખર ધવન), મણિપાલ ટાઇગર્સ (કૅપ્ટન હરભજન સિંહ) અને અર્બનાઇઝર્સ હૈદરાબાદ (કૅપ્ટન સુરેશ રૈના)નો સમાવેશ છે. ■



# બોરીવલીની માહી ગાલા તાવ હોવા છતાં થાઈલૅન્ડમાં જીતી સ્કેટિંગના ત્રણ સિલ્વર મેડલ!

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: બોરીવલીમાં રહેતી કચ્છી વીસા ઓસવાળ જૈન પરિવારની છ વર્ષની માહી જય ગાલા તાજેતરમાં થાઇલૅન્ડમાં સ્કેટિંગની આંતરરાષ્ટ્રીય સ્પર્ધાની ત્રણ હરીફાઈમાં બીજા નંબરે આવીને સિલ્વર મેડલ જીતી હતી. આ ઍન્ડ્યૉરન્સ રેસ દરમ્યાન માહીને ખૂબ તાવ હતો એમ છતાં તેણે હરીફાઈઓમાં ભાગ લીધો અને ત્રણ રજતચંદ્રક જીતીને પોતાના સમાજનું, મુંબઈનું અને ભારતનું નામ રોશન કર્યું છે.

કચ્છના નાના આસંબિયા ગામની મૂળ વતની માહી ગાલાના મમ્મી કવિતા ગાલાએ ‘મુંબઈ સમાચાર’ને જણાવ્યું હતું કે ‘બોરીવલી (પશ્ચિમ)ની એમએચડબ્લ્યૂએસ સ્કૂલમાં ગ્રેડ-વનમાં ભણતી મારી દીકરીની તબિયત થાઇલૅન્ડની સ્પર્ધા દરમ્યાન સારી નહોતી. તેને ખૂબ તાવ હતો અને તેણે બે દિવસ કંઈ જ ખાધું પણ નહોતું એમ છતાં તેણે મેડલ જીતવાનો સંકલ્પ કર્યો હતો અને દૃઢતા સાથે એક પછી એક હરીફાઈમાં ભાગ લેવા ઊતરી હતી અને ત્રણેયમાં સિલ્વર મેડલ જીતી લીધાં.’

સ્કેટિંગના કોચ રાજસિંહ પાસે તાલીમ મેળવનાર માહી છેલ્લાં બે વર્ષમાં પાંચ ટ્રોફી અને કુલ ૩૭ મેડલ જીતી ચૂકી છે. તેણે ૭૮મા સ્વાતંત્ર્ય દિને ૭૮ મિનિટનું મૅરેથોન સ્કેટિંગ કર્યું હતું. જિલ્લા અને રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધા પૂરી કર્યા બાદ સ્પીડ ઇન્લાઇન સ્કેટ્સમાં માહી થાઇલૅન્ડની જે સ્પર્ધાઓમાં ત્રણ મેડલ જીતી એમાં શ્રીલંકા, નેપાળ, થાઇલૅન્ડ, યુએઇ, બાંગ્લાદેશ વગેરે દેશોની સ્પર્ધકોએ ભાગ લીધો હતો. ■

# માયામીને અપાવેલું શીલ્ડ એટલે લિયોનેલ મેસીની ૪૬મી વિક્રમજનક ટ્રોફી

કૉલમ્બસ (ઓહાયો): આર્જેન્ટિનાના સુપરસ્ટાર ફૂટબોલર અને વર્લ્ડ ચૅમ્પિયન કૅપ્ટન લિયોનેલ મેસીએ બુધવારે ઇન્ટર માયામીને મેજર લીગ સૉકર (એમએલએસ)ના ચૅમ્પિયન કૉલમ્બસ ક્રૂને ૩-૨થી પરાજિત કરવામાં સૌથી મોટી ભૂમિકા ભજવી હતી અને એ સાથે માયામીની ટીમને (સીઝનના સર્વશ્રેષ્ઠ પર્ફોર્મન્સ બદલ) આ ટૂર્નામેન્ટની સપોર્ટર્સ શીલ્ડ નામની ટ્રોફી અપાવી હતી. મેસીએ પોતાના દેશ આર્જેન્ટિના વતી કે ક્લબો વતી જીતી હોય એવી ટ્રોફીઓમાં આ ૪૬મો નંબર હતો અને તેની ૪૬ ટ્રોફી મેન્સ ફૂટબૉલમાં વિશ્વવિક્રમ છે. તેની સરખામણીમાં ક્રિસ્ટિયાનો રોનાલ્ડો પાસે આવી કુલ ૩૩ ટ્રોફી છે.

બુધવારની મૅચમાં માયામીના ત્રણમાંથી બે ગોલ મેસીએ કર્યા હતા અને એક ગોલ લુઇસ સુઆરેઝે કર્યો હતો. ઇન્ટર માયામી ટીમ એમએલએસમાં સર્વશ્રેષ્ઠ પર્ફોર્મન્સના વિક્રમથી જરાક જ દૂર છે. આ ટીમ ૨૦ જીત, ૪ હાર, ૮ ડ્રૉના સમીકરણ સાથે કુલ ૬૮ પૉઇન્ટ ધરાવે છે. ■



# ઈરાની કપના ઈશ્વરનનો પણ સિલેક્ટર્સને ગર્ભિત ઈશારો, ‘મને સિલેક્શન વખતે યાદ રાખજો’

## મુંબઈના ૫૩૭ રન સામે રેસ્ટ ઑફ ઇન્ડિયાના ૨૮૯/૪

લખનઊ: પાંચ દિવસની ઇરાની કપ મૅચમાં મુંબઈના સરફરાઝ ખાને (૨૨૨ અણનમ, ૨૮૬ બૉલ, ચાર સિક્સર, પચીસ ફોર) યાદગાર ડબલ સેન્ચુરીથી રણજી ચૅમ્પિયન મુંબઈને ૫૩૭ રનનો તોતિંગ સ્કોર અપાવ્યો ત્યાર બાદ રેસ્ટ ઑફ ઇન્ડિયાના ઓપનર અભિમન્યુ ઈશ્વરને (૧૫૧ નૉટઆઉટ, ૨૧૨ બૉલ, એક સિક્સર, બાર ફોર) સમયસર સદી ફટકારીને નૅશનલ સિલેક્ટર્સને ગર્ભિત ઇશારો કરી દીધો હતો કે આગામી ટેસ્ટ-સિરીઝો વખતે ટીમ પસંદ કરતી વખતે મને પણ દાવેદાર ગણજો. ઈશ્વરનએ છેલ્લી ત્રણ ઇનિંગ્સમાં સેન્ચુરી ફટકારી છે.

ભારતની આગામી ટેસ્ટ-શ્રેણી ન્યૂ ઝીલૅન્ડ સામે અને પછી ઑસ્ટ્રેલિયા સામે છે. ભારત જો કિવીઓ સામે ૩-૦થી ક્લીન સ્વીપ કરશે તો વર્લ્ડ ટેસ્ટ ચૅમ્પિયનશિપની ફાઇનલમાં પહોંચી જશે.

ગુરુવારે ઇરાની કપમાં ત્રીજા દિવસની રમતને અંતે રેસ્ટ ઑફ ઇન્ડિયાનો સ્કોર ચાર વિકેટે ૨૮૯ રન હતો. ઈશ્વરનની સાથે વિકેટકીપર ધ્રુવ જુરેલ (૩૦ નૉટઆઉટ, ૪૧ બૉલ, એક સિક્સર, ચાર ફોર) રમી રહ્યો હતો. ઈશ્વરને ૧૦૦ રન ૧૧૭ બૉલમાં અને ૧૫૦ રન ૨૦૮ બૉલમાં પૂરા કર્યા હતા.

કૅપ્ટન ઋતુરાજ ગાયકવાડ ફક્ત નવ રન બનાવીને મોહમ્મદ જુનેદ ખાનના બૉલમાં પૃથ્વી શૉના હાથમાં કૅચઆઉટ થયો હતો. સાઇ સુદર્શન (૩૨ રન), દેવદત્ત પડિક્કલ (૧૬) અને ઇશાન કિશન (૩૮) પણ મોટી ઇનિંગ્સ રમવામાં નિષ્ફળ રહ્યા હતા. મુંબઈના પેસ બોલર મોહિત અવસ્થીએ બે વિકેટ તેમ જ મોહમ્મદ જુનેદ ખાન અને તનુષ કોટિયને એક-એક વિકેટ લીધી હતી. સ્પિનર શમ્સ મુલાનીને ૮૭ રનમાં એકેય વિકેટ નહોતી મળી.

એ પહેલાં, મુંબઈનો પ્રથમ દાવ ૫૩૭ રનના સ્કોર પર પૂરો થયો હતો. બુધવારે સાંજે ૫૩૬/૯ના મુંબઈના સ્કોર સાથે સરફરાઝ ખાન ૨૨૧ રને નૉટઆઉટ હતો અને ગુરુવારે મુંબઈની છેલ્લી વિકેટ પડતાં સરફરાઝ ૨૨૨ રને અણનમ રહ્યો હતો. રેસ્ટ ઑફ ઇન્ડિયાના પેસ બોલર મુકેશ કુમારે સૌથી વધુ પાંચ વિકેટ તેમ જ યશ દયાલ અને પ્રસિદ્ધ ક્રિષ્નાએ બે-બે વિકેટ લીધી હતી. એક વિકેટ સારાંશ જૈને લીધી હતી. ■

# મૅરી કૉમની ફોગાટને આડકતરી ટકોર, ‘વજનની ચોકસાઈ પોતે જ રાખવાની હોય’

મુંબઈ: કુસ્તીબાજ વિનેશ ફોગાટે જુલાઈ-ઑગસ્ટની પૅરિસ ઑલિમ્પિક્સમાં પોતાનું વજન માત્ર ૧૦૦ ગ્રામ વધુ હોવાને કારણે ફાઇનલમાં લડવાની લાયકાત ગુમાવી એને પગલે વિવાદમાં આવી ગઈ હતી અને તેને અનેક લોકોની સહાનુભૂતિ મળી હતી. જોકે ભૂતપૂર્વ વર્લ્ડ ચૅમ્પિયન બૉક્સર અને ચાર બાળકોની મમ્મી મૅરી કૉમે મુંબઈની એક ઇવેન્ટમાં જણાવ્યું હતું કે ‘ઍથ્લીટે પોતાનું વજન ક્યારે કેટલું હોવું જોઈએ એની ખાસ તકેદારી રાખવી જોઈએ. છેવટે પોતાના વજનની ચોકસાઈ સ્પર્ધકે પોતે જ રાખવાની હોય.’

૪૨ વર્ષની મૅરી કૉમે ઑલિમ્પિક્સમાં ૫૦ કિલો વર્ગની ફાઇનલમાંથી ડિસ્ક્વૉલિફાય થનાર ફોગાટનું નામ નહોતું લીધું, પણ પોતાનું ઉદાહરણ આપતા પીટીઆઇને જણાવ્યું હતું કે ‘ફોગાટનો કિસ્સો બન્યો ત્યારે મને ખૂબ દુઃખ થયું હતું. મને દુઃખ એટલે માટે થયું હતું કે છેલ્લા ઘણા વર્ષોમાં મારે પણ વેઇટ મૅનેજમેન્ટની આકરી પરીક્ષામાંથી પસાર થવું પડ્યું છે. હું એટલું જાણું કે પોતાના વજન બાબતમાં સંચાલન કરવાની જવાબદારી ઍથ્લીટની પોતાની જ હોય. હું કોઈને દોષ ન દઈ શકું. જો નિયમ પ્રમાણેનું વજન હું ન જાળવી શકું તો સ્પર્ધામાં ભાગ જ કેવી રીતે લઈ શકું?’

મૅરી કૉમ ઑલિમ્પિક્સના બે બ્રૉન્ઝ, કૉમનવેલ્થ ગેમ્સના ત્રણ ગોલ્ડ અને એશિયન ગેમ્સ તથા એશિયન ચૅમ્પિયનશિપ્સના ઘણા મેડલ જીતી ચૂકી છે.

ફોગાટે ઑલિમ્પિક્સની ફાઇનલ પહેલાં ગણતરીના કલાકોમાં વજન ઘટાડવા કંઈ જ ખાધું-પીધું નહોતું તેમ જ માથાના થોડા વાળ કપાવ્યા હતા, આખી રાત સૂતી નહોતી અને જૉગિંગ કરવા ઉપરાંત દોરડા કૂદવાની કસરત પણ કરી હતી. જોકે તેનું વજન ઘણું ઘટવા છતાં છેવટે ૧૦૦ ગ્રામ વધુ હોવાથી તેને ફાઇનલમાં લડવાની પરવાનગી નહોતી મળી. ■

# અબ્દુલ કાદિરના પુત્રની નિવૃત્તિ

## ઉસમાન કાદિરે કુલ ૨૬ મૅચમાં ૩૨ વિકેટ લીધી હતી

કરાચી: પાકિસ્તાનના ભૂતપૂર્વ સ્પિનર અબ્દુલ કાદિરના ૩૧ વર્ષીય પુત્ર ઉસમાન કાદિરે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરી દીધી છે. પાકિસ્તાન વતી એક વન-ડે અને પચીસ ટી-૨૦ રમી ચૂકેલા ઉસમાન કાદિરે કુલ ૩૨ વિકેટ લીધી હતી. ઉસમાન પણ પિતા અબ્દુલ કાદિરની જેમ લેગબ્રેક સ્પેશિયાલિસ્ટ છે.

ઉસમાનની ઇન્ટરનૅશનલ કરીઅર ૨૦૨૦માં શરૂ થઈ હતી અને તેણે ચાર જ વર્ષમાં રિટાયરમેન્ટ જાહેર કરી દીધું છે. ઉસમાન વિદેશી લીગ ટૂર્નામેન્ટોમાં રમવાનું ચાલુ રાખશે.

ઉસમાન કાદિર ભારત સામે નહોતો રમ્યો. તેને ખબર પડી કે પાકિસ્તાન ટીમ મૅનેજમેન્ટની ભાવિ યોજનામાં પોતે નથી એટલે તેણે નિવૃત્તિ લઈ લેવાનું નક્કી કર્યું હતું. ■

# પાકિસ્તાનની મહિલા ટીમ માત્ર ૧૧૬ રનમાં ઑલઆઉટ

## ટી-૨૦ વર્લ્ડ કપમાં શ્રીલંકાની ત્રણ પ્લેયરે ત્રણ-ત્રણ વિકેટ લીધી

શારજાહ: મહિલાઓના ટી-૨૦ વર્લ્ડ કપમાં ગુરુવારે ફાતિમા સનાના સુકાનમાં પાકિસ્તાનની ટીમ શ્રીલંકા સામે માત્ર ૧૧૬ રનમાં ઑલઆઉટ થઈ ગઈ હતી અને શ્રીલંકાને ૧૧૭ રનનો સાધારણ લક્ષ્યાંક મળ્યો હતો. જોકે પાકિસ્તાની બોલર્સની અસરદાર બોલિંગ જોતાં શ્રીલંકા માટે આ ટાર્ગેટ પણ થોડો મુશ્કેલ કહી શકાય.

પાકિસ્તાને બૅટિંગ પસંદ કર્યા બાદ ૩૨ રનમાં ત્રણ વિકેટ ગુમાવી દીધી હતી. જોકે ત્યાર બાદ સાધારણ ભાગીદારીઓને કારણે ટીમનો સ્કોર છેવટે ૧૦૦-પ્લસ થયો હતો.

કૅપ્શન ફાતિમ સનાનાં ૩૦ રન ટીમમાં હાઈએસ્ટ હતા. નિદા દરે ૨૩ રન અને ઓમાઇમા સોહેલે ૧૮ રન બનાવ્યા હતા.

શ્રીલંકા વતી ઉદેશિકા પ્રબોધનીએ, સુગન્દિકા કુમારીએ અને ચમારી અથાપથ્થુએ ત્રણ-ત્રણ વિકેટ લીધી હતી.

એક વિકેટ કવિશા દિલહારીને મળી હતી.

પાકિસ્તાન માટે આ મૅચ ખૂબ અગત્યની કહી શકાય, કારણકે રવિવારે પાકિસ્તાનની ટીમનો ભારત સામે મુકાબલો છે.

ટી-૨૦ ઇન્ટરનૅશનલ્સમાં ભારત સામે પાકિસ્તાનનો રેકૉર્ડ સારો નથી.

ગઈ કાલે શરૂ થયેલા આ વર્લ્ડ કપના ગ્રૂપ-એમાં ઇંગ્લૅન્ડ, સાઉથ આફ્રિકા, વેસ્ટ ઇન્ડિઝ, બાંગ્લાદેશ અને સ્કૉટલૅન્ડ છે. ગ્રૂપ-બીમાં ભારત, પાકિસ્તાન, ઑસ્ટ્રેલિયા, ન્યૂ ઝીલૅન્ડ અને શ્રીલંકાનો સમાવેશ છે. ■

# ક્રૂડતેલ ઉકળતા ડૉલર સામે રૂપિયો ૧૮ પૈસા હોમાયો

મુંબઈ: ઈરાને ઈઝરાયલ પર કરેલા હુમલાને પગલે મધ્ય પૂર્વના દેશોમાં તણાવ વધવાની ભીતિ સપાટી પર આવતા આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ વધીને ૧૦૧ની સપાટીની ઉપર તેમ જ બ્રેન્ટ ક્રૂડતેલના ભાવ બેરલદીઠ ૭૫ ડૉલરની પાર થઈ ગયા હતા, જ્યારે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બોલાયેલા કડાકા ઉપરાંત ગત મંગળવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં વેચવાલી જળવાઈ રહેતાં આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ગત મંગળવારના બંધ સામે ૧૮ પૈસા ગબડીને ૮૪ની સપાટીએ પહોંચ્યો હતો. ગઈકાલની ગાંધી જયંતીની જાહેર રજા બાદ આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો આગલા ૮૩.૮૨ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૮૩.૯૧ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૪.૦૦ અને ઉપરમાં ખૂલતી જ ૮૩.૯૧ની સપાટીએ રહ્યા બાદ અંતે આગલા બંધ સામે ૧૮ પૈસાના ગાબડાં સાથે ૮૪ના મથાળે બંધ રહ્યો હતો. આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં મજબૂત વલણ ઉપરાંત ઈક્વિટી માર્કેટની નરમાઈને કારણે રૂપિયામાં ધોવાણ જોવા મળ્યું હોવાનું બીએનપી પારિબાસના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું કે હાલમાં મધ્ય પૂર્વના દેશોના તણાવની સ્થિતિને ધ્યાનમાં લેતાં આગામી ટૂંકા સમયગાળા દરમિયાન રૂપિયામાં નરમાઈનું વલણ જળવાઈ રહેતાં ૮૩.૭૫થી ૮૪.૨૦ આસપાસની રેન્જમાં અથડાતો રહે તેવી શક્યતા નકારી ન શકાય. દરમિયાન આજે આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૨૩ ટકા વધીને ૧૦૧.૯૧ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ૧.૬૬ ટકાના ઉછાળા સાથે બેરલદીઠ ૭૫.૧૩ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા

# કારમો કડાકો: સેન્સેક્સ ૮૨,૫૦૦ની અંદર ઊતરી ગયો, નિફ્ટી ૨૫,૨૫૦ની સપાટીએ પટકાયો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇ: મધ્યપૂર્વમાં યુદ્ધ વકરવાની ભતિ વચ્ચે વિશ્વભરના ઇક્વિટી માર્કેટમાં શુક્રવારે કડાકાની હારમાળ જોવા મળી હતી. ઈરાન અને ઈઝરાયલ યુદ્ધની વણસતી સ્થિતિ વચ્ચે એશિયાઇ બજારોની સાથે સ્થાનિક શેરબજારમાં પણ કારમો કડાકો જોવા મળ્યો હતો. ક્રૂડ ઓઇલના ઉછાળા, વિદેશી રોકાણકારોની મોટાપાયે વેચવાલી અને સેબી દ્વારા એફએન્ડઓના નિયમોને આકરા કરવાની જાહેરાતની અસર પણ શેરબજારના સેન્ટિમેન્ટ પર જોવા મળી છે.

શરૂઆતના જ સત્રમાં ૧૨૫૦ પોઇન્ટનો તોતિંગ કડાકો નોંધાવ્યા બાદ સત્રના પાછલા ભાગમાં સેન્સેક્સ ૧૮૩૨.૨૭ પોઈન્ટના ગાબડાં સાથે ૮૨,૪૩૨.૦૨ની બોટમે અથડાયો હતો અને અંતે ૧.૭૬૯.૧૯ પોઈન્ટ તૂટી ૮૨,૪૯૭.૧૦ પોઇન્ટની સપાટીએ બંધ રહ્યો હતો. એ જ રીતે, નિફ્ટી ૫૬૬.૬ પોઈન્ટ તૂટી ૨૫,૫૦૦ પોઇન્ટની અતિ મહત્ત્વની સપાટી ગુમાવી અંતે ૫૪૬.૮૦ પોઈન્ટના કડાકા સાથે ૨૫,૨૫૦.૧૦ પોઇન્ટના સ્તર પર બંધ રહ્યો હતો. બીએસઇ પર લિસ્ટેડ કંપનીઓનું કુલ માર્કેટ કેપિટલ રૂ. ૯.૭૮ લાખ કરોડના ધોવાણ સાથે રૂ. ૪.૬૫ લાખ કરોડની સપાટીએ પહોંચ્યું હતું.

સેન્સેક્સના ૩૦ શેરોમાં લાર્સન એન્ડ ટૂબ્રો, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, એક્સિસ બેન્ક, એશિયન પેઇન્ટ, ટાટા મોટર્સ, બજાજ ફાઇનાન્સ, મારુતિ સુઝુકી, બજાજ ફિનસર્વ, કોટક મહિન્દ્રા બેન્ક, ટાઇટન, અદાણી પોર્ટ અને એચડીએફસી બેન્ક ટોપ લુઝર શેરોની યાદીમાં હતાં. એકમાત્ર જેએસડબલ્યુ સ્ટીલ જ પોઝિટિવ ઝોનમાં ટકી શક્યો હતો.

શેરબજારમાં કડાકા વચ્ચે કેઆરએન હીટ એક્સ્ટેન્જર એન્ડ રેફ્રીજરેટરનો શેર તેના રૂ. ૨૨૦ના ઇશ્યૂ ભાવ સામે ૧૧૩.૬૩ ટકાના જોરદાર પ્રીમિયમ સાથે રૂ. ૪૭૦ના ભાવે લિસ્ટેડ થયો હતો અને ૧૨૫.૯૦ ટકા ઊછળીને રૂ. ૪૯૭ સુધી પહોંચ્યો હતો. ગરૂડા કન્સ્ટ્રક્શન એન્ડ એન્જિનિયરિંગ લિમિટેડની પ્રારંભિક જાહેર ઓફર આઠમી ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ ખુલશે, પ્રાઇસ બેન્ડ રૂ. ૯૨થી રૂ. ૯૫ નક્કી થઇ છે. અપર પ્રાઇસ બેન્ડ પર આઇપીઓનું કદ આશરે રૂ. ૨૬૫ કરોડ થાય છે. ભરણું ૧૦મી ઓકટોબરે બંધ થશે અને તેમાં ઓએફએસનો હિસ્સો ૯૫ લાખ શેરનો અને ફ્રેશ ઇક્વિટીનો હિસ્સો ૧.૮૩ કરોડ શેરનો રહેશે.

બહુરાષ્ટ્રીય સંસ્થાઓ અને કંપનીઓ હવે ભારતના ટેલિકોમ વિભાગ દ્વારા લાઇસન્સ પ્રાપ્ત ઝૂમ ઇન્ડિયાના પ્રથમ ક્લાઉડ ફોન સોલ્યુશનની ઍક્સેસ મેળવી શકે છે. નેસ્ડેક લિસ્ટેડ ઝૂમ વિડિઓ કોમ્યુનિકેશન ઇન્ક.એ મહારાષ્ટ્ર ટેલિકોમ સર્કલમાં મૂળ ભારતીય ફોન નંબર સાથે ઝૂમ ફોન સેવા ઉપલબ્ધ કરવાની જાહેરાત કરી છે. વિવિધ કારણોસર બીજા ક્વાર્ટરમાં નફાકાર્કતા ઘટશે એવી જાહેરાત કરનાર ડાબર ઇન્ડિયાનો શેર ૭.૬૯ ટકાના કડાકા સાથે રૂ. ૫૭૧.૨૫ની સપાટીએ પહોંચ્યો હતો.

બીએસઈ ખાતે કુલ ટ્રેડેડ ૪૦૭૨ શેર્સ પૈકી ૨૮૮૧ શેર્સ ઘટાડે બંધ રહ્યા હતા. જ્યારે ૧૧૦૭ શેર્સ ગ્રીન ઝોનમાં બંધ રહ્યા હતા. સાર્વત્રિક વેચવાલીના માહોલ સાથે મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં બે ટકાથી મોટા કડાકા નોંધાયા હતા. મેટલ સિવાય તમામ કોર સેક્ટર ઈન્ડાઈસિસમાં પણ એક ટકાથી ૨.૫૦ ટકા સુધીનો કડાકો હતો. રિયલ્ટી ઈન્ડેક્સ સૌથી વધુ ૪.૬૨ ટકા કડાકા સાથે ટોપ લૂઝર રહ્યો હતો. વોલેટિલિટી ઈન્ડેક્સ ૧૦ ટકાથી વધુ તૂટ્યો હતો.

શેરબજારમાં મોટો કડાક લાવી શકે એવા પરિબળો ઝળુંબી રહ્યાં છે. બજારના સેન્ટિમેન્ટને સૌથી મોટો ફટકો વિશ્વયુદ્ધ જેવી પરિસ્થિતિ સર્જાવાની સંભાવના છે. ઇઝરાયલને છંછેડીને ઇરાને સમગ્ર વિશ્વની શાંતિને ડહોળી નાંખી છે. એક તરફ ઇઝરાયલે ઇરાનને ચોખ્ખી ચેતવણી આપી છે અને અમેરિકાએ પણ ઇરાનને ખુલ્લેઆમ ધમકાવી નાંખ્યું છે. ભયભીત થયેલા ઇરાને હવે જાન બચાવવા નમતું જોખ્યું છે અને પોતે પહેલ નહીં કરે એવું ઉચ્ચારણ કર્યું છે, પરંતુ ઇઝરાયલ શું કરશે એ કલ્પના બહારની વાત છે. ઇઝરાયલને અમેરિકા સાથ આપી રહ્યું છે, તો ઇરાનને રશિયા તરફથી સાથ મળવાની સંભાવના છે. આ રીતે જો સુપર પાવર યુદ્ધમાં ઝંપલાવશે તો સમગ્ર વિશ્વ માટે મોટું જોખમ ઊભું થઇ જશે.

સ્વાભાવિક છે કે જીઓ-પોલિટિકલ જોખમ ઊભા થતાં રોકાણકારો અને હેજ ફંડો ગોલ્ડ અને અન્ય સેફ હેવન એસેટ તરફ આગળ વધે છે અને ઇક્વિટી જેવા રિસ્કી એસેટમાં વેચવાલી વધવાને કારણે શેરબજારને ફટકો પડે છે.

## NOTICE

**The Tata Power Company Limited**

Reg. Off.: Bombay House 24, Homi Mody Street Fort, Mumbai 400 001

Notice is hereby given that the certificate for the undermentioned securities of the company has been lost/misplaced and the holder of the said securities have applied to the company to issue duplicate certificate.

Any Person who has a claim in respect of the said securities should lodge such claim with the company at its Registered Office within 15 days from this date, else the company will proceed to issue duplicate certificate without further intimation.

| Name of Holder | Kind of Securities and face value | No. of Securities | Distinctive Numbers |
|---|---|---|---|
| Shalikhahmed Raziyuddin Bangdiwala | Equity Shares Rs. 1/- | 3000 | 30507381 to 30510380 |

Navsari
02-10-2024

Shalikhahmed Raziyuddin Bangdiwala

## પશ્ચિમ રેલવે – રતલામ ડિવિઝન

**એન્જિનિયરિંગ વિભાગ: ઈ-ટેન્ડરીંગ નોટીસ**

નં. W/૬૨૩/૫/૧/NIT તારીખ: ૦૧.૧૦.૨૦૨૪

ડિવિઝન રેલવે મેનેજર/ ડિવિઝનલ કાર્યાલય (કાર્યલેખા શાખા) પશ્ચિમ રેલવે રતલામ ભારતના રાષ્ટ્રપતિ માટે નીચે લખેલા કામ માટે ''ઓપન ટેન્ડર'' ઈ-ટેન્ડર દ્વારા વેબસાઈટ **www.ireps.gov.in** પર મંગાવે છે. વિગતો નીચે મુજબ છે.

**ક્ર.નં. ૧: ઈ-ટેન્ડરીંગ નં.:** RTM-૨૦૨૪-૨૫-૬૮R, **કામનું નામ:** રતલામ ડિવિઝન:- પાંચ વર્ષની મુદત માટે તેના જાળવણી સહિત ગ્રેસની સપ્લાય સાથે કોન્ટ્રાક્ટરની ઓન ટ્રેક માઉન્ટેડ ઓટોમેટિક ગેજ ફેસ લુબ્રીક્ટર્સ દ્વારા કર્વસનું લુબ્રીકેશન, **અંદાજિત લાગત:** રૂ. ૩૦,૦૮,૨૨,૬૨૪.૦૦, **બાના રકમ:** ૧૬,૫૪,૧૦૦.૦૦, **કામ સમાપન અવધિ:** ૬૦ મહિના, **કામનો સમાન પ્રકાર:** આ ટેન્ડરમાં ટ્રેક ધોરણે ગેજ લુબ્રીકેટર્સ માટે માત્ર RDSO અપ્રુવ્ડ/ ડેવલોપમેન્ટ વેન્ડર્સ પાર્ટીસિપેટ કરી શકે છે. અપ્રુલ સર્ટિફિકેટની કોપી માન્યતા તારીખ સુધી ટેન્ડર સાથે સુપ્રત કરે. **વેબસાઈટ પર અપલોડ કરવાની તારીખ:** ૨૭.૦૯.૨૦૨૪ **ટેન્ડર ખોલવાની તારીખ:** ૨૧.૧૦.૨૦૨૪. **ક્ર. નં. ૨, ઈ-ટેન્ડરીંગ નં.** RTM-૨૦૨૪-૨૫-૯૫, **કામનું નામ:** ગોધરા – નાગદા સેકશન – ટ્રેઈનની જોગવાઈ સાથે કટિંગની વાઈડિનિંગ, **અંદાજિત માત્રા:** ટેન્ડર શેડ્યૂલ મુજબ, **અંદાજિત લાગત:** રૂ. ૩૯,૮૭,૪૩,૫૨૧.૭૩, **બાના રકમ:** રૂ. ૨૧,૪૩,૮૦૦.૦૦ **કામ સમાપન અવધિ:** ૨૪ મહિના, **કામનો સમાન પ્રકાર:** કોઈપણ સિવિલ એન્જિનિયરિંગ કામ, **વેબસાઈટ પર અપલોડ કરવાની તારીખ:** ૨૭.૦૯.૨૦૨૪, **ટેન્ડર ખોલવાની તારીખ:** ૨૧.૧૦.૨૦૨૪, **ક્ર. નં. ૩, ઈ-ટેન્ડરીંગ નં.:** RTM-૨૦૨૪-૨૫-૯૭, **કામનું નામ:** દાહોદ વર્કશોપ: વેગન શોપ, યાર્ડ શોપ, મેમુ ડેમુ શોપમાં EOT ક્રેન્સ બાય માટે હાઈસ્પીડ મશીનો માટે લોકોસ મેમુ, વેગોસ, DETC અને સેફ્ટી પ્રોટેકશન જાલી ગાર્ડ/ વાયર મશીન ગાર્ડસની જાળવણી માટે સેફ્ટી પ્લેટફોર્મની જોગવાઈ. **અંદાજિત માત્રા:** ટેન્ડર શેડ્યૂલ મુજબ. **અંદાજિત લાગત:** રૂ. ૩,૧૦,૬૭,૮૦૭.૯૦. **બાના રકમ:** રૂ. ૩,૦૫,૪૦૦.૦૦, **કામ સમાપન અવધિ:** ૧૨ મહિના, **કામનો સમાન પ્રકાર:** કોઈપણ સ્ટીલ ફેબ્રિકેશન કામ, **વેબસાઈટ પર અપલોડ કરવાની તારીખ:** ૨૮.૦૯.૨૦૨૪, **ટેન્ડર ખોલવાની તારીખ:** ૨૧.૧૦.૨૦૨૪ વિગતવાર ટેન્ડર નોટીસ શરતો અને નિયમો વેબસાઈટ **www.ireps.gov.in** પર ઉપલબ્ધ છે.

ડિવિઝનલ રેલવે મેનેજર (કાર્યલેખા) રતલામ
પશ્ચિમ રેલવે, રતલામ ડિવિઝન

ADM/5/1/247

અમને લાઈક કરો: facebook.com/WesternRly


PUBLIC NOTICE પબ્લિક નોટીસ


## મુંબઈ પોર્ટ ઓથોરિટી

**ટેન્ડરન મંગાવતી નોટિસ**

(૧) ટેન્ડર નં. **EM**-૦૩/૨૦૨૪-૩૦ વર્ષની મુદત માટે વાર્ષિક રેન્ટ ધોરણે ઈ-ટેન્ડર કમ ઈ-ઓક્શન પદ્ધતિ દ્વારા ઘોડપદેવ (RR ઝોન ૧૦/૭૯ B) ખાતે ભરતમાં ૨૯૨૬.૪૪ ચો.મી. ફ્રેર લેન્ડ એસ્ટેટ RR નં. ૨૦૬૦ ધરાવતી જમીનની ફાળવણી. (૨) ટેન્ડર નં. **EM** - ૦૪/૨૦૨૪-૧૦ વર્ષની મુદત માટે વાર્ષિક રેન્ટ ધોરણે ઈ-ટેન્ડર કમ ઈ-ઓક્શન પદ્ધતિ દ્વારા 'જેમ છે ત્યાં છે' ધોરણે ગ્રેન ડેપો (RR ઝોન ૧૦/૮૦ A) ખાતે ભરતમાં ૨૬૨૧.૨૬ ચો.મી. 'E' શેડ (બાય નં. ૫૩થી ૭૦)ની ફાળવણી, માટે પ્રસ્તાવ માટે વિનંતી (RFP) મંગાવે છે. ટેન્ડરોની વિગતો MbPAની વેબસાઈટ: **https://www.mumbaiport.gov.in** અને **https://www.eprocure.gov.in/eprocure/app** પર ઉપલબ્ધ છે.

એસ્ટેટ મેનેજર
મુંબઈ પોર્ટ ઓથોરિટી

MbPA-12-2024

## BRIHANMUMBAI MAHANAGARPALIKA

નં. ડે. ચીફ. એન્જિ./M&E/૨૪૧૪/W.S. તા. ૩૦.૦૯.૨૦૨૪

**ઈ-ટેન્ડર નોટિસ**

બૃહદ મુંબઈના મ્યુનિસિપલ કમિશનર લાયક બિડર્સ પાસેથી ''આઈટમ દર ધોરણે'' નીચેના કામો માટે ઓનલાઈન ઈ-ટેન્ડરો મંગાવે છે. બીડની શરૂઆતની તારીખ અને સમય તથા બીડની સમાપ્તીની તારીખ અને સમય BMCની વેબસાઈટ ઉપર 'ટેન્ડર્સ' સેક્શન હેઠળ NIC પોર્ટલ પર વિગતવાર ટેન્ડર નોટિસમાં દર્શાવેલ છે.

**બૃહદ મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન**
**ઈ-ટેન્ડર નોટિસ**

| | | |
|---|---|---|
| વિભાગ | : | ચીફ. એન્જિ. (M & E) |
| સેક્શન | : | ડે. ચીફ. એન્જિ. (M & E) W.S. |
| ઈ-ટેન્ડર નંબર | : | ૧. ૨૦૨૪_MCGM_૧૦૯૯૩૩૬_૧<br>૨. ૨૦૨૪_MCGM_૧૦૯૯૦૬૭_૧ |
| વિષય | : | ૧. ટર્નકી ધોરણે R/S વોર્ડ, મધર એન્ડ ચાઈલ્ડ હોસ્પિટલ R/C વોર્ડ, અને રાવલપાડા મેટરનિટી R/N વોર્ડમાં અકુર્લી મેટરનિટી હોમ ખાતે UPS સિસ્ટમનું SITC.<br>૨. H/E વોર્ડ અને ચોક્સી મેટરનિટી હોમ P/N વોર્ડમાં P/N વોર્ડ, B. G. ખેર મેટરનિટી હોમમાં રિદ્ધિ સિદ્ધિ ગાર્ડન મેટરનિટી હોમ ખાતે UPS સિસ્ટમનું SITC. |
| બીડ શરૂઆત<br>બીડ સમાપ્તિ | :<br>: | તારીખ: ૦૪-૧૦-૨૦૨૪ સમય-૧૧.૦૦<br>તારીખ: ૧૦-૧૦-૨૦૨૪ના સમય -૧૬.૦૦ |
| પોર્ટલ | : | Http://portal.mcgm.gov.in;<br>https://mahatenders.gov.in |
| સંપર્ક વ્યક્તિ | : | 1. E.E. (M & E) W.S.-I<br>2. E. E. (M & E) W.S.-II (i/c) |
| a) નામ | : | ૧. શ્રી જયંત શીરસાથ<br>૨. શ્રી પ્રવિણ આયરે |
| b) સંપર્ક નં. (ઓફિસ) | : | ૦૨૨-૨૯૬૭૦૩૪૩ |
| c) ટેલિફોન નંબર | : | ૦૨૨-૨૯૬૭૫૮૬૨ |
| d) ઈમેલ સરનામું | : | 1. eews01.me@mcgm.gov.in<br>2. eews02.me@mcgm.gov.in |

ઈચ્છુક ટેન્ડરર્સે ટેન્ડરની વધુ વિગતો માટે મ્યુનિસિપલ વેબસાઈટ http://portal.mcgm.gov.in/ અથવા NIC પોર્ટલ https://mahatenders.gov.in પર મુલાકાત લેવી.

ટેન્ડર દસ્તાવેજો પોસ્ટ/કુરીયર દ્વારા જારી કે પ્રાપ્ત કરવામાં આવશે નહીં.

સહી/-
એક્ઝિ. એન્જિ. (M. & E.) W.S.

PRO/1480/ADV./2024-25

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

ફેડરલ દ્વારા મોટા રેટ કટની શક્યતા ધૂંધળી બનતાં વૈશ્વિક સોનામાં પીછેહઠ

# રૂપિયો ગબડતાં સોનામાં ₹ ૧૦૦નો અને ચાંદીમાં ₹ ૭૮૯નો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અમેરિકાના નોન ફાર્મ પૅ રૉલ ડેટાની આવતીકાલે થનારી જાહેરાત પૂર્વે આજે લંડન ખાતે સત્રના આરંભે સોના-ચાંદીમાં રોકાણકારોનો નવી લેવાલીમાં સાવચેતીનો અભિગમ અને અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી નવેમ્બર મહિનાની નીતિવિષયક બેઠકમાં ૫૦ બેસિસ પૉઈન્ટ જેટલો મોટો કાપ મૂકે તેવી શક્યતા ધૂંધળી બનતા આજે લંડન ખાતે સત્રના આરંભે બન્ને કિંમતી ધાતુઓના ભાવમાં પીછેહઠ જોવા મળી હતી. જોકે, આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં ૧૫ પૈસા જેટલો કડાકો બોલાઈ ગયો હોવાથી સ્થાનિકમાં આયાત પડતરોમાં વધારો થવાથી સ્થાનિક ઝવેરી બજારમાં સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૯૯થી ૧૦૦નો અને ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૭૮૯નો સુધારો જોવા મળ્યો હતો. ગઈકાલની ગાંધી જયંતીની જાહેર રજા બાદ આજે વૈશ્વિક સોનામાં નરમાઈનું વલણ રહ્યું હોવા છતાં ડૉલર સામે રૂપિયામાં નરમાઈનું વલણ રહેતાં ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૯૯ વધીને રૂ. ૭૫,૩૧૨ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૧૦૦ વધીને રૂ. ૭૫,૫૧૫ના મથાળે રહ્યા હતા. જોકે, ઊંચા મથાળેથી સ્ટોકિસ્ટો અને રોકાણકારો ઉપરાંત જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ શુષ્ક રહી હતી. વધુમાં આજે ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગને ટેકે હાજરમાં ભાવ આગલા બંધ સામે કિલોદીઠ રૂ. ૭૮૯ વધીને રૂ. ૯૦,૬૭૧ના મથાળે રહ્યા હતા. વૈશ્વિક સ્તરે હાલમાં રોકાણકારોની નજર અમેરિકાના આઈએસએમ સર્વિસીસ ડેટા અને નોન ફાર્મ પૅ રૉલ ડેટાની જાહેરાત પર સ્થિર થઈ હોવાથી આજે લંડન ખાતે સત્રના આરંભે રોકાણકારોએ સોનામાં નવી લેવાલીમાં સાવચેતીનું વલણ અપનાવતા આજે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે સાધારણ ૦.૫ ટકાના ઘટાડા સાથે ઔંસદીઠ ૨૬૪૫.૩૮ ડૉલર અને વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૨ ટકા ઘટીને ૨૬૬૫.૭૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૧.૩ ટકા ઘટીને ઔંસદીઠ ૩૧.૪૬ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી નીતિવિષયક બેઠકમાં વ્યાજદરમાં કપાત માટે મુખ્યત્વે રોજગારીના ડેટા પર વધુ ધ્યાન કેન્દ્રિત કરે તેમ હોવાથી રોકાણકારોની મીટ રોજગારીના ડેટા પર મંડાયેલી છે. જોકે, ગત બુધવારે જાહેર થયેલા સપ્ટેમ્બર મહિનાના ખાનગી રોજગારીના ડેટા પ્રોત્સાહક આવ્યા હોવાથી રોજગારી ક્ષેત્રમાં સ્થિતિ વધુ ખરડાતી અટકી હોવાનું જણાયું હોવા છતાં આવતીકાલે નોન ફાર્મ પૅ રૉલ ડેટા કેવા આવે છે તેના પર બજાર વર્તુળોની નજર હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. નોંધનીય બાબત એ છે કે સીએમઈ ફેડ વૉચ ટૂલ પર ફેડરલ રિઝર્વ આગામી બેઠકના અંતે વ્યાજદરમાં ૫૦ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકે તેવી શક્યતા જે ગઈકાલે ૪૯ ટકા દર્શાવાઈ રહી હતી તે આજે ઘટીને ૩૭ ટકા દર્શાવાઈ રહી છે, જ્યારે ૨૫ બેસિસ પૉઈન્ટની કપાતની શક્યતા ૬૩ ટકા બજાર વર્તુળો જોઈ રહ્યા છે.

## પબ્લિક નોટીસ

**આથી ખબર આપવામાં આવે છે કે** અમારા અસીલોની સૂચનાઓ હેઠળ અમો બોજાથી મુક્ત માર્કેટેબલ ટાઈટલ સાથે અહીં નીચે લખેલ **પરિશિષ્ટમાં** વધુ વિગતવાર વર્ણવેલ મિલકતમાં પ્લોટ નં. ૧/C-૨, ડૉ. રઘુનાથ રોડ, st. માર્ટિન્સ ક્રોસ રોડ, બાંદ્રા (પશ્ચિમ), મુંબઈ-૪૦૦૦૫૦ ખાતે તેની ઓફિસ ધરાવતા તથા નં. BOM/ HSG-૧૨૭/ ૧૯૬૨ હેઠળ મહારાષ્ટ્ર કો-ઓપરેટીવ સોસાયટીઝ એક્ટ-૧૯૬૦ હેઠળ નોંધાયેલ એક સોસાયટી બાંદ્રા આનંદ વિહાર કો-ઓપરેટીવ હાઉસિંગ સોસાયટી લિ., (સોસાયટી)નું ટાઈટલ તપાસી રહ્યા છીએ.

**ઉપર ઉલ્લેખેલ પરિશિષ્ટ**

અગાઉના સર્વે નં. ૫૨, પ્લોટ નં. ૧, સર્વે નં. ૫૪, પ્લોટ નં. ૫, ૧૧, ૧૫ અને ૧૬ ધરાવતા અને સર્વે નં. ૫૮, પ્લોટ નં. ૧, ૬, ૭ અને ૧૧ અને ભરતમાં ૨૦૮૦ ચો. વાર, ૧૭૪૦ ચો.મી.ની સમકક્ષ અથવા તેની આસપાસ CTS નં. ૧૧૭૦નો પ્લોટ નં. ૧ ભાગ તથા ટાઉન પ્લાનિંગ સ્કીમ નં. II હેઠળ તે વખતના તાલુકા સાલ્સેટ જિલ્લા થાણામાં બાંદ્રા ખાતે લેન્ડ રેવેન્યૂના કલેકટર દ્વારા નોંધાયેલ જમીનનો ભાગ રચતા તથા પ્લોટ નં. ૧/C-૨ ધરાવતા મુંબઈ શહેર અને મુંબઈ પરાંના નોંધણી જિલ્લા અને પેટા જિલ્લામાં બાંદ્રા ખાતે આવેલ, પડેલ અને રહેલ એન્ક્લોઝ ગેરેજ સાથે વીંગ "A" અને વીંગ "B" તરીકે જાણીતી ગ્રાઉન્ડ વત્તા બે ઉપરના માળાના બે સ્ટ્રક્ચર્સ ધરાવતા ''આનંદ વિહાર'' તરીકે જાણીતા તેના પર ઊભેલ બે બિલ્ડિંગો (''સદર બિલ્ડિંગો'') સાથે જમીન, અમલા અને ઘરો અને જગ્યાનો **તે તમામ** ટુકડો કે કકડો.

તમામ શખ્સો જે સદર મિલકત કે તેના કોઈપણ ભાગ પર કે તેમાં કે તેની સામે વારસો, કરાર, કોન્ટ્રેક્ટ, વેચાણ, ગીરો, કબજો, ભેટ, લીઝ, લીયન, ચાર્જ, ટ્રસ્ટ, નિભાવ, ઈઝમેન્ટ કે બીજી કોઈ રીતે કોઈપણ દાવો ધરાવતા હોય તો સદરની જાણ લેખિતમાં આ છપાયાની તારીખથી ૧૪ દિવસમાં રૂસ્તમ બિલ્ડિંગ, ૧ લો માળ, ૨૯, વીર નરીમન રોડ, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૨૩ ખાતે તેમનું સરનામું ધરાવનાર નીચે સહી કરનારને સમર્થનમાં દસ્તાવેજી પુરાવા સાથે કરે, નહિતર એવું માની લેવાશે કે ત્યાં આવા કોઈ દાવા અસ્તિત્વમાં નથી અને/કે સદરને ત્યજી દીધેલા છે.

આજ તા. ૩જી ઑક્ટોબર, ૨૦૨૪

સહી/-
**મે. પરિમલ કે. શ્રોફ & કું,**
એડવોકેટ્સ & સોલીસીટર્સ
રૂસ્તમ બિલ્ડિંગ, ૧લો માળ,
૨૯, વીર નરીમન રોડ,
ફોર્ટ, મુંબઈ-૪૦૦ ૦૨૩.

## BRIHANMUMBAI MAHANAGARPALIKA

(હાઈડ્રોલિક એન્જીનિયરનો વિભાગ)

**ઈ-ટેન્ડર નોટિસ**

| | |
|---|---|
| ટેન્ડર ID | ૨૦૨૪_MCGM_૧૦૯૭૨૮૧ (આઈટમ રેટ ધોરણે) |
| સંસ્થાનું નામ | બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન |
| વિષય | A.E. (M) W.W. શહેર-II હેઠળ રાઓલી લૉ લેવલ જળાશય અને પંપીંગ સ્ટેશન ખાતે કન્ટ્રોલ પેનલ રૂમ અને ઈલેક્ટ્રોકલોરીનેશન પ્લાન્ટ રૂમની ઈલેક્ટ્રીકલ ઈન્સ્યુલેશન વ્યવસ્થા અને વિવિધ સાઈઝ પ્રાઈમરી ફીડર પાણીની લાઈનોની સર્વિસ લાઈફનું એન્હાસમેન્ટ, વધારો કરવો. |
| સ્ક્રુટીની ફિ | રૂ. ૭,૭૮૮.૦૦/- (રૂ. ૬,૬૦૦.૦૦ + ૧૮% GST) |
| ઈ-ટેન્ડરની કિંમત (અંદાજિત કિંમત) | NA |
| બિડ સિક્યોરિટી ડિપોઝિટ / બારડી | રૂ. ૪૭,૦૦૦.૦૦ (ઓનલાઈન) |
| સમયગાળો | ૨ માસ (ચોમાસા સહિત) |
| ટેન્ડરની ઈશ્યૂ કરવાની અને વેચાણની તારીખ | ૦૩/૧૦/૨૦૨૪ ૧૧:૦૦ કલાકથી |
| ટેન્ડરના વેચાણ માટેની છેલ્લી તારીખ અને સમય | ૦૯/૧૦/૨૦૨૪ના ૧૨.૦૦ કલાક સુધી |
| પેકેટ A, B અને પેકેટ Cની સુપ્રતિ (ઓનલાઈન) અને બીડ સિક્યુરીટી ડિપોઝિટની પ્રાપ્તી | ૦૯/૧૦/૨૦૨૪ના ૧૬:૦૦ કલાક સુધી |
| પ્રિ-બિડ મિટિંગ | આ ટેન્ડર માટે લાગુ પડતું નથી. |
| પેકેટ A ખુલશે | ૧૧/૧૦/૨૦૨૪ના ૧૬.૦૫ કલાક પછી |
| પેકેટ B ખુલશે | ૧૧/૧૦/૨૦૨૪ના ૧૬.૧૦ કલાક પછી |
| પેકેટ C ખુલશે | ૧૭/૧૦/૨૦૨૪ના ૧૫.૦૦ કલાક પછી |
| વેબસાઈટ | https://mahatenders.gov.in |
| સંપર્ક વ્યક્તિ | ૧. શ્રીમતી એસ. પી. ગોરે (SE):- ૯૮૬૭૭૬૬૨૭<br>૨. શ્રી પી. ટી. શિંદે (AE):- ૯૯૩૦૨૬૦૫૦૯ |
| સંચાર માટે સરનામું | એક્ષીક્યુટીવ એન્જિનિયર (જાળવણી) મિટર વર્કશોપ, BMC, ૫૬૬, N. M. જોષી માર્ગ, 'S' બ્રિજ પાસે, ભાયખલા (પ). મુંબઈ- ૪૦૦૦૧૧ની ઓફિસ. Email ID - aewwmcity02.he@mcgm.gov.in |
| બિડ ખોલવાનું સ્થળ | એક્ષીક્યુટીવ એન્જિનિયર (જાળવણી) મીટર વર્કશોપ, BMC, ૫૬૬, એન.એમ. જોશી માર્ગ, 'એસ' બ્રિજ નજીક, ભાયખલા (પ). મુંબઈ- ૪૦૦૦૧૧ની ઓફિસમાં ઓનલાઈન |

**આ ટેન્ડર દસ્તાવેજ ટ્રાન્સફરપાત્ર નથી.**

BMC કોઈપણ અરજી સ્વીકારવાનો અથવા ઉપરોક્ત વિષય માટે મળેલી કોઈપણ અથવા બધી અરજીને કોઈપણ કારણ આપ્યા વિના નકારવાનો અધિકાર અનામત રાખે છે.

સહી/-
ડે. હાઈડ્રોલિક એન્જિનિયર (જાળવણી)

PRO/1510/ADV./2024-25

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

## BRIHANMUMBAI MAHANAGARPALIKA

(હાઈડ્રોલિક એન્જિનિયર વિભાગ)

**ઈ-ટેન્ડર નોટિસ**

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર નીચે આપેલા કામ માટે ત્રણ પેકેટ સિસ્ટમમાં આઈટમ રેટ ધોરણે લાઈનમાં કામ કરતી પેઢીઓ પાસેથી ઓનલાઈન ટેન્ડર મંગાવે છે.

| | |
|---|---|
| ટેન્ડર ડોક્યુમેન્ટ નંબર | ૨૦૨૪_MCGM_૧૦૯૫૮૦૫ |
| સંસ્થાનું નામ | બૃહન્મુંબઈ મહાનગરપાલિકા |
| વિષય | AE WW (M) WS/S ડિવિઝન WS/S ડિવિઝન હેઠળ વેરાવલી હિલ જળાશય નં. ૧ અને ૨ ખાતે ૧૦ કીગ્રા/hr ક્ષમતાની ઈલેક્ટ્રો ક્લોરીનેશન પ્લાન્ટ ખાતે અન્ય સલગ્ન કામ સાથે MCC પેનલનું સપ્લાય, ઈન્સ્ટોલેશનનું કામ |
| સ્કુટિની ફી | રૂ. ૩,૩૦૦/- (+GST@૧૮%) |
| ઈ-ટેન્ડરનો ખર્ચ (અંદાજિત ડિપોઝિટ) | આઈટમ રેટ ટેન્ડર તરીકે લાગુ પડતું નથી |
| બિડ સિક્યુરિટી ડિપોઝિટ/ ઈએમડી | રૂ. ૨૧,૦૦૦/- |
| ટેન્ડર ઈસ્યુ કરવાની અને વેચાણની તારીખ | ૦૪/૧૦/૨૦૨૪, ૧૧.૦૦ કલાકથી |
| ટેન્ડર વેચાણની અને બિડ સિક્યુરિટી જમા કરવાની છેલ્લી તારીખ અને સમય | ૧૮/૧૦/૨૦૨૪, ૧૬.૦૦ કલાક સુધી |
| પેકેટ એ, બી અને પેકેટ સીની સુપ્રતિ (ઓનલાઈન) | ૧૮/૧૦/૨૦૨૪, ૧૬.૦૦ કલાક સુધી |
| પ્રિ-બીડ મીટિંગ | લાગૂ પડે નહીં |
| પેકેટ એ ખૂલશે | ૨૧/૧૦/૨૦૨૪, ૧૬.૦૫ કલાક પછી |
| પેકેટ બી ખૂલશે | ૨૧/૧૦/૨૦૨૪, ૧૬.૧૦ કલાક પછી |
| પેકેટ સી & ફોલ્ડર 'C' ખોલવાની (કોમર્શીઅલ પેકેટ) | ૨૮/૧૦/૨૦૨૪, ૧૫.૦૦ કલાક પછી |
| વેબસાઈટ | https://mahatenders.gov.in |
| કમ્યુનિકેશન માટેનું એડ્રેસ | આસિસ્ટન્ટ એન્જિનિયર વોટર વર્કસ (મેઈનટેનન્સ) વેસ્ટર્ન સબ/ સાઉથ કેપ્ટન વિનાયક ગોરે ફ્લાઈઓવર બ્રિજ નીચે, દાદાભાઈ પથ, વિલેપાર્લે (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૫૬. |
| બિડ ખોલવાનું સ્થળ | આસિસ્ટન્ટ એન્જિનિયર વોટર વર્કસ (મેઈનટેનન્સ) વેસ્ટર્ન સબ/ સાઉથ કેપ્ટન વિનાયક ગોરે ફ્લાઈઓવર બ્રિજ નીચે, દાદાભાઈ પથ, વિલેપાર્લે (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૫૬ની ઓફિસમાં ઓનલાઈન. |

**આ ટેન્ડર ડોક્યુમેન્ટ ટ્રાન્સફરેબલ નથી.**

કોઈપણ કારણ આપ્યા વગર ઉપર જણાવેલા વિષય માટે કોઈપણ અરજી સ્વીકારવા અથવા ફગાવવાનો હક્ક એમસીજીએમ અનામત રાખે છે.

સહી/-
ડેપ્યુટી હાઈડ્રોલિક એન્જિનિયર (મેઈનટેનન્સ)

PRO/1502/ADV./2024-25

વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો

# ખાંડમાં પાંખાં કામકાજે મિશ્ર વલણ

નવી મુંબઈ: મહારાષ્ટ્રની ખાંડ મિલો પર આજે સ્થાનિક તેમ જ દેશાવરોની માગ ખપપૂરતી જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડનાં ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૬૧૦થી ૩૬૫૦માં ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ અને રિટેલ સ્તરની માગ જળવાઈ રહેતાં માગ તેમ જ માલની ગુણવત્તાનુસાર ભાવમાં મિશ્ર વલણ રહ્યું હતું, જેમાં સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૪નો સુધારો આવ્યો હતો, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં નીચલા મથાળેથી રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો. તેમ જ આજે નાકા ડિલિવરી ધોરણે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની લેવાલી છૂટીછવાઈ હતી અને રિટેલ સ્તરની માગ એકંદરે જળવાઈ રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. આજે સ્મોલ ગ્રેડની ખાંડમાં વધુ માગ ઉપરાંત અમુક માલની ગુણવત્તા પણ સારી આવી હોવાથી તેના વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૪ના સુધારા સાથે રૂ. ૩૭૧૨થી ૩૮૧૬માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૩૮૦૨થી ૩૯૫૨માં થયા હતા.


"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રુસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રી: *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલ: **samachar.bombay@gmail.com** ટેલિફોન: ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**

ભેટ માં આપવા માટે વાસણો ની વિશાળ શ્રેણી

શા કેશવજી લાધા, કંસારા ચાલ, મુંબાદેવી પાયધુની સ્થિત, ૧૮૫ વર્ષ અને ૮ પેઢીથી ચાલ્યો આવતો પારિવારિક વ્યવસાય ધરાવતી વિશ્વસનીય કંપની, હવે

BHALARIA®

સમગ્ર યુરોપ, અમેરિકા,કેનેડા,ચાઇના,જાપાન,હોંગકોંગ,તાઇવાન, કોરિયા જેવા અનેક દેશો માં પ્રસિદ્ધ, ૮૦ કરતા વધારે દેશોમાં નિકાસ કરતી તથા સંખ્યાબંધ સરકારી અને વાણિજ્ય સંસ્થાઓ તરફથી એવોર્ડ્સથી નવાજિત કંપની આપની સેવામાં.
ક્રોમિયમ તથા નિકલનો અધિક વપરાશ કરીને ઉચ્ચ ગુણવત્તાના વાસણોના ઉત્પાદક.

SPECIAL OFFERS IN COMPANY OUTLETS

40-60% DISCOUNT ON SELECTIVE PRODUCTS

• Houseware • Tri-Ply Cookware • Kitchenware • Tableware • Hotelware




BHALARIA METAL CRAFT PVT. LTD.

For corporate and trade enquiries visit our Bhalaria Experience Stores

૩/૧૧/૨૪ સુધી ૫% વધારાનું ડિસ્કાઉન્ટ મેળવો
અમારા શોરૂમમાં ખરીદી કરતી વખતે આ જાહેરાતના કટિંગ સામે

+91 844 77 46766

NEW બોરીવલી (પશ્ચિમ): દુકાન નંબર ૬, રોયલ એક્સર બિલ્ડીંગ, રોયલ વેજ ટ્રીટ હોટેલની બાજુમાં, ચંદાવરકર રોડ. +91 7977830212

ઘાટકોપર (પશ્ચિમ) : દુકાન નં.10/11, શોપ ઝોન, એમ.જી. રોડ, કલર્સની પાછળ. +91 7977830212

વિલે પાર્લે (પશ્ચિમ) : દુકાન નં. ૨, તુલસી વિલા, ૨૭, બજાજ રોડ, હરિયા સ્ટોરની સામે. +91 9819164179

સુરત : ભાલરીયા એક્સપિરિયન્સ જી-૮, વેસુ પોઈન્ટ, વેસુ મેઈન રોડ, HDFC બેંક ની બાજુમાં, વેસુ. +91 9624249873

ઉમરગામ : ગામ ટીંભી, સંજાણ- ઉમરગામ રોડ, જિલ્લો-વલસાડ ૩૯૬૧૫૦, ગુજરાત +91 7623825314

દિવાળી સુધી શોરૂમ રવિવારે પણ ખુલ્લા રહેશે. દિવાળીની ખરીદીની સમયસર ડિલિવરી માટે ઓર્ડર અગાઉથી આપો.





(ROC D 3867)